सत्यमेव जयते
Goverment Of India

# આદિજાતિ સબ-પ્લાન મૂલ્યાંકન અભ્યાસ

## (2015-16, 2016-17 અને 2017-18ના લાભાર્થીઓના સંદર્ભમાં)

**Evaluation Study of State TSP Fund and Central Ministry's TSP Project**

**(For Period 2015-16, 2016-17 and 2017-18)**

**Prof. Rajiv Patel**
Principal investigator

**Dr. Ravindra Pancholi** **Dr. Satish Patel** **Dr. Amisha Shah**
Co- Principal investigators

**ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર**
ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી
ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા.

**ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી**
બિરસામુંડા ભવન, ગાંધીનગર.

**2021**

## : આભાર દર્શન :

આદિવાસીઓની વિકાસની પ્રક્રિયામાં આદિવાસી પેટા યોજના અગત્યનો ભાગ ભજવે છે. આદિવાસી પેટા યોજનાથી આદિવાસીઓના જીવનમાં આર્થિક-સામાજિક પરિવર્તન થયુ કે નહીં અને તેમાં કઇ મુશ્કેલીઓ છે તેનું નિરાકરણ કરી ભવિષ્યમાં ફેરફાર કરી શકાય તે દ્રષ્ટિથી મૂલ્યાંકન થાય એ જરૂરી છે. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા વર્ષ 2019ના ડિસેમ્બર માસથી 'TSP ફંડ મૂલ્યાંકન અભ્યાસ' ગૂજરાત વિદ્યાપીઠને સોંપવામાં આવ્યો હતો, જે ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રના સંશોધકો દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટીના અધિકારીશ્રી ડૉ. દેવચંદભાઇ વહોનિયા અને ડૉ. પ્રવિણભાઇ પટેલ દ્વારા સમગ્ર અભ્યાસ સંદર્ભમાં મળેલ સહકાર અને માર્ગદર્શન માટે વિશેષ આભાર વ્યક્ત કરું છું. આદિવાસી પેટા યોજના મૂલ્યાંકન અભ્યાસ માટે જરૂરી આંકડાકીય માહિતી પૂરી પાડવા માટે પાલનપુર, દાહોદ અને ડાંગ પ્રાયોજના કચેરીઓએ સહકાર આપ્યો હતો. આ ત્રણેય પ્રાયોજના કચેરીના પ્રાયોજના વહીવટદારશ્રીઓ અને તેમના કાર્યાલયના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

દાંતા, દાહોદ અને સુબીરના તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ અને અન્ય કર્મચારીઓ તેમજ સંશોધન માટે પસંદગી પામેલા ગામોના ગ્રામસેવકો, તલાટીઓ અને આગેવાનોએ ક્ષેત્રકાર્ય માટે જે માહિતી પૂરી પાડી તે બદલ તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું. અહીં ખાસ નોંધવું ઘટે કે સુબીર તાલુકાના મામલતદાર સાહેબશ્રી દ્વારા સુબીરમાં ક્ષેત્રકાર્ય માટે ગયેલા કર્મચારીઓ COVID-19ના કારણે તાત્કાલિક કરવામાં આવેલા લોકડાઉનના સમયમાં મુશ્કેલીમાં મુકાયેલા. આ કર્મચારીઓને ઘર સુધી પહોચવામાં સલાહ અને મદદ આપવા બદલ તેમનો વિશેષ આભાર માનું છું.

જેમના વિના આ અભ્યાસ શક્ય જ નહોતો એવા યોજનાના લાભાર્થીઓ કે જેઓની આ અભ્યાસ માટે ઉત્તરદાતા તરીકે પસંદગી કરવામાં આવી હતી અને જેઓએ પોતાનો સમય આપી મુલાકાતીને માહિતી પૂરી પાડવામાં સહકાર આપ્યો તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

આ સંશોધન અહેવાલની શરૂઆતથી અંત સુધીની તમામ પ્રક્રિયાઓમાં સક્રિય રીતે યોગદાન આપી આ કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કરી અહેવાલનું સ્વરૂપ આપવા માટે Co-Principal Investigators ડૉ. રવીન્દ્ર પંચોળી, ડૉ. સતીષ પટેલ અને ડૉ. અમીષા શાહ પ્રત્યે અંતઃકરણપૂર્વક આભારની લાગણી અનુભવું છું.

આ સમગ્ર પરિયોજનાના ક્ષેત્રકાર્ય અને સહાયક પ્રવૃત્તિઓમાં જોડાયેલ શ્રી મેરાભાઇ જમોડ, શ્રી હર્ષદભાઈ અને શ્રી દિલીપભાઈનો પણ આભાર માનું છું. આ ઉપરાંત ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર અને શ્રી મહાદેવ દેસાઇ ગ્રામસેવા સંકુલ, રાંધેજાના અન્ય સેવકોનો પણ ખૂબ-ખૂબ આભાર માનું છું.



ડૉ. રાજીવ પટેલ,<br>
નિયામક,<br>
ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર,<br>
ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા.

## : અનુક્રમણિકા :


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| **પ્રકરણ- 1** | **પરિચય** | **1-22** |
| 1.1 | પૂર્વભૂમિકા | 2 |
| 1.2 | વિકાસનો અર્થ અને ખ્યાલો | 2 |
| 1.3 | ભારતમાં આર્થિક વિકાસ | 5 |
| 1.4 | ભારતમાં આદિવાસીઓનો વિકાસ | 6 |
| | ❖ આદિવાસી વિકાસના અભિગમો | 6 |
| | ❖ આઝાદી બાદ અનુસૂચિત જનજાતિ માટે થયેલા પ્રયત્નો | 9 |
| 1.5 | આદિવાસીના વિકાસમાં વિવિધ સમિતિઓની ભલામણો | 12 |
| 1.6 | આદિવાસી પેટા યોજના | 15 |
| | ❖ આદિવાસી પેટા યોજના ફંડના હેતુઓ | 16 |
| | ❖ આદિવાસી પેટા યોજના ફંડનું વહીવટી માળખું | 17 |
| 1.7 | ખાસ કેન્દ્રિય સહાય | 18 |
| 1.8 | બંધારણ કલમ 275 (1) | 19 |
| 1.9 | કન્ઝરવેશન-કમ-ડેવલપમેન્ટ (C.C.D.)યોજના | 20 |
| 1.10 | ન્યુ ગુજરાત પેટર્ન | 21 |
| 1.11 | આદિવાસી વિસ્તારની ફાળવણી | 22 |
| **પ્રકરણ- 2** | **મૂલ્યાંકન અભિગમ અને પદ્ધતિ** | **23-29** |
| 2.1 | મૂલ્યાંકન અભિગમ | 24 |
| | ❖ મૂલ્યાંકન અભ્યાસની ભૂમિકા | 24 |
| | ❖ TSP ફંડ મૂલ્યાંકન અભ્યાસના હેતુઓ | 25 |
| | ❖ TSPની અસર તપાસવાનો અભિગમ | 25 |
| 2.2 | સંશોધનની પદ્ધતિ અને પ્રવિધિ | 25 |
| | ❖ મૂલ્યાંકન અભ્યાસનું કાર્યક્ષેત્ર અને નિદર્શ પસંદગી | 25 |
| | ❖ માહિતી એકત્રિકરણની પદ્ધતિ અને પ્રયુક્તિ | 27 |
| | ❖ માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન | 28 |
| | ❖ અહેવાલની સંરચના | 28 |

| પ્રકરણ-3 | **અભ્યાસ ક્ષેત્રનો પરિચય** | 30-48 |
| --- | --- | --- |
| 3.1 | બનાસકાંઠા જિલ્લાનો પરિચય | 31 |
| | ❖ દાંતા તાલુકાનો પરિચય | 35 |
| 3.2 | દાહોદ જીલ્લાનો પરિચય | 37 |
| | ❖ દાહોદ તાલુકાનો પરિચય | 43 |
| 3.3 | ડાંગ જીલ્લાનો પરિચય | 44 |
| | ❖ સુબીર તાલુકાનો પરિચય | 46 |
| પ્રકરણ: 4 | **લાભાર્થી અને લાભાર્થીના કુટુંબની સામાન્ય માહિતીનું વિશ્લેષણ** | 49-75 |
| 4.1 | વસ્તીવિષયક માહિતી | 51 |
| 4.2 | શિક્ષણ વિષયક માહિતી | 55 |
| 4.3 | રહેઠાણની માહિતી | 58 |
| 4.4 | માળખાગત સુવિધાની માહિતી | 58 |
| 4.5 | વ્યવસાયિક દરજ્જાની માહિતી | 61 |
| 4.6 | ખેતીની માહિતી | 64 |
| 4.7 | પશુપાલનની માહિતી | 66 |
| 4.8 | આવક, ખર્ચ, બચત અને દેવા અંગેની માહિતી | 67 |
| પ્રકરણ: 5 | **A. લાભાર્થીઓની યોજનાકીય માહિતીનું વિશ્લેષણ** | 76-102 |
| | **B. વિવિધ યોજનાઓની અસરકારકતાનું વિશ્લેષણ** | 103-112 |
| પ્રકરણ: 6 | **અભ્યાસના તારણો અને સૂચનો** | 113-129 |
| પ્રકરણ: 7 | **સફળ ગાથાઓ** | 130-139 |
| પરિશિષ્ટ | 1. યોજના માટેના ખર્ચની વિગત | 141 |
| | 2. યોજનામાં જોડાવાથી કુટુંબની વાર્ષિક આવકમાં થયેલા વધારાની વિગત | 142 |
| | 3. મુલાકાત અનુસૂચિ-1 | 143 |
| | 4. અનુસૂચિ-2 : કૃષિ વૈવિધ્યકરણ યોજના | 150 |
| | 5. અનુસૂચિ-3: સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ | 152 |
| | 6. અનુસૂચિ-4 : રોજગારલક્ષી તાલીમ | 153 |
| | 7. અનુસૂચિ-5: સ્વરોજગાર લોન યોજના | 154 |
| | 8. પ્રશ્નાવલી-6: કેટલશેડ, વિનિંગ ફેન અને તાડપત્રી | 156 |

# : આકૃતિ-સૂચિ :


| આકૃતિ ક્રમ. | આકૃતિનું શિર્ષક | પાના નં. |
|---|---|---|
| 1.1 | TSP ફંડનું વહીવટી માળખું | 17 |
| 4.1 | પસંદ કરેલા લાભાર્થીઓની માહિતી (તાલુકા અને યોજના) | 50 |
| 4.2 | પસંદ લાભાર્થીના કુટુંબના સભ્યોના  શિક્ષણની માહિતી | 56 |
| 4.3 | લાભાર્થીના કુટુંબનો મુખ્ય વ્યવસાય | 64 |
| 4.4 | લાભાર્થીના કુટુંબનો ગૌણ વ્યવસાય | 64 |
| 4.5 | પસંદ લાભાર્થીની જમીન અંગેની માહિતી | 65 |
| 4.6 | તાલુકા અનુસાર કુટુંબની વાર્ષિક આવકની માહિતી | 68 |
| 4.7 | Post-Hoc વિશ્લેષણ  (કુટુંબની વાર્ષિક આવક વિશેની માહિતી) | 70 |
| 4.8 | આવકની અસમાનતા દર્શાવતી લોરન્ઝ રેખા | 71 |
| 4.9 | Post-Hoc વિશ્લેષણ (કુટુંબના વાર્ષિક ખર્ચની માહિતી) | 73 |
| 5.1 | લાભાર્થીઓમાં આદિવાસી પેટા યોજના વિશેની જાણકારી | 79 |
| 5.2 | લાભાર્થીઓની TSP (પ્રાયોજના) કચેરીની મુલાકાત | 80 |
| 5.3 | Post Hoc વિશ્લેષણ (યોજના પ્રમાણે ખર્ચ) | 85 |
| 5.4 | Post Hoc વિશ્લેષણ યોજનામાં જોડાવાથી આવકમાં થયેલ વધારો (તાલુકા પ્રમાણે) | 89 |
| 5.5 | Post Hoc વિશ્લેષણ (કુટુંબની વાર્ષિક આવકમાં થયેલા વધારો - (યોજના પ્રમાણે) | 92 |
| 5.6 | લાભાર્થીઓના બાળકોના શિક્ષણ પર થયેલી અસર (તાલુકા પ્રમાણે) | 93 |
| 5.7 | કુટુંબના સભ્યોની કાર્યકુશળતામાં થયેલ ફેરફારની માહિતી | 96 |
| 5.8 | લાભાર્થીઓની વધેલી આવકના ઉપયોગ અંગેની માહિતી | 98 |
| 5.9 | લાભાર્થીઓને ઉદ્‌ભવેલી મુશ્કેલીઓ | 100 |
| 5.10 | યોજનાને વધુ અસરકારક બનાવવા લાભાર્થીઓના સૂચનો | 101 |
| 5.11 | કૃષિ ઉત્પાદનમાં વધારો | 105 |
| 5.12 | દૂધ ઉત્પાદનમાં વધારો દર્શાવતી માહિતી | 108 |
| 5.13 | તાલીમનો સમયગાળો | 109 |
| 5.14 | તાલીમ બાદ રોજગારી | 109 |
| 5.15 | સ્વરોજગાર યોજનાની સાધન/લોન સહાય | 110 |
| 5.16 | લોનનો ઉપયોગ | 110 |
| 5.17 | લોનનો ઉપયોગ હેતુસર ન કરી શકવાના કારણો | 110 |
| 5.18 | કેટલશેડ, તાડપત્રી અને વિનોવીંગ ફેન યોજનાના લાભાર્થીઓ | 111 |

## : કોષ્ટક-સૂચિ :


| કોષ્ટક ક્રમ. | કોષ્ટકનું નામ | પાના નં. |
|---|---|---|
| 2.1 | નિદર્શ પસંદગી | 26 |
| 2.2 | યોજના પ્રમાણે પસંદ કરેલ લાભાર્થીઓની સંખ્યા | 27 |
| 3.1 | બનાસકાંઠા જિલ્લાની સામાન્ય માહિતી | 31 |
| 3.2 | જમીન વપરાશની માહિતી | 33 |
| 3.3 | બનાસકાંઠા જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓની માહિતી | 34 |
| 3.4 | બનાસકાંઠા જિલ્લાના આરોગ્ય સેવા કેન્દ્રોની માહિતી | 34 |
| 3.5 | બનાસકાંઠા જિલ્લામાં કામ કરનાર અને કામ નહી કરનારની માહિતી | 35 |
| 3.6 | દાંતા તાલુકાની માહિતી | 36 |
| 3.7 | દાંતા તાલુકાની વસ્તીની માહિતી | 37 |
| 3.8 | દાહોદ જિલ્લાની સામાન્ય માહિતી | 38 |
| 3.9 | જિલ્લામાં જમીન વપરાશની વિગત | 40 |
| 3.10 | ગ્રામીણ અને શહેરી વસ્તીની માહિતી | 41 |
| 3.11 | જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વસ્તી | 41 |
| 3.12 | જિલ્લામાં સાક્ષરતાનું પ્રમાણ | 42 |
| 3.13 | દાહોદ જિલ્લામાં આર્થિક પ્રવૃત્તિ કરનારની વિગત | 43 |
| 3.14 | દાહોદ તાલુકાની વસ્તી વિષયક માહિતી | 43 |
| 3.15 | ડાંગ જિલ્લાની પ્રાથમિક માહિતી | 44 |
| 3.16 | સુબીર તાલુકાની સામાન્ય માહિતી | 46 |
| 4.1 | પસંદ કરેલા લાભાર્થીઓની માહિતી (તાલુકા અને યોજના) | 50 |
| 4.2 | લાભાર્થીઓની જાતિ | 51 |
| 4.3 | લાભાર્થીના કુટુંબના સભ્યોની જાતિ | 52 |
| 4.4 | લાભાર્થીની ઉંમર | 52 |
| 4.5 | લાભાર્થીના ધર્મ | 53 |
| 4.6 | લાભાર્થીનો વૈવાહિક દરજ્જો | 53 |
| 4.7 | લાભાર્થીના કુટુંબના સભ્યોનો વૈવાહિક દરજ્જો | 54 |
| 4.8 | ઉત્તરદાતાના કુટુંબના પ્રકારની માહિતી | 54 |
| 4.9 | લાભાર્થીના રેશનકાર્ડની માહિતી | 55 |
| 4.10 | લાભાર્થીના શિક્ષણની માહિતી | 55 |
| 4.11 | લાભાર્થીના કુટુંબના સભ્યોનું શિક્ષણ | 56 |
| 4.12 | મકાનના પ્રકાર અને ઓરડાની માહિતી | 58 |

| | | |
|---|---|---|
| 4.13 | ઉપલબ્ધ માળખાગત સુવિધાની વિગત | 59 |
| 4.14 | ઘરથી માળખાગત સુવિધાનું અંતર | 60 |
| 4.15 | લાભાર્થી કુટુંબના સભ્યોનો વ્યવસાયિક દરજ્જો | 62 |
| 4.16 | લાભાર્થીના કુટુંબના મુખ્ય વ્યવસાયની માહિતી | 62 |
| 4.17 | લાભાર્થીના કુટુંબના ગૌણ વ્યવસાયની માહિતી | 63 |
| 4.18 | જમીન અંગેની માહિતી | 65 |
| 4.19 | પશુપાલનની માહિતી | 66 |
| 4.20 | તાલુકા અનુસાર કુટુંબની વાર્ષિક આવકની માહિતી | 67 |
| 4.21 | કુટુંબની વાર્ષિક આવક વિશેની માહિતી | 68 |
| 4.22 | તાલુકા અનુસાર કુટુંબનું વાર્ષિક ખર્ચની માહિતી | 72 |
| 4.23 | કુટુંબના વાર્ષિક ખર્ચની માહિતી | 72 |
| 4.24 | તાલુકા અનુસાર કુટુંબની વાર્ષિક બચતની માહિતી | 74 |
| 4.25 | તાલુકા અનુસાર કુટુંબના વાર્ષિક દેવાની માહિતી | 75 |
| 5.1 | લાભાર્થીઓમાં આદિવાસી પેટા યોજના વિશેની જાણકારી | 78 |
| 5.2 | લાભાર્થીઓની TSP કચેરીની મુલાકાત | 79 |
| 5.3 | યોજના વિશેની માહિતીના સ્રોત | 81 |
| 5.4 | યોજના માટેના ખર્ચની વિગત (તાલુકા પ્રમાણે) | 81 |
| 5.5 | યોજના માટેના ખર્ચની આંકડાકીય વિગત (તાલુકા પ્રમાણે) | 82 |
| 5.6 | યોજના માટેના ખર્ચની વિગત (યોજના પ્રમાણે) | 83 |
| 5.7 | યોજના માટેના ખર્ચની આંકડાકીય વિગત (યોજના પ્રમાણે) | 84 |
| 5.8 | યોજનામાં જોડાવાને લીધે રોજગારીમાં થયેલ વધારો (તાલુકા પ્રમાણે) | 86 |
| 5.9 | યોજનામાં જોડાવાને લીધે રોજગારીમાં થયેલ વધારો (યોજના પ્રમાણે) | 87 |
| 5.10 | યોજનામાં જોડાવાને લીધે આવકમાં થયેલ વધારાની માહિતી (તાલુકા પ્રમાણે) | 87 |
| 5.11 | યોજનામાં જોડાવાથી આવકમાં થયેલા ફેરફારની આંકડાકીય માહિતી (તાલુકા પ્રમાણે) | 88 |
| 5.12 | યોજનામાં જોડાવાથી આવકમાં થયેલા વધારાની માહિતી (યોજના પ્રમાણે) | 90 |
| 5.13 | કુટુંબની વાર્ષિક આવકમાં થયેલા વધારાની આંકડાકીય માહિતી (યોજના પ્રમાણે) | 91 |
| 5.14 | લાભાર્થીઓના બાળકોના શિક્ષણ પર થયેલી અસર (તાલુકા પ્રમાણે) | 93 |
| 5.15 | લાભાર્થીઓના બાળકોના શિક્ષણ પર થયેલી અસર (યોજના પ્રમાણે) | 94 |
| 5.16 | લાભાર્થીઓના આરોગ્ય વિષયક ફેરફારની માહિતી (તાલુકા પ્રમાણે) | 95 |
| 5.17 | કુટુંબના સભ્યોની કાર્યકુશળતામાં થયેલ ફેરફાર (તાલુકા પ્રમાણે) | 96 |

| | | |
|---|---|---|
| 5.18 | લાભાર્થીઓની વધેલી આવકના ઉપયોગ અંગેની માહિતી (તાલુકા પ્રમાણે) | 97 |
| 5.19 | લાભાર્થીઓની વધેલી આવકના ઉપયોગ અંગેની માહિતી (યોજના પ્રમાણે) | 99 |
| 5.20 | લાભાર્થીઓને ઉદ્દભવેલી મુશ્કેલીઓ (તાલુકા પ્રમાણે) | 100 |
| 5.21 | કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત મળેલા લાભની માહિતી | 105 |
| 5.22 | કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો લાભ લીધા પહેલા ઉચ્ચ-ગુણવતાવાળા હાઈબ્રીડ બિયારણનો અને ખાતરનો ઉપયોગ કરતા લાભાર્થીની માહિતી | 106 |
| 5.23 | કૃષિ વૈવિધ્યકરણ યોજનામાં જોડાયા બાદ આવકમાં થયેલ વધારો | 106 |
| 5.24 | સંકલિત ડેરી વિકાસ યોજનામાં જોડાયા બાદ આવકમાં થયેલ વધારો | 108 |
| 5.25 | તાલિમ યોજનામાં જોડાયા બાદ આવકમાં થયેલ વધારો | 109 |
| 5.26 | સ્વરોજગાર લોન યોજનામાં જોડાયા બાદ આવકમાં થયેલ વધારો | 111 |
| 5.27 | અન્ય (કેટલશેડ, તાડપત્રી અને વિનોવીંગ ફેન) યોજનામાં જોડાયા બાદ આવકમાં થયેલ વધારો | 112 |

પ્રકરણ: 1

# પરિચય



## 1.1 પૂર્વભૂમિકા

ભારતની વસ્તીના કેટલાક જૂથો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક કારણોસર બીજાની સરખામણીમાં વંચિત જોવા મળે છે આ વિશેનું સ્પષ્ટ દર્શન આઝાદી પહેલા જ થઇ ગયું હતું. બંધારણના ઘડવૈયાઓએ આદિવાસીઓ પ્રત્યે સદીઓથી આચરાયેલા ગંભીર અન્યાયની ગંભીર નોધ લઇને આદિવાસીઓના વિકાસ માટે બે બાજુથી એમને લાભ કરી આપતી વ્યુહરચનાની ભલામણ કરી હતી, એક શોષણ સામે જનજાતિઓને રક્ષણ આપવું અને બીજું તેમના માટે આર્થિક વિકાસમાં સહાયક બનવું.

2011ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં કુલ આદિવાસી વસ્તી 10.45 કરોડ (10,45,45,716) છે. જે કુલ વસ્તીના 8.2 ટકા જેટલી છે. જયારે ગુજરાતમાં આદિવાસી વસ્તી 89 લાખ (89,17,174) છે, જે ગુજરાતની કુલ વસ્તીના 14.75 ટકા જેટલી છે. ભારતની તુલનાએ ગુજરાતમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ ઘણું વધુ છે. ગુજરાત એ બહોળી વસતિ ધરાવતું રાષ્ટ્રનું પાંચમું રાજ્ય છે. ગુજરાતમાં ઉત્તર-પૂર્વ દાંતા તાલુકાથી અરવલ્લીની પર્વતમાળાથી શરુ કરી છેક સહ્યાદ્રી પર્વતમાળાના ઉમરગામ(વલસાડ) સુધી આદિવાસી વસ્તી પથરાયેલ છે. ગુજરાતમાં કુલ 25 આદિવાસી જાતિઓ વસવાટ કરે છે. જેમાં ભીલ જાતિની વસ્તીનું પ્રમાણ વધુ છે. ગુજરાતના 14 જીલ્લા, 52 તાલુકા, 15 Pockets, 4 Clustersમાં વિભાજીત કર્યા છે. TSP ફંડ અંતર્ગત ગુજરાતમાં 5884 ગામોના આદિવાસી લોકોના જીવનધોરણ સુધારો કરવાનું કાર્ય કરે છે.

## 1.2 વિકાસનો અર્થ અને ખ્યાલો

સામાન્ય વાતચીત કે બોલચાલમાં, વિકાસને વ્યાખ્યાયિત કરી શકાય કે, ‘એવી પ્રક્રિયા જેનાથી કોઇ પદાર્થની કે તંત્રની ક્ષમતાઓને જ્યાં સુધી તે તેના પ્રાકૃતિક, સંપૂર્ણ અને સમગ્ર સ્વરૂપને હાંસલ ન કરે ત્યાં સુધી વિકસાવવાની બાબત.’ એક વિભાવના તરીકે ‘વિકાસ’ની સાથે અનિવાર્યપણે મૂલ્યલક્ષી નિર્ણયો સંકળાયેલા હોય છે. જુદા જુદા લોકોને મન ‘વિકાસ’ નો અર્થ જુદો જુદો હોઇ શકે. સમાજશાસ્ત્રના સંશોધકોએ વિકાસને અલગ રીતે જ વ્યાખ્યાયિત કરેલ છે. 1970 પછીના દસકા સુધી વિકાસનો અર્થ ‘વૃધ્દ્ધિ’ના સંદર્ભે જ કરાતો હતો. ઉત્પાદન, આવક, ખોરાક ઇત્યાદિ વપરાશી ચીજવસ્તુમાં થયેલ સંખ્યાત્મક/જથ્થાત્મક વૃધ્દ્ધિ કે પ્રગતિને જ ‘વિકાસ’ ગણવામાં આવતો હતો. આ રીતે મુખ્ય ઝોક રાજકીય, સામાજિક કે સાંસ્કૃતિક પાસાંઓ ઉપર નહિ, પરંતુ માત્ર આર્થિક પાસાં ઉપર જ રહેતો હતો.

સંયુક્ત રાષ્ટ્રસંઘના ‘વિશ્વની સામાજિક પરિસ્થિતિ’ સંદર્ભે તેના પ્રથમ જ અહેવાલ (1952) માં પ્રવર્તમાન સામાજિક પરિસ્થિતિના વર્ણન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. આ અહેવાલે સંયુક્ત રાષ્ટ્રસંઘની સંસ્થાઓની અંદર તેમજ બહાર પણ સારો એવો રસ જાગૃત કર્યો. સંયુક્ત રાષ્ટ્રસંઘ સમયાંતરે સામાજિક પરિસ્થિતિ પરત્વે જે જે અહેવાલો ક્રમશઃ પ્રગટ કરતું ગયું તેમાં ‘સામાજિક વિકાસ’ શબ્દનો ઉપયોગ દાખલ થતો ગયો. પરંતુ તેના અર્થના ઊંડાણમાં તે સમયે જવાને બદલે, માત્ર આર્થિક વિકાસના એક જુદા ફણગા તરીકે, સામાજિક પરિસ્થિતિની

વિભાવનાના પર્યાય તરીકે તેને આલેખવામાં આવતું. પરંતુ 1962માં સંયુક્ત રાષ્ટ્રસંઘની આર્થિક અને સામાજિક પરિષદ (ECOSOC) એ વિકાસના 'સામાજિક' અને 'આર્થિક' એમ બંને પાસાંઓનો સમાવેશ કરવાનું સૂચન કર્યું. તે જ વર્ષમાં 1960-70ના પ્રથમ સંયુક્ત રાષ્ટ્રસંઘના વિકાસ દસકાની કાર્ય માટેની દરખાસ્તોમાં આમ પ્રતિપાદન કરવામાં આવ્યું: "અવિકસિત દેશોની સમસ્યા માત્ર વૃદ્ધિની સમસ્યા નથી; વિકાસની સમસ્યા છે, વિકાસ એટલે વૃદ્ધિ વત્તા પરિવર્તન. આ પરિવર્તન આર્થિક પ્રકૃતિનું હોવા ઉપરાંત સામાજિક અને સાંસ્કૃતિક પ્રકારનું પણ છે અને સંખ્યાત્મક હોવા ઉપરાંત ગુણાત્મક પણ છે. આમાં ચાવીરૂપ વિભાવના છે: લોકોના જીવનની ગુણવત્તામાં સુધારો."

પ્રથમ વિકાસ દસકાને અંતે જ્યારે એવું સત્ય જણાઇ આવ્યું કે વૃદ્ધિના ઊંચા દર છતાં વિકાસ સંબંધિત સંતોષકારક પ્રગતિ થઈ નથી ત્યારે વિશ્વ બેન્કના પ્રમુખ રોબર્ટ મેકનમારાએ ભારપૂર્વક જણાવ્યું કે, 1970ના દસકામાં માત્ર આર્થિક વૃદ્ધિનાં કુલ માપન કરતાં કંઇક વધુ પ્રાપ્ત થવું જોઇશે.

આમ, 1970નો દસકો વિશ્વભરમાં વિકસાના અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં એક નવા યુગનું નિર્માણ કરનારો બન્યો અને સદીઓથી માનવામાં આવતું હતું કે આર્થિક વૃદ્ધિ એ જ વિકાસ છે, તે માન્યતાથી દૂર થઇ નવો અર્થ કંડારવામાં આવ્યો, હવે સમાજના તમામ વિભાગના લોકોના જીવનની ગુણકક્ષામાં સુધારો થાય તેને જ વિકાસ કહેવાય. હવે વૃદ્ધિને કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (જીએનપી)ના માધ્યમથી માપવામાં આવતી અર્થતંત્રની સમગ્ર સિદ્ધિના સૂચાંક તરીકે ગણવામાં આવી. સંયુક્ત રાષ્ટ્રસંઘના પ્રસિદ્ધ ટિમ્બરજન અહેવાલ (1971)માં દર્શાવવામા આવ્યું કે, "વિકાસમાં માત્ર ઉત્પાદનીય ક્ષમતાનો વધારો અભિપ્રેત નથી, પરંતુ તેમના સામાજિક અને આર્થિક માળખાઓનું પરિવર્તન અભિપ્રેત છે." તે પછી, એમ સ્વીકારાવા લાગ્યું કે વિકાસ માટે માત્ર આર્થિક વૃદ્ધિ જ આવશ્યક નથી, પરંતુ સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિવર્તન મારફતે સમાજમાં, સાતત્યપૂર્ણ અને ગુણાત્મક બદલાવ લાવવાનું જરૂરી છે, તેમાં વૃદ્ધિ છે, આધુનિકતા છે, સામાજિક સુવિધાઓમાં થતો સુધારો છે અને રાજકીય જાગૃતિ પણ છે.

જ્યોર્જ ફ્રેડરિકે વિકાસની વ્યાખ્યા આપતાં તેને આત્મ-નિર્ભરતા, આર્થિક વૃદ્ધિ અને સામાજિક ન્યાયની સમતુલિત પ્રક્રિયા ગણાવી છે. જેના થકી ખોરાક, કપડાં, આવાસ, આરોગ્ય, શિક્ષણ જેવી પાયાની જરૂરિયાતોની ઉપલબ્ધિની ખાતરી મળી રહે તેમજ તે આત્મનિર્ભરતા ટકાવી રાખવાના સંતોષની સાથે સમતુલિત ક્ષેત્રીય વિકાસ તેમજ આંતરરાષ્ટ્રીય બજારથી મહદંશે છુટકારો પણ મળી રહે. વિકાસનો મુખ્ય ઉદ્દેશ તો રાષ્ટ્રીય તેમજ માથાદીઠ આવકમાં ઉમેરો કરીને લોકોનું જીવનધોરણ ઊંચુ લાવવાનો તેમજ સમાજમાં તેમને માટે ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને સલામતીની ખાતરી આપવાનો છે. આથી હવે વિકાસનું લક્ષ્ય વધુને વધુ (અ) સંપત્તિ અને આવકની સમાનતાપૂર્ણ વહેંચણી, (બ) માનવશક્તિનો સંપૂર્ણ ઉપયોગ, (ક) કુદરતી સંસાધનોનો બહેતર વપરાશ, (ડ) માનવીય પર્યાવરણની સુરક્ષા વગેરે ઉપર રહેલું છે. આમ વિકાસને ઇચ્છનીય, વ્યાપક રીતે જેનું અનુમાન કરી શકાય અથવા આયોજન કરી શકાય તેવા અને સરકારી કાર્યો દ્વારા જેનો વહીવટ કરી શકાય કે કમસે કમ અસર ઉપસાવી શકાય તેવા પાસા તરીકે વિચારવામાં આવે છે.

વિકાસમાં સમાવિષ્ટ છે (અ) પરિવર્તનનું પાસું, (બ) અનુમાન અથવા આયોજન અને (ક) અનુમાનિત અથવા આયોજનબદ્ધ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે સરકારની કામગીરી.

ગાંધીજી માનતા કે વિકાસ માનવની સર્વાંગી ઉત્કર્ષ માટે છે. જેમાં તે પોતાની જાતને વિકાસની પ્રક્રિયાના ભાગરૂપે વિચારી કે કલ્પી શકે, તેનું જીવનધોરણ ઊંચુ આવે અને તેને પરદેશી હકુમતમાંથી જ નહિ પરંતુ આર્થિક શોષણમાંથી, આર્થિક દેવામાંથી અને બૌદ્ધિક ગુલામીમાંથી મુક્તિ મળે. તે માનવીય વિકાસની પ્રક્રિયા છે. જેનાથી આત્મ વિકાસમાં વૃદ્ધિ થાય છે, આત્મનિર્ભરતા આવે છે અને પોતાના પગ પર ઊભા રહી શકાય છે. ગાંધીજીના મતે આત્મનિર્ભરતા, આત્મવિશ્વાસ અને સ્વાવલંબન એ જ વિકાસના મુખ્ય આધાર સ્તંભ હતાં.

વિકાસ તેના આર્થિક, સામાજિક, રાજકીય અને વહીવટી પાસાંઓને આવરી લઇને સંતુલિત ઉત્કર્ષ માટે પરિવર્તનની દિશામાં સમગ્ર સમાજના બદલાવ સંબંધિત અવસ્થા છે. તે એવી પ્રક્રિયા છે જે એવી પરિસ્થિતિનું નિર્માણ અને ખાતરી કરાવવા ઇચ્છે છે જેમાં લોકો આનંદ મેળવી શકે, કવાયત કરી શકે અને પોતાના તમામ પ્રકારના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, નાગરિક અને રાજકીય માનવ અધિકારોનો ઉપયોગ કરી શકે. ઉપર જે કંઇ વર્ણન કર્યું, તેમાંથી નીચેની ધારણાઓ તારવી શકાય છે.

- વિકાસ એ માત્ર સમુદાય માટે સાતત્યપૂર્ણ વૃદ્ધિ પેદા કરવાની પ્રક્રિયા નથી, પરંતુ સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિવર્તન દ્વારા સમાજમાં સતત અને ગુણાત્મક બદલાવ લાવવાની પ્રક્રિયા છે.
- વ્યક્તિને પોતાની જાતથી જાગૃત બનાવે, સ્વ-નિર્ભર બનાવે, સ્વમાની બનાવે અને શોષણમાંથી મુક્તિ અપાવે.
- સામાજિક, રાજકીય અને આર્થિક નિર્ણયો લેવાની પ્રક્રિયામાં લોકોની સક્રિય ભાગીદારી અભિપ્રેત છે.
- વિકાસના આયોજિત કાર્યક્રમો બનાવવા માટે કાર્ય કરવાનું પણ જરૂરી છે. આવા કાર્યક્રમો વહીવટનાં ઉપલબ્ધ સાધનો મારફતે અસરકારક રીતે અમલમાં મૂકી શકાય.

આમ, વિકાસ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રગતિ ઇચ્છે છે અને અમુક કાર્યક્રમો મારફતે તે પ્રાપ્ત કરી શકાય છે.

જીવનની ગુણવત્તાના સુધારામાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે-

- પ્રજાનું આરોગ્ય સુધરવું જોઇએ.
- લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધવું જોઇએ.
- ગંદકીનો યોગ્ય નિકાલ થવો જોઇએ.

- સૌને પીવા માટે ચોખ્ખું પાણી મળવું જોઇએ.
- વિકાસના લાભો સામાન્ય જનતા સુધી પહોંચવા જોઇએ.
- વિકાસ ભાવિ પેઢીઓના ભોગે થવો જોઇએ નહિ.

આમ, લોકોની આવકના વધારા સાથે સમાજે નક્કી કરેલા ઉદ્દેશો પાર પાડે તો જ વિકાસ થયો ગણાય. વિકાસને નીચે મુજબ અનેક પ્રકારના માનાંકોને ધ્યાનમાં રાખીને માપી શકાય છે:

1. જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક (Physical Quality of Life Index-PQLI)
2. રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક (Gross Domestic Product-GDP & Per capita income)
3. માનવ વિકાસ આંક (Human Development Index-HDI)
4. સ્ત્રી-પુરુષ અસમાનતા આંક (Gender Inequality Index-GII)
5. માનવ ગરીબી આંક (Human Poverty Index-HPI)
6. બહુ આયામી ગરીબી આંક (Multidimensional Poverty Index-MPI)
7. માનવ સુખાકારી આંક (Human Happiness Index-HHI)

1986માં બ્રુન્ટલેન્ડ કમિશનના અહેવાલથી 'સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ' એક નવો શબ્દપ્રયોગ વિશ્વને મળ્યો. જેને ટકાઉ વિકાસ, નિરંતર વિકાસ કે સાતત્યપૂર્ણ વિકાસ કહે છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘની સપ્ટેમ્બર 2015ની જનરલ એસેમ્બલી સમિતિમાં ટકાઉ વિકાસને 15 વર્ષ માટે વૈશ્વિક ફલક પર લઈ જવાની બહાલી 193 સભ્યદેશો એ આપી હતી. જે અંતર્ગત 2030 સુધી 17 મુદ્દા/લક્ષ્યો તૈયાર કરવામાં આવ્યા છે, જેનો અમલ 1 જાન્યુવારી, 2016 થી કરવામાં આવ્યો હતો. આ વિકાસનો ખ્યાલ તદ્દન નવી દિશાનો છે.

## 1.3 ભારતનો આર્થિક વિકાસ

આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ દ્વારા વર્લ્ડ ઇકોનોમી આઉટલુક શીર્ષક હેઠળ પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ વર્ષ 2018-19 માં ભારતનો વૃદ્ધિદર 7.3 ટકા જ્યારે 2019–20માં 7.5 ટકા રહેવાની આગાહી કરાઈ છે. IMFના અહેવાલમાં ભારતનો આર્થિક વૃદ્ધિદર ચીન કરતા ઉંચો રહેવાની વાત જાણવાઈ છે. અહેવાલ મુજબ બે વર્ષો દરમ્યાન ચીનનો વૃદ્ધિદર 6.2 ટકા રહ્યો છે. તેલની કિંમતમાં ઘટાડો ભારતના ઝડપી વૃદ્ધિદર માટે મદદરૂપ બન્યો છે. અન્ય કારણોમાં નાણાકીય કડકાઇમાં નરમાઇ ગણાવી શકાય.

ભારતીય અર્થતંત્ર માટે નવી રોજગારીની તકોનો અભાવ પડકારરૂપ બની રહેશે. આઇ.એમ.એફ.ના એક અહેવાલમાં ભારત વિશ્વમાં ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહેશે તેમ ભારપૂર્વક જણાવ્યું છે. અર્થશાસ્ત્રીઓ વૈશ્વિક પરિબળો નો ભારતીય અર્થતંત્ર પર પ્રતિકૂળ અસર થવાની સંભાવના નકારી રહ્યા છે. વૈશ્વિક પરિબળોમાં

અમેરીકા–ચીન વચ્ચે વધી રહેલી વેપાર તાણ અને તેલની કિંમતોમાં અનિશ્ચિતતાનો સમાવેશ થાય છે. આ પરિબળોને ધ્યાનમાં રાખી આઇ.એમ.એફ.એ વૈશ્વિક વૃદ્ધિમાં ઘટાડો થવાનું નોંધ્યું છે.

1.4 ભારતમાં આદિવાસીનો આર્થિક વિકાસ

આદિવાસી વિકાસ એટલે આદિવાસી જાતિનો ઉત્કર્ષ, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક બાબતોને વિવિધ તબક્કે વિકાસ જે રાજનીતિના ઘડતરની, કાર્યક્રમના અમલની, કચડાયેલા અને શોષિત વર્ગનો ઉત્કર્ષ કરવાના કાર્યોની તેમજ દેશની આદિવાસી સમુદાયોનો વિકાસ અને સામાન્ય સમુદાયના વિકાસની પ્રક્રિયા છે.

બી. કે. રોયબર્મન નીચેની પાંચ બાબતોને આદિવાસી વિકાસની પ્રવૃતિઓના સંદર્ભ સાંકળી લીધી છે[1]

1. ન્યૂનતમ જરૂરિયાતોનો સંતોષ.
2. ઉત્પાદિત સંપતિનું નિયંત્રણ અને વ્યવસ્થાપન.
3. રોજગારીની આશા.
4. વિકાસની પ્રક્રિયામાં લોકોની વિશાળ ભાગીદારી.
5. રાષ્ટ્રીય સુગ્રથન માટે સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પાસાઓ.

આદિવાસી વિકાસ માટે અપનાવાતી સામાન્ય વ્યૂહરચના આદિવાસી સંસ્કૃતિ અને સંસ્થાઓનો અનુરૂપ જ હોવી જોઈએ. આદિવાસી વિકાસ કેવળ તેમની સંસ્કૃતિ અને સામાજિક સંસ્થાઓ દ્વારા શક્ય બની શકે. [2]

આદિવાસીઓ બીજાના શોષણનો ભોગ ન બને અને તેઓ બીજાની જેમ સમાન તક અને દરજ્જો મળે તેવું મહાત્મા ગાંધી પણ ઇચ્છતા હતા.

- આદિવાસી વિકાસના અભિગમો[3] (Approaches to Tribal Development)

આદિવાસીઓ ભારતીય સમાજનો અંગભૂત ભાગ છે. તેઓ ભિન્નતા પણ ધરાવે છે. જ્યારે આપણે આદિવાસી વિકાસ યોજના વિશે વાત કરીએ ત્યારે આ ભિન્નતાઓની વિશિષ્ટતાઓ પ્રત્યે ધ્યાન આપવું જોઈએ. તેમની વિભિન્ન પરિસ્થિતીઓ અને ક્ષમતાઓની વિશેષ નોધ લઈ ઇચ્છિત દિશામાં વિકસાવવાનું કામ કરી સાનુકૂળતા, સગવડ અને સહાય પૂરી પાડવી જોઈએ. વિકાસ શબ્દનો અર્થ થાય છે અંદર પડ્યું હોય તેને બહાર લાવવું-વિકસાવવું. બાહ્યજનો આદિવાસી વિકાસ કરી શકે નહીં, તેઓ ઇચ્છે તો માત્ર મદદ અને સાનુકૂળતા આપી શકે.

[1]Chaudhari Buddhdev(eds), (1981), Tribal Development and its Administration, Concept Publishing Company, New Delhi

[2]જોશી વિદ્યુત, (2009), આદિવાસી વિકાસ દર્શન, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર- ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

[3] જોશી વિદ્યુતIbid (એજન)

આદિવાસીઓ પોતાના વિકાસ કાર્યક્રમોમાં કઈ રીતે ભાગીદાર બની શકે? આ બાબતને સમજવા અભિગમો સમજીએ.

1. અલગતાવાદી અભિગમ (Isolationist Approach)

ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ આદિવાસી વિસ્તાર પર કાબૂ મેળવાવનો નિર્ણય કર્યો. તેથી તેને ગંભીર સમસ્યાનો સામનો કરવો પડયો. કંપનીએ લીધેલા કેટલાક વહીવટી પગલાથી આદિવાસી સમુદાયની જમીન ભોગવતાનો અધિકાર ઝોખમયો અને તેમની સામાજિક એકતાનું સંતુલન ખોરવાયું. કંપની સાથે કેટલીક જગ્યાએ જુથ અથડામણો અને બળવો થયો. જેથી બ્રિટિશ સરકારે આદિવાસીઓને બાકીના ભારતથી વિખૂટા પાડી દેવા તેવું ઠરાવ્યું. તેના પરિણામે  ભારતમાં ઘણા આદિવાસી સમુદાયો ગરીબીની દિશામાં ધકેલાયા. અમુક ભાગોને બાદ કરતાં અક્ષરજ્ઞાનની બાબતમાં નીચામાં નીચા સ્તરે હતા. તેમની જમીનો વધુ બોજા (કરજ) વાળી અને જમીનોનો સારો એવો હિસ્સો બિનઆદિવાસીઓના હાથમાં ચાલ્યો ગયો હતો.

બ્રિટિશ સરકારે છેવટે આદિવાસી જાતિઓને તેમનાં હિત અને જીવન સંરક્ષિત હોય તેવા વિસ્તારોમાં અલગ રાખવાની નીતિ અપનાવવાનો નિર્ણય કર્યો. 1874માં એક કાયદો પસાર કરીને આદિવાસીને 'અનુસૂચિત વિસ્તારો' ઠરાવી તેમણે સંરક્ષણ પૂરું પાડવાના હેતુથી અલગ તારવવામાં આવ્યા. ભારત સરકારના  1919ના કાયદાથી આ વિસ્તારોની પુનરચના કરવામાં આવી અને તેમણે તે દ્વારા 'બાકાત અને અંશત: બાકાત વિસ્તારો'માં ફેરવવામાં આવ્યા, સાથે સખતાઈભરી બંધનકારક જોગવાઈ કરવામાં આવી..

આ પ્રકારનો અલગતાવાદી અભિગમ પશ્ચિમના માનવશાસ્ત્રીઓએ રચેલું જ્ઞાનનું પરિણામ છે. તેઓ માનતા કે બિનઆદિવાસી સાથે ભળવાથી આદિવાસી સંસ્કૃતિ ભ્રષ્ટ/નષ્ટ થઈ જશે. વેરિયર એલ્વિન આદિવાસીઓના અલગ રાખવાના અભિગમના મોટા પુરસ્કર્તા હતા.

2. આત્મસાતીકરણ અભિગમ (Assimilation Approach)

અલગતાવાદી બ્રિટિશ નીતિનો રાષ્ટ્રવાદીઓએ વિરોધ પોકાર્યો હતો. તેઓ આદિવાસીઓ ભારતીય સમાજના હોવા બાબત સ્પષ્ટ થાય છે. આ અભિગમની પૂર્વભૂમિકા શ્રી ઠક્કરબાપાએ સર્વન્ટ્સ ઓફ ઇન્ડિયન સોસાયટીના કેટલાક સભ્યોએ તૈયાર કરી દીધી હતી. તેમણે આદિવાસી વિસ્તારમાં પાયાનું કાર્ય કર્યું હતું. ઘણા રાષ્ટ્રવાદી નેતાઓએ બ્રિટિશ સરકાર સામે ચળવળ કરી અને આદિવાસીઓને બાકીના ભાગથી અલગતાનો વિરોધ કર્યો. ગાંધીજીની સાથે કાર્ય કરતાં કાર્યકર્તાઓ આદિવાસી વિસ્તારમાં જઈને આશ્રમો સ્થાપી આદિવાસી ઉત્કર્ષનું કામ શરૂ કર્યું.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સુધી સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓનો અભિગમ આદિવાસીના જીવનની

સામાજિક અને સાંસ્કૃતિક પાસાનાં અભ્યાસ તરફી રહ્યો હતો. તેઓના મતે બહુ સ્પષ્ટ હતુ કે તેઓ ભારતીય સમાજનો એક ભાગ છે; તથા આદિવાસી બિનઆદિવાસી વચ્ચેનો તફાવત ધીમે ધીમે લુપ્ત થઇ જશે અને આદિવાસીઓ મુખ્ય પ્રવાહમાં ભળી જશે.

3. સુગ્રંથન અભિગમ (Integration Approach)

આદિવાસી સમુદાય અન્ય સમુદાયોથી સામાજિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ કેટલાક અંશે ભિન્ન છે. જેટલા અંશે તે ભિન્ન છે તેટલે અંશે તેઓ પ્રત્યે ભિન્ન વિશેષ અભિગમ આવશ્યક છે. આ અભિગમ મુજબ આદિવાસીઓની વિશિષ્ટ ખાસિયતો જળવાઈ રહે એ રીતે મુખ્ય પ્રવાહમાં સાંકળી લેવા જોઇએ. આદિવાસી વિકાસના આ અભિગમનો પ્રારંભ સ્વતંત્રતા બાદ પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ કર્યો હતો. આદિવાસી વિકાસ માટેના 'પંચશીલ સિધ્ધાંતો' પણ આપ્યા હતા. આઝાદી બાદ મુખ્યવે આ અભિગમ પર કાર્ય થયું છે.

❖ બંધારણમાં અનુસૂચિત જનજાતિ માટેની જોગવાઇ

આપણા બંધારણમાં અનુસૂચિત જનજાતિઓના હિતોનું રક્ષણ કરવા માટે વિશેષ જોગવાઇ કરવામાં આવી. સ્વતંત્રતા બાદ બંધારણના ઘડવૈયા ખાસ પછાત અને છેવાડાના સમુદાયને ધ્યાનમાં રાખીને સમાનતા અને સ્વતંત્રતા જેવા અધિકારો આપ્યા છે. જેમાં બંધારણની પાંચમી અને છટ્ઠી અનુસૂચિમાં અનુસૂચિત જનજાતિ માટે વહીવટી અને નિયંત્રણની બાબતો સમાવેશ કર્યો છે. મુખ્ય પાયાની કલમો નીચે મુજબ છે,

- કલમ- 15:
  ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાન – એમાંના કોઇ એક કારણે રાજય વહીવટી ભેદભાવભરી નીતિ રાખશે નહીં. એના આદેશ મુજબ મુખ્યત્વે અનુસૂચિત જનજાતિઓના સામાજિક અને શૈક્ષણિક કાર્યક્રમો અમલમાં મૂકવા.
- કલમ- 16:
  સરકારી અને સરકારી અંકુશ હેઠળની નોકરીમાં અનુસૂચિત જનજાતિને તકની અગ્રતા આપવી.
- કલમ- 46:
  નબળા વર્ગના લોકોના અને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના શૈક્ષણિક અને આર્થિક હિતોની અભિવૃધ્ધિ માટે વિશેષ કાળજી કરશે અને સામાજિક ન્યાય અને તમામ પ્રકારના શોષણ સામે તેમનું રક્ષણ કરશે.
- કલમ- 244:
  કોઇપણ રાજ્યના અનુસૂચિત વિસ્તારો અને અનુસૂચિત આદિજાતિઓના વહીવટ અને નિયંત્રણ માટે પાંચમી અનુસૂચિની જોગવાઇ કરવી. જ્યારે આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમ રાજ્યનો વહીવટ અને નિયંત્રણ માટે છટ્ઠી અનુસૂચિની જોગવાઇ કરવી.

➢ કલમ-275:

કોઈ રાજ્યમાં અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ સાધવા અથવા તે રાજ્યમાંના અનુસૂચિત વિસ્તારોના વહીવટની કક્ષા સુધારી તેને તે રાજયમાં બાકીના વિસ્તારોના વહીવટની કક્ષાએ લઈ જવાના હેતુથી ભારત સરકારની અનુમતિથી તે રાજય તરફથી હાથ ધરવામાં આવે તેવી વિકાસની યોજનાઓના ખર્ચને તે રાજય પહોંચી વળી શકે તે માટે જરૂરી મૂડીની રકમો અને આવર્તક-રકમો તે રાજ્યની આવકની સહાયક અનુદાન તરીકે ભારતના એકત્રિત ફંડમાથી આપવામાં આવશે.

➢ કલમ- 330 અને 332:

લોકસભા અને રાજ્યની વિધાનસભામાં અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકો રાખવામા આવશે.

➢ કલમ-338:

અનુસૂચિત જનજાતિ મારે રાષ્ટ્રીય આયોગ બનાવવું. (રાષ્ટ્રપતિશ્રી અધિકારોની રૂએ અનુસૂચિત જનજાતિઓના હિત માટે આયોગના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યની નિમણૂક કરશે.)

➢ કલમ- 339:

અનુસૂચિત વિસ્તારોના વહીવટ અને તેમાની અનુસૂચિત આદિજાતિઓના કલ્યાણ અંગે રિપોર્ટ કરવા, એક આયોગ નીમીને થયેલા કામોનો અહેવાલ અને યોગ્ય કાર્યના સૂચનો પ્રાપ્ત કરવા.

આ બધી કલમો દ્વારા જનજાતિઓના વિકાસ માટે વિવિધ યોજનાઓ ઘડવા માટેનું માર્ગદર્શન આપવાની સાથે જનજાતિના લોકોને આર્થિક સહાય પૂરી પાડવાની જવાબદારી સરકારને આપી છે.

❖ આઝાદી પછી અનુસૂચિત જનજાતિ માટે થયેલા પ્રયત્નો

દેશ સ્વતંત્ર થયા પછી અનુસૂચિત જનજાતિ માટે શ્રેણીબધ્ધ કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે. અનુસૂચિત જનજાતિ માટેનો સૌપ્રથમ પ્રયત્ન 1954માં થયો હતો અને ગામડાઓના સર્વાંગી વિકાસ માટે પાંચ વર્ષ ચાલનાર બહુહેતુક સમુદાય વિકાસ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. 1956માં એલ્વિન સમિતિએ આદિવાસીઓના વિકાસની આડે આવતા અવરોધોનો અભ્યાસ કરીને એવી ભલામણ કરી કે જનજાતિઓ માટેની બહુહેતુક વિકાસ યોજનાઓ ખૂબ સાવધાનીપૂર્વક અમલમાં મૂકવી જોઈએ. એક સમીક્ષા બાદ અગાઉની વિકાસ યોજનાના સ્થાને 1957માં એક નમૂના રૂપ સરળ વિકાસ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. અગાઉ જ્યાં સઘન વિકાસ કાર્યક્રમ હાથ ધરાયેલા, એ જ વિસ્તારના એક ભાગમાં રહેલા લોકો માટે આ નમૂનારૂપ વિકાસ કાર્યક્રમ ઘડવામાં આવેલ. આ કાર્યક્રમમાં આદિવાસીઓના આર્થિક વિકાસ, શિક્ષણ, આરોગ્ય અને સંદેશા વ્યવહારએ ચાર બાબતોને ધ્યાનમાં રાખીને લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા હતા.

આદિવાસી વિસ્તારમાં ચાલતા વિકાસ કાર્યક્રમોની ઝીણવટભરી સમિક્ષા અનુસૂચિત પ્રદેશ તથા અનુસૂચિત જનજાતિઓ માટેના આયોગ જેને સામાન્ય રીતે ઢેબર કમિશન તરીકે ઓળખવામાં આવે છે. આ આયોગ દ્વારા 1960ના એપ્રિલ માસમાં થઈ શરૂ કરી પોતાનો અહેવાલ 1961ના ઓકટોબર માસમાં પ્રસ્તુત કર્યો. ઢેબર

કમિશનના અહેવાલને સંક્ષેપમાં "આદિવાસી ભારતનું નવું હકનામું" તરીકે ઓળખવામાં આવે છે. ઢેબર કમિશને પોતાના રિપોર્ટમાં નોધેલું કે જનજાતિ વિસ્તારમાં પ્રગતિનો વેગ ખૂબ ધીમો રહેવા પામ્યો છે. આ વિસ્તારમાં કરાયેલા મૂડીરોકાણો તથા રક્ષણાત્મક પગલાં અપૂરતા છે અને આવી બાબતોમાં સરકારે રસ દાખવવો જોઇએ અને આદિવાસી ક્ષેત્રોનું સ્વરૂપ સરળ બનાવવું જોઈએ. જે વિસ્તારમાં 50 ટકાથી વધુ વસ્તી જનજાતિની હોય, તેવા તમામ વિસ્તારોમાં આદિવાસી વિકાસ કાર્યક્રમો અમલી બનાવવા જોઇએ. ઢેબર કમિશને 32 ભલામણો કરી હતી.

ઢેબર કમિશનની ભલામણો સ્વીકારવામાં આવી હતી અને આદિવાસી ઘટકો માટેના વિકાસ કાર્યક્રમો આગળ વધારવામાં આવ્યા. ત્રીજી પંચવર્ષીય યોજના પૂરી થતાં સુધીમાં આશરે 500 આદિવાસી ઘટકોને આવરી લઈને કુલ વસ્તીના 40 ટકા લોકોને વિકાસ કાર્યક્રમોનો લાભ આપવામાં આવ્યો હતો. છતાં પણ ઘણા આદિવાસી વિસ્તાર આ કાર્યક્રમથી વંચિત રહ્યા હતા. 1969માં પી. શીલુ ઓના અધ્યક્ષ પદે એક સમિતિ રચવામાં આવી હતી. આ સમિતિનું મુખ્ય કામ આદિવાસી માટેના કાર્યક્રમોનો અભ્યાસ કરવાનું હતું. આ સમિતિએ જણાવ્યુ કે ઢેબર કમિશનની મોટાભાગની ભલામણો અમલમાં મુકાય નથી અને સમિતિએ વિના વિલંબે આ ભલામણો અમલી બનાવવાનું જણાવ્યું. સાથે સાથે સમિતિએ એ પણ અભિપ્રાય આપ્યો કે વિકાસ કાર્યક્રમો હાથ ધરવાની ઘટક યોજનાની પધ્ધતિ અપૂરતી છે. સમિતિએ જાહેર કર્યું કે જનજાતિઓના મુખ્ય પ્રશ્નો શાહુકારોના દેવા, જમીનો ઝૂંટવાઇ જવી, આર્થિક પછાતપણું તથા અપૂરતી સંદેશા વ્યવહારની સગવડોને લગતા છે. આ સમસ્યાઓના ઉકેલ માટે નક્કર કાર્યક્રમો ઘડીને અગ્રતાના ધોરણે જનજાતિ વિકાસ કાર્યક્રમો વ્યાપક બનાવવા જોઇએ.

ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન પ્રાયોગિક ધોરણે છ આદિવાસી વિકાસ સંસ્થાઓ રચવામાં આવેલી જેમાં બે મધ્યપ્રદેશમાં, બે ઓરિસ્સામાં, એક બિહાર અને એક આંધ્રપ્રદેશમાં. ચોથી પંચવર્ષીય યોજનાના અંત ભાગમાં ઓરિસ્સામાં વધુ બે સંસ્થાઓ રચવામાં આવી હતી. વ્યવહારુ રીતે જોતાં સંસ્થાઓના અભિગમ માટે ભાગે કૃષિ વિકાસ કાર્યક્રમ પૂરતો મર્યાદિત રહ્યો અને ધારી સફળતા મળી શકી નહીં.

સંતુલિત વિકાસ સમિતિ (હાથી સમિતિ) 1971ની ભલામણોને ધ્યાનમાં રાખીને ડૉ. આઇ. જી. પટેલની અધ્યક્ષતામાં એક સમિતિ રચવામાં આવી હતી. જેનું મુખ્ય કાર્ય ગુજરાત રાજયમાં આવેલા તાલુકાઓના પછાતપણાના પ્રમાણનું પુન:મૂલ્યાંકન કરવાનું હતું. આ સમિતિએ પછાત તાલુકાઓ નક્કી કરવા માટે 25 સૂચકો પસંદ કર્યા હતા. આ અહેવાલ ઓગષ્ટ 1984માં સુપ્રત કર્યો. જેમાં 15 જિલ્લાના કુલ 154 તાલુકામાંથી 56 તાલુકાઓને પછાત તાલુકાઓ તરીકે જાહેર કર્યા હતા. જેમાં આદિવાસી તાલુકાની સંખ્યા સવિશેષ હતી.

1972માં આદિવાસીના વિકાસ માટે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન (GTDC) ની સ્થાપના કરવામાં આવી. જેની રચના ગુજરાત આદિજાતિ વિકાસ અધિનિયમ-1972 (ગુજરાત એક્ટ નં. 5-1972)થી કરવામાં આવી. ગુજરાત સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક: જીએસએચ/5090/ ટીડીસી/10/શ/ જે, તા. 27-10-72થી આ સ્વાયત્ત કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યું છે. અધિનિયમ ની કલમ-16 (1) અનુસાર ગુજરાત રાજ્યમાં વસતાં આદિજાતિ

સભ્યોની સામાજિક અને આર્થિક ઉન્નતિનું કાર્ય હાથ ધરવાની કોર્પોરેશનની પ્રાથમિક ફરજ છે. અધિનિયમની કલમ-16(2) અનુસાર રાજ્યમાં વસવાટ કરતાં અનુસૂચિત જનજાતિના સભ્યોની સામાજિક અને આર્થિક ઉન્નતિનું કાર્ય હાથ ધરવાની પ્રાથમિક ફરજ અનુસાર પોતાની મેળે અથવા બોર્ડ મંજૂર કરે તેવા અનુસૂચિત આદિજાતિના મંડળો અથવા તેવી બીજી એજન્સીઓના સહયોગથી અથવા તેમની મારફતે કૃષિ વિકાસ કાર્યક્રમો, માર્કેટીંગ પ્રક્રિયા ખેતપેદાશનો પૂરવઠો અને સ્ટોરેજ, લઘુઉદ્યોગ, મકાનોના બાંધકામ, હેરફેર અને રાજ્ય સરકાર આ અર્થે મંજૂર કરે તેવી બીજી પ્રવૃતિઓનું આયોજન કરવાની અને તે શરૂ કરવાની કામગીરી હાથ ધરવાનું વિશાળ કાર્યક્ષેત્રમાં કાર્ય કરવાનું છે. [4]

બંધારણની કલમ 17ને ધ્યાનમાં રાખી 1989માં અનુસૂચિ જાતી અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ બનાવવામાં આવ્યો. આ કાયદો અનુસૂચિત જાતી અને અનુસૂચિત જનજાતિને અત્યાચારો અને શોષણ માટે આચરવામાં આવતા ગુના પર અંકુશ લાવવા માટે ઉપયોગી બન્યો છે. 10મી જૂન 1994ના રોજ 73માં બંધારણ સુધારા ધારા-1992ની જોગવાઇઓ અનુસૂચિત વિસ્તારોને લાગુ કરવા માટે ભૂરીયા સમિતિની રચના થઇ. કાયદાની વિશિષ્ટ બાબતો અંગે ભલામણો કરવા સાંસદ અને નિષ્ણાંતોની કુલ 21 સભ્યોની ઉચ્ચસ્તરીય સમિતિ બનાવવામાં આવી હતી. જેના અધ્યક્ષ તરીકે શ્રી દિલીપસિંહ ભૂરીયાની  નિમણૂંક કરવામાં આવી. જેની મુખ્ય ભલામણોમાં,

1. ભારતના જે આદિવાસી સમાજોમાં લોકશાહી વ્યવહાર પ્રચલિત હોય, સમાનતાની ભાવના હોય તે સમાજોની તેમની પોતાની સંસ્થાઓ અને લોકાચારોને આદિવાસી વિસ્તારોમાં લોકતંત્રિય વિકેન્દ્રીકરણ કરવાનું વિચારતી વખતે ધ્યાનમાં લેવા જોઇએ.
2. આદિવાસી વિસ્તારોમાં સદીઓથી જે પરંપરાગત વ્યવસ્થાઓ પ્રચલિત છે તેમને માન આપવું જોઈએ અને તેને ચાલુ રાખવા દેવા જોઇએ.
3. આદિવાસી વિસ્તારમાં પંચાયતીરાજની સંસ્થાઓને ઉપરોક્ત બાબતોનાં સંદર્ભમાં વધુ અસરકારક અને ભૂતકાળમા હતી તેના કરતાંય વધારે સારી રીતે સ્વશાસન અને વિકાસની સંસ્થાઓ તરીકે કામ કરવું જોઈએ. સંસ્થાએ પ્રજામાંથી ગરીબી, નિરીક્ષરતા દૂર કરવાના સામાજિક-આર્થિક લક્ષ્યાંકો સિધ્ધ કરવાનું કામ કરવું.
4. ઉપરોક્ત ધ્યેયો સિધ્ધ કરવા માટે પૂરતું ભંડોળ સંસ્થાને મળે તેની કાળજી રાખવી. આ ભંડોળ જે હેતુ માટે રાખવામાં આવ્યું હોય તે હેતુ માટે જ વાપરવું જોઇએ. ભંડોળના યોગ્ય ઉપયોગ માટે સાનુકૂળ નાણાકીય વ્યવસ્થા ઊભી કરવી.

[4]https://adijatinigam.gujarat.gov.in/functions?lang=Gujarati Date: 15-07-2020; 12:23

2006માં અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓ (જંગલ સબંધી હકોની સ્વીકૃતિ) અધિનિયમ ઘડવામાં આવ્યો. જેમાં જંગલમાં વસવાટ કરતી અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓ, જે પેઢીઓથી જંગલમાં વસવાટ કરે છે પરંતુ તેમના હકની નોંધણી કરવામાં આવી નથી તેમના જંગલની જમીન પરના હક અને ભોગવટાને સ્વીકૃતિ આપવા અને તેમને સુપ્રત કરવા માટેના પુરાવાના પ્રકારની નોંધણી કરવા માટેનું માળખું ઉપલબ્ધ કરવા માટે આ અધિનિયમની રચના કરવામાં આવી.

આઝાદી બાદ પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે ઘણા કાર્યક્રમો અને અધિનિયમો ઘડવામાં આવ્યા છે. પરંતુ હાલ પણ અનુસૂચિત જનજાતિ સામે ઘણી સમસ્યાઓ છે, જેને દૂર કરવા માટે સરકાર દ્વારા પ્રયત્ન કરવામાં આવે છે.

1.5 આદિવાસીના વિકાસમાં વિવિધ સમિતિઓની ભલામણો

આદિવાસીઓના વિકાસ પ્રયાસોમાં તેમની સ્થિતિ, પ્રશ્નો તેમજ ઝડપી વિકાસ માટે વિવિધ સમિતિઓ અને કમિશનો દ્વારા આદિવાસીઓના વિકાસની ભલામણો નીચે મુજબ છે.

(1) સ્ટાર્ટ સમિતિ: 1930 માં આદિવાસીઓના વિકાસ સંદર્ભે આદિવાસી વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ વધારવા માટે અનેક જાતના પ્રયોગો કરવાની ભલામણ કરી.

(2) સીમિંગ્ટન સમિતિ: 1937 માં આદિવાસીઓના વિકાસમાં સીમિંગ્ટન નામના સનદી અધિકારીએ બે ભલામણો કરી હતી.

1. આદિવાસી વિસ્તારનો વહીવટ અલગ રાખવાની જોરદાર હિમાયત કરી હતી.
2. આદિવાસીઓને ખેડવા માટે જમીન આપવી.

(3) અંદાજપત્ર સમિતિ: 1959માં શ્રી બળવંતરાય મહેતાએ કેટલાક આદિવાસી વિકાસ ઘટકનો વહીવટ બિન-સરકારી સંસ્થાઓને સોંપવાની ભલામણ કરી.

(4) રેણુકા રે સમિતિએ 1959માં બે પ્રકારની ભલામણો કરી છે.

1. આદિવાસી વિસ્તારમાં કામ કરનારો સ્ટાફ તેમના જીવનધોરણથી પરિચિત થાય એ માટે તેમને તાલીમ આપવાનો પ્રબંધ કરવો.
2. આદિવાસીઓના જમીન અંગેના હકો નક્કી કરવા અને જમીનો બિન-આદિવાસીઓ પાસે ચાલી ન જાય તે અંગેની જોગવાઇ કરવી.

(5) એલ્વિન સમિતિ 1960 માં ડૉ.વેરિયર એલ્વિનને આદિવાસી વિસ્તાર વિકાસની ભલામણો કરેલી છે.

1. આદિવાસી વિસ્તારમાં 43 જેટલા વિવિધ વિકાસ ઘટકો શરૂ કરવામાં આવ્યાં.

2. આદિવાસી વસતિ જ્યાં 55 ટકા હોય ત્યાં વિકાસ ઘટકો શરૂ કરવાં.

(6) ઢેબર કમિશન 1961 માં શ્રી ઢેબરે આદિવાસી વિસ્તાર વિકાસમાં વિવિધ કામોની ભલામણો કરી હતી.

1. આદિવાસી વિસ્તારમાં થતાં કામો અંગેની માહિતી અલગ રાખવી તથા તેનું મૂલ્યાંકન કરવું.
2. ખેતી સુધારણાના કાર્યક્રમોમાં જમીન સિંચાઈ, ખેતી, પશુપાલન, આરોગ્ય વગેરેના કાર્યક્રમોને સૌથી વધારે મહત્વ આપવું.
3. આદિવાસી વિસ્તારમાં થયેલા તમામ પ્રકારના કામોની તેમજ તેની અસરોનું વખતો વખત મૂલ્યાંકન કરવું.
4. રાજ્યના દરેક ખાતાએ પોતાને મળેલાં નાણાંનો વસતિના પ્રમાણમાં અમુક ભાગ આદિવાસી વિકાસ માટે જુદો ફાળવવો.

(7) લોકુર સમિતિ: 1965 માં શ્રી. બી.એન.લોકુરે આદિવાસી કેવા હોય છે, કેવા હોવા જોઇએ, તેના લક્ષણો, અને આદિવાસીઓના પ્રશ્નો અંગેની ચર્ચા કરી.

(8) પી. શીલુ ઓ સમિતિ 1969 માં આદિવાસી વિકાસ કાર્યક્રમોની ખામીનો અભ્યાસ કર્યો.

1. આદિવાસી વિકાસના દરેક પાંસાઓનો અભ્યાસ.
2. આદિવાસીઓમાં શિક્ષણ અને આર્થિક લાભોના બંધારણ અંગેનો અભ્યાસ.

(9) ડાહ્યાભાઈ નાયક સમિતિ: 1970 માં આદિવાસી વિસ્તાર વિકાસ માટે નીચે મુજબની ભલામણો કરે છે.

1. જમીન, મકાનો ભોગવટો, લાંબા સમયથી હોય તો તેમના નામે તબદીલ કરવો.
2. ઊંડાણના વિસ્તારમાં શાળાઓ ખોલવી.

(10) હાથી સમિતિ (સંતુલિત વિકાસ સમિતિ): 1971 માં નીચે મુજબ આદિવાસી વિસ્તાર વિકાસની ભલામણો જોવા મળે છે.

1. જુદાં-જુદાં વિસ્તારોમાં વિકાસની પ્રક્રિયાનો અભ્યાસ કરવો અને ઝડપી વિકાસની શક્યતાઓ નક્કી કરી તથા તકનિકી આર્થિક મોજણી કરવી જરૂરી હતી.
2. તેઓના વિસ્તારોમાં કુદરતી સ્રોતોનો પૂરેપૂરો ઉપયોગ કરવો તથા લાંબાગાળાના ઉપાયો સૂચવવાં.

(11) કૃષિ અંગેનું રાષ્ટ્રીય કમિશન 1976માં આવ્યું જેમાં આદિવાસીઓના જંગલ પેદાશો ઉપર હક નિયમિત કરી આપવાની ભલામણ કરી.

(12) જંગલ સંરક્ષણ કાનૂન, 1980:

1. આ કાયદાનો મુખ્ય ધ્યેય પર્યાવરણની સ્થિરતા અને સમતુલા જાળવવાનો હતો.

2. જંગલવાસી સમુદાયનું કલ્યાણ જંગલ નીતિના મુખ્ય ધ્યેય તરીકે સ્વીકારવામાં આવ્યું.

(13) પછાત વિસ્તારોના વિકાસ માટેની સમિતિ - 1984:

ડૉ. આઈ.જી.પટેલની સમિતિમાં નીચે મુજબની ભલામણ કરવામાં આવી છે.

1. રાજ્યના જુદાં-જુદાં તાલુકાઓનું પછાતપણું અને વર્ગીકરણ સૂચવીને આવા તાલુકાઓને ક્રમ આપવો.

(14) હરુભાઈ મહેતા સમિતિ: 1989 માં નીચે મુજબ આદિવાસી વિસ્તાર વિકાસની ભલામણ કરી છે.

1. આદિવાસી વિસ્તારમાં સિંચાઈની સુવિધા પુરી પાડવી.
2. વારલી અને ડાંગી ભીલોને આદિમજૂથો તરીકે જાહેર કરવાં.
3. કામદારોનું નિયમિત સ્થળાંતર થાય છે તેથી તેની આજુબાજુ રોજગારીની તકો ઉભી કરવી.

(15) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) 1989 માં નાગરિક હક રક્ષણ અધિનિયમ 1955 અને ભારતીય દંડ સંહિતા જેવા પ્રવર્તમાન કાયદાઓની જોગવાઈઓ અપૂરતી જણાઈ આવી. બિન-અનુસૂચિત જનજાતિઓ દ્વારા આચરવામાં આવતાં ગુના પર અંકુશ રાખવા અને રોકવા માટે આ કાયદામાં જોગવાઇઓ કરવામાં આવી છે.

(16) ભૂરિયા સમિતિ 2002 માં નીચે મુજબની ભલામણો કરવમાં આવી છે.

1. આદિવાસી વિસ્તારમાં અનુસૂચિત વિસ્તારના લોકોની વિવિધ સમસ્યાઓ જાણવી.
2. આદિવાસીઓનો વિકાસ અને જે પ્રવૃત્તિ થયેલી છે તેની સમિક્ષા કરવી, તેમજ આવનાર સમયમાં આયોજન કરવું.
3. આદિવાસીઓને બંધારણે બક્ષેલા અધિકારો મળ્યા છે કે કેમ ? અધિકારો અંગે કેવુ આયોજન થઈ શકે તે ઉપરાંત અન્ય અંગેની વાત કરેલી છે.

(17) અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓ:

જંગલ સંબંધી હક્કોની સ્વીકૃતિ અધિનિયમ 2006માં જમ્મુ કાશ્મીર સિવાયના સમગ્ર ભારતમાં લાગુ પડેલ છે.

(18) વનબંધુ કલ્યાણ યોજના:

આદિવાસી વિસ્તારને અન્ય વિસ્તારની જેમ વિકાસની મુખ્ય હરોળમાં જોડવા માટે દસ મુદ્દા કાર્યક્રમ (વનબંધુ કલ્યાણ યોજના) જાહેર કરેલી છે.

ઉપરોક્ત દર્શાવેલી વિવિધ સમિતિઓ મારફત આદિવાસી વિકાસ માટેના પ્રયાસો કરવામાં આવ્યાં છે. જેમાં પાયાના પ્રશ્નો માટે ઢેબર સમિતિ, અત્યાચાર નિવારણ ધારો ભૂરિયા સમિતિ, જંગલ ધારો 2006, વનબંધુ કલ્યાણ યોજના વગેરેમાં તેઓના વિકાસ અને કલ્યાણ તથા પગભર થવા માટે સ્પષ્ટ અભિપ્રાયો આપેલા છે.

1.6 આદિવાસી પેટા યોજના

વર્ષ 1972 માં પ્રોફેસર એસ.સી. દૂબેના પ્રમુખપદ હેઠળ રચાયેલી ભારત સરકારની નિષ્ણાંત સમિતિએ આદિવાસીઓના ત્વરિત આર્થિક, સામાજિક વિકાસની ભલામણ કરતાં જણાવ્યું છે કે શીઘ્ર વિકાસના પ્રયત્નો આયોજનબધ્ધ રીતે લક્ષ્યાંકોની મદદથી ચોક્કસ સમય મર્યાદાઓમાં સિધ્ધિ મેળવી શકાય તે રીતે કરવાની તાતી જરૂરિયાત છે. પાંચમી પંચવર્ષીય યોજનાના અંતે 'જનજાતિ વિસ્તારોનો વિકાસ' શીર્ષક હેઠળ આયોજન પંચે એક જૂથની રચના કરીને આદિવાસીઓની હાલત અંગે પુન: સમિક્ષા કરી. આ જૂથે એવો અભિપ્રાય આપ્યો કે આદિવાસીઓના પ્રશ્નો સમજવા માટે અગાઉ નીમવામાં આવેલી સમિતિઓ અને આયોગોએ જે ભલામણો કરી હતી, તેના ઉપર કોઇએ ખાસ ધ્યાન આપ્યું નથી. પાંચમી પંચવર્ષીય યોજના તથા એ પછી અમલમાં મૂકનારા વિકાસ કાર્યક્રમો માટે સરકારે એક નક્કર નીતિ ઘડવાની કામગીરી કરી.

દેશમાં આદિવાસી વસ્તીના પ્રમાણમાં આર્થિક ફાળવણી અલગથી થાય તેથી આદિજાતિ પેટા યોજના (Tribal Sub Plan-TSP)નો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો. ભારતના બંધારણમાં સમાવિષ્ટ રાજ્યનીતિના નિર્દેશક સિધ્ધાંતોના અસરકરાક અમલીકરણના ભાગ રૂપે રાજ્ય સરકાર આદિજાતિ પેટા યોજનાનો અમલ કરી રહી છે. જે એક વિસ્તાર વિકાસ યોજના છે.

દેશમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિભાગનો પ્રારંભ 1974માં થયો. જેનો મુખ્ય હેતુ  જનજાતિઓના લોકોનું જીવનધોરણ સુધારવું અને પૂરક હેતુ સમગ્ર જનજાતિ વિસ્તારનો વિકાસ સાધવાનો હતો. આદિવાસી પેટા યોજનાનો મુખ્ય ઉદ્દેશ આદિવાસીઓને શોષણમાંથી મુક્ત કરવા, સામાજિક તથા આર્થિક વિકાસના કાર્યક્રમો ઝડપી બનાવવા, સહકારી પ્રવૃતિને  પ્રોત્સાહન આપવાનો હતો. ત્યારબાદ દેશની અનુસૂચિત જનજાતિની વસતિના પ્રમાણમાં નાણાકીય ફાળવણી ઉપલબ્ધ કરવાનો હતો. તેને કારણે આદિવાસીનાં જીવનના લગભગ તમામ પાસાંઓને આવરી લેતી વિવિધ યોજનાઓ મોટી સંખ્યામાં શરૂ થઇ. આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળનું ભંડોળ અન્યત્ર વાળી શકાતું નથી અને તેની ફાળવણી સીધી જે-તે રાજ્યના આદિવાસી વિકાસ વિભાગને હસ્તક જ કરવામાં આવે છે. આ વિભાગોને આદિવાસી પેટા યોજના હેઠળના ભંડોળ સંબંધિત યોજનાઓ ઘડવાની તેમજ અંદાજપત્રીય સત્તાઓ પણ આપવામાં આવી છે.

ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જનજાતિઓની વસતિ 14.8 ટકા છે અને ત્યાં પણ તે વસતિના પ્રમાણમાં જ અંદાજપત્રની ફાળવણી અંકિત કરવામાં આવે છે. તાજેતરના સમયગાળામાં અનેક પ્રકારની નવી દરમ્યાનગીરીઓ વિકસાવવામાં આવી છે અને તેને કારણે વિકાસ સૂચકાંકોમાં જે નબળી કડીઓ છે તે સુધારવામાં અને દૂર-સદૂરના આદિવાસી વિસ્તારોમાં સારી ગુણવત્તાયુક્ત માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં સહાય મળી છે. [5]

[5] https://tribal.gujarat.gov.in/tribal-area-sub-plan?lang=Gujarati

ગુજરાતમાં આદિવાસી સમુદાય માટે 27 ફેબ્રુઆરી, 2007માં વનબંધુ કલ્યાણ યોજના(VKY) શરૂ કરવામાં આવી. વનબંધુ કલ્યાણ યોજનના અસરકારક અમલીકરણ માટે તેમજ તેના હેતુ પરિપુર્ણ કરવા માટે 5 એપ્રિલ, 2007માં Development Support Agency of Gujarat (D-SAG)ની સ્થાપના 'સ્વાયત્ત સંસ્થા' તરીકે આદિજાતિ વિકાસ વિભાગના વહિવટી નિંયત્રણ હેઠળ કરવામાં આવી છે. વનબંધુ કલ્યાણ યોજના આદિજાતિ સમુદાયોના સંકલિત, સર્વગ્રાહી અને સમાવિષ્ટ વિકાસ પર કેન્દ્રિત છે. તેનો હેતુ આદિજાતિ વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત માળખાગત નિર્માણ, અને ટકાઉ આજીવિકા, રોજગાર અને ઉધોગ સાહસિકત વિકસાવવાનો છે, જેથી દરેક આદિવાસી પરિવારની આવક બમણી થાય. આ અભિગમ એ જરૂરિયાત આધારિત પરિણામલક્ષી અમલીકરણ છે જે આદિવાસી લોકોના જીવનની ગુણવત્તામાં સુધારો કરે છે અને સુખ અને સમૃધ્ધિ લાવે છે. મુખ્યમંત્રી દસ મુદ્દા કાર્યક્રમ [6](વનબંધુ કલ્યાણ યોજના) જેના ઘટકો નીચે મુજબ છે.

1. સ્થાયી આજીવિકા અને રોજગાર
2. શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ શિક્ષણ
3. આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બને
4. સૌના માટે આરોગ્ય
5. સૌના માટે ઘર
6. પીવાનું પાણી
7. સિંચાઈ
8. બારમાસી રસ્તાઓ
9. સાર્વત્રિક વીજળીકરણ
10. શહેરી વિકાસ

❖ આદિવાસી પેટા યોજના ફંડના હેતુઓ

આદિવાસી પેટા યોજનાનાં હેતુઓને લાંબાગાળાના હેતુઓ અને ટૂંકાગાળાના હેતુઓ એમ બે વિભાગોમાં વહેચવામાં આવે છે.

લાંબાગાળાના હેતુઓ: (The Long Term Objectives)

- આદિવાસી અને બિન-આદિવાસી વિસ્તારના વિકાસની કક્ષા વચ્ચેનું અંતર ઓછું કરવું.
- ખેતી, પશુપાલન, બાગાયત, વોટરશેડ, સિંચાઈ વગેરે દ્વારા આદિવાસી સમાજનું જીવનધોરણ સુધારી ઊંચું લાવવું.


ટૂંકાગાળાના હેતુઓ: (The Short Term Objectives)

- આદિવાસી જાતિનું શોષણ અટકાવવું.
- તેમની આર્થિક અને સામાજિક વિકાસની પ્રક્રિયા ઝડપી બનાવવી.
- આ જાતિના લોકોમાં આંતરિક જીવનનું ઘડતર કરવું, અને તેઓની સંગઠન શક્તિઓ વધારવી.

[6]https://vky.gujarat.gov.in/objective?lang=Gujarati Date:15-07-2020; 12:30

❖ TSPફંડનું વહીવટી માળખું

આકૃતિ: 1.1 TSPફંડનું વહીવટી માળખું



1.7 ખાસ કેન્દ્રિય સહાય

ટ્રાઈબલ સબ પ્લાન હેઠળ કાર્યક્રમોને સહેતુક સંપુટ (પેકેટ) ઉત્પન્ન કરવાનું પ્રથમ સોપાન છે. આદિવાસી વિસ્તારો માટેના સંપૂર્ણ નાણાકીય રોકાણોના સમન્વય (સંકલન)નો સ્વીકાર થાય તે જરૂરી છે. આદિજાતિ વિકાસ માટેના ભંડોળના 4 સ્રોતો (પ્રાપ્તસ્થાનો) છે: રાજ્યની યોજનાઓ, કેન્દ્રની યોજનાઓ, સંથાકીય(વહીવટી) ભંડોળ અને ખાસ કેન્દ્રિય સહાય. સમાન્ય શબ્દોમાં ખાસ કેન્દ્રિય સહાય છેક છેલ્લી ઘડી સુધી ખાસ જુદી પાડી શકાય તે રીતે અલગ નાણાકીય પ્રવાહ તરીકે ઉત્પન્ન કરવામાં આવી ન હતી. માત્ર યોગ્ય અધિકારીને એક સામાન્ય અધિકાર તરીકે વિવિધ હેતુઓ માટે અમુક આપેલી મર્યાદા સુધી વધારાનું ભંડોળ વાપરવાની સત્તા આપવામાં આવી હતી. આ વધારાનું ભંડોળ આદિવાસી વિસ્તારો માટેના કાર્યક્રમોને ત્વરિત(ઝડપી) બનાવવા માટે વાપરી શકાય.

વિશિષ્ટ કેન્દ્રિય સહાય રાજ્યના ટ્રાઈબલ સબ પ્લાન (TSP)માં વધારાની સહાય તરીકે 'Ministry Of Tribal Affairs' દ્વારા ફાળવવામાં આવે છે. વિશિષ્ટ કેન્દ્રિય સહાય મુખ્યત્વે કૃષિ, બાગાયત, રેશમના કીડા ઉછેર, પશુપાલન અને સહકાર જેવા ક્ષેત્રોમાં પરિવાર કેન્દ્રી આવક વૃધ્ધિ યોજના માટે હતી. વિશિષ્ટ કેન્દ્રિય સહાયનો અમુક ભાગ (30 ટકાથી વધુ નહીં) એવી આવક વર્ધક યોજનાના આકસ્મિક (ખર્ચ માટે) આંતરમાળખાના વિકાસ માટે વાપરવાનો હતો.

વિશિષ્ટ કેન્દ્રિય સહાયનો હેતુ આદિવાસી વિકાસ માટેના રાજ્યના આયોજનના પ્રયત્નો માટેના વધારાની સહાયનો હતો અને તે ટ્રાઈબલ સબ પ્લાનનો એક ભાગ છે. આ વ્યૂહરચનાના હેતુ બે પ્રકારના છે:-[7]

A) અનુસૂચિત જનજાતિઓનો સામાજિક આર્થિક વિકાસ
B) અનુસૂચિત જનજાતિઓના શોષણની સામે રક્ષણ.

ખાસ કેન્દ્રીય સહાય મુખ્યત્વે અનુસૂચિત જનજાતિઓના આર્થિક વિકાસ માટેની યોજનાઓ માટે નાણાભંડોળ ફાળવે છે.

નીચેના આર્થિક વિકાસ કરવા માટે તેને અલગ ફંડ ફાળવવામાં આવી છે.

1. જે વિસ્તારમાં કુલ વસ્તીના 50 ટકા કે તેથી વધુ આદિવાસી વસ્તી હોય તેના સંકલિત આદિજાતિ વિકાસ માટે
2. 50 ટકા કે તેથી વધુ આદિવાસી વસ્તી ધરાવતા પોકેટ્સ માટે "સુધારેલા વિસ્તાર વિકાસ અભિગમ(MADA)" માટે
3. 50 ટકા કે તેથી વધુ ઝૂમખા માટે
4. ખાસ આદિમ જૂથો (PVTG) માટે
5. આદિવાસી ભંડોળ માટે સીમાંત નાણાં લોન કાર્યક્રમો માટે સહાય અને રાજ્યમાં વિકાસ નિગમોને સહાય
6. આદિવસીઓના વિકાસ માટે ખાસ કાર્યક્રમો

[7]https://comm-tribal.gujarat.gov.in/sca-to-tsp?lang=Gujarati Date:17-07-2020; 12:15

1.8 બંધારણની કલમ 275 (1)

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણને વેગ આપવા માટે કલમ 275(1)માં આદિવાસી લોકો અને વિસ્તારોમાં થતાં સમાન્ય વિકાસલક્ષી ખર્ચ ઉપરાંત વધારામાં રાજ્યો/કેન્દ્રો (સંઘ) શાસિત પ્રદેશોને વિકાસ કાર્યક્રમો માટે ગ્રાન્ટ આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

કેન્દ્ર સરકાર દર વર્ષે કલમ 275(1) હેઠળ રાજ્યોને તેમના આદિવાસી વસ્તીના હિસ્સાને ધ્યાનમાં રાખીને ભંડોળની ફાળવણી કરવામાં આવે છે. ત્યારબાદ રાજ્ય સરકારે પોતાના સંલગ્ન વિભાગોને કલ્યાણ ખાતા દ્વારા આ ભંડોળની ફાળવણી કરવામાં આવે છે. તેમ છતાં વિવિધ રાજ્યોમાંથી પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય તરફી પરિયોજના અધિકારી તરફ ફળવાતું ભંડોળની દિશા/પ્રવાહ માર્ગદર્શિકા અનુસાર નથી. તેથી Ministry Of Tribal Affairsએ યોજના આયોગની સલાહ લઈને નક્કી કર્યું છે કે 2001-2002ના વર્ષથી ખરેખર પરિયોજનાની પ્રાપ્તિ બાદ જ રાજ્યો માટે ભંડોળ છૂટું કરવામાં આવશે. આમ કરવાથી ભંડોળને અન્ય દિશામાં માર્ગાન્તર(Diversion)નું જોખમ પણ ઓછું રહે અને પરિયોજનાઓ પણ સમયસર પૂર્ણ થઈ શકે.

માર્ગદર્શિકા અનુસાર કલમ275(1)માં જોગવાઈ કરેલ ભંડોળ નીચેની યોજનાઓમાં ઉપયોગ કરવાનું દર્શાવ્યું.

1. વિચરતી (ફરતી) ખેતી કરતાં આદિવાસીઓનું પુન:સ્થાપન.
2. વન્ય ગામડાઓના વિકાસ.
3. ખાસ(વિશિષ્ટ) રોગોથી પીડાતા આદિવાસીઓનો વિકાસ.
4. અનુસૂચિત જનજાતિને ખાસ ફાળવવા ધારેલા ખીણ પ્રદેશોને પુન: ખેતીલાયક બનાવવા.
5. વિશિષ્ટ આરોગ્ય યોજનાઓ (ક) પ્રવર્તમાન પ્લાન યોજનાઓ દ્વારા નાણાકીય સહાય પહેલેથી જ ન મળતીહોય તેવી (ખ) ચાલુ પ્લાન યોજનાઓ જેમાં કેટલાક વિશિષ્ટ પાસાઓ અને સમસ્યાઓ ઉપર ધ્યાન આપવામાં આવ્યું ન હોય અને જેમાં વધારાના ભંડોળની જરૂર હોય.
6. LAMPS (મોટા કદની કૃષિ વેચાણ મંડળી)માં આદિવાસી સભ્યપદ માટેની નોધણીમાં સહાય અને પ્રાથમિક સહકારી મંડળીઓએ સાતમી પંચવર્ષીય યોજના દરમ્યાન અનુસૂચિત જનજાતિઓની શતપ્રતિશત (100 ટકા) નોંધણી સુનિશ્ચિત કરવી.
7. LAMPS અને સહકારી મંડળીઓ દ્વારા MFP/SAPની સમાંતર (મધ્યસ્થ) પ્રક્રિયા.
8. આદિવાસી મહિલા સંગઠનની આવક વૃધ્ધિ યોજનાઓ.
9. જમીન હસ્તાંતર(માલીકીની ફેરબદલી) શોધી કાઢવી, પૈસા ધીરવા (ધિરાણ), બંધક મજૂરીના કિસ્સામાં યોગ્ય કાયદા કાનૂન હેઠળ ન્યાયાલયમાં કેસ દાખલ કરવો જેના માટે ખાસ તંત્ર.
10. સહેલાઇથી ભોગ બને તેવા (નિર્બળ, હુમલાનો સામનો ના કરી શકે તેવા) અને સંવેદનશીલ આદિવાસી વિસ્તારો માટે સુઆયોજિત વિસ્તાર કાર્યક્રમો.
11. વિશિષ્ટ (ચોક્કસ) આદિવાસી હુન્નર તાલીમ કમ ઉત્પાદન કેન્દ્રો.
12. સ્વૈછિક સંગઠનો દ્વારા આદિવાસીઓમાં દારૂબંધીનો પ્રચાર કરવા માટે "નશા નિવારણ સંસ્કાર કેન્દ્રો"

13. ખાસ આદિમ જાતિઓ માટે નિવાસી શાળાઓ.
14. અનુસુચિત જનજાતિઓને હસ્તાંતરિત કરેલ (માલિકી આપેલ) જમીનનો વિકાસ.
15. વિધામાન પ્લાન યોજનાઓ નીચે નહીં આવરી લેવાયેલ એવી કોઈ પણ આદિવાસીઓને લગતી અન્ય યોજનાઓ.

આ આર્થિક સહાય અનુસૂચિત જનજાતિઓના કલ્યાણને આગળ વધારવા અથવા જે તે રાજયના બાકીના વિસ્તારના વહીવટની કક્ષા સુધીના સ્તરે અનુસૂચિત વિસ્તારોના વહીવટને ઊંચો લાવી તેને સમકક્ષ બનાવવા માટે આપે છે.

1.9 કન્ઝરવેશન-કમ-ડેવલપમેન્ટ (C.C.D.) યોજના[8]

વિશેષ કરીને વિપરિત પરિસ્થિતિનો ભોગ બની શકે તેવા આદિમ જૂથોને ઝડપી વૃધ્ધિ માટેની વિકાસલક્ષી અપૂર્તિઓ તેમજ સુધારેલ આજીવિકા માટેની તકો ઉપલબ્ધ કરવા તેમને આવાસ, પીવાના શુધ્ધ પાણી પહોચાડવું અને સાક્ષરતા ઉપરાંતના લાભો પણ મળી રહે તે જોવું.

❖ વિહંગાવલોન:
પાક કૃષિ કક્ષાની પૂરાણી પ્રૌધોગિકી, સાક્ષરતાનો નીચો દર, ઘટતી જતી અથવા સ્થગિત થઇ ગયેલી વસતિ એવી કુલ 17 રાજ્ય અને એક કેન્દ્ર શાષિત પ્રદેશમાં વસતા 75 આદિજાતિ સમુદાયોને વિપરિત પરિસ્થિતિઓનો ભોગ બની શકે તેવી આદિજાતિઓને (PVTG) તરીકે ઓળખવામાં આવી હતી. આ જૂથોની તદ્દન પછાત પરિસ્થિતિ ધ્યાનમાં લઈને તેમના સાર્વત્રિક વિકાસ માટે એક કેન્દ્રિય ક્ષેત્રની યોજના વિકસાવવામાં આવી.

❖ ઉદ્દેશ:
PVTG જૂથના ઝડપી વિકાસ માટે તેમની આજીવિકાની તકો સુધારવા તેમજ આવાસની, શુધ્ધ પાણીની, સાક્ષરતાની અને રસ્તાની સુવિધા ઉપલબ્ધ કરાવવી.

❖ પ્રારંભ:
1998-99 તેમજ ફરી 2007-08

❖ ભાગીદાર:
બિનસરકારી સંગઠનો વિકાસલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરશે.

[8]https://comm-tribal.gujarat.gov.in/conservation-cum-development-ccd-plans?lang=Gujarati Date:17-07-2020; 4:02

❖ ભૌગોલિક ભૂમિભાગ:

જ્યાં આદિમજાતિ જૂથો વશે છે તે વિસ્તારો.

❖ અપેક્ષિત લાભાર્થીઓ:

આદિમજાતિ જૂથમાં અથવા બહુ વિપરીત પરિસ્થિતિઓનો ભોગ બની શકે તે કક્ષામાં આવતા આદિવાસી પરિવારો એટલે કે, કોટવાળિયા, કોલઘા, કાથોડી, સિદ્દી અને પઢાર જાતિના લોકો.

❖ યોજના નીચે લાભ:

માળખાકીય સુવિધાઓ, માર્ગોનું બાંધકામ, શૈક્ષણિક સુવિધાઓ, પીવાના પાણીની સગવડ, આરોગ્ય સુવિધાઓ, કૃષિ વિકાસ, જમીન વિહોણાને જમીનનું વિતરણ, પશુધન વિકાસ, આવક પેદાથાય તેવી પ્રવૃત્તિઓ, પરંપરાની જાળવણી વગેરે.

1.10 ન્યુ ગુજરાત પેટર્ન[9]

કોઇપણ કાર્યક્રમના નીચેની કક્ષાએ સફળ, અસરકારક પરિણામલક્ષી અમલ માટે નાણાકીય સત્તાઓને વાસ્તવિક રીતે ફાળવવામાં આવે તે જરૂરી છે. વિકાસ કાર્યક્રમોના ઘડતર, આયોજન અને અમલમાં સ્થાનિક જનજાતિઓને સહભાગી કરવાની સક્રિય વિચારણા વરસોથી ચાલતી હતી. આમાંથી જ ઉદ્ભવ થયો આદિજાતિઓના વિકાસ માટેની નવીન (ન્યુ) ગુજરાત પેટર્નનો, જેનાથી સમગ્ર આદિજાતિ વિકાસ યોજનાઓના આયોજન અને અમલમાં ક્રાન્તિ આવી.

આ પેટર્ન નીચે આદિજાતિ પેટા યોજનાનું લગભગ 5% ભંડોળ આદિવાસી જિલ્લાઓને તેમની વસ્તી/વિસ્તારના પ્રમાણ અનુસાર ફાળવવામાં આવે છે. જે જિલ્લાઓને આ ભંડોળનો ઉપયોગ પોતાની પસંદગીના કાર્યો/પ્રાયોજનાઓ પરત્વે કરવાની પૂરી સ્વતંત્રતા છે. ન્યુ ગુજરાત પેટર્નની શરૂઆત સરકાર દ્વારા 1997માં કરવામાં આવી હતી. આદિજાતિ વિકાસ પેટા યોજનાના ભંડોળ પૈકી રૂ.200 કરોડ આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક વિવેકાધીન ભંડોળ તરીકે ફાળવવામાં આવ્યા હતા.

આદિજાતિ વસ્તીની જરૂરિયાત આધારિત અગ્રતાઓને સફળતાપૂર્વક પરિપૂર્ણ કરવામાં તેમજ તેમના જીવનની ગુણવત્તા સુધારવામાં ગુજરાત પેટર્ન મહત્વનો ભાગ ભજવે છે. છેલ્લાં કેટલાંક વરસોમાં માર્ગો, પુલ, સિંચાઇ, આરોગ્ય, શિક્ષણ, કૃષિ, જમીન અને જળ સંરક્ષણ, વીજળીકરણ જેવા ક્ષેત્રીય કાર્યક્રમો અંતર્ગત જ્વલંત સફળતા પ્રાપ્ત માટે કાર્યક્રમો ઘડે છે. ન્યુ. ગુજરાત પેટર્ન કેટલીક અગત્યની યોજનાઓમાં નાણાકીય સહિતની પ્રાયોજનાઓમાં ટેકનોલોજીનો ઉપયોગ, તબીબી વિષયમાં પ્રવેશ માટેની પરીક્ષાનું પ્રશિક્ષણ, સમરસ હોસ્ટેલ, વિદ્યાર્થીનીઓને સાયકલની ઉપલબ્ધિ, ટેકનિકલ કે વ્યાવસાયિક શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિની

[9] https://tribal.gujarat.gov.in/new-gujarat-pattern?lang=Gujarati Date:17-07-2020; 12:38

યોજના વગેરેનો સમાવેશ થાય છે. આ યોજના દ્વારા લોકોની જરૂરિયાત પરિપૂર્ણ કરવા માટે માળખાકીય વિકાસને અગ્રતા આપવામાં આવી છે.

1.11 આદિવાસી વિસ્તારની ફાળવણી[10]

1. ITDP/ITDA (Integrated Tribal Development Projects/Agency)

   જે તાલુકામાં અનુસૂચિત જનજાતિની વસ્તી તાલુકાની કુલ વસ્તીના 50% અથવા વધુ છે તે તાલુકો ITDPનું એકમ છે.

   I. જિલ્લામાં એક કરતા વધુ ITDP હોઈ શકે છે.

   II. ઘણા ITDPના ક્ષેત્રમાં એક કરતાં વધુ જિલ્લાના તાલુકાઓનો સમાવેશ થાય છે. આવા કિસ્સાઓમાં, ITDPને સામાન્ય રીતે જિલ્લાના મુખ્ય મથકનું નામ આપવામાં આવશે.

2. Modified Area Development Approach (MADA) Pockets

   આવા વિસ્તારોમાં 10,000ની વસ્તી અથવા કુલ વસ્તીમાં 50%થી વધુ આદિવાસીઓની સાંદ્રતાવાળા વિસ્તારોનો સમાવેશ થાય છે.

3. Cluster

   આદિવાસીઓની કુલ વસ્તી 50%થી વધુ હોય અથવા જે ક્ષેત્રમાં 5,000થી વધુ વસ્તી હોય તેવા વિસ્તારને Pockets/Cluster તરીકે ઓળખવામાં આવે છે.

4. Particularly Vulnerable Tribal Groups (PVTGs)

   વસ્તી વૃદ્ધિના સ્થિર અથવા ઘટી રહેલા દર, કૃષિમાં પૂર્વ ટેકનોલોજીના સ્તર અને સાક્ષરતાના અત્યંત નીચા સ્તરો દ્વારા વર્ગીકૃત આદિવાસીઓમાં અલગ અલગ સમુદાયો ઓળખવામાં આવે છે.

ટ્રાઇબલ સબ પ્લાનનો સફળતાપૂર્વક ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં અમલ થયો, પરંતુ ભંડોળની મર્યાદિત ફાળવણી, કેન્દ્રિત આયોજનની ગેરહાજરી અને બિનઅસરકારક મોનીટરીંગ જેવી કેટલીક ખામીઓ હાલ પણ જોવા મળે છે.

[10] Letter no: 11015/06/2016- SG- II Government of India Ministry of Tribal Affairs Dated:17-06-2016 http://stribal.nic.inDivisionsFilessg8scan0004.pdf

પ્રકરણ: 2

# મૂલ્યાંકન અભિગમ અને પદ્ધતિ



## 2.1 મૂલ્યાંકન અભિગમ

❖ મૂલ્યાંકન અભ્યાસની ભૂમિકા

2011ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં અનુસૂચિત જન-જાતિની વસ્તી 8.2% છે, જ્યારે ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જન-જાતિની વસ્તી 14.75 % છે. ભારતની કુલ અનુસૂચિત જન-જાતિની વસ્તીમાં ગુજરાત રાજ્યનો પાંચમો ક્રમ છે. આમ, રાજ્ય માટે અનુસૂચિત જન-જાતિની વસ્તી એ એક મહત્વનો સમુદાય છે. દેશના અને રાજ્યના અનુસૂચિત જન-જાતિના લોકો આર્થિક, સામાજિક, શૈક્ષણિક રીતે અન્ય સમુદાયથી પાછળ ન રહે તેથી આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિભાગનો પ્રારંભ 1974માં થયો. જેનો મુખ્ય હેતુ જનજાતિઓના લોકોનું જીવનધોરણ સુધારવું અને પૂરક હેતુ સમગ્ર જનજાતિ વિસ્તારનો વિકાસ સાધવાનો હતો. આદિવાસી પેટા યોજના આદિવાસીઓને શોષણમાંથી મુક્ત કરવા, સામાજિક તથા આર્થિક વિકાસના કાર્યક્રમો ઝડપી બનાવવા, સહકારી પ્રવૃતિ પ્રોત્સાહન કરવું. ત્યારબાદ દેશની અનુસૂચિત જનજાતિની વસ્તીના પ્રમાણમાં નાણાકીય ફાળવણી ઉપલબ્ધ કરવાનો હતો. તેને કારણે આદિવાસીનાં જીવનના લગભગ તમામ પાસાંઓને આવરી લેતી વિવિધ યોજનાઓ મોટી સંખ્યામાં શરૂ થઈ. આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળનું ભંડોળ અન્યત્ર વાળી શકાતું નથી અને તેની ફાળવણી સીધી જે-તે રાજ્યના આદિવાસી વિકાસ વિભાગને હસ્તક જ કરવામાં આવે છે. આ વિભાગોને આદિવાસી પેટા યોજના હેઠળના ભંડોળ સંબંધિત યોજનાઓ ઘડવાની તેમજ અંદાજપત્રીય સત્તાઓ પણ આપવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જનજાતિઓની વસ્તી 14.8 ટકા છે અને ત્યાં પણ તે વસ્તીના પ્રમાણમાં જ અંદાજપત્રની ફાળવણી અંકિત કરવામાં આવે છે.

વિકાસ આયોજનમાં મુળભુત આશય રાજ્યના જુદાં જુદાં વિસ્તારોની સમતુલિત વિકાસની છે. એ સાથે રાજ્યના ખુબ જ પછાત વિસ્તારોના આર્થિક, સામાજિક ઉત્થાન માટે પ્રથમ પંચવર્ષીય યોજનાથી જ વિશિષ્ટ પગલાં લેવાનું સ્વીકાર્યુ છે અને એ રીતે જુદી જુદી યોજનાઓ દ્વારા જુદા જુદા કાર્યક્રમો યોજીને આ હેતુ બર લાવવાના સઘન પ્રયત્નો થયાં છે. એના ભાગરૂપે જ 1974-75માં રાષ્ટ્રીય કક્ષાએ ટી.એસ.પી. શરૂ કરવામાં આવ્યા અને ત્યારબાદ આઇ.ટી.ડી.પી.ના વિશિષ્ટ કાર્યક્રમો પણ મુકાયા જેની વિગતો શરૂઆતમાં જોઇ. આઇ.ટી.ડી.પી ની કામગીરી માટેની જે ધારણાઓ અને પરિકલ્પનાઓ કરવામાં આવી છે તેનું કાળજીપુર્વક પૃથ્થકરણ થાય અને જે અમલીકરણ થયું. તેનું રચનાત્મક સુચનો સાથે મુલ્યાંકન થાય એ ખુબ જરૂરી અને ઉપયોગી છે. કોઇપણ યોજનાનું મુલ્યાંકન કરતાં પહેલા તેના (મુલ્યાંકનના) હેતુઓ સ્પષ્ટ કર્યા હોય તો મૂલ્યાંકનનું કામ સરળ અને પરિણામલક્ષી બની શકે.

પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસ દ્વારા આદિવાસી પેટા યોજના હેઠળના ભંડોળના હેતુઓ અનુસાર ઉપયોગ થાય છે કે નહિ અને કેન્દ્રિત સમુદાય પર તેની અસર તપાસવામાં આવી છે. પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

❖ મૂલ્યાંકન અભ્યાસના હેતુઓ

TSP ફંડની અસર સંદર્ભના મૂલ્યાંકન અભ્યાસના વિશિષ્ટ હેતુઓ નીચે મુજબ છે:

1. અમલીકૃત કૃષિ વિકાસ, પશુપાલન અને ડેરી વિકાસ જેવી વિવિધ આજીવિકા સુધારણાની યોજનાઓની આદિજાતિની આવક પર થતી અસર ચકાસવી.
2. TSP ફંડની વિવિધ યોજનાઓની આરોગ્ય અને શિક્ષણ જેવા માનવ વિકાસના માપદંડ પર થતી સુધારાત્મક અસરો તપાસવી.
3. યોજનાઓના અમલીકરણ દરમિયાન થતા ભેદભાવ અને વંચિતતા ચકાસવી.
4. સંપત્તિ નિર્માણ, માળખાગત સુવિધાઓ અને ટકાઉ વિકાસ પર યોજનાઓની અસરોનો અભ્યાસ કરવો.
5. જો TSP ફંડનું કોઈ માર્ગાન્તર (Diversion) હોય તો તેની તપાસ કરવી.
6. TSP ફંડની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને નડતી વિવિધ સમસ્યાઓ જાણવી.

❖ TSPની અસર તપાસવાનો અભિગમ

કૃષિક્ષેત્રે UGPLની અસર માપવા માટે નીચેના બે અભિગમો અપનાવી શકાય:

(A) પહેલા અને પછીનો અભિગમ (Before & After Approach)

(B) લાભિત અને વંચિત અભિગમ (With & Without Approach)

પ્રથમ અભિગમ એ TSPની યોજના અંતર્ગત લાભ લીધા પહેલાની સ્થિતિ અને TSPના લાભ લીધા પછીની સ્થિતિની તુલના કરીને અસરનું માપન કરે છે. બીજી બાજુ, બીજો અભિગમ TSPના લાભિત વિસ્તારો અને TSPથી વંચિત વિસ્તારો વચ્ચે તુલનાત્મક રીતે અભ્યાસ દ્વારા અસરનું માપન કરે છે. બીજા અભિગમમાં TSPથી  વંચિત વિસ્તારોની પસંદગી કરવામાં મુશ્કેલીઓ ઉભી થાય છે, તેથી અહીં પહેલા અને પછીનો અભિગમ અપનાવવામાં આવશે.

## 2.2 સંશોધનની પદ્ધતિ અને પ્રવિધિ

❖ મૂલ્યાંકન અભ્યાસનું કાર્યક્ષેત્ર અને નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં TSPફંડનું મૂલ્યાંકન કરવા માટે TSP દ્વારા ચાલતી વિવિધ કલ્યાણકારી યોજનાઓની અસરકારકતા તપાસવામાં આવી છે. મૂલ્યાંકન અભ્યાસની નિદર્શન પસંદગી ત્રણ સ્તરમાં કરવામાં આવી છે.

<u>સ્તર- 1</u>

મૂલ્યાંકન અભ્યાસ માટે ગુજરાતના જિલ્લાઓને યદચ્છ પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા છે. વર્તમાન સમયમાં 14 જિલ્લાઓ અને 52 તાલુકાઓમાં આદિવાસી વસ્તી નોંધપાત્ર પ્રમાણમાં જોવા મળે છે. ગુજરાતમાં આદિવાસી વિસ્તારને ભૌગોલિક દ્રષ્ટીએ ત્રણ વિભાગમાં વહેચવામાં આવે છે: (1) ઉત્તર ગુજરાતના આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લા, (2) મધ્ય ગુજરાતના આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લા અને (3) દક્ષિણ ગુજરાતના આદિવાસી વસ્તી

ધરાવતા જિલ્લા. આ ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં રાખીને ત્રણ જિલ્લા (બનાસકાંઠા, દાહોદ, ડાંગ) યદ્દચ્છ(Random) પધ્ધતિ મુજબ પસંદ કરવામાં આવ્યા છે.

<u>સ્તર- 2</u>

પસંદ થયેલા જિલ્લામાંથી તાલુકા પણ યદ્દચ્છ(Random) પધ્ધતિ મુજબ પસંદ કરવામાં આવ્યા છે. જેમાં ઉત્તર ગુજરાતનો બનાસકાંઠા જિલ્લાનો દાંતા તાલુકો, મધ્ય ગુજરાતનો દાહોદ જિલ્લાનો દાહોદ તાલુકો અને દક્ષિણ ગુજરાતનો ડાંગ જિલ્લાનો સુબીર તાલુકો પસંદ કર્યો છે.

<u>સ્તર- 3</u>

પસંદ કરેલા તાલુકામાં TSP ફંડથી ચાલતી યોજનાના લાભાર્થીઓની યાદી TSP યોજના અંતર્ગત સબંધિત કચેરીઓ પાસેથી માહિતીપત્ર[1] અને રૂબરૂ મુલાકાત[2] દ્વારા મળેલા ત્રણ વર્ષ (2015-16, 2016-17 અને 2017-18)ના કુલ લાભાર્થીની યાદીને સમષ્ટિ ગણી છે. આ સમષ્ટિમાંથી સ્તરીકૃત નિદર્શન પધ્દ્તિ (Sstratified Random Sampling Method) અનુસાર યોજનાઓને ચાર સ્તરમાં વહેચી કુલ લાભાર્થીઓમાંથી 10% પ્રમાણે અને જે લાભાર્થીઓને ₹50000થી વધુની લોન મળેલી હોય તેવા લાભાર્થીઓને પસંદગી 10%ના બદલે 50% પ્રમાણે લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી છે.

કોષ્ટક: 2.1 નિદર્શ પસંદગી દર્શાવતું કોષ્ટક

| વિસ્તાર/ વિભાગ | જિલ્લાના નામ | પસંદ કરેલા જિલ્લાઓ | પસંદ કરેલા તાલુકાઓ | કુલ લાભાર્થીઓની સંખ્યા | પસંદ થયેલા લાભાર્થીઓ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઉત્તર ગુજરાત | અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર, પાટણ, સાબરકાંઠા | બનાસકાંઠા | દાંતા | 1550 | 164 |
| મધ્ય ગુજરાત | અમદાવાદ, આણંદ, ભરૂચ, દાહોદ, ખેડા, મહીસાગર, પંચમહાલ, છોટા ઉદેપુર, નર્મદા, વડોદરા | દાહોદ | દાહોદ | 4767 | 482 |
| દક્ષિણ ગુજરાત | ડાંગ, નવસારી, સુરત, તાપી, વલસાડ | ડાંગ | સુબીર | 2265 | 244 |
| કુલ | | | | 8582 | 884 |

[1]આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર (TRTI)- અમદાવાદના દ્વારા સંદર્ભ કચેરીઓને જણાવેલ તા.16/08/2019ના પરિપત્ર સંદર્ભ: 157/2019-20 અને તા.18/12/2019ના પરિપત્ર સંદર્ભ: 351/2019-20 અનુસાર

[2]પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીની રૂબરૂ મુલાકાત (1) પાલનપુર તા.14/11/2019, તા.22/11/2019, તા.06/01/2020 અને તા.20/01/2020. (2) દાહોદ તા.14-15/11/2019 અને તા.06-07/01/2020 (3)આહવા તા.14-15/11/2019 અને તા.06-07/01/2020

પસંદ કરેલા તાલુકાઓમાંથી જુદી-જુદી યોજનાઓ અનુસાર લાભાર્થીઓની અલગ-અલગ અનુસૂચિ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી છે.

કોષ્ટક: 2.2 યોજના પ્રમાણે પસંદ કરેલ લાભાર્થીઓની સંખ્યા દર્શાવતું કોષ્ટક

| યોજનાઓ | દાંતા | દાહોદ | સુબીર | કુલ |
|---|---|---|---|---|
| કૃષિ વૈવિધ્યકરણ યોજના | 89 | 165 | 21 | 275 |
| સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ | 65 | 45 | 42 | 119 |
| રોજગારલક્ષી તાલીમ યોજના | 0 | 169 | 21 | 190 |
| સ્વરોજગાર લોન/સહાય યોજના | 4 | 48 | 152 | 247 |
| અન્ય (ફેન, તાડપત્રી, કેટલશેડ યોજના) | 0 | 55 | 8 | 55 |
| કુલ | 158 | 482 | 244 | 884 |

પસંદ કરેલા તાલુકા (દાંતા, દાહોદ અને સુબીર)માં આદિવાસી પેટા યોજના અંતર્ગત ચાલતી યોજનાઓમાંથી સ્વરોજગારી/ધંધા માટે લોન યોજના, સ્વરોજગારી તાલીમ યોજના, સંકલિત ડેરી વિકાસ યોજના અંતર્ગતની દુધાળા પશુ યોજના, બકરા એકમ ખરીદી યોજના, કેટલશેડ યોજના, ખેતીવાડી યોજના વગેરેની પસંદગી કરવામાં આવી છે.

❖ માહિતી એકત્રિકરણની પધ્ધતિ અને પ્રયુક્તિ

પ્રસ્તુત અભ્યાસમાં દસ્તાવેજી માહિતી અને ક્ષેત્રિય માહિતીનો અલગ-અલગ ઉપકરણોના મદદથી ઉપયોગ કરવામાં આવ્યો છે.

(અ) ક્ષેત્રીય અથવા પ્રાથમિક સ્રોત (Primary or Field Sources)

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક માહિતી મેળવવા માટે યોજનામાં લાભ મળેલ લાભાર્થીઓની પાસેથી મુલાકાત અનુસૂચી, અવલોકન/નિરીક્ષણ (સહભાગી/અસહભાગી) જેવા ઉપકરણોનો(Tools) ઉપયોગ કરીને પ્રાથમિક માહિતી એકત્ર કરવામાં આવી છે. મુલાકાત અનુસૂચિ તા.06/02/2020થી 08/02/2020 દરમિયાન પૂર્વ તપાસ (પ્રિ-ટેસ્ટીંગ) કરી મુલાકાત અનુસૂચિ ફેરફાર કરી આખરી સ્વરૂપ આપવામાં આવ્યું.

(બ) દસ્તાવેજી અથવા ગૌણ સ્રોત (Secondary or Documentary Sources)

સંશોધનમાં દસ્તાવેજી સ્રોતનું આગવું મહત્વ છે. દસ્તાવેજી સ્રોતથી સંશોધનની ગુણવતામાં અને વિશ્વનીયતા ઘણી વધી જાય છે. પ્રકાશિત કે અપ્રકાશિત લખાણો દસ્તાવેજી માહિતી કહે છે. પ્રસ્તુત અભ્યાસમાં ગ્રંથાલય, ઈન્ટરનેટ, પુસ્તકો, રિપોર્ટ, સામયિકો, સંશોધન પેપર, સરકારી સાહિત્ય, પ્રકાશિત કે અપ્રકાશિત સાહિત્ય વગેરેમાંથી માહિતી મેળવી સંશોધનમાં ઉપયોગ કરવામાં આવ્યો છે.

❖ માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન (Data Analysis and Interpretation)

એકત્ર કરેલી વિસ્તૃત માહિતીને સંજ્ઞા આપીને ટૂંકા સ્વરૂપમાં ફેરવી. ત્યારબાદ જરૂર જણાઇ ત્યાં ગુણાત્મક માહિતીને સંખ્યાત્મક સ્વરૂપમાં રૂપાંતરિત કરી કોડશીટ તૈયાર કરી. સંજ્ઞાસૂચિને ધ્યાનમાં રાખી માહિતીનું સ્થાન જાણી અનુસૂચિની કોડશીટ બનાવી. કમ્પ્યુટરની મદદથી EXCEL અને SPSS સોફ્ટવેરનો ઉપયોગ કરીને ડેટા એન્ટ્રી કરવામાં આવી હતી. ત્યારબાદ વિશ્લેષણ કરવા માટે વર્ગીકૃત માહિતીને સાદા કોષ્ટક તેમજ બહુવિધ કોષ્ટક સ્વરૂપે રજૂ કરવામાં આવી છે. માહિતીનું વિશ્લેષણ કરવા માટે આવૃત્તિ (Frequency), ટકાવારી (Percentage), મધ્યવર્તી સ્થિતિના માપો (Measures of Central Tendency) અને પ્રસારના માપો (Measures of Dispersion)નો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉત્કલ્પનાની ચકાસણી માટે અપ્રાચલીય કસોટીઓ જેવી કે કાય વર્ગ વિશ્લેષણ (Chi-Square Test) અને ક્રુસ્કલ વોલિસ કસોટી (Kruskal Wallis Test)નો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસ નિદર્શના આધાર પર કરવામાં આવેલ હોવાથી તેના તારણો સમષ્ટિને લાગુ પાડવા માટેની ચકાસણી સ્વરૂપે ઉપરોક્ત આંકડાશાસ્ત્રીય કસોટીઓ કરવામાં આવેલ છે, જેથી ત્રુટીઓની સંભાવના નહિવત રહે. ગુણાત્મક માહિતીના ચલો વચ્ચેના સંબંધને જાણવા માટે કાય વર્ગ વિશ્લેષણ (Chi-Square Test)નો ઉપયોગ કરાયો છે; જ્યારે ઉપલબ્ધ સંખ્યાત્મક માહિતીના વિતરણમાં વિષમતા વધારે હોવાથી (પ્રામાણિત વિતરણ ન હોવાથી) અપ્રાચલીય કસોટી તરીકે ક્રુસ્કલ વોલિસ કસોટી (Kruskal Wallis Test)નો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે વિવિધ જૂથોની સરેરાશ આંકડાકીય માહિતી વચ્ચેનો તફાવત ચકાસે છે. માહિતીની સચોટ રજૂઆત કરવા માટે વિવિધ પ્રકારની આકૃતિઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

❖ અહેવાલની સંરચના (Structure of the Report)

સંશોધનમાં મળેલી માહિતી ચોક્કસ અને સચોટ રીતે રજુ કરવી ખુબ જરૂરી છે. અંતિમ અહેવાલની ગોઠવણી ક્રમબધ્ધ, અહેવાલ લેખનમાં જરૂરી આંકડા, નકશા, શુધ્ધ ભાષા, સરળ વાક્ય રચના અને ચોક્કસ માળખામાં રહે તે જરૂરી છે. પ્રસ્તુત અહેવાલનું માળખું નીચે મુજબનું છે.

પ્રકરણ - 1 : પરિચય

પ્રસ્તુત પ્રકરણમાં પૂર્વભૂમિકા, વિકાસનો અર્થ અને ખ્યાલો, ભારતમાં આર્થિક વિકાસ, ભારતમાં આદિવાસીઓનો વિકાસ, આદિવાસીના વિકાસમાં વિવિધ સમિતિઓની ભલામણો, આદિવાસી પેટા યોજના, ખાસ કેન્દ્રિય સહાય, બંધારણ કલમ 275 (1), કન્ઝરવેશન-કમ-ડેવલપમેન્ટ યોજના, ન્યુ ગુજરાત પેટર્ન, આદિવાસી વિસ્તારની ફાળવણી વગેરે બબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રકરણ - 2 : મૂલ્યાંકન અભિગમ અને પદ્ધતિ

આ પ્રકરણમાં મૂલ્યાંકન અભિગમ અને પદ્ધતિ એમ મુખ્ય બે બાબતો દર્શાવવામાં આવી છે. મૂલ્યાંકન અભિગમમાં મૂલ્યાંકન અભ્યાસનું ક્ષેત્ર, મૂલ્યાંકન અભ્યાસની ભૂમિકા, મૂલ્યાંકન અભ્યાસના હેતુઓ, નિદર્શ પસંદગી વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. સંશોધનની પદ્ધતિમાં માહિતી એકત્રિકરણ, માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન અને અહેવાલ લેખનની સંરચનાને રજૂ કરવામાં આવી છે.

પ્રકરણ - 3 : અભ્યાસક્ષેત્રનો પરિચય

અહીં અભ્યાસ વિસ્તાર અને અભ્યાસના ગામો વિશે પ્રાથમિક પરિચય રજૂ કરવામાં આવ્યો છે. તેમાં બનાસકાંઠા, ડાંગ, અને દાહોદ જિલ્લાઓના દાંતા, દાહોદ અને સુબીર તાલુકાઓનો પરિચય આપવામાં આવ્યો છે.

પ્રકરણ - 4 : લાભાર્થી અને લાભાર્થીના કુટુંબની સામાન્ય માહિતીનું વિશ્લેષણ

પ્રકરણ-4માં લાભાર્થી અને લાભાર્થીના કુટુંબની સામાન્ય માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જેમાં માળખાગત સુવિધાની માહિતી, વસતીવિષયક માહિતી, શિક્ષણ વિષયક માહિતી, રહેઠાણની માહિતી, વ્યવસાયિક દરજ્જાની માહિતી, ખેતીની માહિતી, પશુપાલનની માહિતી તથા આવક, ખર્ચ, બચત અને દેવા અંગેની માહિતીનો સમાવેશ થાય છે.

પ્રકરણ - 5 : લાભાર્થીઓની યોજનાકીય માહિતીનું વિશ્લેષણ - A & B

પ્રકરણ-5ના ભાગ-A માં લાભાર્થીઓમાં આદિવાસી પેટા યોજનાની માહિતી, TSP કચેરીની મુલાકાતની માહિતી, લાભાર્થીઓ દ્વારા લાભ લીધેલી યોજનાના માહિતીના સ્રોત, યોજના માટેના ખર્ચની વિગત, યોજનાના લાભથી રોજગારીમાં થયેલ ફેરફારની માહિતી, યોજનામાં જોડાવાથી આવકમાં થયેલ ફેરફારની માહિતી, લાભાર્થીઓના બાળકોના શિક્ષણમાં ફેરફારની માહિતી, લાભાર્થીઓના આરોગ્ય વિષયક ફેરફારની માહિતી, કુટુંબના સભ્યોની કાર્યકુશળતામાં ફેરફારની માહિતી, વધેલી આવકના ઉપયોગ અંગેની માહિતી, લાભાર્થી સાથે થતાં વ્યવહારની વિગત, લાભાર્થીઓને ઉદ્‌ભવેલી મુશ્કેલીઓની માહિતી, મુશ્કેલીઓના નિવારણના પગલાની માહિતી, યોજનાને વધુ અસરકારક બનાવવા લાભાર્થીઓના સૂચનોની વિગત, મુલાકાતી દ્વારા કરવામાં આવેલા અવલોકનની માહિતી વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

પ્રકરણ-5ના ભાગ-B માં પસંદ કરવામાં આવેલા લાભાર્થીઓએ લાભ લીધેલી યોજનાની સામાન્ય માહિતી સાથે યોજનામાં મળતા લાભની વિગતો ટુંકમાં રજૂ કરવામાં આવી છે.

પ્રકરણ - 6 : અભ્યાસના તારણો અને સૂચનો

આ પ્રકરણમાં અભ્યાસના તારણો અને સૂચનો દર્શાવવામાં આવ્યા છે.

પ્રકરણ - 7 :  સફળ ગાથાઓ

આ પ્રકરણમાં અભ્યાસ ક્ષેત્રની સાત સફળ ગાથાઓ દર્શાવવામાં આવી છે.

પ્રકરણ: 3

# અભ્યાસ ક્ષેત્રનો પરિચય



આદિવાસી વિસ્તારોના વિકાસના સંદર્ભમાં આઝાદી પછી જે જે યોજનાઓનું અમલીકરણ થયું તેમાં આદિવાસી વિસ્તારની ભૌતિક સુવિધાઓ અને કૌટુંબિક જીવનના વિકાસના હેતુઓને લક્ષમાં લેવામાં આવ્યાં હતાં. ગુજરાતમાં વિવિધ યોજનાઓના કારણે આ વિકાસની સ્થિતિ કેવા પ્રકારની છે, તેને સમજવા માટે પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતના બનાસકાંઠા, ડાંગ, અને દાહોદ જિલ્લાના અનુક્રમે દાંતા, દાહોદ અને સુબીર તાલુકાઓના ગામોને પસંદ કરવામાં આવ્યાં છે. અહીં આપણે અભ્યાસ વિસ્તાર અને ગામોમાં આદિજાતિ વસ્તી અને અભ્યાસના ગામો વિશે પ્રાથમિક પરિચય મેળવીશું. આ પછીના પ્રકરણમાં અભ્યાસ વિસ્તારના તાલુકાઓમાં યોજનાના સંદર્ભમાં પસંદ થયેલાં ગામોના વિકાસના પ્રયત્નોના સંદર્ભમાં યોજનાઓ દ્વારા શું પરિવર્તન આવ્યું છે, તેની સમજૂતી મેળવવામાં સરળતા રહે.

અભ્યાસમાં પસંદ કરવામાં આવેલા જિલ્લાઓ અને તાલુકાઓનો સામાન્ય પરિચય પ્રસ્તૃત પ્રકરણમાં આપવામાં આવ્યો છે. જેમાં વસ્તી વિષયક માહીતી, શિક્ષણ, આરોગ્ય, અને આંતર માળખાકીય સુવિધાઓની વિસ્તૃત માહિતી દર્શાવવામાં આવેલ છે.

3.1 બનાસકાંઠા જિલ્લાનો પરિચય

બનાસકાંઠા જિલ્લાનું નામ બે શબ્દથી બન્યુ છે: "બનાસ" અને "કાંઠા", જેનો અર્થ બનાસ નદીનો કિનારો થાય છે. 1997માં બનાસકાંઠા જિલ્લાનું પુનગર્ઠન કરવામાં આવ્યું અને પાટણ જિલ્લાને બનાસકાંઠા જિલ્લાથી અલગ કરવામાં આવ્યો. (ભારત સેન્સસ 2001), બનાસકાંઠા ઉત્તરથી રાજ્સ્થાન, પુર્વથી સાબરકાંઠા, પચ્છિમથી કચ્છ અને દક્ષિણથી પાટણ અને મહેસાણા જિલ્લાઓ દ્વારા ઘેરાયેલુ છે. બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થતી મુખ્ય નદીઓ બનાસ અને સરસ્વતી છે બનાસકાંઠા જિલ્લો રાજ્યનો 12,703 ચોરસ કિ.મી ભૌગૌલિક વિસ્તાર આવરી લે છે અને રાજ્યમાં વિસ્તારની દ્દિષ્ટએ બીજા ક્રમે આવે છે. બનાસકાંઠા જિલ્લામાં કુલ 14 તાલુકાઓ છે.

| કોષ્ટક: 3.1 બનાસકાંઠા જિલ્લાની સમાન્ય માહિતી દર્શાવતું કોષ્ટક | | |
|---|---|---|
| મુખ્ય શહેર | પાલનપુર | |
| ભૌગોલિક સ્થાન | અક્ષાંશ | 23-33° થી 24-45° |
| | રેખાંશ | 71-03° થી 73-02° |
| તાલુકા | 14 | વડગામ, દિયોદર, પાલનપુર, ભાભર, કાંકરેજ, થરાદ, દાંતા, વાવ, અમીરગઢ, ધાનેરા, |
| કુલ ગામોની સંખ્યા | 1,270 | |
| શહેરોની સંખ્યા | 6 | પાલનપુર, ધાનેરા, ડીસા, થરાદ, થરા, ભાભર |
| વસ્તી | કુલ | 31,20,506 |
| | પુરુષ | 16,10,379 |
| | સ્ત્રી | 15,10,127 |
| વસ્તી ગીચતા | 290 | |

| | | |
|---|---|---|
| અક્ષરજ્ઞાન | ટકા | 66.02 |
| | પુરુષ | 79.45 |
| | સ્ત્રી | 52.58 |
| રેલ્વે | બ્રોડગેજ લબાઈ 140 કી.મી.નેરોગેજ 193 કી.મી. | |
| રસ્તા | રાજય ધોરી માર્ગો: 925 | |
| | પંચાયત માર્ગો : 5,386.432 | |
| નદીઓ | બનાસ, સીપુ, સરસ્વતી, અર્જૂની, ઉમરદશી, લુણી, લડબી | |
| પર્વતો | અરવલ્લી, જાસોર | |
| વરસાદ | 614 મી.મી. | |
| હવામાન | ગરમ અને ઠંડી | |
| પાક | ઘઉ, ચોખા, કુલ ધાન્ય, કુલ કઠોળ, કુલ અનાજ, મગફળી, કુલ તેલીબીયા, કપાસ | |
| પ્રાણી | વાઘ, રીંછ, ચિતો, રોજ, નિલ ગાય | |
| પહેરવેશ | પુરુષ | પાઘડી, ધોતી, ખમીશ |
| | સ્ત્રી | સાડી, ચણીયો, કાપડું, ભરવાડનો |
| ખનીજો | પ્લાસ્ટીક, સીલીકા સેન્ડ ગ્લાસ સેન્ડ, કેલસાઈડ, ચુનાનો પથ્થર, બેઈઝ મેટલ | |
| ભોગોલિક વિસ્તાર | કુલ ક્ષેત્રફળ | 10,44,841 હેકટર |
| | ખેતીની જમીન | 7,44,087 હેકટર |
| | સિંચાઈ વિસ્તાર | 4,72,100 હેકટર |
| | જંગલ વિસ્તાર | 1,10,655 હેકટર |
| | ગ્રેઝીંગ લેન્ડ - (ગોચર) | 65,130 હેકટર |
| ઉધોગ | લઘુ ઉધોગ | 101 |
| | મોટા ઉધોગ | 4 |
| ઓધોગીક સહકારી મંડળીઓ | 74 | |
| શિક્ષણ સંસ્થાઓ | પ્રાથમિક શાળાઓ | 227 |
| | માધ્યમિક શાળાઓ | 338 |
| | ઉચ્ચતર મા.શાળાઓ | 97 |
| | ઉ.બુનીયાદી શાળાઓ | 2 |
| | ઉચ્ચ કોલેજો | 17 |
| | ટેકનીકલ હાઈસ્કુલ | 2 |
| | ડીગ્રી અભ્યાસક્રમ | 7 |
| | આઈ.ટી.આઈ | 8 |
| સ્રોત: https://banaskantha.nic.in/document-category/census/ | | |

- બનાસકાંઠા જિલ્લાનો ભૌગોલિક વિસ્તાર:

આ જિલ્લો ગુજરાત રાજ્યની ઉત્તરે $23^0$-$33^0$ થી $24^0.45^0$ અક્ષાંશ અને પૂર્વ $71^0.03^0$ અને $73^0.02^0$ રેખાંશ વચ્ચે આવેલો છે. બનાસકાંઠા જિલ્લાની ઉત્તર સરહદે રાજસ્થાન રાજ્ય આવેલું છે. દક્ષિણે પાટણ જિલ્લો, પૂર્વમાં સાબરકાંઠા જિલ્લો અને પશ્ચિમે કચ્છ જિલ્લો આવેલો છે. બનાસકાઠાની વાયવ્ય સરહદે પાકિસ્તાન દેશ આવેલો છે. ગુજરાત રાજ્યનો આ બીજો મોટો જિલ્લો છે. રાજ્યની 6.5 ટકા જમીન અને 5.2 ટકા વસ્તી આ જિલ્લામાં છે. જિલ્લાની પૂર્વ પશ્ચિમ લંબાઈ 200 કિ.મી. અને ઉત્તર દક્ષિણ પહોળાઇ 122 કિ.મી. છે. એનું કુલ ક્ષેત્રફળ 12,703 ચોરસ કિલોમીટર છે.

- બનાસકાંઠા જિલ્લામાં જમીન વપરાશની માહિતી:

| કોષ્ટક: 3.2 જમીન વપરાશની માહિતીની દર્શાવતું કોષ્ટક | |
|---|---|
| જમીન વપરાશ | જમીનનું પ્રમાણ (હેકટરમાં) |
| બિન-ખેતી વિષયક ઉપયોગમાં લેવામાં આવેલી જમીન | 52,939 |
| ખેડી શકાય તેવી પડતર જમીન | 17,577 |
| કાયમી ગૌચર અને ચરાણની જમીન | 65,139 |
| ચાલુ પડતર જમીન | 23,456 |
| ચોખ્ખો વાવેતર વિસ્તાર | 7,68,790 |
| એક કરતાં વધુ વખત વાવેતર કરેલો વિસ્તાર | 4,32,686 |
| એકંદર વાવેતર વિસ્તાર | 12,01,476 |
| સ્રોત: સામાજિક-આર્થિક સમીક્ષા, 2014-16, પાના નં.14. | |

બનાસકાંઠા જિલ્લાનો કુલ વિસ્તાર 10.40 લાખ હેક્ટર છે. તેમાં 52,959 હેક્ટર વિસ્તાર બિન-ખેતી વિષયક ઉપયોગમાં લેવામાં આવેલી જમીન છે. 17,577 હેક્ટર વિસ્તાર ખેડી શકાય તેવી પડતર જમીન, 65,139 હેક્ટર જમીન કાયમી ગૌચર અને ચરાણની જમીન તથા ચાલુ પડતર જમીન 23,456 હેક્ટર છે. જિલ્લામાં એકંદર વાવેતર વિસ્તાર 12,01,476 હેક્ટર છે, જેમાં 7,68,790 હેક્ટર વિસ્તાર ચોખ્ખો વાવેતર વિસ્તાર અને 4,32,686 હેક્ટર વિસ્તાર એક કરતાં વધુ વખત વાવેતર કરેલા વિસ્તારનો સમાવેશ થાય છે.

- બનાસકાંઠા જિલ્લાની વસ્તી:

વર્ષ 2011 ની વસ્તી ગણતરી મુજબ જિલ્લાની કુલ વસ્તી 31,20,506 છે. તેમાં સ્ત્રીઓની વસ્તી 15,10,127 (48.39 ટકા) અને પુરુષોની વસ્તી 16,10,379 (51.61 ટકા) છે. બનાસકાંઠા જિલ્લામાં 2011 પ્રમાણે  જાતિ ગુણોતરનું પ્રમાણ 938 જેટલું જોવા મળે છે. 2011ની ગણતરી મુજબ બનાસકાંઠા જિલ્લાની કુલ વસ્તીમાંથી 86.70 ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં વસે છે, જ્યારે 13.30 ટકા વસ્તી શહેરી વિસ્તારમાં વસે છે. બનાસકાંઠા જિલ્લામાં વસ્તી ગીચતાનો દર 290 પ્રતિ ચોરસ કિલો મીટર જેટલો જોવા મળે છે. બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જન

જાતિની કુલ વસ્તી 2,84,155 છે, જેમાં 1,44,355 પુરુષો અને 1,39,800 સ્ત્રીઓની સંખ્યા છે.

- બનાસકાંઠા જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓનો વિકાસ:

વર્ષ 2011ની વસ્તી ગણતરી પ્રમાણે બનાસકાંઠા જિલ્લામાં કુલ સાક્ષરતાનું પ્રમાણ 66 ટકા હતું. જેમાં 79 ટકા પુરુષો અને 53 ટકા સ્ત્રીઓ સાક્ષરતા ધરાવે છે.

| કોષ્ટક: 3.3 બનાસકાંઠા જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓની માહિતી દર્શાવતું કોષ્ટક | | |
|---|---|---|
| ક્રમ | શૈક્ષણિક સંસ્થાઓ | સંખ્યા |
| 1 | પ્રાથમિક શાળાઓ | 2,305 |
| 2 | માધ્યમિક શાળાઓ | 179 |
| 3 | ઉચ્ચ માધ્યમિક શાળાઓ | 309 |
| 4 | કોલેજ | 53 |
| 5 | અન્ય | 08 |
| સ્રોત: જિલ્લાની આંકડાકીય રૂપરેખા, બનાસકાંઠા જિલ્લો, 2014-15, પાના.નં.115 | | |

વર્ષ 2014-15 મુજબ બનાસકાંઠા જિલ્લામાં કુલ પ્રાથમિક શાળાઓ 2,305, માધ્યમિક શાળાઓ 179, ઉચ્ચ માધ્યમિક શાળા 309, કોલેજો 53 અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓ 8 આવેલી છે.

- બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય સેવાઓનો વિકાસ:

જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ની સામે સરકારી દવાખાના અને ખાનગી દવાખાનાનો સારો વિકાસ થયો છે. બનાસકાંઠા જિલ્લામાં એક આયુર્વેદિક દવાખાનાની ફાળવણી પણ કરવામાં આવી છે.

| કોષ્ટક: 3.4 બનાસકાંઠા જિલ્લાના આરોગ્ય સેવા કેન્દ્રોની માહિતી દર્શાવતું કોષ્ટક | | |
|---|---|---|
| ક્રમ | આરોગ્ય કેન્દ્રો | સંખ્યા |
| 1 | આંગણવાડી કેન્દ્રો | 2,826 |
| 2 | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | 75 |
| 3 | ગૌણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | 422 |
| 4 | દવાખાના | 95 |
| 5 | મોટી હોસ્પિટલ | 15 |
| 6 | દવાખાનામાં પથારીની સંખ્યા | 1,421 |
| સ્રોત: District Statistic out lay 2015-16. | | |

વર્ષ 2015-16માં બનાસકાંઠા જિલ્લામાં 2,826 આંગણવાડી કેન્દ્ર, 75 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, 422 ગૌણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, 95 દવાખાના અને 15 મોટી હોસ્પિટલ આવેલી છે. આ ઉપરાંત જિલ્લમાં કુલ 1,421 પથારીઓ દવાખાનામાં આવેલી છે.

- બનાસકાંઠા જિલ્લામાં કામ કરનાર અને કામ નહી કરનારની માહિતી:

કુલ વસ્તીનો કેટલો ભાગ આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલો છે તેની માહિતી અહી આપવામાં આવી છે.

કોષ્ટક: 3.5 બનાસકાંઠા જિલ્લામાં કામ કરનાર અને કામ નહી કરનારની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા (હજારમાં) |
|---|---|---|
| 1 | ખેડૂત | 475 |
| 2 | ખેત મજુર | 350 |
| 3 | ગૃહ ઉધોગઉધોગ, બાંધકામ વગેરેમાં રોકાયેલા | 12 |
| 4 | અન્ય | 410 |
| 5 | સીમાંત કામદાર | 236 |
| 6 | કુલ કામદાર | 1,483 |
| 7 | કામ નહી કરનારા | 1,872 |
| કુલ | | 3,355 |

સ્રોત: સામાજિક-આર્થિક સમીક્ષા, 2014-15, પાના.નં.16

ઉપરોક્ત કોષ્ટકમાં 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે કામ કરનારા અને કામ નહી કરનારાની માહિતી દર્શાવવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લામાં કામ કરનારાઓની સંખ્યા 1,483 હજાર છે, તેમાં ખેડૂત 475 હજાર, ખેત મજૂરો 350 હજાર, ગૃહઉદ્યોગ+બાંધકામમાં રોકાયેલા કામદાર 12 હજાર અને અન્ય કામદાર 410 હજાર છે. જિલ્લામાં સિમાંત કામદારોની સંખ્યા 236 હજાર છે, જ્યારે કામ નહી કરનારા એટલે કે આશ્રિત વસ્તી 1,872 હજાર છે.

- દાંતા તાલુકાનો પરિચય

દાંતાનો પૂર્વ ઇતિહાસ તપાસતાં પહેલાં દરેકના મનમાં તેમના નામકરણ વિશે જાણવાની સહજ ઇચ્છા થાય. તે સ્વાભાવિક છે. દાંતાથી પશ્ચિમે જતાં આશરે બે માઇલ દુર નવાવાસને રસ્તે દાંતોરીયા વીરનું પવિત્ર સ્થાન છે. આ વીરના નામ પરથી આ ગામનું નામ દાંતા પડયુ છે. એવુ મનાય છે. ઇ.સ.1544 માં સદરહું ગામ રાજધાની બનતાં આ રાજય પણ દાંતા રાજય તરીકે ઓળખાવા લાગ્યું.

દાંતા ગામ તાલુકાનું મુખ્યમથક છે. જે રાજાશાહી સમયમાં દાંતા સ્ટેટ તરીકે ઓળખાતું હતું. દાંતાની વિશિષ્ટતા એ છે કે તે અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે આવેલું છે.ચારેબાજુ નાનામોટા ડુંગરો આવેલા છે. સમગ્ર દેશમાં

વિખ્યાત એવું મા જગદંબા નું ધામ અંબાજી પણ આ તાલુકામા આવેલું છે. જે દાંતા થી 18 કિ.મી દૂર છે અને જિલ્લા ના મુખ્યમથક પાલનપુરથી દાંતા ગામ 40 કિ.મી દૂર છે.

અરવલ્લીના ગિરિશૃંગો વચ્ચે ઉતર -દક્ષિણ 50 કિ.મી અને પૂર્વ-પશ્ચિમ 40 કિ.મી. માં પથરાયેલો છૂટો છવાયો આદિવાસી વિસ્તાર એટલે બનાસકાંઠા જિલ્લાનો દાંતા તાલુકો શિખરો, ડુંગરોની હારમાળા, પલાશવૃક્ષો અને છૂટીછવાઇ વનરાજી એ અહીની તાસીર છે.બનાસકાંઠા જિલ્લાની બરાબર પૂર્વ સીમાએ આવેલ આ તાલુકો ઉત્તર સીમાએ રાજસ્થાન રાજયને સ્પર્શે છે અને પૂર્વ સીમાડે સાબરકાંઠા જિલ્લાને સ્પર્શે છે.

| કોષ્ટક: 3.6 દાંતા તાલુકાની માહિતી દર્શાવતું કોષ્ટક | | |
|---|---|---|
| તાલુકા મથક | દાંતા | |
| કુલ ગામોની સંખ્યા | 186 | |
| અક્ષાંશ | 24.12 | |
| રેખાંશ | 72.5 | |
| રેલ્વે | દાંતા થી પાલનપુર 40 કી.મી. | |
| રસ્તા | પંચાયત માર્ગો - 325 | |
| નદીઓ | સાબરમતી નદી, અર્જુના નદી, સરસ્વતી નદી, કીડી મકોડી નદી | |
| પર્વતો | ગબ્બર પર્વત, અંબાજી | |
| વરસાદ | 35.17 ઈંચ | |
| પાક | બાજરી, મગફળી, મકાઇ, એરંડા, તલ, મગ, અડદ, રાઈ, ઘઉં, મેથી, લસણ, રજકો, જુવાર, જવ | |
| પહેરવેશ | ઝબ્બો સુરવાલ, ચણીયો સાડી | |
| ખનીજો | સિમેન્ટ, આરસ પત્થર | |
| ભૌગોલીક વિસ્તાર | કુલ | હેકટરમાં 85,901 |
| | ખેતીની જમીન | હેકટરમાં 21,693 |
| | સિંચાઇ વિસ્તાર | હેકટરમાં 5,052 |
| | જંગલ વિસ્તાર | હેકટરમાં 50,702 |
| | ગ્રેઝીંગ લેન્ડ ગૌચર | હેકટરમાં 1,535 |
| શિક્ષણ સંસ્થાઓ | આઈ.ટી.આઈ. | 2 |
| | માધ્યમિક શાળા | 15 |
| | પ્રાથમિક શાળા | 196 |

દાંતા તાલુકામાં કુલ ગામોની સંખ્યા 186 છે. મુખ્ય મથક દાંતા છે. દાંતા તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર 85,901 હેકટર છે. જમીન વપરાશની માહિતી જોઈએ તો ખેતીની જમીન 21,693 હેક્ટર, સિંચાઈ વિસ્તાર 5,052 હેક્ટર, જંગલ વિસ્તાર 50,702 હેક્ટર અને ગૌચર 1,535 હેક્ટર છે. શિક્ષણ સંસ્થાઓની માહિતી અનુસાર 2 આઇ.ટી.આઈ., 15 માધ્યમિક શાળાઓ અને 196 પ્રાથમિક શાળાઓ છે.

વસ્તીની માહિતી:

| કોષ્ટક: 3.7 દાંતા તાલુકાની વસ્તીની માહિતી દર્શાવતું કોષ્ટક | | | |
|---|---|---|---|
| વિગત | ગ્રામીણ | શહેરી | કુલ |
| વસ્તી | 2,07,086 | 17,753 | 2,24,839 |
| બાળકો (0થી6) | 44,230 | 2,503 | 46,737 |
| સાક્ષરતા દર | 62.05% | 78.39% | 63.45% |
| જાતિય ગુણોતર | 959 | 944 | 958 |
| અનુસૂચિત જનજાતિની વસ્તી | 60.3% | 10.6% | 56.4% |
| સ્રોત: વસ્તી ગણતરી 2011 પ્રમાણે | | | |

દાંતા તાલુકાની કુલ વસ્તી 2,24,839 છે, જેમાં 2,07,086 ગ્રામિણ અને 17,753 શહેરી છે. દાંતા તાલુકામાં કુલ સાક્ષરતા દર 63.45 ટકા છે,તેમાં ગ્રામિણ 62.05 ટકા અનેશહેરી 78.39 ટકા જોવા મળે છે.

3.2 દાહોદ જિલ્લાનો પરિચય

ગુજરાત રાજ્યની પુર્વ સરહદે આવેલ મૂળ પંચમહાલ જીલ્લામાંથી વિભાજન થઇ તા. 02/10/1997 ના રોજથી નવિન દાહોદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો. દાહોદ જિલ્લાને અડીને મધ્યપ્રદેશ અને રાજ્સ્થાન રાજ્યની સરહદ આવી છે. ગુજરાતના પુર્વ દરવાજા તરીકે ઓળખાતા દાહોદ ગુજરાત અને માળવા બન્નેની હદ ઉપર હોવાથી દાહોદ તરીકે ઓળખાય છે દાહોદ શહેરના ઐતિહાસિક પુરાવા જોતા ઔરંગઝેબનું જન્મ સ્થાન દાહોદ છે, અને દાહોદની દુધમતી નંદીમાં દધીચિ ઋષિએ તપ કરેલું તેથી તે નદીનું નામ દુધમતી નદી તરીકે ઓળખાય છે. કાળી ડેમનું મંદિર, પાટા ડુંગરી ડેમ વગેરે ફરવા લાયક સ્થળો આવ્યા છે.

વર્તમાન સમયમાં જિલ્લામાં કુલ 8 તાલુકાઓ છે. જિલ્લાની કુલ વસ્તી 2011 મુજબ 21,27.086 થાય છે, તે પૈકી અનુસુચિત જાતિની વસ્તી 32,884 જ્યારે અન્ય 4,18,980 છે. જિલ્લામાં 72.28 ટકા આદિજાતિ વસ્તીના કારણે આદિજાતિ વસ્તી ધરાવતો પછાત જિલ્લો તરીકે ઓળખાય છે. આ જિલ્લાનો લીમખેડા તાલુકો સૌથી પછાત તરીકે રાજ્યમાં બીજા ક્રમે જાહેર થયેલ છે.

| કોષ્ટક: 3.8 દાહોદ જિલ્લાની સામાન્ય માહિતી દર્શાવતું કોષ્ટક | | | |
|---|---|---|---|
| જીલ્લાનું ભૌગોલીક સ્થાન | અક્ષાંશ | | 73.59 થી 74.08 |
| | રેખાંશ | | 22.38 થી 23.13 |
| કુલ ક્ષેત્રફળ | 3,628.50 (ચો.કિ.મી.) | | |
| મુખ્ય શહેર | દાહોદ | | |
| આબોહવા | ગરમ | | |
| જમીન | ઢાળવાળી, ડુંગરાળ અને હલકા પ્રકારની | | |
| નદીઓ | દૂધમતી, પાનમ, માઝણ, હડફ, કાળી, ખાન નદી | | |
| પાક | મકાઇ, ચણા,સોયાબીન,ઘઉ,રાયડો અને અડદ,વટાણા | | |
| કુલ ગામ | 693 | | |
| ગ્રામ પંચાયતની સંખ્યા (2018-19) | 547 | | |
| નગરપાલિકા | 3 | | |
| વસ્તી (2011 અનુસાર) | કુલ | | 21,27,086 |
| | ગ્રામ્ય | | 19,35,461 |
| | શહેરી | | 1,91,625 |
| | અનુસૂચિત જાતી | | 1.95 % |
| | અનુસૂચિત જનજાતી | | 74.32 % |
| | શહેરી વસ્તી | | 9.00 % |
| | ગ્રામ્ય વસ્તી | | 91.00 % |
| વસ્તીની ગીચતા (દર ચો.કિ.મી. દિઠ) | 584 | | |
| વસ્તી વૃદ્ધી દર (2001 થી 2011) | 29.98 | | |
| જાતી પ્રમાણ(2011) | 990 | | |
| સાક્ષરતાનું પ્રમાણ (ટકામાં) | 58.82 % | | |
| આર્થિક પ્રવૃત્તિ | કુલ કામકરનાર | ગ્રામ્ય | 9,34,346 |
| | | શહેરી | 64,778 |
| | મુખ્ય કામકરનાર | ગ્રામ્ય | 3,07,489 |
| | | શહેરી | 4,343 |
| | સિમાન્ત કામકરનાર | ગ્રામ્ય | 4,34,376 |
| | | શહેરી | 11,353 |
| | કામ નહી કરનાર | ગ્રામ્ય | 8,20,527 |
| | | શહેરી | 1,07,391 |
| | ખેડૂત | ગ્રામ્ય | 4,33,068 |

| | | | |
|---|---|---|---|
| | | શહેરી | 7,028 |
| | ખેત મજૂર | ગ્રામ્ય | 1,78,967 |
| | | શહેરી | 2,885 |
| આરોગ્યની સવલતો (ગ્રામ્ય વિસ્તાર) | સિવિલ હોસ્પિટલ | | 2 |
| | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | 21 |
| | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | | 97 |
| | પેટા આરોગ્ય કેન્દ્રો | | 637 |
| પશુચિકિત્સાની સવલતો(ગ્રામ્ય વિસ્તાર) | પશુદવાખાના | | 20 |
| | પશુ દવાખાનાના પેટા કેન્દ્રો | | 24 |
| વીજળીની સુવિધા | વિજળીકરણ થયેલ ગામ | | 696 |
| | જયોતિગ્રામ થયેલ સંખ્યા | | 693 |
| પીવાના પાણીની સવલત વાળા ગામ | 686 | | |
| બારેમાસ એસ.ટી. ની સવલત ધરાવતા ગામો | 425 | | |
| જીલ્લા પંચાયત સંચાલીત પ્રાથમિક શાળાની સંખ્યા | કુલ | | 1,655 |
| | સરકારી | | 1,650 |
| | ખાનગી | | 217 |
| માધ્યમીક/ ઉ.માધ્યમીક | કુલ | | 407 |
| | સરકારી | | 62 |
| | ખાનગી | | 345 |
| સસ્તા અનાજની (વ્યાજબી ભાવ) દુકાન | 637 | | |
| સસ્તા અનાજની દુકાનો ધરાવતા ગામો | 693 | | |
| ઉધોગ | મોટા કદના | | 4 |
| | મધ્યમ કદના | | 12 |
| | નાના કદના | | 426 |
| આંગણવાડી કેન્દ્રો | 3,056 | | |

સ્રોત: https://dahoddp.gujarat.gov.in/gu/Districts-Specific-Profile

નોંધ: વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ

દાહોદ તાલુકાનું મુખ્ય મથક દાહોદ છે. દાહોદ તાલુકાનું કુલ ક્ષેત્રફળ 3,628.50 (ચો.કિ.મી.) છે. કુલ ગામોની સંખ્યા 693 અને ગ્રામ પંચાયતની સંખ્યા (2018-19) 547 છે.

* દાહોદ જિલ્લામાં જમીનની વપરાશની માહિતી:

દાહોદ જિલ્લાની મોટાભાગની જમીન ડુંગરાળ અને ખડકાળ છે, છતાં હાલમાં જંગલોનું પ્રમાણ ઓછું જોવા મળે છે. દાહોદ જિલ્લાનો કુલ ભૌગોલિક વિસ્તાર 3,66,352 હેક્ટર છે, જિલ્લાની કુલ જમીનનું વર્ગીકરણ નીચેના કોષ્ટક પ્રમાણે છે.

કોષ્ટક: 3.9 જિલ્લામાં જમીન વપરાશની વિગત દર્શાવતું કોષ્ટક

| વિગત | વિસ્તાર (હેક્ટરમાં) | ટકા |
|---|---|---|
| જંગલો | 75,885 | 20.71 |
| ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી જમીન | 35,491 | 9.68 |
| બિન-ખેતીમાં ઉપયોગમાં લીધેલી | 18,429 | 5.03 |
| ખેડી શકાય તેવી પડતર | 3,841 | 1.04 |
| કાયમી ગૌચર અને ચરાણ | 16,158 | 4.41 |
| ચાલું પડતર | 20,379 | 5.56 |
| અન્ય પડતર | 254 | 0.06 |
| ચોખ્ખો વાવેતર વિસ્તાર | 95,935 | 53.48 |
| કુલ | 3,66,352 | 100 |

સ્રોત: નાયબ ખેતી નિયામકની જિલ્લા પંચાયત કચેરી દાહોદ (ખેતીવાડી શાખા)

જિલ્લાનો કુલ ભૌગોલિક વિસ્તાર 366352 હેક્ટર છે, તેમાંથી 75,885 એટલે કે 20.71 ટકા વિસ્તારમાં જંગલો છે. જિલ્લામાં 35,471 હેક્ટર એટલે કે કુલ ભૌગોલિક વિસ્તારના 9.68 ટકા જમીન ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી છે. તેમજ 18,429 હેક્ટર જમીન બિન-ખેતીના ઉપયોગમાં લેવાયેલી જમીન છે. જિલ્લામાં કુલ ભૌગોલિક વિસ્તારના 4.41 ટકા ગૌચર અને કાયમી ચરાણ, 0.06 ટકા અન્ય પડતર અને 5.56 ટકા ચાલું પડતર જમીન છે.

આમ, ઉપરોક્ત માહિતી જોતા એમ કહી શકાય કે, જિલ્લામાં 1,95,935 હેક્ટર જમીન ચોખ્ખો વાવેતર વિસ્તાર હેઠળ એટલે કે કુલ ભૌગોલિક વિસ્તારના 53.48 ટકા જમીનમાં ખેતી થાય છે.

* જિલ્લાની કુલ વસ્તીનું વર્ગીકરણ:

જિલ્લામાં 2011ની વસ્તી ગણતરી પ્રમાણે 21,27,086 જન સંખ્યા છે. આ વસ્તીનું જિલ્લાના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં કેવા પ્રકારનું છે તેની વિગત નીચે મુજબ છે.

| કોષ્ટક: 3.10 ગ્રામીણ અને શહેરી વસ્તીની માહિતી દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| વિસ્તાર | વિગત | પુરુષો | સ્ત્રીઓ | કુલ |
| ગ્રામીણ | સંખ્યા | 9,70,963 | 9,64,498 | 19,35,461 |
| | ટકાવારી | 45.65 | 45.34 | 90.99 |
| શહેરી | સંખ્યા | 97,688 | 93,937 | 1,91,625 |
| | ટકાવારી | 4.59 | 4.42 | 9.01 |
| કુલ | સંખ્યા | 10,68,651 | 10,58,435 | 21,27,086 |
| | ટકાવારી | 50.24 | 49.76 | 100 |
| સ્રોત: DISTRICT CENSUS HANDBOOK-DAHOD 2011 | | | | |

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યાં પ્રમાણે દાહોદ જિલ્લાની કુલ વસ્તી 2011 માં 21,27,086 હતી, જે 2001 માં 16,36,43 હતી. આમ, જિલ્લાનો વસ્તી વૃધ્દ્રિદર 29.98 ટકા છે. દાહોદ જિલ્લાની વસ્તી ગુજરાત રાજ્યની કુલ વસ્તીના 3.5 ટકા છે. જ્યારે રાજ્યના અન્ય જિલ્લાની સરખામણી કરીએ ત્યારે દાહોદ જિલ્લાનો ક્રમ 12 મો આવે છે. જિલ્લાની કુલ વસ્તીના 90.99 ટકા વસ્તી ગ્રામીણ છે, જ્યારે માત્ર 9.01 ટકા વસ્તી શહેરી છે. આના ઉપરથી એ કહી શકાય કે દાહોદ જિલ્લો મુખ્યત્વે ગ્રામીણ વિસ્તારમાં પથરાયેલો છે. દર હજાર પુરુષોએ સ્ત્રીઓના પ્રમાણને સ્ત્રી-પુરુષ ગુણોત્તર કહેવામાં આવે છે. દાહોદ જિલ્લામાં 2001માં દર હજાર પુરુષોએ 985 સ્ત્રીઓ હતી, જે વધીને 2011માં 990 થઈ છે. જે દાહોદ જિલ્લા માટે ખુબ સારી બાબત કહેવાય. દર ચોરસ કિલોમીટરે કેટલા લોકો વસવાટ કરે છે, તેના પ્રમાણને વસ્તી ગીચતા કહેવામાં આવે છે. 2001 માં દાહોદમાં વસ્તી ગીચતાનું પ્રમાણ 448 હતુ, જે વધીને 2011માં 584 થયું છે.

- જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વસ્તી:

દાહોદ જિલ્લો મોટાભાગે પથરાળ, અસમથળ અને પર્વતીય વિસ્તારમાં ફેલાયેલો છે. જિલ્લામાં 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ 15,80,850 વસ્તી અનુસૂચિત જનજાતિની વસ્તી છે, તેની સંપૂર્ણ વિગતો નીચે મુજબ છે.

| કોષ્ટક: 3.11 જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વસ્તી દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| વિસ્તાર | વિગત | પુરુષો | સ્ત્રીઓ | કુલ |
| ગ્રામીણ | સંખ્યા | 7,63,671 | 7,58,337 | 15,22,008 |
| | ટકાવારી | 78.65 | 78.63 | 78.64 |
| શહેરી | સંખ્યા | 29,634 | 29,208 | 58,842 |
| | ટકાવારી | 30.34 | 31.09 | 30.71 |
| કુલ | સંખ્યા | 7,93,305 | 7,87,545 | 15,80,850 |
| | ટકાવારી | 74.23 | 74.41 | 74.32 |
| સ્રોત: DISTRICT CENSUS HANDBOOK-DAHOD 2011 | | | | |

જિલ્લાના ગ્રામીણ વસ્તીની વાત કરીએ તો જિલ્લામાં 15,22,008 આદિવાસી વસ્તી છે, કુલ ગ્રામીણ વસ્તીના 78.64 ટકા લોકો આદિવાસી સમાજના છે. જ્યારે જિલ્લાના શહેરી વિસ્તારની માહિતી જોઇએ તો શહેરી વિસ્તારમાં પણ 58,842 લોકો અનુસૂચિત જનજાતિના છે. જિલ્લાની કુલ વસ્તીના 74.32 ટકા લોકો આદિવાસી સમાજના છે. આના ઉપરથી એમ કહી શકાય કે દાહોદ જિલ્લામાં સૌથી વધુ આદિવાસી લોકોની વસ્તી છે.

- જિલ્લામાં સાક્ષરતાનું પ્રમાણ:

દાહોદ જિલ્લામાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં સ્ત્રીઓ/પુરુષો અનુસાર શિક્ષણની માહિતીનું વર્ગીકરણ નીચે મુજબ છે.

કોષ્ટક: 3.12 જિલ્લામાં સાક્ષરતાનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક

| વિસ્તાર | વિગત | પુરુષો | સ્ત્રીઓ | કુલ |
|---|---|---|---|---|
| ગ્રામીણ | સંખ્યા | 5,25,140 | 3,47,412 | 8,72,552 |
| | ટકાવારી | 67.98% | 44.78% | 56.36% |
| શહેરી | સંખ્યા | 73,895 | 60,724 | 1,34,619 |
| | ટકાવારી | 88.79% | 75.18% | 82.09% |
| કુલ | સંખ્યા | 5,99,035 | 4,08,136 | 10,07,171 |
| | ટકાવારી | 70.01% | 47.65% | 58.82% |

સ્રોત: DISTRICT CENSUS HANDBOOK-DAHOD 2011

જિલ્લામાં શહેરી વસ્તીના 82.09 ટકા શિક્ષણનું પ્રમાણ છે, જ્યારે ગ્રામીણ વસ્તીના 56.36 ટકા સાક્ષરતાનું પ્રમાણ છે. અર્થાત દાહોદ જિલ્લાના ગ્રામીણ વિસ્તાર કરતાં શહેરી વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ વધુ છે. જિલ્લામાં સ્ત્રી-પુરુષ સાક્ષરતાના પ્રમાણમાં પણ અસમાનતા જોવા મળે છે. જિલ્લામાં કુલ વસ્તીના 70.01 ટકા પુરુષો અને 47.65 ટકા સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ જોવા મળે છે. આના ઉપરથી કહી શકાય કે વર્તમાન સમયમાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ પુરુષો કરતાં ખૂબ ઓછું છે.

દાહોદ જિલ્લાની શૈક્ષણિક આંતરમાળખાકીય સુવિધાની માહિતી જોઇએ તો જિલ્લા પંચાયત હસ્તકની 1640 પ્રાથમિક શાળાઓ આવેલી છે. અને 135 પે-સેંટર શાળાઓ આવેલી છે. જિલ્લામાં 263 માધ્યમિક શાળાઓ અને 59 ઉચ્ચ માધ્યમિક શાળાઓ, ઉપરાંત 13 કોલેજ/ટેકનિકલ શાળાઓ આવેલી છે.

- દાહોદ જિલ્લામાં કામ કરનારની વિગત:

જિલ્લામાં કામ કરનારાઓને ખેડૂતો, ખેત મજૂરો, ગૃહ ઉદ્યોગમાં કામ કરનારાઓ અને અન્ય છૂટક કામ કરનારાઓ એમ ચાર વિભાગોમાં વર્ગીકરણ કરી તેની વિગતવાર માહિતી નીચે કોષ્ટકમાં આપવામાં આવી છે.

| કોષ્ટક: 3.13 દાહોદ જિલ્લામાં આર્થિક પ્રવૃત્તિ કરનારની વિગત દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| વિગત | ગ્રામીણ | શહેરી | કુલ | ટકા |
| ખેડૂતો | 3,07,489 | 4,343 | 3,11,832 | 56.34 |
| ખેત મજૂરો | 1,25,579 | 2,685 | 1,28,264 | 23.17 |
| ગૃહ ઉદ્યોગમાં | 3,586 | 820 | 4,406 | 0.79 |
| અન્ય છૂટક | 63,316 | 45,577 | 1,08,893 | 19.67 |
| કુલ | 4,99,970 | 53,425 | 5,53,395 | 100 |
| સ્રોત: દાહોદ જિલ્લાની સામાજિક-આર્થિક સમીક્ષા 2012-13. | | | | |

દાહોદ જિલ્લામાં મુખ્ય કામ કરનારાઓમાંથી 56.34 ટકા ખેડૂતો અને 23.17 ખેત મજુરો છે. 19.67 ટકા લોકો અન્ય છૂટક મજુરી કરે છે, જ્યારે માત્ર 0.79 ટકા લોકો ગૃહ ઉદ્યોગમાં કામ કરે છે.

આમ, ઉપરોક્ત આંકડા પરથી એમ કહી શકાય કે દાહોદ જિલ્લામાં મોટાભાગના લોકો ખેતીક્ષેત્ર પર આધારિત છે. ગૃહ ઉદ્યોગનું પ્રમાણ ખુબ જ ઓછું જોવા મળે છે.

- દાહોદ તાલુકાનો પરિચય

| કોષ્ટક: 3.14 દાહોદ તાલુકાની વસ્તી વિષયક માહિતી દર્શાવતું કોષ્ટક | | |
|---|---|---|
| 1 | વસ્તી વધારાનો દર | 2.45 |
| 2 | વસ્તીની ગીચતા | 598 |
| 3 | દર હજાર પુરૂષોએ સ્ત્રીની સંખ્યા | 979 |
| 4 | શહેરી વસ્તી | 1,12,087 |
| 5 | કુલ કામ કરનારાઓ | 1,60,662 |
| 6 | મુખ્ય કામ કરનારાઓ | 98,511 |
| 7 | સીમાન્ત કામ કરનારાઓ | 62,151 |
| 8 | કામ નહી કરનારાઓ | 2,07,726 |
| સ્રોત: https://dahoddp.gujarat.gov.in/gu/taluka/Dahod/Taluka-Population-Info<br>નોંધ: વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ | | |

ઉપરોક્ત કોષ્ટકની માહિતી અનુસાર દાહોદ તાલુકામાં વર્ષ 2001 થી 2011 દરમિયાન વસ્તી વધારાનો દર 2.45 ટકા જેટલો જોવા મળે છે. વસ્તીની ગીચતા 598 પ્રતિ ચોરસ કિલોમીટર છે. જાતીય ગુણોત્તરનું પ્રમાણ 979 જોવા મળે છે.

3.3 ડાંગ જિલ્લાનો પરિચય

ડાંગ 94.65 ટકા અનુસુચિત જનજાતિ ધરાવતો જિલ્લો છે. ઓગષ્ટ 1947 થી એપ્રિલ 1960માં ડાંગ જિલ્લો મુંબઇ સ્ટેટમાં ભેળવી દેવામાં આવ્યો. 1948માં ડાંગને અલગ જિલ્લા તરીકે કલેકટરશ્રીનાં અધિકાર નીચે મુકવામાં આવેલા. મે, 1960માં મહારાષ્ટ્ર અને ગુજરાત જુદા થતાં ડાંગનો સમાવેશ ગુજરાતમાં કરવામાં આવ્યો અને આજ સુધી ચાલુ છે ડાંગ જિલ્લામાં પાંચ રાજાઓ અને નવ નાયકો છે.

| કોષ્ટક: 3.15 ડાંગ જિલ્લાની પ્રાથમિક માહિતી દર્શાવતું કોષ્ટક | | |
|---|---|---|
| મુખ્ય મથક | આહવા | |
| તાલુકાઓ | 3 | આહવા, સુબીર, વઘઇ |
| અક્ષાંશ | 20.39/21.5$^0$ ઉત્તર | |
| રેખાંશ | 73.29/73.51$^0$ પૂર્વ | |
| કુલ ક્ષેત્રફળ | 1,72,357 હેક્ટર | |
| જંગલ વિસ્તાર | 1,01,183.70 હેક્ટર (56.68 ટકા) | |
| ખેતી લાયક જમીન | 57,843 હેક્ટર | |
| વાવેતર વિસ્તાર | 55,193 હેક્ટર | |
| સિંચિત વિસ્તાર | માઇક્રોઈરીગેશન સીસ્ટમ | 777.52 હેક્ટર |
| | સંગ્રહ તળાવ આધારીત | 2,722હેક્ટર |
| | ચેકડેમ આધારીત | 1,747હેક્ટર |
| | ઉદ્વહન સિંચાઇ આધારીત | 1,774હેક્ટર |
| | કુલ | 6,243હેક્ટર |
| મુખ્ય પાકો | ડાંગ, જુવાર, રાગી, અડદ, તુવેર, મગફળી, ખરસાણી, તલ | |
| સરેરાશ વરસાદ | 100 થી 125 ઇંચ | |
| નદીઓ | પૂર્ણા, અંબિકા, ગીરા ગીરા અને ખાપરી | |
| મુખ્ય વ્યવ્સાય | ખેતી, પશુપાલન અને છૂટક મજુરી | |
| કુલ વસ્તી (2011) | પુરુષ | 1,13,821 |
| | સ્ત્રી | 1,14,470 |
| | કુલ | 2,28,291 |
| વસ્તી ગીચતા | 129 પ્રતિ ચોરસ કિલોમીટર | |
| જાતિ દર | 1006 | |
| જાતિ અનુસાર વસ્તી | અનુસૂચિત જનજાતિ | 2,16,073 (94.65 ટકા) |
| | અનુસૂચિત જાતિ | 992 (0.43 ટકા) |
| | અન્ય | 11,226 (4.92 ટકા) |
| વિસ્તાર અનુસાર વસ્તી | શહેરી | 24,687 (10.81 ટકા) |

| | | |
|---|---|---|
| | ગ્રામ્ય | 2,03,604 (89.89.19 ટકા) |
| સાક્ષરતા દર | પુરુષ | 83.06 ટકા |
| | સ્ત્રી | 67.38 ટકા |
| | કુલ | 75.16 ટકા |
| ગ્રામ પંચાયત | જુથ પંચાયત | 67 |
| | ગ્રામ પંચાયત | 3 |
| | કુલ | 70 |
| શિક્ષણની સુવિધા | પ્રા.શાળા તથા ઉ..પ્રા. શાળા | 427 |
| | માધ્યમિક શાળા | 56 |
| | ઉચ્ચત્તર માધ્યમિક શાળા | 31 |
| | કોલેજ | 4 |
| | આઈ.ટી.આઈ. | 3 |
| આરોગ્યની સુવિધા | જનરલ હોસ્પિટલ | 1 |
| | આયુર્વેદ હોસ્પિટલ | 1 |
| | સામુહિક આરોગ્ય કેન્દ્ર | 1 |
| | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | 9 |
| | સબ સેન્ટર | 47 |
| | ડિસ્પેન્સરી | 2 |
| | આંગણવાડી કેન્દ્ર | 435 |
| પશુ દવાખાના | 6 | |
| શ્રમ ઉધોગ | ખેડૂતો | 64,561 |
| | ખેત મજુરો | 40,486 |
| | ગૃહ ઉધોગમાં કામ કરનારા | 1,172 |
| | અન્ય | 12,038 |
| રોજગાર | પુરુષ | 4,065 |
| | સ્ત્રીઓ | 2,760 |
| | કુલ | 6,825 |
| બેંક | કુલ | 19 |
| | રાષ્ટ્રીયકૃત | 9 |
| | સહકારી | 3 |
| | ગ્રામિણ | 4 |
| સ્રોત:https://cdn.s3waas.gov.in/s3d7a728a67d909e714c0774e22cb806f2/uploads/2018/06/2018062982.pdf<br>નોંધ: વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ | | |

વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ કુલ 2,28,291 છે, જમાં 1,13,821 પુરુષો અને 1,14,470 સ્ત્રીઓ છે. જાતિ ગુણોત્તરનું પ્રમાણ 1006 જેટલું જોવા મળે છે, જે સારુ કહેવાય. વસ્તી ગીચતા 129 પ્રતિ ચોરસ કિલોમીટર છે. 2011માં ડાંગ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વસ્તી 216073 છે, જે કુલ વસ્તીના 94.65 ટકા છે. વર્ષ 2011 પ્રમાણે ડાંગ જિલ્લામાં 75.16 ટકા લોકો અક્ષરજ્ઞાન ધરાવે છે, તેમાં 83.6 ટકા પુરુષ અને 67.38 ટકા સ્ત્રીઓ અક્ષરજ્ઞાન ધરાવે છે. ડાંગ જિલ્લાની શિક્ષણની માળખાકીય સુવિધામાં જોઈએ તો 422 પ્રાથમિક શાળાઓ, 26 માધ્યમિક શાળાઓ, 6 ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તેમજ 1 કોલેજ છે.

- સુબીર તાલુકાનો પરિચય

| કોષ્ટક: 3.16 સુબીર તાલુકાની સામાન્ય માહિતી દર્શાવતું કોષ્ટક | | |
|---|---|---|
| તાલુકા મથક | સુબીર | |
| ભૌગોલીક સ્થાન | અક્ષાંશ | 20.93 ઉત્તર |
| | રેખાંશ | 73.77 પૂર્વ |
| ભૌગોલીક વિસ્તાર | 53,306 હેક્ટર | |
| ગ્રામ પંચાયત | 20 | |
| કુલ ગામો | 92 | |
| વસ્તી | કુલ | 55,368 |
| | પુરૂષ | 27,515 |
| | સ્ત્રી | 27,853 |
| અક્ષરજ્ઞાન (ટકા) | કુલ | 51.95 |
| | પુરૂષ | 53.64 |
| | સ્ત્રી | 41.04 |
| રસ્તા | રાજય ધોરી માર્ગો | 26.00 કિ.મી. |
| | પંચાયત માર્ગો | 274 કિ.મી. |
| નદીઓ | પૂર્ણા,ધોધળ, ગીરા | |
| પર્વતો | સહયાદ્રિ પર્વતોની હારમાળા | |
| વરસાદ | 100 થી 150 ઇંચ | |
| હવામાન | સુકુ હવામાન | |
| પાક | ડાંગર, જુવાર, કોદરા, નાગલી, (રાગી), વરય, તુવેર, અડદ, ખરસાણી, મગફળી | |
| પ્રાણી | ગૌ-ધન | 6,934 |


| | | |
|---|---|---|
| | ભેસ | 20,727 |
| | મરઘા-બતકા | 1,56,242 |
| ખનીજો | બ્લેક ટ્રેપ, રેતી, સામાન્ય માટી | |
| ભૌગોલીક વિસ્તાર | જંગલ વિસ્તાર | 24,864 હેકટર |
| | ખેતીની જમીન | 28,442 હેકટર |
| | સિંચાઇ વિસ્તાર | 500 હેકટર |
| જમીનના પ્રકાર | મધ્યમ, કાળી, ગોરાળુ | |
| પાવર સબ સ્ટેશન | 1 | |
| શિક્ષણ સંસ્થાઓ | પ્રાથમિક શાળા | 112 |
| | માધ્યમિક શાળા | 14 |
| | ઉચ્ચ.મા.શાળા | 6 |
| | આઇ.ટી.આઇ. | 1 |
| | આંગણવાડી | 129 |
| કામ કરનાર | કુલ કામ કરનાર | 29,434 |
| | ખેડુત | 18,481 |
| | ખેત મજુર | 9,331 |
| | સિમાંત કામ કરનાર | 5,977 |
| | કુલ કામ નહી કરનાર | 25,934 |
| વસ્તી ગીચતા | | 109 |
| જાતિ પ્રમાણ (દર 1000 પુરુષોએ સ્ત્રીઓ) | | 1,012 |
| મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્ર | 112 | |
| આરોગ્યની સુવિધા | પ્રા. આરોગ્ય કેન્દ્ર | 3- પિપલદહાડ,ગારખડી, શિંગાણા |
| | સી.એસ.સી | સુબીર |
| પશુ દવાખાના | સુબીર, પિપલદહાડ,ગારખડી, શિંગાણા, મહાલ, બરડીપાડા | |
| પશુ સારવાર કેન્દ્ર | 6 | |
| દુધ મંડળીઓ | 49 | |
| બેન્ક | 1 | |
| જંગલ મંડળી | 2 | |
| | | |

સુબીર તાલુકાનું મુખ્ય મથક સુબીર છે. સુબીર તાલુકામાં કુલ ગામો 92 છે અને ગ્રામ પંચાયતની સંખ્યા 20 છે. સુબીર તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર 53,306 હેક્ટર છે. જંગલ વિસ્તાર 24,864 હેકટર, ખેતીની જમીન 28,442 હેકટર અને સિંચાઇ વિસ્તાર 500 હેકટર છે. સુબીર તાલુકાની કુલ વસ્તી 55,368 છે, જેમાં પુરુષો 27,515 અને સ્ત્રીઓ 27,853 છે. વસ્તી ગીચતા 109 જેટલી છે. જાતીય ગુણોત્તરનું પ્રમાણ 1,012 જેટલુ જોવા મળે છે. સાક્ષરતાનું પ્રમાણ કુલ 51.95 ટકા છે, પુરુષોમાં 53.64 ટકા અને સ્ત્રીઓમાં 41.04 ટકા છે. સુબીર તાલુકામાં કુલ કામ કરનારા 29,434; ખેડુત 18,481; ખેત મજુર 9,331; સિમાંત કામ કરનાર 5,977 અને કુલ કામ નહી કરનાર 25,934 છે.

પ્રસ્તૃત સંશોધન અભ્યાસ ગુજરાતના ત્રણ જિલ્લાઓના ટ્રાઇબલ સબ પ્લાનના લાભાર્થીઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

પ્રકરણ: 4

# લાભાર્થી અને લાભાર્થીના કુટુંબની સામાન્ય માહિતીનું વિશ્લેષણ



**પસંદ કરેલા લાભાર્થીઓની માહિતી** : કોઈ પણ બાબતની તપાસ કે અભ્યાસ કરતાં પહેલા તેની સામાન્ય વિગતોથી વાકેફ થવું મહત્વનું છે. TSP ફંડ મૂલ્યાંકન અભ્યાસમાં સમાવેશ કરવામાં આવેલા કુલ 884 લાભાર્થીઓની સામાન્ય માહિતી, અને કૌટુંબિક માહિતી એકત્રિકરણના સાધન તરીકે અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવેલો છે.


પસંદ કરેલા તાલુકા (દાંતા, દાહોદ અને સુબીર)માં આદિવાસી પેટા યોજના અંતર્ગત ચાલતી યોજનાઓમાંથી કૃષિ વૈવિધ્યકરણ યોજના, સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ, સ્વરોજગાર લોન યોજના, રોજગારલક્ષી તાલીમ અને અન્ય (કેટલશેડ, તાડપત્રી, વિનોવીંગ ફેન) યોજનાઓના લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. જેની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

કોષ્ટક: 4.1 પસંદ કરેલા લાભાર્થીઓની માહિતી દર્શાવતું કોષ્ટક (તાલુકા અને યોજના)

| વિગત | તાલુકા | | | કુલ |
|---|---|---|---|---|
| | દાંતા | દાહોદ | સુબીર | |
| કૃષિ વૈવિધ્યકરણ | 89 (56.33) | 165 (34.23) | 21 (8.61) | 275 (31.11) |
| સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ | 65 (41.14) | 45 (9.34) | 42 (17.21) | 152 (17.19) |
| સ્વરોજગાર લોન યોજના | 4 (2.53) | 48 (9.96) | 152 (62.30) | 204 (23.08) |
| રોજગારલક્ષી તાલીમ | 0 (0) | 169 (35.06) | 21 (8.61) | 190 (21.49) |
| અન્ય (કેટલશેડ, તાડપત્રી, વિનોવીંગ ફેન) | 0 (0) | 55 (11.41) | 8 (3.28) | 63 (7.13) |
| કુલ | 158 (100) | 482 (100) | 244 (100) | 884 (100) |

નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે.

આકૃતિ: 4.1 પસંદ કરેલા લાભાર્થીઓની માહિતી (તાલુકા અને યોજના)



આદિવાસી પેટા યોજનાના મૂલ્યાંકન અભ્યાસમાં લાભાર્થીઓની સામાન્ય માહિતી તપાસવા માટે સૌપ્રથમ લાભાર્થી અને લાભાર્થીઓના કુટુંબની સામાન્ય બાબતોની રજુઆત કરવામાં આવી છે.

### 4.1 વસ્તી વિષયક માહિતી

વસ્તી- એ આર્થિક વિકાસને અસર કરતું મુખ્ય પરિબળ ગણવામાં આવે છે. વસ્તીના પ્રમાણ અને સાધનોના ઉપલબ્ધ પ્રમાણ વચ્ચે મહત્તમ સબંધ રહેલો હોય તો યોગ્ય આયોજન દ્વારા લોકોની આર્થિક સ્થિતિને સુધારી શકાય છે. આર્થિક સ્થિતિ સારી હોવાથી સમાજના લોકોનું જીવનધોરણ ઉંચુ આવે અને સામાજિક કલ્યાણનો ઉદ્દેશ સિધ્ધ થાય છે. આમ, વસ્તી એ આર્થિક અને સામાજિક બન્ને પાંસાઓને અસર કરતું પરિબળ છે. તેથી સામાન્ય માહિતીની તપાસવા માટે વસ્તીવિષયક માહિતીની સૌપ્રથમ રજૂઆત કરવામાં આવી છે.

આદિવાસી પેટા યોજનાના મૂલ્યાંકન અભ્યાસ અંતર્ગત પસંદ કરેલા દાહોદ, દાંતા અને સુબીર તાલુકામાંથી જુદી-જુદી યોજનાના પસંદ કરેલા 884 લાભાર્થીઓના કુટુંબોની કુલ સભ્ય સંખ્યા 4797 છે. આદિવાસી પેટા યોજના માત્ર આદિવાસી માટે હોવાથી તેના લાભાર્થીઓ અનુસૂચિત જનજાતિના જ હોય તે સ્વાભાવિક બાબત છે.

**કોષ્ટક: 4.2 લાભાર્થીઓની જાતિ દર્શાવતું કોષ્ટક**

| જાતિ | તાલુકા | | | કુલ |
|---|---|---|---|---|
| | દાંતા | દાહોદ | સુબીર | |
| **પુરુષ** | 87(55.1) | 417(86.5) | 199(81.6) | **703(79.5)** |
| **સ્ત્રી** | 71(44.9) | 65(13.5) | 45(18.4) | **181(20.5)** |
| **કુલ** | **158(100)** | **482(100)** | **244(100)** | **884(100)** |

**નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે.**

જાતિ પ્રમાણે વર્ગીકરણ દર્શાવતા ઉપરોક્ત કોષ્ટકમાં કુલ લાભાર્થીઓ 884 છે. અહીં સ્પષ્ટ છે કે મોટાભાગના લાભાર્થીઓ પુરુષ છે, જ્યારે સ્ત્રી લાભાર્થીઓનું પ્રમાણ માત્ર 20.5% જેટલું જોવા મળેલ છે. આ બાબતને જોતા ઉપરની દ્રષ્ટીએ એવું લાગે કે સમાજમાં પુરુષ વર્ચસ્વ ધરાવે છે. આ બાબતે લાભાર્થીઓના કુટુંબના અમુક સ્ત્રી સભ્યો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

તેઓને પુછવામાં આવ્યું કે વધારે લાભાર્થી પુરુષ જ કેમ જોવા મળે છે? તેઓના જણાવ્યાં અનુસાર જમીન પુરુષના નામની હોય અને મોટાભાગે યોજનાનો લાભ લેવા માટે તાલુકા પંચાયત કે ગ્રામ પંચાયતમાં જવાનું હોવાથી પુરુષ ઝડપથી જઇને કામ કરી શકે તેથી યોજનાનો લાભ લેવા માટે પુરુષનું નામ જ લખાવે છે. તેઓએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં ઘરના આર્થિક નિર્ણયો લેવામાં સ્ત્રીઓને પણ પૂછવામાં આવે છે. સ્ત્રી લાભાર્થીઓનું સૌથી વધુ પ્રમાણ દાંતામાં જોવા મળે છે, જ્યારે સૌથી ઓછુ પ્રમાણ દાહોદમાં જોવા મળે છે.

| કોષ્ટક: 4.3 લાભાર્થીના કુટુંબના સભ્યોની જાતિ દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| જાતિ | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| પુરુષ | 449(48.12) | 1110(48.90) | 845(53.01) | 2404(50.11) |
| સ્ત્રી | 484(51.88) | 1160(51.10) | 749(46.99) | 2393(49.89) |
| કુલ | 933(100) | 2270(100) | 1594(100) | 4797(100) |
| નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

કુલ લાભાર્થીઓના કુટુંબની સભ્ય સંખ્યા 4797 છે. જેમાં પુરુષ સભ્યો 50.11% અને સ્ત્રી સભ્યો 49.89% જેટલા જોઇ શકાય છે. આનો અર્થ એ પણ થાય કે આદિવાસી સમાજમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ સારું જોવા મળેલ છે. અહીં જાતીય ગુણોત્તરનું પ્રમાણ જોઈએ તો,

$$\text{કુલ જાતીય ગુણોત્તર} = \frac{\text{કુલ સ્ત્રીઓની સંખ્યા}}{\text{કુલ પુરુષોની સંખ્યા}} \times 1000$$

$$= \frac{2393}{2404} \times 1000 = 995.42$$

જાતીય ગુણોત્તરનું પ્રમાણ 995 જોવા મળે છે, જે ગુજરાત રાજ્યના વર્ષ 2011ના જાતીય ગુણોત્તરના પ્રમાણ 919 કરતાં વધુ જોવા મળેલ છે. અર્થાત જાતીય ગુણોત્તરનું પ્રમાણની ખૂબ જ સારી સ્થિતિ દર્શાવે છે. અહીં કુટુંબની સરેરાશ સભ્ય સંખ્યા 5 હોવાનું માલુમ પડેલ છે.

| કોષ્ટક: 4.4 લાભાર્થીની ઉંમર દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| ઉંમર | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| 18-25 | 0(0) | 63(13.1) | 4(1.6) | 67(7.6) |
| 26-45 | 103(65.2) | 413(85.7) | 133(54.5) | 649(73.4) |
| 46-60 | 55(34.8) | 6(1.2) | 82(33.6) | 143(16.2) |
| 61-99 | 0(0) | 0(0) | 25(10.2) | 25(2.8) |
| કુલ | 158(100) | 482(100) | 244(100) | 884(100) |
| નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

ઉપરોક્ત કોષ્ટકની વિગતો અનુસાર મોટાભાગના લાભાર્થીઓ (649) 26 થી 45 વર્ષની ઉંમરના જોવા મળેલ છે. જે કુલ લાભાર્થીના પ્રમાણમાં 73.4% જેટલા છે. 18 થી 25 અને 46 થી 60 વર્ષની ઉંમરના લાભાર્થીઓનું પ્રમાણ અનુક્રમે 7.6% અને 16.2% જોવા મળેલ છે. જ્યારે 60થી 99 વર્ષની ઉંમરના લાભાર્થીઓનું પ્રમાણ 2.8% જ છે.

પસંદ કરેલા વિસ્તાર અનુસાર જોઈએ તો 26 થી 45 વર્ષની વસતિ જૂથ ત્રણેય વિસ્તારમાં વધુ જોવા મળેલ છે, પરંતુ સરખામણીમાં દાહોદમાં સૌથી વધારે જોવા મળેલ છે.

| કોષ્ટક: 4.5 લાભાર્થીના ધર્મ દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| ધર્મ | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| હિંદુ | 158(100) | 480(99.6) | 223(91.4) | **861(97.4)** |
| ખ્રિસ્તી | 0(0) | 2(0.4) | 21(8.6) | **23(2.6)** |
| કુલ | **158(100)** | **482(100)** | **244(100)** | **884(100)** |
| નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

કોષ્ટકમાં જોવા મળે છે કે મોટાભાગના લાભાર્થીઓ હિંદુ ધર્મ પાળે છે, માત્ર 23 (2.6%) લાભાર્થી જ ખ્રિસ્તી ધર્મ પાળે છે. જે ખ્રિસ્તી ધર્મ પાળવાવાળાં લાભાર્થીઓ છે તેમાંથી મોટાભાગના સુબીરમાં જોવા મળેલ છે. દાંતામાં બધા જ (100%) લાભાર્થી હિંદુ ધર્મ પાળે છે. સુબીરમાં જે લાભાર્થીઓ ખ્રિસ્તી ધર્મ પાળે છે તેઓના સરકારી દસ્તાવેજોમાં હિંદુ ધર્મ લખેલો તેવું જાણવા મળેલ છે.

| કોષ્ટક: 4.6 લાભાર્થીનો વૈવાહિક દરજ્જો દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| વૈવાહિક દરજ્જો | દાંતા | દાહોદ | સુબીર | કુલ |
| પરણિત | 141(89.2) | 436(90.5) | 222(91.0) | **799(90.4)** |
| અપરણિત | 6(3.8) | 46(9.5) | 0(0) | **52(5.9)** |
| વિધવા | 10(6.3) | 0(0) | 11(4.5) | **21(2.4)** |
| વિધુર | 0(0) | 0(0) | 7(2.9) | **7(0.8)** |
| ત્યક્તા | 1(0.6) | 0(0) | 4(1.6) | **5(0.6)** |
| કુલ | **158(100)** | **482(100)** | **244(100)** | **884(100)** |
| નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

કોષ્ટકની માહિતી જોતા કહી શકાય કે કુલ લાભાર્થીઓમાંથી 90% થી વધારે લાભાર્થીઓ પરણિત જોવા મળેલ છે. જ્યારે અપરણિત લાભાર્થીઓનું પ્રમાણ 6%થી પણ ઓછું જોવા મળેલ છે. અહીં વધારે ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે ત્યાં વિધુર અને ત્યક્તા લાભાર્થીઓનું પ્રમાણ 1% થી પણ ઓછું જોવા મળેલ છે. એનું તારણ એ છે કે આ વિસ્તારમાં પુનઃલગ્નને સહજતાથી સ્વીકારવામાં આવે છે. સાથે-સાથે સ્ત્રી અને પુરુષ બન્નેને ફરી લગ્ન કરવાનો સમાન જ હક છે. તેથી છુટાછેડા લીધેલી કે વિધવા બનેલી સ્ત્રી ફરી લગ્ન કરી શકે છે. માત્ર ઉંમર વધારે થયા બાદ વિધૂર/વિધવા થયા પછી ફરી લગ્ન ન કરતાં હોવાથી સમયના ટુંકાગાળા સુધી વિધૂર/વિધવા તરીકે જીવન વિતાવવું પડે છે.

| કોષ્ટક: 4.7 લાભાર્થીના કુટુંબના સભ્યોનો વૈવાહિક દરજ્જો દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| વૈવાહિક દરજ્જો | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| પરણિત | 524(56.16) | 1368(60.26) | 782(49.06) | 2674(55.74) |
| અપરણિત | 409(43.84) | 902(39.74) | 812(50.94) | 2123(44.26) |
| કુલ | 933(100) | 2270(100) | 1594(100) | 4797(100) |
| નોંધ: કૌંસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

આદિવાસી પેટા યોજના ફંડ મૂલ્યાંકન અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવેલા કુટુંબોના સભ્યોનું વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવ્યું છે. કોઠામાં જોઇ શકાય છે કે 55.74% સભ્યો પરણિત છે, અને 44.26% સભ્યો અપરણિત છે. માહિતી પરથી કહી શકાય કે પરણિત અને અપરણિત સભ્યોના પ્રમાણમાં વધારે તફાવત જોવા મળતો નથી.

| કોષ્ટક: 4.8 ઉત્તરદાતાના કુટુંબના પ્રકારની માહિતી | | | | |
|---|---|---|---|---|
| કુટુંબનો પ્રકાર | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| સંયુક્ત | 105(66.5) | 146(30.3) | 231(94.7) | 482(54.5) |
| વિભક્ત | 53(33.5) | 336(69.7) | 13(5.3) | 402(45.5) |
| કુલ | 158(100) | 482(100) | 244(100) | 884(100) |
| નોંધ: કૌંસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

ઉપરોક્ત કોષ્ટક અનુસાર 482 (54.5%) લાભાર્થીઓ સંયુક્ત કુટુંબમાં રહે છે, જ્યારે 402 (45.5%) લાભાર્થીઓ વિભક્ત કુટુંબમાં રહે છે. સુબીર તાલુકામાં સંયુક્ત કુટુંબમાં રહેનારનું પ્રમાણ સૌથી વધું (94.7%) લાભાર્થીઓ છે, જ્યારે દાહોદ તાલુકામાં સૌથી ઓછુ (30.3%) જોવા મળે છે.

| કોષ્ટક: 4.9 લાભાર્થીના રેશનકાર્ડની માહિતી દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| કાર્ડનો પ્રકાર | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| અંત્યોદય | 13(8.2) | 15(3.1) | 5(2.0) | 33(3.7) |
| બી.પી.એલ | 135(85.4) | 322(66.8) | 233(95.5) | 690(78.1) |
| એ.પી.એલ. | 10(6.3) | 145(30.1) | 6(2.5) | 161(18.2) |
| કુલ | 158(100) | 482(100) | 244(100) | 884(100) |
| નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

ઉપરોક્ત કોષ્ટકમાં જોવા મળે છે કે કુલ 884 લાભાર્થીમાંથી મોટા ભાગના લાભાર્થીઓ બી.પી.એલ રેશનકાર્ડ ધરાવે છે, માત્ર 33 (3.7%) લાભાર્થીઓ જ અંત્યોદય રેશનકાર્ડ ધરાવે છે. 18.2% લાભાર્થીઓ એ.પી.એલ. રેશનકાર્ડ ધરાવે છે. અહીં એક બાબત નોંધવા જેવી એ છે કે બધા જ લાભાર્થી રેશનકાર્ડ ધરાવે છે. દાંતા અને દાહોદની સરખામણી મુજબ જોઈએ તો સુબીરમાં અંત્યોદય રેશનકાર્ડ ધરાવતા લાભાર્થી ઓછા જોવા મળે છે.

## 4.2 શિક્ષણ વિષયક માહિતી

“Education is not preparation for life; Education is life itself.”[1] - John Dewey

વિકાસના કાર્યક્રમોમાં શિક્ષણ એ અગત્યના ક્રમે આવે છે. વિકાસના માપદંડ તરીકે પણ સાક્ષરતાનું ધોરણ મહત્વનો ભાગ ભજવે છે. શિક્ષણ વિના માણસની બૌદ્ધિક તાલીમ અધુરી છે. સામાજિક જીવન પદ્ધતિમાં શિક્ષણ અતિ આવશ્યક છે. શિક્ષણ એ માનવીના બૌદ્ધિક વિકાસ માટે પાયાની જરૂરીયાત છે. શિક્ષણ દ્વારા વ્યક્તિ પોતાની કલા અને કૌશલ્યનો યોગ્ય ઉપયોગ કરીને સ્વરોજગારી પ્રાપ્ત કરી શકે છે. ટૂંકમાં, શિક્ષણ એ માનવી માટે ઉન્નતિ કરનાર અને આવશ્યક પરિબળ છે.

| કોષ્ટક: 4.10 લાભાર્થીના શિક્ષણની માહિતી દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| શિક્ષણનું પ્રમાણ | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| નિરક્ષર | 84(53.2) | 79(16.4) | 77(31.6) | 240(27.1) |
| પ્રાથમિક | 46(29.1) | 273(56.6) | 103(42.2) | 422(47.7) |
| માધ્યમિક | 28(17.7) | 95(19.7) | 47(19.3) | 170(19.2) |
| ઉચ્ચ-માધ્યમિક | 0(0) | 35(7.3) | 6(2.5) | 41(4.6) |
| સ્નાતક | 0(0) | 0(0) | 9(3.7) | 9(1.0) |
| અનુસ્નાતક | 0(0) | 0(0) | 2(0.8) | 2(0.2) |
| કુલ | 158(100) | 482(100) | 244(100) | 884(100) |
| નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

[1] www.bnsatnalikafoundation.org/pdf/importance%20of20education2.pdf

કોઈ પણ સમાજના વિકાસના સ્વરૂપને સમજવા માટે તે સમાજમાં શિક્ષણનું સ્તર કેવું છે તે જાણવું મહત્વનું છે, કારણકે શિક્ષણ- એ વિકાસનો પાયો છે. કુલ લાભાર્થીઓમાંથી લગભગ અડધા (47.7%) લાભાર્થીઓ પ્રાથમિક શાળા સુધીનો અભ્યાસ કરેલા જોવા મળેલ છે, જ્યારે 27.1% લાભાર્થીઓ નિરક્ષર છે. માત્ર દાંતામાં જોઇએ તો અડધા લાભાર્થીઓ નિરક્ષર અને લગભગ 30% લાભાર્થીઓ પ્રાથમિક શાળા સુધી શિક્ષણ પ્રાપ્ત કરેલા છે.


કુલ લાભાર્થીઓમાં સ્નાતક અને તેથી વધારે અભ્યાસ કરેલા લાભાર્થીઓનું પ્રમાણ માત્ર 1.2% જ જોવા મળેલ છે. પરંતુ બદલાતા સમયમાં આજે જે લાભાર્થીઓ નિરક્ષર છે તેઓ પણ હવે તેમના બાળકોને ભણાવે છે. અહીં એવું જાણવા મળ્યું કે નિરક્ષર અને ભણેલા બંને લાભાર્થીઓ બાળકોના શિક્ષણ પ્રત્યે જાગૃત છે.

**કોષ્ટક: 4.11 લાભાર્થીના કુટુંબના સભ્યોનું શિક્ષણ દર્શાવતું કોષ્ટક**

| શિક્ષણનું પ્રમાણ | તાલુકા | | | કુલ |
|---|---|---|---|---|
| | દાંતા | દાહોદ | સુબીર | |
| નિરક્ષર | 256(27.44) | 559(24.63) | 310(19.45) | 1125(23.45) |
| પ્રાથમિક | 320(34.30) | 883(38.90) | 507(31.81) | 1710(35.65) |
| માધ્યમિક | 216(23.15) | 588(25.90) | 362(22.71) | 1166(24.31) |
| ઉચ્ચ માધ્યમિક | 70(7.50) | 94(4.14) | 171(10.73) | 335(6.98) |
| સ્નાતક | 24(2.57) | 8(0.35) | 79(4.95) | 111(2.31) |
| અનુસ્નાતક | 5(0.54) | 0(0) | 17(1.07) | 22(0.46) |
| બાળકો | 42(4.50) | 138(6.08) | 148(9.28) | 328(6.84) |
| કુલ | 933(100) | 2270(100) | 1594(100) | 4797(100) |

નોંધ: કૌંસના આંકડા ટકા દર્શાવે છે.

**આકૃતિ: 4.2 પસંદ લાભાર્થીના કુટુંબના સભ્યોના શિક્ષણની માહિતી**



આદિવાસી પેટા યોજના ફંડ મૂલ્યાંકન અભ્યાસમાં પસંદ કરેલા કુલ 884 કુટુંબના સભ્યોના શિક્ષણ અંગેની માહિતી મેળવવામાં આવી હતી. અહીં ચાલું શિક્ષણ અને જેમનું શિક્ષણ પૂર્ણ થયેલ હોય તેવા સભ્યોનો સમાવેશ પણ કરવામાં આવેલો છે. 4797 સભ્ય સંખ્યા સામે 1125 નિરક્ષર સભ્ય જોવા મળ્યા હતાં, જે કુલ સભ્ય સંખ્યાના 23.45% જેટલા છે. આ જોતા એમ કહીં શકાય કે આ કુટુંબોમાં સાક્ષરતાનું પ્રમાણ સારું હતું.

આંગણવાડીમાં જતા બાળકોની સંખ્યા 328 જેટલી છે તે કુલ સભ્ય સંખ્યાના 6.84% જેટલી છે. ગામે ગામ આંગણવાડી ચાલતી હોય તેમાં તેમના નાના બાળકોને મોકલે છે એવું જોવા મળેલ છે. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં અને અભ્યાસ પૂર્ણ કર્યો હોય તેવાં સભ્યોની સંખ્યા 35.65% જેટલી છે. માધ્યમિક શાળા સુધી અભ્યાસ કરેલા સભ્યોનું પ્રમાણ 24.31% જેટલું જોવા મળે છે, જે ઘણું વધારે કહી શકાય. ઉચ્ચ-માધ્યમિક, સ્નાતક અને અનુસ્નાતક સુધી અભ્યાસ કરતાં સભ્યો અનુક્રમે 6.98, 2.31 અને 0.46 છે, ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરેલા સભ્યોનું પ્રમાણ ખૂબ ઓછું કહી શકાય.

**કાચો સાક્ષરતા દર:**

$$= \frac{\text{કુલ ભણેલાની સંખ્યા}}{\text{કુલ વસ્તી}} \times 100$$

$$= \frac{3344}{4797} \times 100 = 69.71\%$$

આમ, કાચો સાક્ષરતા દર 69.71% જેટલો જોવા મળે છે.

**ચોખ્ખો સાક્ષરતા દર:**

$$= \frac{\text{કુલ ભણેલાની સંખ્યા}}{\text{કુલ વસ્તી- બાળકો}} \times 100$$

$$= \frac{3344}{4797 - 328} \times 100 = 74.83\%$$

આમ, ચોખ્ખો સાક્ષરતા દર 74.83% જેટલો જોવા મળે છે, જે 2011 મુજબ ગુજરાત રાજ્યના સાક્ષરતા દર (78.3%) કરતાં ઓછો જોવા મળે છે.

સમગ્ર શિક્ષણ દર્શાવતા આંકડાઓ, કાચો સાક્ષરતા દર અને ચોખ્ખો સાક્ષરતા દર જોતાં એમ કહી શકાય કે શિક્ષણનું પ્રમાણ સારું છે, પરંતું ઉચ્ચ-શિક્ષણ અંગે ગંભીરતાથી વિચારવું આવશ્યક છે. ઉચ્ચ-શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાનું મુખ્ય કારણ કોલેજની સુવિધા ઘરથી દૂર હોવાનું જાણવાં મળ્યું છે. જે 0 થી 6 વર્ષના બાળકો છે તેમાંથી મોટાભાગના બાળકો આંગણવાડીમાં જાય છે, જે બાળકો આંગણવાડીમાં નથી જતાં તેનું મુખ્ય કારણ આંગણવાડી ઘરથી દૂર હોવાનું જણાયું છે.

## 4.3 રહેઠાણની માહિતી

મકાન એ લાભાર્થીની પ્રાથમિક સુવિધા કહેવાય, જ્યાં લાભાર્થી વસવાટ કરે છે. આ જગ્યા અંગેની માહિતી નીચેના કોષ્ટકમાં છે.

**કોષ્ટક: 4.12 મકાનના પ્રકાર અને ઓરડાની માહિતી દર્શાવતું કોષ્ટક**

| તાલુકા | મકાનનો પ્રકાર | | | ઓરડાની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|
| | કાચું | અર્ધકાચું | પાકું | 1 | 2 | 2 થી વધું |
| દાંતા | 71 | 40 | 47 | 33 | 40 | 85 |
| દાહોદ | 274 | 171 | 37 | 7 | 261 | 214 |
| સુબીર | 145 | 80 | 19 | 94 | 83 | 67 |
| **કુલ** | **490** | **291** | **103** | **134** | **384** | **366** |
| | **55.4** | **11.7** | **32.9** | **15.2** | **43.4** | **41.3** |

કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે કુલ 884 લાભાર્થીઓમાંથી 490 લાભાર્થીઓ ઝુંપડા અને કાચા મકાનમાં વસવાટ કરે છે. જે કુલ મકાનોના 55.4 ટ્કા થાય છે. આમ હજુ પણ આદિવાસી વિસ્તારમાં ઘણા મકાનો કાચા અને પરંપરાગત જોવા મળેલ છે. 103 (11.7%) મકાનો અર્ધ-પાકા જોવા મળેલ છે. 291 મકાનો પાકા જોવા મળે છે, જે કુલ મકાનોના 32.9% જેટલા થાય છે. તાલુકા અનુસાર જોઈએ તો સૌથી વધુ પ્રમાણમાં દાહોદમાં કાચા મકાનો જોવા મળેલ છે. ખાસ સુવિધા ઉપલબ્ધ હોય તેવા મકાનો અને સાથે-સાથે પરંપરાગત ઘરોની બાંધણી પ્રમાણેના મકાનો હજુ પણ જોવા મળે છે.

તે જ રીતે ફક્ત એક ઓરડાવાળા 134 મકાનો જોવા મળ્યા હતાં. જે કુલ લાભાર્થીઓના મકાનોના 15.2% જેટલા થાય છે. ઉપરોક્ત કોષ્ટકમાં જોઈએ તો બે ઓરડાવાળા મકાનો 43.4% જોવા મળેલ છે. બેથી વધુ ઓરડાવાળા મકાન 41.3% જેટલા જોવા મળેલ છે. અહીં એક ઓરડા એટલે ચાર દિવાલો વચ્ચેનો એક જ ઓરડો જેમાં ઓસરી પણ ન હોય. અને બે ઓરડા એટલે મકાનની પરસાર અને અંદરના ભાગ મળીને જે પાર્ટીશન હોય છે તેવા મકાનો. આનો અર્થ એ થાય કે હજુ પણ મકાનોની સ્થિતી પરંપરાગત છે.

## 4.4 માળખાગત સુવિધાની માહિતી:

આદિવાસી પેટા યોજનાના મૂલ્યાંકન અભ્યાસ અંતર્ગત પસંદ કરેલા ત્રણ તાલુકા (દાંતા, દાહોદ અને સુબીર)માંથી પસંદ કરવામાં આવેલા લાભાર્થીઓને પ્રાપ્ય માળખાગત સુવિધાઓનો પરિચય અહીં કરવામાં આવ્યો છે.

| કોષ્ટક: 4.13 ઉપલબ્ધ માળખાગત સુવિધાની વિગત દર્શાવતું કોષ્ટક | | | | | |
|---|---|---|---|---|---|
| સુવિધા | | તાલુકા | | | કુલ |
| | | દાંતા | દાહોદ | સુબીર | |
| પીવાનું શુધ્ધ પાણી | ના | 3(1.9) | 18(3.73) | 3(1.23) | 24(2.71) |
| | હા | 122(77.22) | 411(85.27) | 240(98.36) | 773(87.44) |
| | જાણ નથી | 33(20.89) | 53(11) | 1(0.41) | 87(9.84) |
| | **કુલ** | **158(100)** | **482(100)** | **244(100)** | **884(100)** |
| વીજળી | ના | 6(3.8) | 0(0) | 22(9.02) | 28(3.17) |
| | હા | 152(96.2) | 482(100) | 222(90.98) | 856(96.83) |
| | **કુલ** | **158(100)** | **482(100)** | **244(100)** | **884(100)** |
| શૌચાલય | ના | 59(37.34) | 52(10.59) | 36(14.75) | 147(16.63) |
| | હા | 99(62.66) | 430(89.21) | 208(85.25) | 737(83.37) |
| | **કુલ** | **158(100)** | **482(100)** | **244(100)** | **884(100)** |
| ગટર | ના | 158(100) | 481(99.79) | 244(100) | 883(99.89) |
| | હા | 0(0) | 1(0.21) | 0(0) | 1(0.11) |
| | **કુલ** | **158(100)** | **482(100)** | **244(100)** | **884(100)** |
| નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | | | |

પસંદ કરવામાં આવેલા લાભાર્થીઓને ઉપલબ્ધ માળખાગત સુવિધાની વિગતના કોષ્ટક પરથી જાણવા મળે છે કે કુલ 884 લાભાર્થીઓમાંથી 773(87.44%) લાભાર્થીઓને શુધ્ધ પીવાના પાણીની સુવિધા મળેલ છે. 87(9.84%) લાભાર્થીઓ એવા છે કે જેમને મળતું પીવાનું પાણી શુધ્ધ છે કે નહી તેની જાણ નથી.

પીવાના પાણીની સુવિધાના સ્રોતોની માહિતી અનુસાર અડધાથી વધારે (51.6%) લાભાર્થીઓ પીવાનું પાણી હેંડપંપથી મેળવે છે. આ સિવાય અન્ય સ્રોતો જેવા કે કુવો, બોર અને નળમાંથી પાણી મેળવતાં લાભાર્થીઓ અનુક્રમે 229 (25.9%), 184 (20.8%) અને 15 (1.7%) જોવા મળે છે.

કુલ લાભાર્થીઓમાંથી 96.83% લાભાર્થીઓને વીજળીની સુવિધા મળેલ છે. જે લોકોને વીજળીની સુવિધા મળે છે તેમાંથી ઘણા વિસ્તારોમાં ચોમાસામાં ઘણા દિવસો સુધી વીજળીનો પુરવઠો મળતો બંધ થઇ જાય છે. જે લાભાર્થીઓને વીજળીની સુવિધાનો લાભ નથી મળતો તેમાંથી થોડા કુટુંબ એવા પણ હતાં જેઓ વીજળીનો લાભ લેવા માંગતા જ નથી.

કુલ 884 લાભાર્થીઓમાંથી મોટાભાગના 83.37% લાભાર્થીઓને ત્યાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે. જે લાભાર્થીઓને ત્યાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે તેમાંથી મોટાભાગના લાભાર્થીઓએ સરકારી યોજના અંતર્ગત

શૌચાલય બનાવ્યાં છે તેવી માહિતી મળી છે. જેઓ શૌચાલયની સુવિધા નથી ધરાવતાં તેમાંથી ઘણા લાભાર્થીઓના નામ સરકારી યોજના અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યાં ન હતાં તેથી તેઓને ત્યાં શૌચાલયની સુવિધા નથી.

કુલ લાભાર્થીઓમાંથી 99.89% લાભાર્થીઓને ત્યાં ગટરની વ્યવસ્થા નથી. જે લાભાર્થી ગટરની સુવિધા ધરાવે છે તે દાહોદ શહેરમાં વસવાટ કરે છે. અન્ય લાભાર્થીઓ ગામડામાં વસવાટ કરતાં જોવા મળે છે જેઓ ગટરની સુવિધાનો લાભ ધરાવતા નથી.

કોષ્ટક: 4.14 ઘરથી માળખાગત સુવિધાનું અંતર દર્શાવતું કોષ્ટક

| સુવિધાનું અંતર | | તાલુકા | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | દાંતા | દાહોદ | સુબીર | |
| પ્રાથમિક શાળા | 1 કિ.મી. સુધી | 69(43.67) | 32(6.64) | 217(88.93) | **318(35.97)** |
| | 1થી5 કિ.મી. સુધી | 89(56.33) | 450(93.36) | 23(9.43) | **562(63.57)** |
| | 5 કિ.મી.થી વધારે | 0(0) | 0(0) | 4(1.64) | **4(0.45)** |
| | **કુલ** | **158(100)** | **482(100)** | **244(100)** | **884(100)** |
| આરોગ્ય કેન્દ્ર | 1 કિ.મી. સુધી | 59(37.34) | 59(12.24) | 99(40.57) | **217(24.55)** |
| | 1થી5 કિ.મી. સુધી | 95(60.13) | 422(87.55) | 31(12.7) | **548(61.99)** |
| | 5 કિ.મી.થી વધારે | 4(2.53) | 1(0.21) | 114(46.72) | **119(13.46)** |
| | **કુલ** | **158(100)** | **482(100)** | **244(100)** | **884(100)** |
| આંગણવાડી | 1 કિ.મી. સુધી | 76(48.1) | 122(25.31) | 226(92.62) | **424(47.96)** |
| | 1થી5 કિ.મી. સુધી | 82(51.9) | 359(74.48) | 16(6.56) | **457(51.7)** |
| | 5 કિ.મી.થી વધારે | 0(0) | 1(0.21) | 2(0.82) | **3(0.34)** |
| | **કુલ** | **158(100)** | **482(100)** | **244(100)** | **884(100)** |
| રોડનું અંતર | 1 કિ.મી. સુધી | 76(48.1) | 172(35.68) | 244(100) | **492(55.66)** |
| | 1થી5 કિ.મી. સુધી | 82(51.9) | 309(64.11) | 0(0) | **391(44.23)** |
| | 5 કિ.મી.થી વધારે | 0(0) | 1(0.21) | 0(0) | **1(0.11)** |
| | **કુલ** | **158(100)** | **482(100)** | **244(100)** | **884(100)** |
| ઘરથી તાલુકાનું અંતર | 5 કિ.મી. સુધી | 0(0) | 1(0.21) | 4(1.64) | **5(0.57)** |
| | 6 થી 10 કિ.મી. | 0(0) | 31(6.43) | 53(21.72) | **84(9.5)** |
| | 10 કિ.મી.થી વધારે | 158(100) | 450(93.36) | 187(76.64) | **795(89.93)** |
| | **કુલ** | **158(100)** | **482(100)** | **244(100)** | **884(100)** |

નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે.

884 લાભાર્થીઓના ઘરથી પ્રાથમિક શાળાનું અંતર જોઈએ તો 318 (35.97%) લાભાર્થીઓને પ્રાથમિક શાળાની સુવિધા 1 કિ.મી. સુધીમાં મળી રહે છે, જ્યારે 562 (63.57%) લાભાર્થીઓને 1 થી 5 કિ.મી.માં સુવિધા મળે છે. 4 (0.45%) લાભાર્થીઓને 5 કિ.મી.થી વધુ અંતરે પ્રાથમિક શાળાની સુવિધા છે. લાભાર્થીઓ અને લાભાર્થીઓના કુટુંબના સભ્યોના મત અનુસાર પ્રાથમિક શાળા 1 કિ.મી.ની અંદર હોવી જોઈએ. પ્રાથમિક શાળા વધારે દૂર હોવાથી બાળકોને શાળાએ મોકલવામાં વધુ મુશ્કેલીઓ સર્જાય છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધાની માહિતી અનુસાર પસંદ કરેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 217 (24.55%) લાભાર્થીઓને ઘરથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું અંતર 1 કિ.મી. સુધીમાં મળી રહે છે, જ્યારે 548(61.99%) લાભાર્થીઓને 1 થી 5 કિ.મી.માં આરોગ્યની સુવિધા મળેલ છે. 119(13.46%) લાભાર્થીઓને 5 કિ.મી.થી વધુ અંતરે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા છે.

884 લાભાર્થીઓના ઘરથી આંગણવાડી કેન્દ્રની સુવિધાનું અંતર જોઈએ તો 424 (47.96%) લાભાર્થીઓને આંગણવાડી કેન્દ્રની સુવિધા 1 કિ.મી. સુધીમાં મળી રહે છે, જ્યારે 457 (51.7%) લાભાર્થીઓને 1 થી 5 કિ.મી.માં આંગણવાડી કેન્દ્ર સુવિધા મળેલ છે. માત્ર 3 (0.34%) લાભાર્થીઓને 5 કિ.મી.થી વધુ અંતરે સુવિધા લેવા જવું પડે છે.

પસંદ કરેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 492 (55.66%) લાભાર્થીઓને ઘરથી 1 કિ.મી. રોડ દૂર છે, જ્યારે 391(44.23%) લાભાર્થીને 1 થી 5 કિ.મી.માં રોડ છે. 1 લાભાર્થીને 5 કિ.મી.થી વધુ અંતરે છે. 736(83.25%) લાભાર્થીઓને ગામમાં સરકારી બસની સુવિધા મળી રહે છે. લાભાર્થીઓના ઘરથી તાલુકા કેન્દ્રનું અંતર જોઈએ તો મોટાભાગના લાભાર્થીઓના ઘરથી તાલુકા કેન્દ્રની સુવિધાનું અંતર 10 કિ.મી.થી વધારે આવેલું છે. 89(10.7%) લાભાર્થીઓનું ઘર તાલુકા કેન્દ્રથી 10 કિ.મી.ની અંદર આવેલું છે.

### 4.5 વ્યવસાયિક દરજ્જાની માહિતી:

કોઇપણ દેશ, રાજ્ય કે વિસ્તારના આર્થિક પરિવર્તનમાં કુદરતી સંપત્તિ તથા માનવસંપત્તિ નિર્ણાયક ભૂમિકા ભજવતી હોય છે. આર્થિક બાબતોને જીવનનું મહત્વનું અંગ માનવામાં આવે છે. અહીં પસંદ કરેલા વિસ્તારના વ્યવસાય અંગેની ચર્ચા કરીશું.

કોઇપણ પ્રવૃત્તિમાં શારીરિક અથવા માનસિક ભાગીદારી એટલે કાર્ય. આવાં કાર્ય સાથે જોડાયેલાં લોકોને કામદારો કહી શકાય. કાર્ય એટલે ખરેખર વાસ્તવિક કામ એવો અર્થ થતો નથી. કુટુંબમાં અને ખેતીમાં વગર મહેનતાણાથી જે પ્રવૃત્તિઓ થાય છે તેને પણ કાર્ય તરીકે ઓળખવામાં આવે છે.

| કોષ્ટક: 4.15 લાભાર્થી કુટુંબના સભ્યોનો વ્યવસાયિક દરજ્જો દર્શાવતું કોષ્ટક | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકા | | કામ કરનાર | | | કામ નહી કરનાર | | | કુલ | | |
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| દાંતા | | 268 | 206 | 474 | 181 | 278 | 459 | 449 | 484 | 933 |
| દાહોદ | | 673 | 485 | 1158 | 437 | 675 | 1112 | 1110 | 1160 | 2270 |
| સુબીર | | 378 | 351 | 729 | 467 | 398 | 865 | 845 | 749 | 1594 |
| કુલ | સંખ્યા | 1319 | 1042 | 2361 | 1085 | 1351 | 2436 | 2404 | 2393 | 4797 |
| | ટકા | 27.50 | 21.72 | 49.22 | 22.62 | 28.16 | 50.78 | 50.11 | 49.89 | 100 |

પસંદ કરેલા કુટુંબોની કુલ સભ્ય સંખ્યા 4,797 છે, જેમાંથી 2,361 (49.22%) લોકો કાર્ય સાથે જોડાયેલા છે. કુલ કાર્ય કરતાં લોકોમાંથી 1,319 (55.87%) પુરુષો અને 1,042 (44.13%) સ્ત્રીઓનું પ્રમાણ જોવા મળેલ છે. કુટુંબના સભ્યોનો વ્યવસાયિક દરજ્જો દર્શાવતા કોષ્ટક જોવાથી સ્પષ્ટ થાય છે કે કુટુંબના મુખ્ય વ્યક્તિને સાથે અન્ય સભ્યો પણ કામમાં જોડાયેલા હોય છે. ગ્રામિણ અર્થવ્યવસ્થામાં કુટુંબના મુખ્ય વ્યક્તિને કામ કરનારનો દરજ્જો મળે છે પણ પુખ્તવયના દરેક સભ્ય પોતાના ખેતરમાં, પશુપાલનમાં તેમ જ અન્ય કામોમાં પણ કુટુંબના મુખ્ય કામ કરનાર વ્યક્તિ સાથે જોડાયેલા જ હોય છે. એમાં પણ જે કુટુંબના સભ્યો પાસે વ્યવસાયના સાધનો એટલે કે જમીનનું પ્રમાણ ઓછું હોય અને પશુઓની સંખ્યા પણ ઓછી હોય તેવા કુટુંબોના સભ્યો અન્ય વ્યવસાય કરવા તરફ વળે છે. કોઈ કુટુંબ પોતાનો પરંપરાગત વ્યવસાય કરતો હોય તેમાં કુટુંબના અન્ય સભ્યોનો સહકાર અને મદદ રહેલી જ હોય છે. આદિવાસી સમાજ વ્યવસ્થામાં પુરુષ અને સ્ત્રી સમાન આર્થિક દરજ્જો સમાન ભોગવે છે.

| કોષ્ટક: 4.16 લાભાર્થીના કુટુંબના મુખ્ય વ્યવસાયની માહિતી દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| મુખ્ય વ્યવસાય | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| ખેતી | 151(95.6) | 419(86.9) | 234(95.1) | 804(91.0) |
| પશુપાલન | 3(1.9) | 10(2.1) | 0(0) | 13(1.5) |
| છુટક મજૂરી | 0(0) | 11(2.3) | 4(1.6) | 15(1.7) |
| કડીયા કામ | 0(0) | 0(0) | 6(2.5) | 6(0.7) |
| દૂકાન | 4(2.5) | 8(1.7) | 0(0) | 12(1.4) |
| સિવણ કામ | 0(0) | 34(7.1) | 0(0) | 34(3.8) |
| કુલ | 158(100) | 482(100) | 244(100) | 884(100) |
| નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

મુખ્ય વ્યવસાયની વિગતો તપાસતાં પહેલા મુખ્ય વ્યવસાયનો અર્થ સમજવો આવશ્યક છે. જે વ્યવસાયમાંથી કુટુંબને વધારે વાર્ષિક આવક પ્રાપ્ત થાય છે તે વ્યવસાયને અહીં મુખ્ય વ્યવસાય તરીકે ગણાવામાં આવ્યો છે.

લાભાર્થી કુટુંબોના મુખ્ય વ્યવસાયની વિગતો તપાસતા જોવા મળે છે કે ખેતી કરતા કુટુંબોની સંખ્યા 804 છે, જે કુલ કુટુંબોની સંખ્યાના 91% છે. આથી કહી શકાય કે મોટાભાગના કુટુંબો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. દાંતા અને દાહોદમાં ખેતી કરતા કુટુંબોનું પ્રમાણ 95% કરતાં પણ વધારે જોવા મળેલ છે. ખેતી એ પેઢીગત ચાલતો વ્યવસાય હોવાથી વધારે લોકો ખેતી કરે છે એવું ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળ્યું હતું. આમ, આદિવાસી વિસ્તારનો મુખ્ય વ્યવસાય ખેતી જ છે. તેથી એમ કહી શકાય કે હજુ અન્ય વ્યવસાયો તરફ આદિવાસી કુટુંબોનું પ્રમાણ ઘણું અલ્પ છે.

અહીં મુખ્ય વ્યવસાય પશુપાલન હોય તેવાં માત્ર 13 (1.5%)કુટુંબો જ જોવા મળેલ છે. આનું કારણ એ છે કે પશુપાલન એ ગૌણ વ્યવસાય તરીકે પસંદ કરવામાં આવે છે. મુખ્ય વ્યવસાય તરીકે છૂટક મજૂરી, કડીયા કામ, દુકાન અને સિવણ કામ કરતાં કુટુંબોનું પ્રમાણ અનુક્રમે 1.7%, 0.7%, 1.4% અને 3.8% જોવા મળેલ છે. મુખ્ય વ્યવસાયમાં છૂટક મજૂરી કરતાં કુટુંબો જમીન વિહોણા અથવા ઓછી જમીન ધરાવતાં હોવાનું જાણવાં મળ્યું હતું.

**કોષ્ટક: 4.17 લાભાર્થીના કુટુંબના ગૌણ વ્યવસાયની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ગૌણ વ્યવસાય | તાલુકા | | | કુલ |
|---|---|---|---|---|
| | દાંતા | દાહોદ | સુબીર | |
| ના | 3(1.9) | 47(9.8) | 3(1.2) | 53(6.0) |
| ખેતી | 2(1.3) | 35(7.3) | 5(2.0) | 42(4.8) |
| પશુપાલન | 141(89.2) | 150(31.1) | 124(50.8) | 415(46.9) |
| છુટક મજૂરી | 12(7.6) | 244(50.6) | 70(28.7) | 326(36.9) |
| સુથારી/લુહારી | 0(0) | 0(0) | 3(1.2) | 3(0.3) |
| મરઘાપાલન | 0(0) | 0(0) | 12(4.9) | 12(1.4) |
| કડીયા કામ | 0(0) | 0(0) | 11(4.5) | 11(1.2) |
| દુકાન | 0(0) | 6(1.2) | 16(6.6) | 22(2.5) |
| કુલ | 158(100) | 482(100) | 244(100) | 884(100) |

નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે.


ઉપરોક્ત કોષ્ટકમાં જોવા મળે છે કે માત્ર 4.8% કુટુંબો જ ખેતીને ગૌણ વ્યવસાય તરીકે પસંદ કરે છે. તેનું કારણ એ છે કે ખેતી એ આ પ્રદેશનોમુખ્ય વ્યવસાય છે. કુલ કુટુંબોના 46.9% કુટુંબોનો ગૌણ વ્યવસાય પશુપાલન છે. પશુપાલન એ ખેતીનો પૂરક વ્યવસાય હોવાથી ખેતી કરતાં લોકો તેને ગૌણ વ્યવસાય તરીકે પસંદ કરે છે. પશુપાલનના વ્યવસાયની મોટાભાગની જવાબદારી કુટુંબના સ્ત્રી સભ્યની જોવા મળે છે.

ગૌણ વ્યવસાય તરીકે 326 (36.9%)કુટુંબો છુટક મજૂરી કરે છે, તેમાંથી 244 કુટુંબો તો માત્ર દાહોદના જ જોવા મળેલ છે. ગૌણ વ્યવસાય તરીકે સુથારી/લુહારી કામ, કડીયા કામ, મરઘા પાલન, દૂકાન વગેરે વ્યવસાય નહિવત


પ્રમાણમાં જોવા મળેલ છે. 53 (6%) એવાં કુટુંબો છે કે જેઓ કોઇ પણ પ્રકારનો ગૌણ વ્યવસાય કરતા નથી.

આદિવાસી સમાજમાં લોકો મુખ્ય કામ તરીકે મુખ્યત્વે ખેતી, પશુપાલન અને છુટક મજૂરી કરતાં જોવા મળે છે. તેઓ વર્ષોથી ખેતી કરતાં આવ્યાં છે. વ્યવસાય અનુસાર જોઇએ તો આદિવાસી સમાજ ખેતી આધારિત છે. ખેતી એ તેમનો મુખ્ય વ્યવસાય અથવા જીવનનિર્વાહનું મુખ્ય સાધન ગણાવી શકાય. સાથે-સાથે પશુધન પણ તેમની અર્થવ્યવસ્થાની મહત્વની મિલકત બને છે, ધીમે ધીમે તેઓ અન્ય વ્યવસાયો પણ કરવા લાગ્યા છે. આદિવાસી વિસ્તારોમાં સ્ત્રીઓ અને પુરુષો વિવિધ પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. કેટલાક લોકો એક કરતાં વધારે પ્રવૃત્તિઓ કરતાં જોવા મળ્યાં છે. આમ, લાભાર્થીઓના કુટુંબના મુખ્ય અને ગૌણ વ્યવસાય વિશેની માહિતી નીચેની આકૃતિ પરથી વધુ સ્પષ્ટ થાય છે.

**આકૃતિ: 4.3 લાભાર્થીના કુટુંબનો મુખ્ય વ્યવસાય**




**આકૃતિ: 4.4 લાભાર્થીના કુટુંબનો ગૌણ વ્યવસાય**





## 4.6 ખેતીની માહિતી

ભારતીય ગ્રામીણ અર્થવ્યવસ્થામાં ખેતી અને જમીન મહત્વનું અંગ છે. એટલે જ ભારત રોજગારીની દ્રષ્ટિએ ખેતી પ્રધાન દેશ તરીકે ઓળખાય છે. એક જીવન-વ્યવસ્થાના ભાગ તરીકે પણ ખેતી વણાયેલી છે. જમીનમાંથી ઊપજ મેળવવી એ અન્ય સમુદાયોની જેમ આદિવાસી સમુદાયમાં પણ જોવા મળે છે. આમ પણ આદિવાસી પોતાના પરંપરાગત વ્યવસાય સ્વરૂપે પણ પ્રાથમિક ખેતી, જંગલી ખેતી, વાડાખેતી અને ઘર ખેતી કરતાં આવ્યાં છે. આમ, પોતાના ઉપયોગ માટે આદિવાસીને થોડી પણ જમીન મળે ત્યાં ઓછાં-વત્તા પ્રમાણમાં શાકભાજીથી માંડીને સ્થાનિક અનાજ સુધીની ખેતી કરતા આવ્યાં છે. આ અનુસંધાને અભ્યાસમાં પસંદ કરેલા લાભાર્થીઓ કે જેઓ આના સિવાય પણ અન્ય વ્યવસાય કરવા માટે તત્પર છે કે પૂરક રોજી મેળવવા ઇચ્છુક છે તેવા કુટુંબોની ખેતીલાયક જમીન વિશેની માહિતી મેળવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આદિવાસી પેટા યોજના ફંડ મૂલ્યાંકન અભ્યાસમાં પસંદ કરવામાં આવેલા કુલ 884 કુટુંબોમાંથી 846 (95.70%) કુટુંબોનો મુખ્ય અથવા ગૌણ વ્યવસાય ખેતી છે. જ્યાં ખેતી એ પરંપરાગત વ્યવસાય હોય ત્યાં આર્થિક જીવન માટે જમીન એ મહત્વનું સાધન છે. નીચેના કોષ્ટકમાં જે 38 લાભાર્થીઓ ખેતી સાથે જોડાયેલા નથી તેમની ગણતરી ધ્યાનમાં લેવામાં આવી નથી. તેથી કુલ 846 લાભાર્થીઓ થાય છે.

| કોષ્ટક: 4.18 જમીન અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| જમીન (એકરમાં) | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| 0 | 1(0.65) | 6(1.32) | 3(1.26) | 10(1.18) |
| 0.1-0.9 | 17(11.11) | 236(51.98) | 4(1.67) | 257(30.38) |
| 1-1.9 | 64(41.83) | 144(31.72) | 44(18.41) | 252(29.79) |
| 2-3.9 | 53(34.64) | 59(13) | 116(48.54) | 228(26.95) |
| 4-9.9 | 18(11.76) | 7(1.54) | 67(28.03) | 92(10.87) |
| 10 | 0(0) | 2(0.44) | 5(2.09) | 7(0.83) |
| કુલ | **153(100)** | **454(100)** | **239(100)** | **846(100)** |
| નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

આકૃતિ: 4.5 પસંદ લાભાર્થીની જમીન અંગેની માહિતી




જમીનની માહિતી દર્શાવતા કોષ્ટક ઉપરથી જોઇ શકાય છે કે પસંદ કરેલા 884 લાભાર્થીઓમાંથી 836 (94.57%) લાભાર્થીઓ જમીન ધરાવે છે. 10 લાભાર્થીઓ એવા છે કે જેઓ ખેતી કરે છે પરંતું પોતાની જમીન ન હોવાથી અન્ય ખેડૂતની જમીન ભાગવી રાખીને ખેતી કરે છે. ભાગવી ખેતીમાં ભાગનું પ્રમાણ 50% અને 33% જોવા મળ્યું હતું. અભ્યાસમાં પસંદ કરેલા કુટુંબોમાં જોઈએ તો 60% થી વધારે લાભાર્થીઓ 2 એકરથી ઓછી જમીન ધરાવે છે. 2 થી 4 એકર (પરંતુ 4 એકરથી ઓછી) જમીન ધારક ખેડૂતનું પ્રમાણ 27.3% જોવા મળેલ છે. 10 થી વધું જમીન ધારક માત્ર 7 જોવા મળેલ છે. જમીનના મર્યાદિત કદ સામે કુટુંબના કદમાં વધારો થતો હોવાથી કુટુંબ વ્યવસ્થા પ્રમાણે ભાગ પડવાથી આદિવાસી ખેડૂત દિવસે-દિવસે નાનો અને સીમાંત બનતો જાય છે.

836 જમીન ધારકોની કુલ જમીન 1,573 એકર છે, તેમાંથી 788 એકર જમીન પિયત અને 785 એકર જમીન બિન-પિયત જોવા મળેલ છે. આમ આ વિસ્તારોમાં પિયત જમીનનું કદ ઓછુ છે તેમ કહી શકાય. આ વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં પિયતની સુવિધા ન હોવાથી આકાશી ખેતીનું પ્રમાણ વધુ જોવા મળેલ છે. આવા સમયે તેમાંથી મળતું ઉત્પાદન ઓછું હોય છે. આ ઉપરાંત ઢોળાવ કે પથ્થરવાળી જમીનમાં ઓછા વરસાદના અમુક હલકા ધાન્ય પાકતા

હોય છે. આના કારણે લોકોને ચોમાસાની ઋતુ પછી તરત જ રોજગારી માટે સ્થળાંતર કરવું પડે છે. સ્થળાંતર કરી રોજગારી મેળવવા જતાં સુબીરના કુટુંબો મુખ્યત્વે મહારાષ્ટ્રની બોર્ડરના ગામો અને દાહોદના કુટુંબો વડોદરા, ગોધરા, અમદાવાદ, રાજકોટ વગેરે વિસ્તારોમાં સ્થળાંતર કરે છે.

જે પિયત જમીન છે તેમાં મોટાભાગે પાણીનો સ્રોત કુવો અને બોર જોવા મળે છે. પિયતની પદ્ધતિ જોઈએ તો મોટાભાગના ખેડૂતો ધોરીયા પિયત પદ્ધતિ દ્વારા ખેતી કરે છે. ખેતીના મુખ્ય પાકોની માહિતી અનુસાર દાંતામાં કપાસ અને ઘઉં, દાહોદમાં મકાઈ અને તુવેર, સુબીરમાં નાગલી અને તુવેર જોવાં મળે છે. આ સિવાય લોકો પોતાની જરૂરિયાત અનુસાર શાકભાજી વાવે છે.

### 4.7 પશુપાલનની માહિતી

આદિવાસી વિસ્તારની અર્થવ્યવસ્થામાં પશુ એ સામાજિક પ્રતિષ્ઠા સાથે જીવન જરૂરી વસ્તુઓ સાથે પણ મુલવી શકાય. કારણ કે પશુઓની આપ-લેનો વ્યવહાર એક સામાજિક પાંસુ બનેલું છે. વળી નાના-મોટા પશુઓ માટે વેચાણ વ્યવસ્થા જોઇ શકાય છે. કેટલાક વિસ્તારોમાં અઠવાડિક હાટમાં પણ પશુઓ વેચાય છે. આના કારણે પશુ પણ આદિવાસી અર્થવ્યવસ્થાનું એક અભિન્ન અંગ ગણાવી શકાય. આમાં બદલાવ એ આવ્યો છે કે વિકાસના ભાગરૂપે મોટાભાગના ગામડાઓમાં હવે ડેરી વ્યવસ્થા જોવા મળે છે. ડેરીના સમય પહેલા પશુપાલનનો પોતાના ઘર માટે કે સામાજિક પ્રતિષ્ઠા માટે ઉપયોગ થતો આવ્યો હતો. હવે પશુપાલન એક આર્થિક ઉપાર્જન માટેનું માધ્યમ બની ગયું છે.

**કોષ્ટક: 4.19 પશુપાલનની માહિતી દર્શાવતું કોષ્ટક**

| તાલુકા | | પશુપાલન કરો છો? | | | દુધાળા પશુઓ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ના | હા | કુલ | 0 | 1 | 2 | 3 | 4 | કુલ |
| **દાંતા** | સંખ્યા | 12 | 146 | **158** | 11 | 35 | 51 | 43 | 6 | **146** |
| | ટકા | 7.6 | 92.4 | **100** | 7.53 | 23.97 | 34.93 | 29.45 | 4.11 | **100** |
| **દાહોદ** | સંખ્યા | 71 | 411 | **482** | 69 | 163 | 84 | 75 | 20 | **411** |
| | ટકા | 14.7 | 85.3 | **100** | 16.79 | 39.66 | 20.44 | 18.25 | 8.87 | **100** |
| **સુબીર** | સંખ્યા | 152 | 92 | **244** | 0 | 44 | 39 | 7 | 2 | **92** |
| | ટકા | 62.3 | 37.7 | **100** | 0 | 47.83 | 42.39 | 7.61 | 2.17 | **100** |
| **કુલ** | **સંખ્યા** | **235** | **649** | **884** | **80** | **242** | **174** | **125** | **28** | **649** |
| | **ટકા** | **26.6** | **73.4** | **100** | **12.33** | **37.29** | **26.81** | **19.26** | **4.31** | **100** |

પસંદ કરવામાં આવેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 649(73.42%) લાભાર્થીઓ પશુપાલન કરે છે જ્યારે 235(26.58%) લાભાર્થીઓ પશુપાલન સાથે જોડાયેલા નથી, તેવી માહિતી મળી છે. દાંતામાં પશુપાલન સાથે જોડાયેલા લાભાર્થીઓનું પ્રમાણ સૌથી વધારે અને સુબીરમાં સૌથી ઓછુ જોવા મળેલ છે. 649 લાભાર્થીઓમાંથી

569(87.67%) લાભાર્થીઓ પાસે દુધાળા પશુઓ છે. સુબીરમાં જેટલા લાભાર્થીઓ પશુપાલન સાથે જોડાયેલા છે તે બધા પાસે દુધાળા પશુ જોવા મળેલ છે. જે લાભાર્થીઓ પશુપાલન કરે છે, તેમાંથી મોટાભાગના લાભાર્થીઓ પાસે 1 અથવા 2 દુધાળા પશુઓ છે.

આદિવાસી વિસ્તારમાં પશુપાલન એક મહત્વના વ્યવસાય તરીકે ગણવામાં આવે છે. વર્તમાન સમયમાં આ વિસ્તારોમાં પણ સહકારી દૂધ મંડળીઓનો વિકાસ થયેલો છે. એક દુધાળા પશુના પાલનમાંથી થતી સરેરાશ માસિક આવક ₹3,014 અને સરેરાશ માસિક ખર્ચ ₹1,690 છે તેવું જણાયું છે.

આદિવાસી સમાજ વ્યવસ્થાના જીવનમાં પશુધનનું પણ આગવું પ્રદાન છે. આ માટે કોઈ આગવા વ્યવસ્થાપન કે પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો નથી. આદિવાસી ગ્રામીણ અર્થવ્યવસ્થાના ભાગરૂપે સહજ જીવાતું જીવન છે. તેથી પરંપરાગત વ્યવસ્થાપન પદ્ધતિ તેમને વારસાગત હોય છે અને પોતાના ભાગે આવતા પશુઓનો વિસ્તાર કરવો એ તેઓની જીવન પદ્ધતિ હોય છે. મોટાભાગે જમીન ધરાવતાં લાભાર્થીઓમાં પશુધન જોવા મળે છે.

### 4.8 આવક, ખર્ચ, બચત અને દેવા અંગેની માહિતી


આવક એ વ્યક્તિ, કુટુંબ કે રાષ્ટ્રનો આર્થિક દ્રષ્ટિકોણ સમજવા માટેનું મહત્વનું પરીબળ છે, પરંતુ વ્યક્તિનું જીવનધોરણ જાણવા માટે આવકની સાથે-સાથે વ્યક્તિ દ્વારા જુદી-જુદી વસ્તુ પાછળ કરવામાં આવતાં ખર્ચની વિગતો પણ અગત્યની બને છે.

**કોષ્ટક: 4.20 તાલુકા અનુસાર કુટુંબની વાર્ષિક આવકની માહિતી દર્શાવતું કોષ્ટક**

| કુટુંબની વાર્ષિક આવક | તાલુકા | | | કુલ |
|---|---|---|---|---|
| | દાંતા | દાહોદ | સુબીર | |
| ₹10000 થી 20000 | 3(1.9) | 16(3.3) | 4(1.6) | 23(2.6) |
| ₹20001 થી 30000 | 3(1.9) | 55(11.4) | 23(9.4) | 81(9.2) |
| ₹30001થી 40000 | 24(15.2) | 128(26.6) | 68(27.9) | 220(24.9) |
| ₹40001થી 50000 | 57(36.1) | 146(30.3) | 85(34.8) | 288(32.6) |
| ₹50001થી 100000 | 67(42.4) | 101(21.0) | 61(25.0) | 229(25.9) |
| ₹100001 થી વધુ | 4(2.5) | 36(7.5) | 3(1.2) | 43(4.9) |
| કુલ | 158(100) | 482(100) | 244(100) | 884(100) |

નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે.

આકૃતિ:4.6 તાલુકા અનુસાર કુટુંબની વાર્ષિક આવકની માહિતી




ઉપરોક્ત કોષ્ટક અને આકૃતિ અનુસાર જોઈએ તો 57.47% લાભાર્થીઓની કૌટુંબિક વાર્ષિક આવક ₹ 30,000 થી ₹50,000 સુધીની છે. 11.76% કુટુંબોની વાર્ષિક આવક તો માત્ર ₹ 10,000 થી 30,000 હોવાનું જણાયું છે અને આ શ્રેણીમાં દાહોદના 14.7%, સુબિરના 11% અને દાંતાના 3.8% લોકોનો સમાવેશ થાય છે.

30.77% કુટુંબોની વાર્ષિક આવક ₹ 50,000 થી વધુ છે. આ શ્રેણીમાં દાંતાના 44.9%, દાહોદના 28.5% અને સુબિરના 26.2% લોકોનો સમાવેશ થાય છે.

કોષ્ટક: 4.21 કુટુંબની વાર્ષિક આવક વિશેની માહિતી દર્શાવતું કોષ્ટક


| કુટુંબની વાર્ષિક આવક | તાલુકા | | | કુલ |
|---|---|---|---|---|
| | દાંતા | દાહોદ | સુબીર | |
| N | 158 | 482 | 244 | 884 |
| Mean | 50291.14 | 52205.39 | 41635.25 | 48945.70 |
| Std. Deviation | 19117.906 | 52167.184 | 13265.342 | 40208.846 |
| Co-efficient of Variation | 38.01 | 99.93 | 31.86 | 82.15 |
| Median | 45000 | 40000 | 40000 | 40000 |
| Minimum | 10000 | 14000 | 15000 | 10000 |
| Maximum | 150000 | 450000 | 100000 | 450000 |
| Range | 140000 | 436000 | 85000 | 440000 |

| H$_0$: પસંદ કરેલા તાલુકાઓમાં સરેરાશ કૌટુંબિક વાર્ષિક આવક સંદર્ભે કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી. | | | | |
|---|---|---|---|---|
| Independent Samples Kruskal-Wallis Test | | | | |
| Mean Rank | 540.62 | 423.88 | 415.75 | |
| P Value | 0.000 | | | |
| Decision | Reject Null Hypothesis (H$_0$). | | | |

ઉપરોક્ત કોષ્ટકમાં સરેરાશ વાર્ષિક આવકની માહિતી દર્શાવેલી છે. પસંદ કરેલા તમામ કુટુંબોની સરેરાશ વાર્ષિક આવક (મધ્યક) ₹48,945.14 છે, જે દાંતામાં ₹50,291.14 દાહોદમાં ₹52,205.39 અને સુબીરમાં ₹41,635.25 જેટલી છે. ચલનાંક (Co-efficient of Variation)ના આંકડા જોતાં જણાય છે કે કુલ કુટુંબોની વાર્ષિક આવકનો ચલનાંક 82.15% છે. સરેરાશ વાર્ષિક આવકનો પ્રસાર દાહોદમાં સૌથી વધુ (ચલનાંક- 99.93%) જોવા મળે છે, જ્યારે સુબીરમાં સૌથી ઓછો (ચલનાંક- 31.86%) છે.

ત્રણેય તાલુકાના લોકોની કૌટુંબિક વાર્ષિક આવકમાં સાર્થક તફાવત છે કે નહી તે ચકાસવા માટે અહીં કુસ્કલ-વોલિસ ટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કુસ્કલ-વોલિસ ટેસ્ટ(Kruskal-Wallis Test)માં P મૂલ્ય 0.05 કરતાં ઓછુ જોવા મળેલ છે. તેથી નિરાકરણીય પરિકલ્પનાનો 5% સાર્થકતાની કક્ષાએ અસ્વીકાર થાય છે અને વૈકલ્પિક પરિકલ્પનાનો સ્વીકાર થાય છે. અહીં કુસ્કલ-વોલિસ ટેસ્ટના આધારે કહી શકાય કે, પસંદ કરેલા તાલુકાઓમાં સરેરાશ આવક સંદર્ભે સાર્થક તફાવત જોવા મળે છે. નીચેના Post-Hoc વિશ્લેષણ પરથી સ્પષ્ટ થાય છે કે દાહોદ અને સુબીર તાલુકાના લાભાર્થીઓની કૌટુંબિક સરેરાશ વાર્ષિક આવક (મધ્યસ્થ) વચ્ચે સાર્થક તફાવત જણાતો નથી, જ્યારે અન્ય બન્ને જોડીમાં સાર્થક તફાવત જણાય છે. આમ, સ્પષ્ટ થાય છે કે દાહોદ અને સુબીર તાલુકાના લાભાર્થીઓની કૌટુંબિક સરેરાશ વાર્ષિક આવકમાં વધુ સમાનતા છે, જ્યારે દાંતા આ સંદર્ભે અલગ પડે છે.

**આકૃતિ:4.7** Post-Hoc વિશ્લેષણ




Each node shows the sample average rank of Block.

| Sample1-Sample2 | Test Statistic | Std. Error | Std. Test Statistic | Sig. | Adj.Sig. |
|---|---|---|---|---|---|
| Dang-Subir-Dahod-Dahod | 8.126 | 19.932 | .408 | .684 | 1.000 |
| Dang-Subir-B.K-Danta | 124.865 | 25.906 | 4.820 | .000 | .000 |
| Dahod-Dahod-B.K-Danta | 116.739 | 23.257 | 5.020 | .000 | .000 |

Each row tests the null hypothesis that the Sample 1 and Sample 2 distributions are the same.
Asymptotic significances (2-sided tests) are displayed. The significance level is .05.

આ ઉપરાંત પસંદ કરેલા ત્રણ તાલુકાના લાભાર્થીઓની આવકમાં રહેલી અસમાનતા તપાસવા માટે લોરેન્ઝ રેખાનો ઉપયોગ કર્યો છે.

**આકૃતિ:4.8 આવકની અસમાનતા દર્શાવતી લોરન્ઝ રેખા**




લોરેન્ઝ રેખા એ સમાનતા રેખાથી જેટલી નજીક તેટલી આવકની અસમાનતા ઓછી અને જેટલી દૂર તેટલી અસમાનતા વધારે હોય છે. ઉપરોક્ત આલેખ અનુસાર કુલ આવકની અસમાનતામાં જોઈએ તો પસંદ કરેલા લાભાર્થીઓમાંથી 40% લાભાર્થીઓ કુલ આવકનો માત્ર 23% જેટલો હિસ્સો ધરાવે છે, જ્યારે 36% લાભાર્થીઓ કુલ આવકનો 43% જેટલો હિસ્સો ધરાવે છે. લોરેન્ઝ રેખાના આલેખની માહિતી અનુસાર દાહોદમાં સૌથી વધારે આવકની અસમાનતા જોવા મળે છે અને સુબીરમાં સૌથી ઓછી અસમાનતા જોવા મળે છે.

| કોષ્ટક: 4.22 તાલુકા અનુસાર કુટુંબનું વાર્ષિક ખર્ચની માહિતી દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| કુટુંબનું વાર્ષિક ખર્ચ | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| ₹10000થી ઓછું | 2(1.3) | 0(0) | 0(0) | 2(0.2) |
| ₹10001થી 20000 | 1(0.6) | 81(16.8) | 32(13.1) | 114(12.9) |
| ₹20001થી30000 | 44(27.8) | 156(32.4) | 83(34.0) | 283(32.0) |
| ₹30001થી40000 | 52(32.9) | 121(25.1) | 82(33.6) | 255(28.8) |
| ₹40001થી50000 | 45(28.5) | 63(13.1) | 32(13.1) | 140(15.8) |
| ₹50000થી વધુ | 14(8.9) | 61(12.7) | 15(6.1) | 90(10.2) |
| કુલ | 158(100) | 482(100) | 244(100) | 884(100) |
| નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

કોષ્ટકમાં જોવા મળે છે કે મોટા પ્રમાણમાં ₹20,001 થી 40,000 ની વચ્ચે વાર્ષિક ખર્ચ કરે છે. 2 (0.2%) લાભાર્થીઓ તો માત્ર ₹10,000 સુધીનો વાર્ષિક ખર્ચ કરે છે, જ્યારે 90 (10.2%) લાભાર્થીઓ એવા પણ છે કે જેઓ ₹50,000 થી વધુ વાર્ષિક ખર્ચ કરે છે. જે લાભાર્થીઓ વાર્ષિક ₹50,000 થી ઓછો ખર્ચ કરે છે તેઓનો મોટાભાગનો ખર્ચ જીવનનિર્વાહ કરવા માટે થાય છે. જેઓ ₹50,000 થી વધારે ખર્ચ કરે છે તેઓ મનોરંજનના સાધનો પાછળ ખર્ચ કરે છે.


| કોષ્ટક: 4.23 કુટુંબના વાર્ષિક ખર્ચની માહિતી દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| કુટુંબના વાર્ષિક ખર્ચ | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| N | 158 | 482 | 244 | 884 |
| Mean | 41620.25 | 42917.01 | 34139.34 | 40262.44 |
| Std. Deviation | 17512.73 | 44971.66 | 10427.74 | 34650.97 |
| Co-efficient of Variation | 42.08 | 104.79 | 30.54 | 86.06 |
| Median | 40000 | 35000 | 34000 | 35000 |
| Minimum | 10000 | 15000 | 13000 | 10000 |
| Maximum | 150000 | 400000 | 70000 | 400000 |
| Range | 140000 | 385000 | 57000 | 390000 |
| $H_0$: પસંદ કરેલા તાલુકાઓમાં સરેરાશ કૌટુંબિક વાર્ષિક ખર્ચ સંદર્ભે કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી. | | | | |
| Independent Samples Kruskal-Wallis Test | | | | |
| Mean Rank | 535.62 | 427.52 | 411.78 | |
| P Value | 0.000 | | | |
| Decision | Reject Null Hypothesis ($H_0$). | | | |

પસંદ કરેલા તમામ કુટુંબનો સરેરાશ વાર્ષિક ખર્ચ ₹40,262.44 જેટલો છે. સરેરાશ વાર્ષિક ખર્ચ દાંતા તાલુકામાં ₹41,620.25, દાહોદમાં ₹42,917.01 અને સુબીરમાં ₹34,139.34 છે. કુલ કુટુંબોની વાર્ષિક આવકનો ચલનાંક (Co-efficient of Variation) 86.06% છે. સરેરાશ વાર્ષિક આવકનો પ્રસાર દાહોદમાં સૌથી વધુ (ચલનાંક - 104.79%) અને સુબીરમાં સૌથી ઓછો (ચલનાંક -30.54%) જોવા મળે છે.

ક્રુસ્કલ-વોલિસ ટેસ્ટ(Kruskal-Wallis Test)માં જોવા મળે છે કે P મૂલ્ય 0.05 કરતાં ઓછુ છે. તેથી નિરાકરણીય પરિકલ્પનાનો 5% સાર્થકતાની કક્ષાએ અસ્વીકાર થાય છે અને વૈકલ્પિક પરિકલ્પનાનો સ્વીકાર થાય છે. અહીં ક્રુસ્કલ-વોલિસ ટેસ્ટના આધારે કહી શકાય કે, પસંદ કરેલા તાલુકાઓમાં સરેરાશ ખર્ચ સંદર્ભે સાર્થક તફાવત જોવા મળે છે. નીચેના Post-Hoc વિશ્લેષણ પરથી સ્પષ્ટ થાય છે કે દાહોદ અને સુબીર તાલુકાના લાભાર્થીઓના કૌટુંબિક સરેરાશ વાર્ષિક ખર્ચ વચ્ચે સાર્થક તફાવત જણાતો નથી, જ્યારે અન્ય બન્ને જોડીમાં સાર્થક તફાવત જણાય છે. આમ, આ તફાવત દાંતા તાલુકાના લાભાર્થીઓના કારણે છે.

આકૃતિ:4.9 Post-Hoc વિશ્લેષણ

Pairwise Comparisons of Block




Each node shows the sample average rank of Block.

| Sample1-Sample2 | Test Statistic | Std. Error | Std. Test Statistic | Sig. | Adj.Sig. |
|---|---|---|---|---|---|
| Dang-Subir-Dahod-Dahod | 15.740 | 19.887 | .791 | .429 | 1.000 |
| Dang-Subir-B.K-Danta | 123.832 | 25.846 | 4.791 | .000 | .000 |
| Dahod-Dahod-B.K-Danta | 108.092 | 23.203 | 4.659 | .000 | .000 |

Each row tests the null hypothesis that the Sample 1 and Sample 2 distributions are the same.
Asymptotic significances (2-sided tests) are displayed. The significance level is .05.

માનવીની પોતાની જરૂરિયાતો સંતોષવા અને સમાજમાં ટકી રહેવા માટે નાણાકીય આવકની જરૂરીયાત ઉભી થાય છે. જરૂરિયાત કરતાં આવક વધે તો વ્યક્તિ બચત અથવા મૂડીરોકાણ કરે છે.

| કોષ્ટક: 4.24 તાલુકા અનુસાર કુટુંબની વાર્ષિક બચતની માહિતી દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| કુટુંબની વાર્ષિક બચત | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| નથી | 65(41.1) | 177(36.7) | 130(53.3) | 372(42.1) |
| ₹10000 થી ઓછી | 60(38.0) | 138(28.6) | 97(32.9) | 295(33.4) |
| ₹10001થી 20000 | 33(20.9) | 137(28.4) | 17(7.0) | 187(21.2) |
| ₹20001થી30000 | 0(0) | 7(1.5) | 0(0) | 7(0.8) |
| ₹40001થી50000 | 0(0) | 21(4.4) | 0(0) | 21(2.4) |
| ₹50000થી વધુ | 0(0) | 2(0.4) | 0(0) | 2(0.2) |
| કુલ | 158(100) | 482(100) | 244(100) | 884(100) |
| નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

પસંદ કરવામાં આવેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 512(57.92%) લાભાર્થીઓ બચત કરે છે. દાહોદમાં બચત કરતાં લાભાર્થીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે અને સૌથી ઓછુ સુબીરમાં જોવા મળેલ છે. 512 લાભાર્થીઓમાંથી 482 (94.14%) લાભાર્થીઓ વાર્ષિક ₹20,000 થી ઓછી બચત કરે છે. કુટુંબની કુલ વાર્ષિક આવક અને ખર્ચના આંકડા તપાસતા જોવા મળે છે કે જેમ-જેમ કુટુંબની કુલ વાર્ષિક આવક વધે છે તેમ-તેમ કુટુંબનો કુલ વાર્ષિક ખર્ચ વધે છે.

જે કુટુંબ બચત કરે છે તેમાંથી મોટાભાગના (343) કુટુંબો બચત કરેલા નાણા પોતાની જ પાસે રાખે છે. બેંકમાં, મંડળમાં અને પોસ્ટ ઓફિસમાં અનુક્રમે 136, 50 અને 47 લોકો પોતાની બચત રાખે છે. અમુક લાભાર્થીઓ એક કરતાં વધુ જગ્યાએ પણ બચત કરે છે.

બચત કરવાના હેતુઓ અંગે મળેલ વિગતો મુજબ જાણવા મળ્યુ છે કે પસંદ કરવામાં આવેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 372 (42.09%) લાભાર્થીઓ બચત કરતાં નથી કારણ કે તેઓ ગુજરાન ચલાવવા પૂરતી જ આવક મેળવી શકે છે. બચત કરતાં 512 લાભાર્થીઓમાંથી 399 લાભાર્થીઓ બાળકોના શિક્ષણના હેતુસર બચત કરે છે. જ્યારે 256 સામાજિક પ્રસંગ અને 12 વૃધ્ધાવસ્થામાં બચત કામ આવે તેથી બચત કરે છે.

| કોષ્ટક: 4.25 તાલુકા અનુસાર કુટુંબના વાર્ષિક દેવાની માહિતી દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| **દેવું** | તાલુકા | | | **કુલ** |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| **કોઈ દેવું નથી** | 139(88) | 476(98.8) | 168(68.9) | **783(88.6)** |
| **₹5000 થી ઓછું** | 4(2.5) | 0(0) | 37(15.2) | **41(4.6)** |
| **₹5001થી 10000** | 3(1.9) | 0(0) | 16(6.6) | **19(2.1)** |
| **₹10000થી વધુ** | 12(7.6) | 6(1.2) | 23(9.4) | **41(4.6)** |
| **કુલ** | **158 (100)** | **482 (100)** | **244 (100)** | **884 (100)** |
| **નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે.** | | | | |

જો વ્યક્તિની આવક તેની જરૂરિયાત કરતાં ઓછી હોય તો તે દેવું કરીને પોતાની જરૂરિયાતો સંતોષવાનો અને સામાજિક વ્યવહારો સાચવવાનો પ્રયત્ન કરે છે. પસંદ કરવામાં આવેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 11.4% લાભાર્થીઓને આર્થિક દેવું છે. 41(4.6%) લાભાર્થીને ₹5,000 કરતાં ઓછુ દેવું છે. 19(2.1%) લાભાર્થીને ₹5,001થી 10,000 જેટલું દેવું છે. 41(4.6%) લાભાર્થીને ₹10,000થી વધુ દેવું છે. મોટાભાગના લાભાર્થી શાહુકાર પાસેથી નાણા લઈને દેવું કરે છે.દેવાના વ્યાજનો દર મોટાભાગે માસિક 2 થી 5% જોવા મળે છે, જ્યારે 2 લાભાર્થીઓ માસિક 10%ના દરે વ્યાજ ચૂકવતા હોવાનું જણાયું છે. મોટાભાગે સામાજિક પ્રસંગના કારણે દેવું થયાનું જોવા મળેલ છે.

પ્રકરણ: 5

# A. લાભાર્થીઓની યોજનાકીય માહિતીનું વિશ્લેષણ



❖ પ્રાયોજનાની કામગીરી

આદિવાસીઓનો મુખ્ય ધંધો ખેતી છે તેથી ખેતી તથા ખેતીને લગતા ઉધોગોને અસરકારક બનાવવાનું કામ પ્રાયોજનામાં સ્વીકારાયું છે. એમાં ખેતીવાડી, ભુમિસંરક્ષણ, સિંચાઇ પશુપાલન, આરોગ્ય અને સામાન્ય સુખાકારી, ગ્રામ-ઉધોગ, ગૃહઉધોગ, વન ઉધોગ, સામાન્ય શિક્ષણ, સામાજિક કલ્યાણ તેમજ રહેઠાણને લગતી યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજનાઓ દ્વારા સરકારનો હેતુ  વાહનવ્યવહાર, ઉધોગ, વીજળી, સામાન્ય શિક્ષણ, ટેકનીકલ શિક્ષણ, તબીબી અને જાહેર આરોગ્ય, જમીન સુધારણા જેવી પ્રવૃતિઓને પુનઃજીવિત કરવાનો છે. અને એ પ્રવૃતિમાં વિવિધતા લાવવા તેમજ આદિવાસી વિસ્તારમાં તેની ભાગીદારી વધારવાનો પ્રયત્ન છે. જેને માટે નીચે મુજબ સૂચિત યોજનાઓનો અમલ કરવાનો રહે છે.

❖ સૂચિત યોજનાઓ

• ખેતીવાડી:

ખેતીને લગતી યોજનાઓમાં મુખ્યત્વે બીયારણ, ખાતર, વગેરેના પેકેટ પૂરા પાડવા, ખેતીના ફળ ઝાડના રોપા પૂરા પાડવા, બળદો બળદગાડા, તેમજ ખેતીના ઓજારો ખરીદવા માટે સહાય આપવી, વીજળી કનેકશનમાં સહાય આપવી વગેરેનો સમાવેશ થાય છે. ઉપરાંત ખેડૂતો માટે શૈક્ષણિક પ્રવાસ તેમજ ખેડૂત સંમેલનો યોજવાનો પણ સમાવેશ થાય છે.

• સિંચાઇ:

સિંચાઈ ખેતીનું મુખ્ય અંગ છે. એટલે ખેતી માટે સિંચાઇની યોજનાને વિશેષ મહત્વ અપાયું છે. આ યોજનાઓમાં સિંચાઇ કૂવા તૈયાર કરાવવા માટે, પાઇપલાઇન નાંખવા માટે, ઓઇલ એન્જીન ખરીદવા માટે, એન્જિન શેડ બનાવવા માટે, ઈલેક્ટ્રિક મોટર ખરીદવા માટે તેમજ વીજળી કનેકશન માટે જરૂરી આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે.

• પશુપાલન:

પશુપાલન ખેતી આધારિત ઉધોગ છે. તેમાં દૂધાળા ઢોર ખરીદવા માટે, પશુ આહાર માટે, મરઘા ઉછેર કેન્દ્ર ચલાવવા માટે, મરઘા ખરીદવા માટે, બતક ઉછેર અને સસલા ઉછેર કેન્દ્ર માટે આર્થિક સહાયની જોગવાઇ કરવામાં આવે છે. મત્સ્ય ઉધોગ માટે જાળ તેમજ અન્ય સાધનો ખરીદવા માટે પણ આર્થિક સહાયની જોગવાઇ છે. ઉપરાંત આધુનિક પશુપાલન અંગેની તાલીમ આપવાની સવલત પણ કરવામાં આવી છે. સાથે સાથે પશુ દવાખાનાની સવલત પણ પૂરી પાડવામાં આવે છે.

• આરોગ્ય અને જાહેર સુખાકારી:

આરોગ્ય અને જાહેર સુખાકારીને લગતી યોજનાઓમાં ખાસ કરીને દવા પૂરી પાડવી, શસ્ત્રક્રિયા કરાવવાના

ખર્ચમાં સહાય આપવી, તબીબી ખર્ચમાં સહાય આપવી, નિદાન કેમ્પ યોજવા, નેત્રયજ્ઞ ચલાવવા, બાળઆરોગ્ય હરિફાઇ યોજવી વગેરે કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પીવાના પાણીની સગવડ, ન્હાવાની સગવડ તથા સેનીટેશનની સગવડ આપવાનો પણ સમાવેશ થાય છે. ગામમાં વારિગૃહો બાંધવામાં, પાઇપલાઇન નાંખવામાં, કુવો ખોદવામાં, તેમજ પંપ મોટર વગેરે ખરીદવામાં આર્થિક સહાય આપવાના કાર્યક્રમો પણ આવરી લેવામાં આવ્યા છે.

- ગ્રામોઉધોગ અને ગૃહઉધોગો:

આ યોજનાઓમાં જુદી જુદી કારીગરી જેવી કે કડિયા, સુથાર, લુહાર, કુંભાર, હીરા ઉધોગ, મોટર રીવાઇડીંગ, ઇંટો પાડવી વગેરે માટે તાલીમ પૂરી પાડવાના અને જરૂરી સાધનો ખરીદવા માટે આર્થિક સહાય આપવાના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. વધુમાં ટાઇપના વર્ગો અને સીવણના વર્ગો ચલાવવાના કાર્યક્રમોનો પણ એમાં સમાવેશ કરાયો છે. વળી વનઉપજ એકત્ર કરવાની તાલીમ, વાંસઉછેર તેમજ સામાજિક વનીકરણની યોજનાઓનો વનઉધોગ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

- સામાન્ય શિક્ષણ:

શિક્ષણને લગતી યોજનાઓમાં પ્રાથમિક શાળા તેમજ આશ્રમશાળાઓ માટે શૈક્ષણિક સાધનો તેમજ પ્રાયોગિક સાધનો ખરીદવા માટે સહાય, નિશાળનાં પીવાના પાણીની અને સેનીટેશનની સવલત પૂરી પાડવા માટે સહાય, માધ્યમિક તાંત્રિક (ટેકનીકલ) શાળાઓમાં પ્રયોગશાળા બંધાવવા તેમજ વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે સહાય, શૈક્ષણિક પરિસંવાદી યોજવા તેમજ શૈક્ષણિક પ્રવાસો યોજવા માટે સહાય આપવાના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. વધુમાં શાળાના મકાનોના સમારકામ માટે તેમજ શિક્ષક નિવાસ બાંધવા માટેની આર્થિક સહાયની યોજનાનો પણ એમાં સમાવેશ થાય છે.

❖ લાભાર્થીઓમાં આદિવાસી પેટા યોજના વિશેની જાણકારી

કોષ્ટક: 5.1 લાભાર્થીઓમાં આદિવાસી પેટા યોજના વિશેની જાણકારી દર્શાવતું કોષ્ટક


| વિગત | | તાલુકા | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | દાંતા | દાહોદ | સુબીર | |
| TSP વિશેની જાણકારી | ના | 131 (82.9) | 147 (30.5) | 71 (29.1) | 349 (39.5) |
| | હા | 27 (17.1) | 335 (69.5) | 173 (70.9) | 535 (60.5) |
| | કુલ | 158 (100) | 482 (100) | 244 (100) | 884 (100) |

$H_0$: પસંદ કરેલા તાલુકાઓમાં TSP વિશેની જાણકારી સંદર્ભે સાર્થક તફાવત જોવા મળતો નથી.

| Chi-Square Tests | Value | df | Asymp. Sig. (2-sided) |
|---|---|---|---|
| Pearson Chi-Square | 311.536[a] | 12 | .000 |

a. 0 cells (0.0%) have expected count less than 5. The minimum expected count is 7.15.

આકૃતિ: 5.1 લાભાર્થીઓમાં આદિવાસી પેટા યોજના વિશેની જાણકારી




ઉપરોક્ત કોષ્ટક અનુસાર 60.5% લાભાર્થીઓ આદિવાસી પેટા યોજના વિશે પૂરતી જાણકારી ધરાવે છે. આદિવાસી પેટા યોજના વિશે જાણકારી ધરાવતા લાભાર્થીઓ દાહોદ અને સુબીરમાં અનુક્રમે 69.5% અને 70.9% પ્રમાણ જોવા મળે છે.  જે લાભાર્થીઓને આદિવાસી પેટા યોજના વિશેની માહિતી છે તેમાંથી મોટાભાગના લાભાર્થીઓને સરપંચ તથા તેમના મિત્રો દ્વારા માહિતી મળી હતી. લાભાર્થીઓ અને તેમના કુટુંબના સભ્યોના જણાવ્યાં અનુસાર પ્રાયોજના કચેરીઓ દ્વારા આદિવાસી પેટા યોજનાનો પ્રચાર-પ્રસાર કરીને લોકોને તેની પૂરતી માહિતી પહોંચાડવી જોઈએ.

કાઈ સ્ક્વેર ($X^2$) ટેસ્ટમાં જોવા મળે છે કે પીયરસન કાઈ સ્ક્વેરનું મૂલ્ય 311.536 અને P મુલ્ય 0.05 કરતાં ઓછું છે. તેથી નિરાકરણીય પરિકલ્પનાનો 5% સાર્થકતાની કક્ષાએ અસ્વીકાર થાય છે અને વૈકલ્પિક પરિકલ્પનાનો સ્વીકાર થાય છે. અહીં $X^2$ ટેસ્ટના આધારે કહી શકાય કે, પસંદ કરેલા તાલુકાઓમાં TSP વિશેની જાણકારી સંદર્ભે સાર્થક તફાવત જોવા મળે છે.


❖ લાભાર્થીઓની TSP કચેરીની મુલાકાતની માહિતી

કોષ્ટક: 5.2 લાભાર્થીઓની TSP કચેરીની મુલાકાત દર્શાવતું કોષ્ટક

| વિગત | | તાલુકા | | | |
|---|---|---|---|---|---|
| | | દાંતા | દાહોદ | સુબીર | કુલ |
| પ્રાયોજના કચેરીની મુલાકાત | ના | 133 (84.2) | 211 (43.8) | 136 (55.7) | 480 (54.3) |
| | હા | 25 (15.8) | 271 (56.2) | 108 (44.3) | 404 (45.7) |
| | કુલ | 158 (100) | 842 (100) | 244 (100) | 884 (100) |

| $H_0$: પસંદ કરેલા તાલુકાઓમાં TSP કચેરીની મુલાકાત સંદર્ભે સાર્થક સબંધ જોવા મળતો નથી. | | | |
|---|---|---|---|
| Chi-Square Tests | Value | df | Asymp. Sig. (2-sided) |
| Pearson Chi-Square | 78.551[a] | 2 | .000 |
| a. 0 cells (0.0%) have expected count less than 5. The minimum expected count is 72.21. | | | |
| નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | |

આકૃતિ: 5.2 લાભાર્થીઓની TSP (પ્રાયોજના) કચેરીની મુલાકાત




પસંદ કરેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 45.7% લાભાર્થીઓએ પ્રાયોજના કચેરીની મુલાકાત લીધી છે, જ્યારે 54.3% લાભાર્થીઓ એવા છે કે જેમણે પ્રાયોજના કચેરીની મુલાકાત પણ નથી લીધી કે જોઈ પણ નથી. ત્રણેય તાલુકાની સરખામણીમાં દાહોદના વધુ લાભાર્થીઓએ તથા દાંતામાં સૌથી ઓછા લાભાર્થીઓએ પ્રાયોજના કચેરીની મુલાકાત લીધેલ છે.

અહીં, કાઇ સ્ક્વેર ($X^2$) ટેસ્ટમાં જોવા મળે છે કે પીયરસન $X^2=78.551$, $P<0.05$, નિરાકરણીય પરિકલ્પનાનો અસ્વીકાર થાય છે. તેથી પસંદ કરેલા તાલુકાઓમાં TSP કચેરીની મુલાકાત સંદર્ભે સાર્થક તફાવત જોવા મળે છે.

❖ યોજના વિશેની માહિતીના સ્રોત

| કોષ્ટક: 5.3 યોજના વિશેની માહિતીના સ્રોત દર્શાવતું કોષ્ટક | | | | |
|---|---|---|---|---|
| માહિતીના સ્રોત | તાલુકા | | | |
| | દાંતા | દાહોદ | સુબીર | કુલ |
| જ્ઞાતિના આગેવાન | 12(7.6) | 52(10.8) | 5(2) | 69(7.8) |
| સરપંચ | 60(38) | 163(33.8) | 179(73.4) | 402(45.5) |
| તલાટી | 4(2.5) | 19(3.9) | 6(2.5) | 29(3.3) |
| સગા સબંધી | 33(20.9) | 22(4.6) | 8(3.3) | 63(7.1) |
| મિત્રો | 34(21.5) | 115(32.2) | 16(6.6) | 205(23.2) |
| સામાજિક કાર્યકર | 0(0) | 10(2.1) | 1(0.4) | 11 (1.2) |
| ગ્રામસેવક | 2(1.3) | 39(8.1) | 23(9.4) | 64(7.2) |
| મંડળી | 13(8.2) | 22(4.6) | 6(2.5) | 41(4.6) |
| કુલ | 158(100) | 482(100) | 244(100) | 884(100) |
| નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

આદિવાસી પેટા યોજનાના પસંદ કરેલા કુલ 884 લાભાર્થીઓમાંથી મોટાભાગના લાભાર્થીઓ (45.5%) ને યોજનાની માહિતી સરપંચ દ્વારા મળી હતી. 23.2% લાભાર્થી એવા છે જેઓને તેમના મિત્રો પાસેથી માહિતી મળી હતી. અન્ય 31.3% લાભાર્થીઓને જ્ઞાતિના આગેવાનો, તલાટી, સગા-સબંધી, સામાજિક કાર્યકરો, ગ્રામસેવક, મંડળી વગેરે દ્વારા માહિતી મળી હતી. આ વિસ્તારમાં યોજના વિષયક માહિતી આપનાર લોકો ઓછા પ્રમાણમાં જોવા મળે છે. માહિતીના સ્રોતોની વિગત તાલુકા અનુસાર જોઇએ તો બધા જ તાલુકામાં મોટા પ્રમાણમાં લાભાર્થીઓ સરપંચ પાસેથી જ માહિતી મેળવે છે.

❖ યોજના માટેના ખર્ચની વિગત (તાલુકા પ્રમાણે)

| કોષ્ટક: 5.4 યોજના માટેના ખર્ચની વિગત દર્શાવતું કોષ્ટક (તાલુકા પ્રમાણે) | | | | | |
|---|---|---|---|---|---|
| ખર્ચની વિગત | | તાલુકા | | | કુલ |
| | | દાંતા | દાહોદ | સુબીર | |
| કોઇ ખર્ચ નથી કર્યો | સંખ્યા | 55 | 167 | 4 | 226 |
| | ટકા | 34.8 | 34.6 | 1.6 | 25.6 |
| ₹500થી ઓછા | સંખ્યા | 14 | 237 | 53 | 304 |
| | ટકા | 8.9 | 49.2 | 21.7 | 34.4 |
| ₹501થી 1,000 | સંખ્યા | 88 | 61 | 111 | 260 |
| | ટકા | 55.7 | 12.7 | 45.5 | 29.4 |
| ₹1,000થી વધુ | સંખ્યા | 1 | 17 | 76 | 94 |
| | ટકા | 0.6 | 3.5 | 31.1 | 10.6 |
| કુલ | સંખ્યા | 158 | 482 | 244 | 884 |
| | ટકા | 100 | 100 | 100 | 100 |

યોજનાના લાભ લેવા માટે લાભાર્થીઓ દ્વારા કરવામાં આવેલા ખર્ચની વિગત જોઈએ તો પસંદ કરેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 226(25.6%) લાભાર્થીઓને યોજનાનો લાભ લેવા માટે કોઈ જ નાણાકીય ખર્ચ કરવો પડ્યો ન હતો. આનો અર્થ એ થયો કે 658 (74.4%) લાભાર્થીઓ યોજનાનો લાભ લેવા માટે ખર્ચ કરે છે. 34.4% લાભાર્થીઓને ₹500થી ઓછો ખર્ચ કરવો પડ્યો હતો. ₹501 થી 1,000 સુધીનો ખર્ચ કર્યો હોય તેવા લાભાર્થીઓ 29.4% છે, જ્યારે ₹1,000 થી વધુ ખર્ચ કરનારા લાભાર્થીઓ 10.6% જોવા મળે છે.

તાલુકા અનુસાર જોઇએ તો દાંતા તાલુકામાં 34.8% લાભાર્થીઓ યોજનાનો લાભ લેવા માટે કોઇ પ્રકારનો ખર્ચ કર્યો નથી. દાંતામાં જે લાભાર્થીઓ ખર્ચ કર્યો છે તેમાથી મોટાભાગના લાભાર્થીઓ ₹1,000થી ઓછાનો ખર્ચ કર્યો છે. દાહોદમાં 34.6% લાભાર્થીઓએ કોઈ જ પ્રકારનો ખર્ચ કરેલ નથી. દાહોદમાં પણ મોટાભાગના લાભાર્થીઓએ ₹1,000થી ઓછાનો ખર્ચ કરેલ છે. સુબીર તાલુકામાં માત્ર 1.8% લાભાર્થીઓને યોજનાના લાભ માટે કોઇ ખર્ચ કરવો પડ્યો નથી, જ્યારે 98.2% લાભાર્થીઓએ યોજનાનો લાભ લેવા માટે ખર્ચ કરેલ છે. સુબીરમાં જે લાભાર્થીઓએ ખર્ચ કરેલ છે તેમાંથી મોટાભાગના લાભાર્થીઓ ₹500થી 1,000 સુધીનો ખર્ચ કરે છે. ₹1,000થી વધુ ખર્ચ કરતાં લાભાર્થીઓ અન્ય તાલુકાઓની સરખામણીમાં સુબીરમાં વધુ જોવા મળેલ છે.

જે લાભાર્થીઓ યોજનાનો લાભ લેવા માટે ખર્ચ કરે છે તેમાંથી 513 (58%) લાભાર્થીઓ દસ્તાવેજ મેળવવા માટે, મુસાફરી અને ફોટો કોપી કઢાવવા માટે ખર્ચ કરે છે.

❖ યોજના માટેના ખર્ચની આંકડાકીય વિગત (તાલુકા પ્રમાણે)

કોષ્ટક: 5.5 યોજના માટેના ખર્ચની આંકડાકીય વિગત દર્શાવતું કોષ્ટક (તાલુકા પ્રમાણે)

| ખર્ચની વિગત | તાલુકા | | | કુલ |
|---|---|---|---|---|
| | દાંતા | દાહોદ | સુબીર | |
| N | 158 | 482 | 244 | 884 |
| Mean | 442.41 | 381.85 | 916.19 | 540.16 |
| Std. Deviation | 347.199 | 759.601 | 363.417 | 653.109 |
| Co-efficient of Variation | 78.48 | 198.93 | 39.67 | 120.91 |
| Median | 700 | 200 | 1,000 | 500 |
| Minimum | 0 | 0 | 0 | 0 |
| Maximum | 1,500 | 10,000 | 1,500 | 10,000 |
| Range | 1,500 | 10,000 | 1,500 | 10,000 |

પસંદ કરેલા તમામ કુટુંબોનું યોજનાનો લાભ લેવા માટે સરેરાશ ખર્ચ ₹540.16 છે. જે દાંતા તાલુકામાં ₹442.41, દાહોદ તાલુકામાં ₹381.85 અને સુબીર તાલુકામાં ₹916.19 છે. પસંદ કરેલા તમામ કુટુંબના યોજનાનો લાભ લેવા માટે સરેરાશ ખર્ચનો પ્રસાર ₹653.109 છે. દાહોદમાં યોજનાનો લાભ લેવા માટે ખર્ચનો પ્રસાર સૌથી વધુ (ચલનાંક 198.93%) જોવા મળે છે, જ્યારે દાંતામાં સૌથી ઓછો (ચલનાંક 39.67%) જોવા મળે છે.

❖ યોજના માટેના ખર્ચની વિગત (યોજના પ્રમાણે)

| કોષ્ટક: 5.6 યોજના માટેના ખર્ચની વિગત દર્શાવતું કોષ્ટક (યોજના પ્રમાણે) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લાભ લેવાનો ખર્ચ | | યોજના | | | | | |
| | | કૃષિ | સંકલિત ડેરી | લોન/સહાય | તાલીમ | અન્ય | કુલ |
| કોઇ ખર્ચ નથી | સંખ્યા | 36 | 100 | 3 | 87 | 0 | 226 |
| | ટકા | 13.1 | 65.8 | 1.5 | 45.8 | 0.0 | 25.6 |
| ₹500થી ઓછા | સંખ્યા | 120 | 14 | 70 | 54 | 46 | 304 |
| | ટકા | 43.6 | 9.2 | 34.3 | 28.4 | 73.0 | 34.4 |
| ₹501થી 1,000 | સંખ્યા | 111 | 23 | 78 | 37 | 11 | 260 |
| | ટકા | 40.4 | 15.1 | 38.2 | 19.5 | 17.5 | 29.4 |
| ₹1001થી 1500 | સંખ્યા | 4 | 15 | 53 | 10 | 4 | 86 |
| | ટકા | 1.4 | 9.9 | 26.0 | 5.3 | 6.3 | 9.7 |
| ₹1500થી વધુ | સંખ્યા | 4 | 0 | 0 | 2 | 2 | 8 |
| | ટકા | 1.4 | 0 | 0 | 1.1 | 3.2 | 0.9 |
| કુલ | સંખ્યા | 275 | 152 | 204 | 190 | 63 | 884 |
| | ટકા | 100 | 100 | 100 | 100 | 100 | 100 |

ઉપરોક્ત કોષ્ટકમાં યોજના પ્રમાણે યોજનાનો લાભ લેવા કરવામાં આવેલા ખર્ચની વિગત દર્શાવવામાં આવી છે. જેમાં કૃષિ વિષયક યોજનાઓમાં 13.1% લાભાર્થીઓને કોઇ ખર્ચ થયો નથી. 43.6% લાભાર્થીઓને ₹500થી ઓછો ખર્ચ થયેલો છે. 40.4% લાભાર્થીઓને ₹501થી 1,000 સુધી ખર્ચ થયેલો છે. 1.4% લાભાર્થીઓને ₹1,001થી 1,500 સુધીનો ખર્ચ થયો છે. 1.4% લાભાર્થીઓને ₹1,500થી વધુ ખર્ચ થયેલો છે.

સંકલિત ડેરી વિષયક યોજનાઓમાં 65.8% લાભાર્થીઓને કોઇ ખર્ચ થયો નથી. 9.2% લાભાર્થીને ₹500થી ઓછો ખર્ચ થયેલો છે. 15.1% લાભાર્થીઓને ₹501થી 1,000 સુધી ખર્ચ થયેલો છે. 9.9% લાભાર્થીઓને ₹1,001થી 1,500 સુધીનો ખર્ચ થયો છે.

લોન વિષયક યોજનાઓમાં 1.5% લાભાર્થીઓને કોઇ ખર્ચ થયો નથી. 34.3% લાભાર્થીને ₹500થી ઓછો ખર્ચ થયેલો છે. 38.2% લાભાર્થીઓને ₹501થી 1,000 સુધી ખર્ચ થયેલો છે. 26% લાભાર્થીઓને ₹1,001થી 1,500 સુધીનો ખર્ચ થયો છે.

તાલીમ વિષયક યોજનાઓમાં 45.8% લાભાર્થીઓને કોઇ ખર્ચ થયો નથી. 28.4% લાભાર્થીઓને ₹500થી ઓછો ખર્ચ થયેલો છે. 19.5% લાભાર્થીઓને ₹501થી 1,000 સુધી ખર્ચ થયેલો છે. 5.3% લાભાર્થીઓને ₹1,001થી 1,500 સુધીનો ખર્ચ થયો છે. 1.1% લાભાર્થીઓને ₹1,500થી વધુ ખર્ચ થયેલો છે.

અન્ય યોજનાઓમાં 73% લાભાર્થીઓને ₹500થી ઓછો ખર્ચ થયેલો છે. 17.5% લાભાર્થીઓને ₹501થી 1,000 સુધી ખર્ચ થયેલો છે. 6.3% લાભાર્થીઓને ₹1,001થી 1,500 સુધીનો ખર્ચ થયો છે. 3.2% લાભાર્થીઓને ₹1,500થી વધુ ખર્ચ થયેલો છે.

❖ યોજના માટેના ખર્ચની આંકડાકીય વિગત (યોજના પ્રમાણે)


| કોષ્ટક: 5.7 યોજના માટેના ખર્ચની આંકડાકીય વિગત દર્શાવતું કોષ્ટક (યોજના પ્રમાણે) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| લાભ લેવાનો ખર્ચ | યોજના | | | | | |
| | કૃષિ | સંકલિત ડેરી | લોન/સહાય | તાલીમ | અન્ય | કુલ |
| N | 275 | 152 | 204 | 190 | 63 | 884 |
| Mean | 544.91 | 294.08 | 850.25 | 358.42 | 657.14 | 540.16 |
| Std. Deviation | 839.258 | 464.855 | 359.066 | 468.768 | 873.944 | 653.109 |
| C.V. | 154.02 | 158.07 | 42.23 | 130.79 | 132.99 | 120.91 |
| Median | 500 | 0 | 1,000 | 150 | 500 | 500 |
| Minimum | 0 | 0 | 0 | 0 | 50 | 0 |
| Maximum | 10,000 | 1500 | 1500 | 2000 | 5,000 | 10,000 |
| Range | 10,000 | 1500 | 1500 | 2000 | 4950 | 10,000 |
| $H_0$: યોજનાનો લાભ લેવા કરવામાં આવેલા સરેરાશ ખર્ચ સંદર્ભે યોજનાદીઠ કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી. | | | | | | |
| Independent Samples Kruskal-Wallis Test | | | | | | |
| Mean Rank | 442.85 | 292.91 | 635.64 | 341.01 | 482.56 | |
| P Value | 0.000 | | | | | |
| Decision | Reject Null Hypothesis ($H_0$). | | | | | |

યોજનાનો લાભ લેવા કરવામાં આવેલા સરેરાશ ખર્ચની માહિતી અનુસાર કૃષિ વૈવિધ્યકરણમાં ₹544.91, સંકલિત ડેરી વિકાસમાં ₹294.08, સ્વ-રોજગાર લોનમાં ₹850.25, રોજગારલક્ષી તાલીમમાં ₹358.42 અને અન્યમાં ₹3657.14 જેટલી છે. ચલનાંક (Co-efficient of Variation)ના આંકડા જોતાં જણાય છે કે, સંકલિત ડેરી વિકાસ યોજનામાં યોજનાનો લાભ લેવા કરવામાં આવેલા ખર્ચનો પ્રસાર સૌથી વધુ (ચલનાંક -158.07%) જોવા મળે છે, જ્યારે લોન/સહાય યોજનામાં સૌથી ઓછો (ચલનાંક - 42.23%) જોવા મળે છે.

ક્રુસ્કલ-વોલિસ ટેસ્ટ(Kruskal-Wallis Test)માં જોવા મળે છે કે P મૂલ્ય 0.05 કરતાં ઓછુ છે. તેથી નિરાકરણીય પરિકલ્પનાનો 5% સાર્થકતાની કક્ષાએ અસ્વીકાર થાય છે અને વૈકલ્પિક પરિકલ્પનાનો સ્વીકાર થાય છે. અહીં ક્રુસ્કલ-વોલિસ ટેસ્ટના આધારે કહી શકાય કે, અભ્યાસમાં સમાવિષ્ટ યોજનાઓમાં લાભ લેવા માટે કરવામાં આવતા ખર્ચ સંદર્ભે સાર્થક તફાવત જોવા મળે છે. એટલે કે વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે કરવામાં આવતા ખર્ચમાં વિવિધતા જોવા મળેલ છે. જે આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે .

આકૃતિ: 5.3. Post Hoc વિશ્લેષણ (યોજના પ્રમાણે ખર્ચ)

**Pairwise Comparisons of Type of Scheme**




Each node shows the sample average rank of Type of Scheme.

| Sample1-Sample2 | Test Statistic | Std. Error | Std. Test Statistic | Sig. | Adj.Sig. |
|---|---|---|---|---|---|
| Sankalit Dairy Vikas Karyakram-Rojagarlakshi Talim | -48.102 | 27.435 | -1.753 | .080 | .795 |
| Sankalit Dairy Vikas Karyakram-Krushi Vaividhyakaran Yojana | 149.936 | 25.481 | 5.884 | .000 | .000 |
| Sankalit Dairy Vikas Karyakram-Others Schemes | -189.644 | 37.775 | -5.020 | .000 | .000 |
| Sankalit Dairy Vikas Karyakram-Swarojagar Loan Yojana | -342.731 | 27.013 | -12.688 | .000 | .000 |
| Rojagarlakshi Talim-Krushi Vaividhyakaran Yojana | 101.834 | 23.783 | 4.282 | .000 | .000 |
| Rojagarlakshi Talim-Others Schemes | -141.542 | 36.652 | -3.862 | .000 | .001 |
| Rojagarlakshi Talim-Swarojagar Loan Yojana | 294.629 | 25.418 | 11.591 | .000 | .000 |
| Krushi Vaividhyakaran Yojana-Others Schemes | -39.708 | 35.213 | -1.128 | .259 | 1.000 |
| Krushi Vaividhyakaran Yojana-Swarojagar Loan Yojana | -192.795 | 23.295 | -8.276 | .000 | .000 |
| Others Schemes-Swarojagar Loan Yojana | 153.087 | 36.337 | 4.213 | .000 | .000 |

Each row tests the null hypothesis that the Sample 1 and Sample 2 distributions are the same.
Asymptotic significances (2-sided tests) are displayed. The significance level is .05.

❖ યોજનામાં જોડાવાને લીધે રોજગારીમાં થયેલ વધારો દર્શાવતું કોષ્ટક (તાલુકા પ્રમાણે)

| કોષ્ટક: 5.8 યોજનામાં જોડાવાને લીધે રોજગારીમાં થયેલ વધારો દર્શાવતું કોષ્ટક (તાલુકા પ્રમાણે) | | | | | |
|---|---|---|---|---|---|
| રોજગારીમાં ફેરફાર | | તાલુકા | | | કુલ |
| | | દાંતા | દાહોદ | સુબીર | |
| કોઇ ફેરફાર થયો નથી | સંખ્યા | 108 | 256 | 183 | 547 |
| | ટકા | 68.4 | 53.1 | 75 | 61.9 |
| 1 સભ્યની રોજગારીમાં વધારો | સંખ્યા | 44 | 194 | 42 | 280 |
| | ટકા | 27.8 | 40.2 | 17.2 | 31.7 |
| 2 કે તેથી વધુ સભ્યની રોજગારીમાં વધારો | સંખ્યા | 6 | 32 | 19 | 57 |
| | ટકા | 3.8 | 6.6 | 7.8 | 6.4 |
| કુલ | સંખ્યા | 158 | 482 | 244 | 884 |
| | ટકા | 100 | 100 | 100 | 100 |
| $H_0$: પસંદ કરેલા તાલુકાઓમાં યોજનાના લાભથી રોજગારીમાં વધારાના સંદર્ભે સાર્થક તફાવત નથી. | | | | | |
| Chi-Square Tests | | Value | df | Asymp. Sig. (2-sided) | |
| Pearson Chi-Square | | 39.965[a] | 4 | .000 | |
| a. 0 cells (0.0%) have expected count less than 5. The minimum expected count is 8.94. | | | | | |

કોષ્ટકમાં જોવા મળે છે કે પસંદ કરેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 547 લાભાર્થીઓના કુટુંબના સભ્યોની કુલ રોજગારોની સંખ્યામાં યોજનાના લાભના કારણે ફેરફાર થયો નથી, જે કુલ લાભાર્થીઓના 61.9% જેટલા થાય છે. 280 લાભાર્થીઓના કુટુંબમાં 1-1 સભ્યોની રોજગારોમાં વધારો જોવા મળે છે, જેનું પ્રમાણ કુલ લાભાર્થીઓના 31.7% જેટલું છે. 2 કે તેથી વધુ સભ્યોની રોજગારીમાં વધારો થયો હોય તેવા લાભાર્થીઓનું પ્રમાણ માત્ર 6.4% જોવા મળે છે.

ત્રણેય તાલુકાની સરખામણીમાં જોઈએ તો યોજનાના લાભથી સૌથી વધારે રોજગારીમાં ફેરફાર દાહોદમાં જોવા મળે છે, જ્યારે દાંતામાં યોજનાના લાભના કારણે રોજગારીમાં સૌથી ઓછો ફેરફાર થયો છે.

વધુમાં, નોંધવું ઘટે કે જે લાભાર્થીઓના કુટુંબના સભ્યોની કુલ રોજગારોની સંખ્યામાં યોજનાના લાભના કારણે ફેરફાર થયો નથી અથવા યોજનાનો લાભ લીધેલા લાભાર્થીઓના કુટુંબના સભ્યોની રોજગારીમાં સંખ્યામાં વધારો ઓછો જોવા મળે છે તેઓની રોજગારીના સમયમાં વધારો થયેલો જોવા મળે છે. યોજનાના લાભ પહેલા જે સભ્યોને દિવસના બે-ત્રણ કલાક કામ મળતું હતું તેઓને દિવસના સાતથી આઠ કલાક રોજગારી મળી રહે છે. આમ, સભ્ય સંખ્યામાં વધારો ન જોવા મળવાથી એવું કહેવું યોગ્ય નથી કે રોજગારીમાં કોઇ વધારો થયો નથી.

અહીં, કાઈ સ્ક્વેર ($X^2$) ટેસ્ટમાં જોવા મળે છે કે પીયરસન $X^2$=39.965, $P<0.05$, નિરાકરણીય પરિકલ્પનાનો અસ્વીકાર થાય છે. તેથી કહી શકાય કે પસંદ કરેલા તાલુકાઓમાં યોજનાના લાભથી રોજગારીમાં વધારાના સંદર્ભે સાર્થક તફાવત જોવા મળે છે. આમ, આંકડાકીય પરીક્ષણ પણ એ સાબિત કરે છે કે યોજનાના લાભથી સૌથી વધારે રોજગારીમાં ફેરફાર દાહોદમાં જોવા મળે છે, જ્યારે દાંતામાં યોજનાના લાભના કારણે રોજગારીમાં સૌથી ઓછો ફેરફાર થયો છે.

❖ યોજનામાં જોડાવાને લીધે રોજગારીમાં થયેલ વધારો દર્શાવતું કોષ્ટક (યોજના પ્રમાણે)

| કોષ્ટક: 5.9 યોજનામાં જોડાવાને લીધે રોજગારીમાં થયેલ વધારો દર્શાવતું કોષ્ટક (યોજના પ્રમાણે) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| રોજગારીમાં ફેરફાર | | યોજના | | | | | |
| | | કૃષિ | સંકલિત | લોન/સહાય | તાલીમ | અન્ય | કુલ |
| કોઈ ફેરફાર થયો નથી | સંખ્યા | 197 | 75 | 150 | 83 | 42 | 547 |
| | ટકા | 71.6 | 49.3 | 73.5 | 43.7 | 66.7 | 61.9 |
| 1 સભ્યની રોજગારીમાં વધારો | સંખ્યા | 63 | 70 | 36 | 98 | 13 | 280 |
| | ટકા | 22.9 | 46.1 | 17.6 | 51.6 | 20.6 | 31.7 |
| 2 કે તેથી વધુ સભ્યની રોજગારીમાં વધારો | સંખ્યા | 15 | 7 | 18 | 9 | 8 | 57 |
| | ટકા | 5.5 | 4.6 | 8.8 | 4.7 | 12.7 | 6.4 |
| કુલ | સંખ્યા | 275 | 152 | 204 | 190 | 63 | 884 |
| | ટકા | 100 | 100 | 100 | 100 | 100 | 100 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે બધી જ યોજનાઓના લાભાર્થીઓના કુટુંબના સભ્યોની રોજગારીની સંખ્યામાં વધારો જોવા મળે છે, પરંતુ આ વધારો ઓછા પ્રમાણમાં છે. કારણ કે અહીં 62% જેટલા લાભાર્થીઓના કુટુંબના સભ્યોની રોજગારીમાં કોઈ ફેરફાર થયો નથી. સ્વરોજગાર તાલીમ યોજનાના લાભાર્થી કુટુંબની રોજગારીમાં નોંધપાત્ર વધારો થયેલો જોવા મળે છે. કૃષિ વૈવિધ્યકરણની યોજનાના લાભાર્થીઓમાં ઓછા પ્રમાણમાં રોજગારીનું સર્જન થયેલ માલુમ પડેલ છે.

❖ યોજનામાં જોડાવાને લીધે આવકમાં થયેલ વધારાની માહિતીનું કોષ્ટક (તાલુકા પ્રમાણે)

| કોષ્ટક: 5.10 યોજનામાં જોડાવાને લીધે આવકમાં થયેલ વધારાની માહિતીનું કોષ્ટક (તાલુકા પ્રમાણે) | | | | |
|---|---|---|---|---|
| આવકમાં થયેલ ફેરફાર | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| ફેરફાર થયો નથી | 79 (50) | 135 (28) | 44 (18) | 258 (29.2) |
| ₹5,000 થી ઓછા | 57 (36.1) | 88 (18.3) | 99 (40.6) | 244 (27.6) |
| ₹5,000 થી 10,000 | 12 (7.6) | 157 (32.6) | 75 (30.7) | 244 (27.6) |
| ₹10,000 થી 15,000 | 10 (6.3) | 82 (17) | 17 (7) | 109 (12.3) |
| ₹15,000 થી 20,000 | 0 (0) | 16 (3.3) | 8 (3.3) | 24 (2.7) |
| ₹20,000 થી 25,000 | 0 (0) | 4 (0.8) | 1 (0.4) | 5 (0.6) |
| કુલ | 158 (100) | 482 (100) | 244 (100) | 884 (100) |
| નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

કોષ્ટકમાં તાલુકા અનુસાર યોજનાના લાભથી આવકમાં થયેલ ફેરફારની માહિતી દર્શાવે છે. કુલ લાભાર્થીઓમાથી 29.2% લાભાર્થીઓની આવકમાં કોઈ ફેરફાર થયો નથી. જ્યારે 27.6% લાભાર્થીઓની આવકમાં ₹5,000 સુધી, 27.6% લાભાર્થીઓની આવકમાં ₹5,000 થી 10,000, 12.3% લાભાર્થીઓની આવકમાં ₹10,000 થી 15,000 અને 3.3% લાભાર્થીઓની આવકમાં ₹15,000 થી 25,000 સુધીનો વધારો થયેલો જોવા મળે છે.

દાંતામાં 50% લાભાર્થીઓની આવકમાં કોઇ પણ ફેરફાર થયો નથી. 36.1% લાભાર્થીઓની આવકમાં ₹5,000 સુધીનો વધારો થયેલો છે. 7.6% લાભાર્થીઓની આવકમાં ₹5,000 થી 10,000નો વધારો થયેલો છે. 6.3% લાભાર્થીઓની આવકમાં ₹10,000 થી1,5,000નો વધારો થયેલો છે.

દાહોદ તાલુકામાં કુલ લાભાર્થીમાંથી 28% લાભાર્થીઓની આવકમાં કોઇ વધારો થયો નથી. 18.3% લાભાર્થીઓની આવકમાં ₹5,000 સુધીનો વધારો થયેલો છે. 32.6% લાભાર્થીઓની આવકમાં ₹5,000 થી 10,000 સુધીનો વધારો થયેલો છે. 17% લાભાર્થીઓની આવકમાં ₹10,000 થી15,000 સુધીનો વધારો થયેલો છે. 3.3% લાભાર્થીઓની આવકમાં ₹15,000 થી20,000 સુધીનો વધારો થયેલો છે. 0.8% લાભાર્થીઓની આવકમાં ₹20,000 થી25,000 સુધીનો વધારો થયેલો છે.

સુબીર તાલુકામાં કુલ લાભાર્થીમાંથી 18% લાભાર્થીઓની આવકમાં કોઇ પણ વધારો થયો નથી. 40.6% લાભાર્થીઓની આવકમાં ₹5,000 સુધીનો વધારો થયેલો છે. 30.7% લાભાર્થીઓની આવકમાં ₹5,000 થી 10,000 સુધીનો વધારો થયેલો છે. 7% લાભાર્થીઓની આવકમાં ₹10,000 થી15,000 સુધીનો વધારો થયેલો છે. 3.3% લાભાર્થીઓની આવકમાં ₹15,000 થી20,000 સુધીનો વધારો થયેલો છે. 0.4% લાભાર્થીઓની આવકમાં ₹20,000 થી 25,000 સુધીનો વધારો થયેલો છે.

ટૂંકમાં, ભૌગોલિક ક્ષેત્ર મુજબ યોજનાના કારણે આવકમાં ફેરફાર ચકાસતા જાણવા મળેલ છે કે દાંતામાં 50%, દાહોદમાં 28% અને સુબિરમાં 18% લાભાર્થીઓની આવકમાં કોઇ પણ ફેરફાર થયો નથી. જ્યારે ₹5,000 થી 10,000 સુધીની આવકનો વધારો દાંતાના 46.7%, દાહોદના 50.9% અને સુબિરના 71.3% ઉત્તરદાતાઓમાં જોવા મળ્યો છે, આમ, આવક વધારાના સંદર્ભમાં આ જૂથ સૌથી મોટું છે.

❖ યોજનામાં જોડાવાથી આવકમાં થયેલા વધારાની આંકડાકીય માહિતીનું કોષ્ટક (તાલુકા પ્રમાણે)


કોષ્ટક: 5.11 યોજનામાં જોડાવાથી આવકમાં થયેલા વધારાની આંકડાકીય માહિતીનું કોષ્ટક (તાલુકા પ્રમાણે)

| આવકની વિગત | તાલુકા | | | કુલ |
|---|---|---|---|---|
| | દાંતા | દાહોદ | સુબીર | |
| N | 158 | 482 | 244 | 884 |
| Mean | 1775.32 | 4865.15 | 4020.08 | 4079.64 |
| Std. Deviation | 2648.487 | 4564.560 | 3543.191 | 4164.091 |
| Co-efficient of Variation | 149.18 | 93.82 | 88.14 | 102.07 |
| Median | 250.00 | 5,000.00 | 3000.00 | 3000.00 |
| Minimum | 0 | 0 | 0 | 0 |
| Maximum | 10,000 | 25,000 | 20,000 | 25,000 |
| Range | 10,000 | 25,000 | 20,000 | 25,000 |
| $H_0$: ત્રણેય તાલુકાના લાભાર્થીઓની યોજનામાં જોડાવાથી વધેલી સરેરાશ આવકમાં સાર્થક તફાવત નથી. | | | | |
| Independent Samples Kruskal-Wallis Test | | | | |
| Mean Rank | 297.19 | 480.95 | 460.63 | |
| P Value | 0.000 | | | |
| Decision | Reject Null Hypothesis ($H_0$). | | | |

પસંદ કરેલા તમામ કુટુંબની સરેરાશ આવકમાં વધારો ₹4079.64 છે. જે દાંતા તાલુકામાં ₹1775.32, દાહોદ તાલુકામાં ₹4865.15 અને સુબીર તાલુકામાં ₹4020.08 છે. આમ, દાહોદના લાભાર્થીઓની આવકમાં સૌથી વધુ જ્યારે દાંતાના લાભાર્થીઓની આવકમાં સૌથી ઓછા પ્રમાણમાં વધારો થયો હોવાનું જણાય છે. પસંદ કરેલા તમામ કુટુંબના વાર્ષિક આવકનો પ્રસાર ₹4164.091 છે. ચલનાંક (Co-efficient of Variation)ના આંકડા જોતાં જણાય છે કે, લાભાર્થીઓની યોજનામાં જોડાવાથી વધેલી સરેરાશ વાર્ષિક આવકનો પ્રસાર દાંતામાં સૌથી વધુ (149.18%) જોવા મળે છે, જ્યારે સુબીરમાં સૌથી ઓછો (88.14%) જોવા મળે છે.

કુસ્કલ-વોલિસ ટેસ્ટ(Kruskal-Wallis Test)માં જોવા મળે છે કે P મૂલ્ય 0.05 કરતાં ઓછુ છે. તેથી નિરાકરણીય પરિકલ્પનાનો 5% સાર્થકતાની કક્ષાએ અસ્વીકાર થાય છે અને વૈકલ્પિક પરિકલ્પનાનો સ્વીકાર થાય છે. અહીં કુસ્કલ-વોલિસ ટેસ્ટના આધારે  કહી શકાય કે, ત્રણેય તાલુકાના લાભાર્થીઓની યોજનામાં જોડાવાથી વધેલી સરેરાશ આવકમાં સાર્થક તફાવત જોવા મળે છે. Post Hoc વિશ્લેષણ દ્વારા જાણવા મળે છે કે આ તફાવત દાંતાના કારણે જોવા મળેલ છે.

આકૃતિ: 5.4. Post Hoc વિશ્લેષણ: યોજનામાં જોડાવાથી આવકમાં થયેલ વધારો (તાલુકા પ્રમાણે)




| Sample1-Sample2 | Test Statistic | Std. Error | Std. Test Statistic | Sig. | Adj.Sig. |
|---|---|---|---|---|---|
| B.K-Danta-Dang-Subir | -163.441 | 25.671 | -6.367 | .000 | .000 |
| B.K-Danta-Dahod-Dahod | -183.764 | 23.046 | -7.974 | .000 | .000 |
| Dang-Subir-Dahod-Dahod | 20.323 | 19.751 | 1.029 | .304 | .911 |

Each row tests the null hypothesis that the Sample 1 and Sample 2 distributions are the same.
Asymptotic significances (2-sided tests) are displayed. The significance level is .05.

❖ યોજનામાં જોડાવાથી આવકમાં થયેલ વધારાની માહિતીનું કોષ્ટક (યોજના પ્રમાણે)

કોષ્ટક: 5.12 યોજનામાં જોડાવાથી આવકમાં થયેલ વધારાની માહિતીનું કોષ્ટક (યોજના પ્રમાણે)

| આવકમાં ફેરફાર | કૃષિ | સંકલિત ડેરી | લોન/સહાય | તાલીમ | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|
| ફેરફાર થયો નથી | 199 (43.3) | 21 (13.8) | 29 (14.2) | 60 (31.6) | 29 (46) | 258 (29.2) |
| ₹5,000થી ઓછા | 77 (28) | 56 (36.8) | 86(42.2) | 4(2.1) | 21(33.3) | 244(27.6) |
| ₹5,000થી10,000 | 48 (17.5) | 55 (36.2) | 57(27.9) | 76(40) | 8(12.7) | 244(27.6) |
| ₹10,000થી15,000 | 28 (10.2) | 16 (10.5) | 23 (11.3) | 39(20.5) | 3(4.8) | 109(12.3) |
| 15,000થી20,000 | 3(1.1) | 2(1.3) | 8(3.9) | 9(4.7) | 2(3.2) | 24(2.7) |
| ₹20,000થી25,000 | 0(0) | 2(1.3) | 1(0.5) | 2(1.1) | 0(0) | 5(0.6) |
| કુલ | 275 (100) | 152 (100) | 204 (100) | 190 (100) | 63 (100) | 884 (100) |

નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે.

ઉપરોક્ત કોષ્ટકમાં યોજના પ્રમાણે યોજનાના લાભથી વાર્ષિક આવકમાં થયેલ ફેરફારની માહિતી દર્શાવવામાં આવી છે. જેમાં કૃષિ વિષયક યોજનાઓમાં 43.3% લાભાર્થીની આવકમાં કોઇ ફેરફાર થયો નથી. 28% લાભાર્થીને આવકમાં ₹5,000 સુધીનો વધારો થયેલો છે. 17.5% લાભાર્થીની આવકમાં ₹5,000થી 10,000નો વધારો થયેલો છે. 10.2% લાભાર્થીઓની આવકમાં ₹10,000થી 15,000નો વધારો થયેલો છે. 1.1% લાભાર્થીઓની આવકમાં ₹15,000થી 20,000નો વધારો થયેલો છે.

સંકલિત ડેરી વિષયક યોજનાઓમાં 13.8% લાભાર્થીઓની આવકમાં કોઈ ફેરફાર થયો નથી. 36.8% લાભાર્થીઓની આવકમાં ₹5,000 સુધીનો વધારો થયેલો છે. 36.2% લાભાર્થીઓની આવકમાં ₹5,000થી 10,000નો વધારો થયેલો છે. 10.5% લાભાર્થીઓની આવકમાં ₹10,000થી 15,000નો વધારો થયેલો છે. 1.3% લાભાર્થીઓની આવકમાં ₹15,000થી 20,000નો વધારો થયેલો છે. 1.3% લાભાર્થીઓની આવકમાં ₹20,000થી 25,000 નો વધારો થયેલો છે.

લોન વિષયક યોજનાઓમાં 14.2% લાભાર્થીઓની આવકમાં કોઇ ફેરફાર થયો નથી. 42.2% લાભાર્થીઓની આવકમાં ₹5,000 સુધીનો વધારો થયેલો છે. 27.9% લાભાર્થીઓની આવકમાં ₹5,000થી 10,000 નો વધારો થયેલો છે. 11.3% લાભાર્થીઓની આવકમાં ₹10,000થી 15,000નો વધારો થયેલો છે. 3.9% લાભાર્થીઓની આવકમાં ₹15,000થી 20,000નો વધારો થયેલો છે. 0.5% લાભાર્થીઓની આવકમાં ₹20,000થી 25,000નો વધારો આવકનો ફેરફાર થયેલો છે.

તાલીમ વિષયક યોજનાઓમાં 31.6% લાભાર્થીઓની આવકમાં કોઇ ફેરફાર થયો નથી. 2.1% લાભાર્થીઓની આવકમાં ₹5,000 સુધીનો વધારો થયેલો છે. 40% લાભાર્થીઓની આવકમાં ₹5,000થી 10,000નો વધારો થયેલો છે. 20.5% લાભાર્થીઓની આવકમાં ₹10,000થી 15,000નો વધારો થયેલો છે. 4.7% લાભાર્થીઓની આવકમાં

₹15,000થી 20,000નો વધારો થયેલો છે. 1.1% લાભાર્થીઓની આવકમાં ₹20,000થી 25,000નો વધારો થયેલો છે.

અન્ય યોજનાઓમાં 46% લાભાર્થીઓની આવકમાં કોઇ ફેરફાર થયો નથી. 33.3% લાભાર્થીઓની આવકમાં ₹5,000 સુધીનો વધારો થયેલો છે. 12.7% લાભાર્થીઓની આવકમાં ₹5,000થી 10,000નો વધારો થયેલો છે. 4.8% લાભાર્થીઓની આવકામાં ₹10,000થી 15,000નો વધારો  થયેલો છે. 3.2% લાભાર્થીઓની આવકમાં ₹15,000થી 20,000નો વધારો થયેલો છે.

❖ કુટુંબની વાર્ષિક આવકમાં થયેલા વધારાની આંકડાકીય માહિતીનું કોષ્ટક (યોજના પ્રમાણે)


| કોષ્ટક: 5.13 કુટુંબની વાર્ષિક આવકમાં થયેલા વધારાની આંકડાકીય માહિતીનું કોષ્ટક (યોજના પ્રમાણે) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| આવકમાં વધારો | યોજના | | | | | |
| | કૃષિ | સંકલિત ડેરી | લોન/સહાય | તાલીમ | અન્ય | કુલ |
| N | 275 | 152 | 204 | 190 | 63 | 884 |
| Mean | 2787.27 | 4792.76 | 4254.90 | 5847.37 | 2101.59 | 4079.64 |
| Std. Deviation | 3617.075 | 3821.967 | 3780.130 | 4887.395 | 3412.429 | 4164.091 |
| C.V. | 129.77 | 79.74 | 88.84 | 83.58 | 162.37 | 102.07 |
| Median | 1500 | 4000 | 3000 | 7000 | 1500 | 3000 |
| Minimum | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| Maximum | 15,000 | 20,000 | 20,000 | 25,000 | 15,000 | 25,000 |
| Range | 15,000 | 20,000 | 20,000 | 25,000 | 15,000 | 25,000 |
| $H_0$: પાંચેય યોજનાઓના લાભાર્થીઓમાં સરેરાશ આવકમાં થયેલા વધારા સંદર્ભે કોઈ સર્થક તફાવત નથી. | | | | | | |
| Independent Samples Kruskal-Wallis Test | | | | | | |
| Mean Rank | 355.79 | 508.27 | 472.36 | 529.28 | 303.88 | |
| P Value | 0.000 | | | | | |
| Decision | Reject Null Hypothesis ($H_0$). | | | | | |

ઉપરોક્ત કોષ્ટકની માહિતી અનુસાર કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થીઓની સરેરાશ આવકમાં સૌથી વધુ (₹2787.27) વધારો જોવા મળે છે, જ્યારે અન્ય યોજનાના લાભાર્થીઓની સરેરાશ આવકમાં સૌથી ઓછો (₹2101.59) વધારો જોવા મળે છે. ચલનાંક (Co-efficient of Variation)ના આંકડા જોતાં જણાય છે કે, યોજનાના લાભથી સરેરાશ આવકમાં થયેલા વધારાનો પ્રસાર સૌથી વધુ અન્ય યોજનામાં (ચલનાંક 162.37%) જોવા મળે છે, જ્યારે સંકલિત ડેરી વિકાસ યોજનામાં સૌથી ઓછો (ચલનાંક 79.74%) જોવા મળે છે.

કુસ્કલ-વોલિસ ટેસ્ટ(Kruskal-Wallis Test)માં જોવા મળે છે કે P મૂલ્ય 0.05 કરતાં ઓછુ છે. તેથી નિરાકરણીય પરિકલ્પનાનો 5% સાર્થકતાની કક્ષાએ અસ્વીકાર થાય છે અને વૈકલ્પિક પરિકલ્પનાનો સ્વીકાર થાય છે. અહીં કુસ્કલ-વોલિસ ટેસ્ટના આધારે  કહી શકાય કે, પાંચેય યોજનાઓના લાભાર્થીઓમાં સરેરાશ આવકમાં થયેલા વધારા સંદર્ભે સાર્થક તફાવત જોવા મળે છે, જે નીચેની આકૃતિ અને Post Hoc વિશ્લેષણ પરથી સ્પષ્ટ થાય છે.

આકૃતિ: 5.5. Post Hoc વિશ્લેષણ (કુટુંબની વાર્ષિક આવકમાં થયેલા વધારો - યોજના પ્રમાણે)

**Pairwise Comparisons of Type of Scheme**




Each node shows the sample average rank of Type of Scheme.


| Sample1-Sample2 | Test Statistic | Std. Error | Std. Test Statistic | Sig. | Adj.Sig. |
|---|---|---|---|---|---|
| Others Schemes-Krushi Vaividhyakaran Yojana | 51.912 | 35.113 | 1.478 | .139 | 1.000 |
| Others Schemes-Swarojagar Loan Yojana | 168.479 | 36.234 | 4.650 | .000 | .000 |
| Others Schemes-Sankalit Dairy Vikas Karyakram | 204.392 | 37.668 | 5.426 | .000 | .000 |
| Others Schemes-Rojagarlakshi Talim | 225.401 | 36.548 | 6.167 | .000 | .000 |
| Krushi Vaividhyakaran Yojana-Swarojagar Loan Yojana | -116.568 | 23.229 | -5.018 | .000 | .000 |
| Krushi Vaividhyakaran Yojana-Sankalit Dairy Vikas Karyakram | -152.480 | 25.408 | -6.001 | .000 | .000 |
| Krushi Vaividhyakaran Yojana-Rojagarlakshi Talim | -173.489 | 23.716 | -7.315 | .000 | .000 |
| Swarojagar Loan Yojana-Sankalit Dairy Vikas Karyakram | 35.913 | 26.936 | 1.333 | .182 | 1.000 |
| Swarojagar Loan Yojana-Rojagarlakshi Talim | -56.921 | 25.346 | -2.246 | .025 | .247 |
| Sankalit Dairy Vikas Karyakram-Rojagarlakshi Talim | -21.009 | 27.357 | -.768 | .443 | 1.000 |

Each row tests the null hypothesis that the Sample 1 and Sample 2 distributions are the same.
Asymptotic significances (2-sided tests) are displayed. The significance level is .05.

❖ લાભાર્થીઓના બાળકોના શિક્ષણ પર થયેલી અસર દર્શાવતું કોષ્ટક (તાલુકા પ્રમાણે)

| કોષ્ટક: 5.14 લાભાર્થીઓના બાળકોના શિક્ષણ પર થયેલી અસર દર્શાવતું કોષ્ટક (તાલુકા પ્રમાણે) | | | | |
|---|---|---|---|---|
| શિક્ષણમાં ફેરફાર | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| કોઇ ફેરફાર થયો નથી | 116(73.4) | 273(56.6) | 68(27.9) | 457(51.7) |
| શિક્ષણના સ્તરમાં વધારો | 23(14.6) | 25(5.2) | 113(46.3) | 161(18.2) |
| શૈક્ષણિક ગુણવત્તા પ્રત્યે જાગૃત્તિ | 13(8.2) | 5(1) | 37(15.2) | 55(6.2) |
| શિક્ષણ સંદર્ભની સુવિધાઓમાં વધારો | 6(3.8) | 179(37.1) | 26(10.7) | 211(23.9) |
| કુલ | 158(100) | 482(100) | 244(100) | 884(100) |
| $H_0$: યોજનાના લાભાર્થીઓના બાળકોના શિક્ષણમાં થયેલા પરિવર્તનને તાલુકા સાથે કોઇ સાર્થક તફાવત નથી. | | | | |
| Chi-Square Tests | Value | df | Asymp. Sig. (2-sided) | |
| Pearson Chi-Square | 328.604[a] | 6 | .000 | |
| a. 0 cells (0.0%) have expected count less than 5. The minimum expected count is 9.83. નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે. | | | | |

આકૃતિ: 5.6. લાભાર્થીઓના બાળકોના શિક્ષણ પર થયેલી અસર (તાલુકા પ્રમાણે)




51.7% લાભાર્થીઓના જણાવ્યા અનુસાર તેઓના બાળકોના શિક્ષણમાં નોંધપાત્ર પરિવર્તન જણાયું નથી, જ્યારે 48.3% લાભાર્થીઓના બાળકોના શિક્ષણ સંદર્ભમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. વિગતે તપાસતા જણાયું છે કે લગભગ ચોથા ભાગના (23.9%) લાભાર્થીઓના બાળકોને શિક્ષણ સંદર્ભની ભૌતિક સુવિધાઓમાં વધારો થયો છે. જ્યારે 18.2% લાભાર્થીઓ પોતાના બાળકોના શૈક્ષણિક સ્તરમાં વધારો કરી શક્યા છે, અર્થાત તેઓ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે તેઓને વધુ ભણાવતાં થયા છે. આ ઉપરાંત 6.2% લાભાર્થીઓમાં બાળકોના શૈક્ષણિક ગુણવત્તા અંગેની જાગૃતિ વધેલી જોવા મળે છે.

કાઈ સ્ક્વેર ($X^2$) ટેસ્ટમાં પીયરસન કાઈ સ્ક્વેરનું મુલ્ય 328.604 અને P મુલ્ય 0.05 કરતાં ઓછું છે. તેથી 5% સાર્થકતાની કક્ષાએ નિરાકરણીય પરિકલ્પના($H_0$)નો અસ્વીકાર થાય છે અને વૈકલ્પિક પરિકલ્પનાનો સ્વીકાર થાય છે. આમ, $X^2$ ટેસ્ટના આધારે કહી શકાય કે યોજનાના લાભાર્થીઓના બાળકોના શિક્ષણમાં થયેલા પરિવર્તનને તાલુકા સાથે સાર્થક સંબંધ છે.

ભૌગોલિક રીતે અભ્યાસ હેઠળના ત્રણેય તાલુકાનું ચિત્ર જોઈએ તો સૌથી ઓછો બદલાવ દાંતા તાલુકામાં જણાય છે જ્યારે સૌથી વધુ પરિવર્તન સુબીર તાલુકામાં છે. સુબીરના 46.3% લાભાર્થી બાળકોના શૈક્ષણિક સ્તરમાં વધારો કરવા સક્ષમ બન્યા છે, જ્યારે દાહોદ તાલુકાના 37.1% લાભાર્થીઓ બાળકોને શિક્ષણ સંદર્ભની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શક્યા છે.

❖ લાભાર્થીઓના બાળકોના શિક્ષણ પર થયેલી અસર દર્શાવતું કોષ્ટક (યોજના પ્રમાણે)

કોષ્ટક: 5.15 લાભાર્થીઓના બાળકોના શિક્ષણ પર થયેલી અસર દર્શાવતું કોષ્ટક (યોજના પ્રમાણે)

| શિક્ષણમાં ફેરફાર | | કૃષિ | સંકલિત ડેરી | લોન/સહાય | તાલીમ | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| કોઇ ફેરફાર થયો નથી | સંખ્યા | 194 | 37 | 56 | 129 | 41 | 457 |
| | ટકા | 70.5 | 24.3 | 27.5 | 67.9 | 65.1 | 51.7 |
| શિક્ષણના સ્તરમાં વધારો | સંખ્યા | 11 | 54 | 75 | 14 | 7 | 161 |
| | ટકા | 4 | 35.5 | 36.8 | 7.4 | 11.1 | 18.2 |
| શૈક્ષણિક ગુણવત્તા પ્રત્યે જાગૃત્તિ | સંખ્યા | 5 | 19 | 28 | 3 | 0 | 55 |
| | ટકા | 1.8 | 12.5 | 13.7 | 1.6 | 0 | 6.2 |
| શિક્ષણ સંદર્ભની સુવિધાઓમાં વધારો | સંખ્યા | 65 | 42 | 45 | 44 | 15 | 211 |
| | ટકા | 23.63 | 27.6 | 22.1 | 23.2 | 23.8 | 23.9 |
| કુલ | સંખ્યા | 275 | 152 | 204 | 190 | 63 | 884 |
| | ટકા | 100 | 100 | 100 | 100 | 100 | 100 |

ઉપરોક્ત કોષ્ટકમાં વિવિધ યોજનાઓમાં જોડાયેલા લાભાર્થીઓના બાળકોના શિક્ષણમાં આવેલા પરિવર્તનની માહિતી દર્શાવવામાં આવી છે. કૃષિ વૈવિધ્યકરણની યોજનાના 70.5% લાભાર્થીઓ, તાલીમ યોજનાના 67.9% લાભાર્થીઓ અને અન્ય યોજનાના 65.1% લાભાર્થીઓના બાળકોના શિક્ષણમાં કોઇ ફેરફાર થયો હોવાનું જણાતું નથી. સંકલિત ડેરી વિકાસ યોજનાના 35.5% તેમજ લોન યોજનાના 36.8% લાભાર્થીઓ તેઓના બાળકોના શૈક્ષણિક સ્તરમાં વધારો કરી શક્યા છે.

આ ઉપરાંત દરેક યોજનામાં લગભગ 22 થી 28% જેટલા લાભાર્થીઓ પોતાના બાળકોની શૈક્ષણિક ભૌતિક સુવિધાઓમાં નોંધપાત્ર વધારો કરી શક્યા છે. જેમ કે આ લાભાર્થીઓ બાળકોના ગણવેશ, પુસ્તકો, સ્ટેશનરી વગેરે જેવી ભૌતિક સુવિધાઓના ખર્ચ વધારી શક્યા છે.

❖ લાભાર્થીઓના આરોગ્ય વિષયક ફેરફારની માહિતી દર્શાવતું કોષ્ટક (તાલુકા પ્રમાણે)

| કોષ્ટક: 5.16 લાભાર્થીઓના આરોગ્ય વિષયક ફેરફારની માહિતી દર્શાવતું કોષ્ટક (તાલુકા પ્રમાણે) | | | | |
|---|---|---|---|---|
| આરોગ્ય વિષયક ફેરફાર | તાલુકા | | | કુલ |
| | દાંતા | દાહોદ | સુબીર | |
| કોઇ ફેરફાર થયો નથી | 138(87.34) | 346(71.78) | 118(48.36) | 602(68.1) |
| સારી સુવિધાવાળા દવાખાનાનો લાભ લીધો | 17(10.76) | 12(2.49) | 42(17.21) | 71(8.03) |
| પોષણયુક્ત આહારશૈલીથી આરોગ્યમાં સુધારો | 3(1.9) | 124(25.73) | 84(34.43) | 211(23.87) |
| કુલ | 158(100) | 482(100) | 244(100) | 884(100) |

$H_0$: યોજનાના લાભથી આરોગ્યલક્ષી પરિવર્તનમાં તાલુકા અનુસાર સાર્થક તફાવત જોવા મળતો નથી.

| Chi-Square Tests | Value | df | Asymp. Sig. (2-sided) |
|---|---|---|---|
| Pearson Chi-Square | 113.060[a] | 4 | .000 |

a. 0 cells (0.0%) have expected count less than 5. The minimum expected count is 12.69.

નોંધ: કૌસમાં આંકડા ટકા દર્શાવે છે.

ઉપરોક્ત કોષ્ટકમાં તાલુકા અનુસાર યોજનાના લાભાર્થીઓના આરોગ્ય વિષયક ફેરફારની માહિતી દર્શાવવામાં આવી છે. 68.1% લાભાર્થીઓના યોજનામાં જોડાવાથી તેમનાં આરોગ્યમાં કોઇ પણ પ્રકારનું પરિવર્તન થયું નથી. આવું જણાવનારમાં દાંતા તાલુકાના 87.34%, દાહોદ તાલુકાના 71.78% તથા સુબીર તાલુકાના 48.36% લાભાર્થીઓનો સમાવેશ થાય છે. આથી કહી શકાય કે યોજનામાં જોડાવાથી સુબીર તાલુકાના સૌથી વધુ લાભાર્થીઓને આરોગ્યલક્ષી લાભ થયો છે, જ્યારે આ પ્રમાણ દાંતામાં સૌથી ઓછું છે.

23.87% લાભાર્થીઓ પોષણયુક્ત આહારશૈલી અપનાવી શક્યા હોવાથી આરોગ્યલક્ષી સુધારો જોવા મળ્યો છે. જેમાં સુબીરના 34.43% અને દાહોદના 25.73% લાભાર્થીઓનો સમાવેશ થાય છે. જ્યારે દાંતાના માત્ર 2% લાભાર્થીઓમાં જ આ ફેરફાર જોવા મળે છે.

કુલ 8.03% લાભાર્થીઓ યોજનામાં જોડાવાને કારણે સારી સુવિધાવાળા દવાખાનાનો લાભ લઇ શકવા સક્ષમ બન્યા છે, જેમાં સુબીર, દાંતા અને દાહોદ તાલુકાના અનુક્રમે 17.21%, 10.76% અને 2.49% લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

અહીં, કાઇ સ્ક્વેર ($X^2$) ટેસ્ટમાં જોવા મળે છે કે પીયરસન $X^2$=113.060 અને $P<0.05$ છે. આથી નિરાકરણીય પરિકલ્પનાનો અસ્વીકાર થાય છે. તેથી કહી શકાય કે યોજનાના લાભથી આરોગ્યલક્ષી પરિવર્તનમાં તાલુકા અનુસાર સાર્થક તફાવત જોવા મળે છે.આમ, આરોગ્યલક્ષી પરિવર્તન પામેલ દાંતા તાલુકાના મોટાભાગના લાભાર્થીઓએ સારી સુવિધાવાળા દવાખાનાનો લાભ લીધેલ છે. જ્યારે દાહોદ અને સુબીરના મોટાભાગના લાભાર્થી વર્ગને પોષણયુક્ત આહારશૈલી અપનાવી શકવાને કારણે આરોગ્યમાં સુધારો થયાનું જણાયું છે.


❖ કુટુંબના સભ્યોની કાર્યકુશળતામાં થયેલ ફેરફાર દર્શાવતું કોષ્ટક (તાલુકા પ્રમાણે)

કોષ્ટક: 5.17 કુટુંબના સભ્યોની કાર્યકુશળતામાં થયેલ ફેરફાર દર્શાવતું કોષ્ટક (તાલુકા પ્રમાણે)

| કુશળતાની વિગત | તાલુકા | | | કુલ |
|---|---|---|---|---|
| | દાંતા | દાહોદ | સુબીર | |
| કોઈ ફેરફાર થયો નથી | 154((97.5) | 295(61.2) | 115(47.1) | 564(63.8) |
| પશુપાલનની કુશળતા | 4(2.5) | 46(9.5) | 106(43.2) | 156(17.6) |
| કડીયા કામની કુશળતા | 0(0) | 11(2.3) | 0(0) | 11(1.2) |
| મરઘા પાલનની કુશળતા | 0(0) | 0(0) | 12(4.9) | 12(1.4) |
| સુથારી કામની કુશળતા | 0(0) | 0(0) | 2(0.8) | 2(0.2) |
| આધુનિક ખેતીની કુશળતા | 0(0) | 18(3.7) | 9(3.7) | 27(3.1) |
| વાહન ચાલનની કુશળતા | 0(0) | 4(0.8) | 0(0) | 4(0.5) |
| સિવણની કુશળતા | 0(0) | 77(16) | 0(0) | 77(8.7) |
| બ્યુટીપાર્લરની કુશળતા | 0(0) | 15(3.1) | 0(0) | 15(1.7) |
| સેફ્ટીની કુશળતા | 0(0) | 12(2.5) | 0(0) | 12(1.4) |
| લેબોરેટરીના કામની કુશળતા | 0(0) | 2(0.4) | 0(0) | 2(0.2) |
| મોબાઈલ રીપેરની કુશળતા | 0(0) | 2(0.4) | 0(0) | 2(0.2) |
| કુલ | 158(100) | 482(100) | 244(100) | 884(100) |

નોંધ: કૌસમાં આંકડા ટકા દર્શાવે છે.

આકૃતિ: 5.7. કુટુંબના સભ્યોની કાર્યકુશળતામાં થયેલ ફેરફારની માહિતી




ઉપરોક્ત કોષ્ટક અને આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે કે જે-તે યોજનામાં જોડાવાને લીધે 320 (36.2%) લાભાર્થીઓના કુટુંબના સભ્યોની વિવિધ પ્રકારની કાર્યકુશળતામાં ફેરફાર થયો હોવાનું જણાયું છે, જેમાં પશુપાલન, કડીયા કામ, મરઘા પાલન, સુથારી કામ, આધુનિક ખેતી, વાહનચાલન, સિવણ, બ્યુટીપાર્લર, સેફ્ટી, લેબોરેટરીકામ અને

મોબાઈલ રીપેરીંગની કાર્યકુશળતાનો સમાવેશ થાય છે.

યોજનામાં જોડાવાને લીધે દાંતાના માત્ર 2.5% લાભાર્થીઓની કાર્યકુશળતામાં જ વધારો થયો છે. આ કુશળતા પશુપાલન ક્ષેત્રમાં જોવા મળી છે. જ્યારે દાહોદમાં 38.8% લાભાર્થીઓની કુશળતામાં વધારો થયો હોવાનું ધ્યાનમાં આવ્યું છે. જેમાં સિવણકામ અને પશુપાલન કાર્યમાં કુશળતા પામેલ લાભાર્થીઓ અનુક્રમે 16% અને 9.6% છે, જ્યારે અન્ય કાર્યોમાં કુશળતા પ્રાપ્ત કરેલ લાભાર્થીઓનું પ્રમાણ ઓછું જોવા મળેલ છે.

સુબીર તાલુકામાં કાર્યકુશળતા મેળવેલ 52.9% લાભાર્થીઓમાંથી મોટાભાગના (43.2%) લાભાર્થીઓએ પશુપાલનક્ષેત્રે કુશળતા હોવાનું જણાયું છે. જ્યારે અન્ય ક્ષેત્રોમાંથી કુશળતા પ્રાપ્ત કરેલ લાભાર્થીઓનું પ્રમાણ માત્ર 4%ની આસપાસ છે. જેમાં મરઘાપાલન, આધુનિક ખેતી અને સુથારીકામ જેવા કૌશલ્યોનો સમાવેશ થાય છે.


❖ લાભાર્થીઓની વધેલી આવકના ઉપયોગ અંગેની માહિતીનું કોષ્ટક (તાલુકા પ્રમાણે)

કોષ્ટક: 5.18 લાભાર્થીઓની વધેલી આવકના ઉપયોગ અંગેની માહિતીનું કોષ્ટક (તાલુકા પ્રમાણે)

| વિગત | તાલુકા | | | કુલ |
|---|---|---|---|---|
| | દાંતા | દાહોદ | સુબીર | |
| વાહન ખરીદ્યું | 12(7.59) | 57(11.83) | 28(11.48) | 97(10.97) |
| ટી.વી. ખરીદ્યું | 5(3.16) | 35(7.26) | 15(6.15) | 55(6.22) |
| ફ્રીઝ ખરીદ્યું | 0(0) | 2(0.41) | 0(0) | 2(0.23) |
| મોબાઈલ ખરીદ્યો | 2(1.27) | 153(31.74) | 31(12.70) | 186(21.04) |
| જમીન સારી કરી. | 0(0) | 0(0) | 21(8.61) | 21(2.38) |
| મકાન ખરીદ્યું | 0(0) | 0(0) | 3(1.23) | 3(0.34) |
| સોનું ખરીદ્યું | 0(0) | 2(0.41) | 1(0.41) | 3(0.34) |
| વીમો ઉતરાવ્યો | 2(1.27) | 0(0) | 5(2.05) | 7(0.79) |
| ભોજન ખર્ચ વધાર્યો | 26(16.46) | 68(14.11) | 135(55.33) | 229(25.90) |
| જુનું દેવું ભર્યું | 15(9.49) | 19(3.94) | 49(20.08) | 83(9.39) |
| વ્યાજ પર આપ્યાં | 0(0) | 2(0.41) | 6(2.46) | 8(0.90) |
| બેંકમાં ફિક્ષ કર્યા. | 0(0) | 0(0) | 4(1.64) | 4(0.45) |
| ઘરમાં મુકી રાખ્યાં | 37(23.42) | 153(31.74) | 11(4.51) | 201(22.74) |
| ઘરનું સમારકામ કર્યું | 16(10.13) | 66(13.69) | 113(46.31) | 195(22.06) |
| ઘરવપરાશમાં વાપર્યા | 3(1.90) | 4(0.83) | 2(0.82) | 9(1.02) |
| કુલ લાભાર્થીઓ | 158(100) | 482(100) | 244(100) | 884(100) |

નોંધ: (1) કૌસમાં આંકડા ટકા દર્શાવે છે. (2) એક કરતાં વધારે જવાબો મળેલા છે.

આકૃતિ: 5.8. લાભાર્થીઓની વધેલી આવકના ઉપયોગ અંગેની માહિતી




વિવિધ યોજનાઓમાં જોડાવાને કારણે લાભાર્થીઓની આવકમાં ઓછા-વત્તા અંશે વધારો થાય તે સ્વાભાવિક છે. લાભાર્થી કુટુંબ આ આવકનો ઉપયોગ કયા ઉદ્દેશની પૂર્તિ માટે કરે છે, તે જાણવું ખૂબ આવશ્યક છે. ઉપરોક્ત કોષ્ટક અને આકૃતિમાં જોતા જણાય છે કે કુલ લાભાર્થીઓમાંથી લગભગ ચોથા ભાગના (25.9%) લાભાર્થીઓએ પોતાના કુટુંબના ભોજનખર્ચમાં વધારો કર્યો છે, જે યોજનાની ઉપલબ્ધી ગણાય. જ્યારે 22% લાભાર્થીઓએ ઘરનું સમારકામ કરાવ્યું છે, 21% લોકોએ મોબાઇલ ખરીદ્યાનું તેમજ 10.97% લોકોએ મોબાઇલ ખરીદ્યાનું ધ્યાનમાં આવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે 22.74% લાભાર્થીઓએ આ આવકના નાણાં ઘરમાં જ રાખી મૂક્યાં છે, જેને તપાસતા બેંકિંગના જ્ઞાનનો અભાવ અને આકસ્મિક જરૂરિયાતને પહોંચી વળવાનું આયોજન જેવા કારણો જોવા મળ્યા છે. આ ઉપરાંત 9.39% લાભાર્થીઓએ પોતાનું જુનું દેવું ભર્યાનું જણાવ્યું છે. બેંકમાં નાણાં બાંધી થાપણ કરનારનું પ્રમાણ માત્ર 0.45% છે.

આ ઉપરાંત કેટલાક લાભાર્થીઓએ અન્ય વિવિધ કારણોસર ખર્ચ કર્યા હોવાનું જણાવ્યું છે, પરંતુ સંખ્યા પ્રમાણમાં ઓછી જોવા મળે છે. આમ, આર્થિક ઉપાર્જનના ઉદ્દેશ્યથી નાણાંનું રોકાણ કે ઉપયોગ કરનારનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળેલ છે.

❖ લાભાર્થીઓની વધેલી આવકના ઉપયોગ અંગેની માહિતીનું કોષ્ટક (યોજના પ્રમાણે)

| કોષ્ટક: 5.19 લાભાર્થીઓની વધેલી આવકના ઉપયોગ અંગેની માહિતીનું કોષ્ટક (યોજના પ્રમાણે) | | | | | |
|---|---|---|---|---|---|
| વિગત | કૃષિ | ડેરી | લોન/સહાય | તાલીમ | અન્ય |
| વાહન ખરીદ્યું | 26(9.45) | 19(12.50) | 22(10.78) | 18(9.47) | 12(19.05) |
| ટી.વી. ખરીદ્યું | 11(4) | 17(11.18) | 5(2.45) | 22(11.58) | 0(0) |
| ફ્રીઝ ખરીદ્યું | 0(0) | 0(0) | 0(0) | 2(1.05) | 0(0) |
| મોબાઈલ ખરીદ્યો | 40(14.55) | 35(23.03) | 34(16.67) | 66(34.74) | 11(17.46) |
| જમીન સારી કરી. | 0(0) | 2(1.32) | 14(6.86) | 2(1.05) | 3(4.76) |
| મકાન ખરીદ્યું | 0(0) | 1(0.66) | 2(0.98) | 0(0) | 0(0) |
| સોનું ખરીદ્યું | 0(0) | 0(0) | 1(0.49) | 2(1.05) | 0(0) |
| વીમો ઉતરાવ્યો | 0(0) | 3(1.97) | 2(0.98) | 2(1.05) | 0(0) |
| ભોજન ખર્ચ વધાર્યો | 26(9.45) | 58(38.16) | 96(47.06) | 46(24.21) | 3(4.76) |
| જુનું દેવું ભર્યું | 5(1.82) | 22(14.47) | 31(15.20) | 22(11.58) | 3(4.76) |
| વ્યાજવા/ઉછીના આપ્યાં | 0(0) | 3(1.97) | 3(1.47) | 2(1.05) | 0(0) |
| બેંકમાં ફિક્ષ કર્યા. | 0(0) | 1(0.66) | 3(1.47) | 0(0) | 0(0) |
| ઘરમાં મુકી રાખ્યાં | 69(25.09) | 52(34.21) | 12(5.88) | 66(34.74) | 2(3.17) |
| ઘરનું સમારકામ કર્યું | 25(9.09) | 45(29.61) | 100(49.02) | 15(7.89) | 10(15.87) |
| ઘરવપરાશમાં વાપર્યા | 7(2.55) | 0(0) | 2(0.98) | 0(0) | 0(0) |
| કુલ લાભાર્થીઓ | 209(100) | 258(100) | 327(100) | 265(100) | 44(100) |
| નોંધ: (1) કૌસમાં આંકડા ટકા દર્શાવે છે. (2) એક કરતાં વધારે જવાબો મળેલા છે. | | | | | |

યોજના પ્રમાણે લાભાર્થીઓ વધેલી આવકની વપરાશ કરવાના ક્ષેત્રો તપાસતા જોવા મળેલ ચિત્રમાં દેખાય છે કે કૃષિ વૈવિધ્યકરણની યોજનાના 275 લાભાર્થીઓમાંથી 25.09% એ નાણાં ઘરમાં જ મુકી રાખ્યા છે. ડેરી યોજનાના 152 લાભાર્થીઓમાંથી 38.16% લાભાર્થીઓએ પોતાના ભોજન ખર્ચમાં વધારો કરેલ જણાય છે જ્યારે 34.21% એ નાણાં ઘરમાં જ મુકી રાખ્યા છે અને 23% લોકોએ મોબાઇલ ખરીદીમાં પણ નાણાં ખરચ્યાં છે.


સ્વરોજગાર લોન યોજનાના 204 લાભાર્થીઓના ખર્ચની તરાહ તપાસતા જણાયું છે કે લગભગ અડધા (49.02%) લાભાર્થીઓએ ઘર સમારકામ માટે નાણાં ખર્ચ કર્યા છે તેમજ 47.06% લાભાર્થીઓ પોતાના ભોજનમાં વધારો કરતાં પણ જોવા મળ્યાં છે. આમ, સ્વરોજગાર લોન મેળવનાર લાભાર્થી રોજગાર સંદર્ભમાં મળેલ નાણાં (લોન)નો ઉપયોગ હેતુ અર્થે જ કરે છે કે નહીં તે તપાસનો વિષય બને છે.

રોજગારલક્ષી તાલીમ યોજનાના કુલ 190 લાભાર્થીઓમાંથી મોબાઇલ ખરીદી માટે નાણાં ખર્ચતા અને ઘરમાં નાણાં મુકી રાખતા લાભાર્થીઓ એક સરખા જોવા મળેલ છે, જે 34.74% છે. જ્યારે 24.21% લાભાર્થીઓએ ભોજનખર્ચમાં વધારો કરેલ જાણવા મળેલ છે. અન્ય યોજનાના 63 લાભાર્થીઓમાંથી 19.06% અને 17.46% અનુક્રમે વાહન અને મોબાઇલ ખરીદી માટે નાણાં ખર્ચતા જોવા મળેલ છે, જ્યારે 15.87% લાભાર્થીઓએ ઘર સમારકામ માટે ખર્ચ કર્યો છે.

❖ લાભાર્થીઓને ઉદ્‌ભવેલી મુશ્કેલીઓ દર્શાવતું કોષ્ટક (તાલુકા પ્રમાણે)

| કોષ્ટક: 5.20 લાભાર્થીઓને ઉદ્‌ભવેલી મુશ્કેલીઓ દર્શાવતું કોષ્ટક (તાલુકા પ્રમાણે) | | | | | |
|---|---|---|---|---|---|
| મુશ્કેલીઓની વિગત | | તાલુકા | | | કુલ |
| | | દાંતા | દાહોદ | સુબીર | |
| કોઇ મુશ્કેલી પડતી નથી. | સંખ્યા | 78 | 235 | 123 | 436 |
| | ટકા | 49.37 | 48.76 | 50.41 | 49.32 |
| તાલુકા કચેરીની વારંવાર અસફળ મુલાકાત | સંખ્યા | 40 | 121 | 57 | 218 |
| | ટકા | 25.32 | 25.10 | 23.36 | 24.66 |
| યોજનાકીય લાભ માટેની નિયત સમય મુદ્દતનો અભાવ | સંખ્યા | 57 | 176 | 82 | 315 |
| | ટકા | 36.08 | 36.51 | 33.61 | 35.63 |
| તાલીમ દરમિયાન આવવા-જવાની મુશ્કેલી | સંખ્યા | 0 | 0 | 3 | 3 |
| | ટકા | 0.00 | 0.00 | 1.23 | 0.34 |
| લાભાર્થીની પસંદગીમાં ભેદભાવનું પ્રમાણ | સંખ્યા | 38 | 69 | 18 | 125 |
| | ટકા | 24.05 | 14.32 | 7.38 | 14.14 |
| કુલ લાભાર્થીઓ | | 158 | 482 | 244 | 884 |
| નોંધ: એક કરતાં વધારે જવાબો મળેલા છે. | | | | | |

આકૃતિ: 5.9. લાભાર્થીઓને ઉદ્‌ભવેલી મુશ્કેલીઓ




ક્ષેત્રકાર્ય દરમિયાન વિવિધ યોજનાના 50.68% લાભાર્થીઓએ યોજનાનો લાભ લેતા પડેલી મુશ્કેલીઓ વર્ણવી હતી. 35.63% લાભાર્થીઓએ જણાવ્યું હતું કે જેતે યોજનાનો લાભ લેવા માટે સમય મુદ્દત અચોક્કસ હોવાથી ખુબ મુશ્કેલીઓ પડે છે. યોજનાનો લાભ ક્યારે મળશે તે વિશે અનિશ્ચિતતા જોવા મળે છે. અભ્યાસમાં આવરી લીધેલ ત્રણેય તાલુકામાં આ મુશ્કેલી સૌથી વધારે (34 થી 36%) લાભાર્થીઓએ અનુભવી છે.

24.66% લાભાર્થીઓએ જણાવ્યું હતું કે યોજનાનો લાભ મેળવવા માટેની કાર્યવાહી અટપટી અને લાંબી હોવાથી લગભગ સંદર્ભિત કચેરીમાં વારંવાર ધક્કા ખાવા પડતા હતા. દરેક તાલુકાના લગભગ ચોથા ભાગના લાભાર્થીઓએ આ મુશ્કેલી દર્શાવેલ છે. આ ઉપરાંત 14.14% લાભાર્થીઓએ પસંદગીમાં ભેદભાવ થયો હોવાનું જણાવ્યું હતું. આ લોકોમાં દાંતા, દાહોદ અને સુબીર તાલુકાના અનુક્રમે 24.05%, 14.32% અને 7.38% લાભાર્થીઓનો સમાવેશ થાય છે.


સરકારી ઓફિસમાં કે જાહેર જગ્યાએ ભેદભાવ રાખવામાં આવે છે કે નહી તેની માહિતી પરથી જોવા મળે છે કે કુલ 125 લાભાર્થીઓને ભેદભાવનો સામનો કરવો પડે છે, તેમાં દાંતામાં 38(30.4%), દાહોદમાં 69(55.2%) અને સુબીરમાં 18(14.4%) લાભાર્થીઓ છે. બાકીના લાભાર્થીઓને કોઇ ભેદભાવનો સામનો કરવો પડતો નથી એવું જણાવે છે. સરકારી ઓફિસમાં કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા કોઇ ભેદભાવ થતો નથી પરંતુ લોકો દ્વારા ભેદભાવ થાય છે.

અહીં એ બાબતનો ઉલ્લેખ કરવો આવશ્યક છે કે અસ્પૃશ્યતાના પ્રશ્ન પુછવામાં આવ્યો તો બધા લાભાર્થીઓનો જવાબ એક જ હતો કે એવું અમારી સાથે રાખવામાં આવતું નથી. સ્થળાંતર કરીને બહાર કામ કરવા જાય ત્યાં પણ અસ્પૃશ્યતા જોવા મળતી નથી.

❖ યોજનાને વધુ અસરકારક બનાવવા લાભાર્થીઓના સૂચનો

લોકભાગીદારીથી ઘડાતી યોજનાઓમાં સફળતાની કક્ષા વધે છે તે ધારણાને અનુલક્ષીને યોજનાને અસરકારક બનાવવા માટે તેમાં કેવા પ્રકારના ફેરફાર લોકો ઈચ્છે છે તેના સૂચનોની માહિતી મેળવી તેને નીચેના આલેખમાં રજૂ કરવામાં આવી છે.

આકૃતિ: 5.10 યોજનાને વધુ અસરકારક બનાવવા લાભાર્થીઓના સૂચનો




કુલ 884 લાભાર્થીઓમાંથી 11.31% (100 લાભાર્થીઓ) એ જણાવ્યું હતું કે TSP દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં હોવા છતાં મોટા પ્રમાણમાં લોકોને તેની યોગ્ય માહિતી અને માર્ગદર્શન મળતા નથી. આ માટે બહોળા પ્રમાણમાં પ્રચાર-પ્રસાર તેમજ જાહેરાતો થાય તો જરૂરીયાતમંદો યોજનાનો મહત્તમ લાભ લઈ શકે. 32 લાભાર્થીઓએ યોજના અંતર્ગત મળતા લાભના અપૂરતા જથ્થા વિશે ટકોર કરી હતી અને આ જથ્થામાં વધારો કરવા માટેનું સૂચન કર્યું હતું. આ સૂચનમાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા મહત્તમ હતી.

27 લાભાર્થીઓનું સૂચન હતું કે, જરૂરીયાતમંદ લાભાર્થીઓને વિવિધ યોજનાનો લાભ એક કરતા વધારે વખત મળે તો તેઓને પોતાના જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો કરી શકવાની તક સાંપડે. અમુક લાભાર્થીઓએ લોનની રકમ વધારવા, લાભ આપવાનો સમય મર્યાદા નિયત કરવા, રોકડ સહાય આપવા તેમજ લાભાર્થી પસંદગી સંદર્ભમાં ગામના સૌથી ગરીબ કુટુંબોને પ્રાથમિકતા આપવા જણાવ્યું હતું.

ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળ્યું હતું કે ઘણી વખત તાલીમાર્થીઓ માત્ર સહાય સામગ્રી મેળવવા અને સ્ટાઈપેન્ડ મેળવવાની લાલસા માત્રથી તાલીમમાં જોડાય છે. તેને નિયંત્રિત કરવા યોગ્ય પગલા લઇ લાભાર્થી પસંદગી પ્રક્રિયા સઘન બનાવવી જરૂરી છે.

પ્રકરણ: 5

# B. વિવિધ યોજનાઓની અસરકારકતાનું વિશ્લેષણ



સંકલિત આદિજાતિ વિકાસ યોજના અંતર્ગત કરવામાં આવેલા વ્યક્તિલક્ષી વિકાસ કાર્યોમાંથી પાંચ યોજનાના લાભાર્થીઓ આ મૂલ્યાંકન અભ્યાસમાં સમાવાયા છે.

1) કૃષિ વૈવિધ્યકરણ યોજના
2) સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ
3) સ્વરોજગારી માટે લોન યોજના
4) તાલીમ યોજના
5) અન્ય યોજનાઓ (કેટલશેડ, તાડપત્રી અને વિનોવીંગ ફેન)

ઉપરોક્ત યોજનાઓ અંતર્ગત મળતી સહાય, તાલીમ તેમજ અન્ય સેવાઓની વિગત નીચે દર્શાવેલ છે.

## 1. કૃષિ વૈવિધ્યકરણ યોજના

કૃષિ વૈવિધ્યકરણ યોજના આદીજાતિ વિસ્તાર ના લોકો માટે અમલમાં મુકવામાં આવેલ છે, જેથી આદિજાતિ વિસ્તારના આદિજાતિ લોકોને કૃષિ થકી વધુ આવક મેળવતા થઇ શકે. આ પ્રોજેક્ટની અંતર્ગત સારી ગુણવત્તાના બિયારણ તથા ખાતરની કીટનું વિતરણ અને ખેતીને લગતી જરૂરી તાલીમ આપવમાં આવે છે.

યોજનાનુ અમલીકરણ

- તમામ આદિજાતિ જીલ્લાઓમાં અમલીકરણ એજન્સી (એગ્રીકલ્ચર સર્વિસ પ્રોવાઇડર) દ્વારા પ્રાયોજના કચેરીના પરામર્શમા રહી યોજનાનુ અમલીકરણ કરવામાં આવે છે.
- આદિજાતિ વિસ્તારમાં ગરીબી રેખા નીચે જીવતા તથા ફોરેસ્ટ રાઇટ એક્ટ ધરાવતા આદિજાતી ખેડૂતો પૈકી ભેદભાવ રહિત લાભાર્થીની પસંદગી પ્રક્રિયા તથા કીટ વિતરણ કરવામાં આવે છે.
- લાભાર્થી ફાળો : ₹૫૦૦ /- રોકડા લેવામાં આવે છે.
- અમલીકરણ એજન્સી દ્વારા લાભાર્થીઓને બીયારણ કીટ થકી મહત્તમ ઉત્પાદન મેળવવા તાલીમ દ્વારા ખેતી અંગેનુ માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે, જરૂરી માર્ગદર્શક પુસ્તિકાઓ પણ આપવામા આવે છે.
- અમલીકરણ એજન્સીઓ (એગ્રીકલ્ચર સર્વિસ પ્રોવાઇડર)ની પસંદગી ઇ-ટેન્ડરીંગ પધ્ધતીથી કરવામાં આવે છે.
- યોજનાને અમલીકરણ કક્ષાએ એક સાથે મોનિટરીંગ તથા તૃતીય પક્ષ દ્વારા આહેવાલ મેળવી મૂલ્યાંકન કરવામાં આવે છે.
- બિયારણની ઉપજ ચકાસણી કૃષિ યુનિવર્સિટી મારફત કરાવ્યા બાદ જ જે-તે એગ્રીકલ્ચર સર્વિસ પ્રોવાઇડરને ચૂકવણું કરવામાં આવે છે.

આ અભ્યાસમાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત કુલ 275 લાભાર્થીઓને પસંદ કરવામાં આવ્યાં છે. જેમાં દાંતાના 89, દાહોદના 165 અને સુબીરના 21 લાભાર્થીઓનો સમાવેશ થાય છે. કૃષિ વૈવિધ્યકરણ યોજનાની માહિતી 121 લાભાર્થીઓને સરપંચ દ્વારા, 63 લાભાર્થીઓને સરકારી કચેરી દ્વારા, 80 લાભાર્થીઓને સગા સબંધી દ્વારા અને 3 લાભાર્થીઓને જાહેરાત દ્વારા મળી હતી. 8 લાભાર્થી એવા હતા કે જેમને આ યોજના વિશેની મહિતી જ ન હતી. લાભ લીધા બાદ પણ તેઓ યોજના વિશેની પૂરતી માહિતી ધરાવતા ન હતાં.

| કોષ્ટક: 5.21 કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત મળેલા લાભની માહિતી દર્શાવતું કોષ્ટક | | | | | |
|---|---|---|---|---|---|
| વિગત | | તાલુકા | | | કુલ |
| | | દાંતા | દાહોદ | સુબીર | |
| બિયારણ | સંખ્યા | 89 | 165 | 19 | 273 |
| | ટકા | 100% | 100% | 90.48% | 99.27% |
| ખાતર | સંખ્યા | 89 | 165 | 1 | 255 |
| | ટકા | 100% | 100% | 4.76% | 92.73% |
| ખેતીલક્ષી તાલીમ | સંખ્યા | 5 | 0 | 2 | 7 |
| | ટકા | 5.62% | 0% | 9.52% | 2.55% |
| કુલ | સંખ્યા | 89 | 165 | 21 | 275 |
| | ટકા | 100% | 100% | 100% | 100% |

ઉપરોક્ત કોષ્ટક અનુસાર કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત પસંદ કરેલા લાભાર્થીઓને બિયારણ, ખાતર અને ખેતીલક્ષી તાલીમનો લાભ મળ્યો છે. આ યોજના અંતર્ગત વર્ષમાં એકવાર બિયારણ અને ખાતર આપવામાં આવે છે. ખેતીલક્ષી તાલીમ એક લાભાર્થીને એકવાર આપવામાં આવે છે.

આ યોજના અંતર્ગત મકાઇ, સોયાબીન, ટામેટા, કારેલા વગેરે બિયારણ જરૂરીયાત અને વિસ્તાર અનુસાર આપવામાં આવે છે. લાભાર્થીઓના જણાવ્યાં અનુસાર બિયારણની ગુણવત્તા સારી હોય છે. આ યોજના અંતર્ગત યુરીયા, એમોનીયા, ડી.એ.પી. વગેરે ખાતર આપવામાં આવે છે. ખાતર પાક અનુસાર નિયત કરાયેલ જથ્થામાં આપવામાં આવે છે. લાભાર્થીઓના જણાવ્યાં અનુસાર ખાતરની ગુણવત્તા સારી હોય છે.

અહી નોંધનીય છે કે ફક્ત 2.55% લાભાર્થીઓને જ આ યોજના અંતર્ગત ખેતીલક્ષી તાલીમ મળેલ છે. આમ, બધા લાભાર્થીઓને તાલીમ મળતી નથી. તાલીમ અંતર્ગત વાવેતરલક્ષી, પાક સંરક્ષણલક્ષી, પેકિંગલક્ષી વગેરે ખેતીલક્ષી તાલીમ આપવામાં આવે છે. જેઓને ખેતીલક્ષી તાલીમ મળી છે તે લાભાર્થીઓ વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરતાં થયા છે તેવું જાણવાં મળ્યું છે.

આકૃતિ: 5.11 કૃષિ ઉત્પાદનમાં વધારો



વધુમાં જાણવા મળ્યું છે કે આ યોજનાનો લાભ મેળવનાર 183 (67%) લાભાર્થીઓના કૃષિ ઉત્પાદનમાં વધારો થયો છે, જ્યારે 92 (33%) લાભાર્થીઓના કૃષિ ઉત્પાદનમાં કોઈ વધારો થયેલો નથી.

કોષ્ટક: 5.22 કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો લાભ લીધા પહેલા ઉચ્ચ-ગુણવતાવાળા હાઈબ્રીડ બિયારણનો અને ખાતરનો ઉપયોગ કરતા લાભાર્થીની માહિતી દર્શાવતું કોષ્ટક

| વિગત | તાલુકા | | | કુલ |
|---|---|---|---|---|
| | દાંતા | દાહોદ | સુબીર | |
| ના | 12(13.5) | 0(0) | 10(47.6) | 22(8) |
| હા | 77(86.5) | 165(100) | 11(52.4) | 253(92) |
| કુલ | 89(100) | 165(100) | 121(100) | 275(100) |

નોંધ: કૌસના આંકડા ટકા દર્શાવે છે.

આ યોજનાનો લાભ લીધા પહેલા પણ 253( 92%) લાભાર્થી ઉચ્ચ-ગુણવતાવાળા હાઈબ્રીડ બિયારણનો અને ખાતરનો ઉપયોગ કરતા હતાં, જ્યારે 22( 8%) લાભાર્થી આ યોજનામાં જોડાયા બાદ ઉચ્ચ-ગુણવતાવાળા હાઈબ્રીડ બિયારણ અને ખાતરનો ઉપયોગ કરતા થયાં છે. દાહોદ તાલુકામાં બધા જ લાભાર્થીઓ યોજનાનો લાભ લીધા પહેલા પણ ઉચ્ચ-ગુણવતાવાળા હાઈબ્રીડ બિયારણનો અને ખાતરનો ઉપયોગ કરતાં હતાં.

કોષ્ટક: 5.23 કૃષિ વૈવિધ્યકરણ યોજનામાં જોડાયા બાદ આવકમાં થયેલ વધારાનું કોષ્ટક

| વિગત | ન્યુનતમ | મહત્તમ | મધ્યક | પ્રમાણિત વિચલન | ચલનાંક |
|---|---|---|---|---|---|
| આવકમાં થયેલ વધારો (₹) | 0 | 15,000 | 2,787.27 | 3,617.08 | 129.77% |

કૃષિ વૈવિધ્યકરણ યોજનામાં જોડાયેલ લાભાર્થીઓની આવકમાં સરેરાશ ₹ 2,787.27નો વધારો થયો છે, જો કે ચલનાંક દર્શાવે છે કે આવકની અસમાનતાનું પ્રમાણ ઘણું ઊંચું છે.

## 2. સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ

સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાનાં હેતુથી અમલી કરવામાં આવ્યો છે. સંકલિત ડેરી વિકાસ યોજના અંતર્ગત ગુજરાતનાં 14 આદિજાતી જિલ્લાઓને આવરી લેવાયા છે. આ યોજનાની શરૂઆત વર્ષ 2007-08થી કરવામાં આવેલ હતી. આ યોજનાનો હેતુ આ યોજના સમયગાળો પૂરો થાય ત્યા સુધીમાં લાભ લેનાર દરેક લાભાર્થીના પરિવાર માટે ઓછામાં ઓછા ચાર પશુઓનું એકમ ઉભા કરવાનો છે, જેથી ડેરી ઉધોગ તેઓ માટે આર્થિક રીતે પોષણક્ષમ પ્રવૃત્તિ બની રહે.

આ યોજના અંતર્ગત દૂધાળા પશુઓની એક યુનીટની કિંમત ₹54,400 નક્કી કરવામાં આવી છે, જે પૈકી ₹17,400

ભારત સરકારની ખાસ કેન્દ્રીય સહાય હેઠળની સબસીડી, ₹ 15,000 ગુજરાત સરકારની સહાય તથા ₹20,000ની લોન ગુજરાત આદિવાસી વિકાસ નિગમ (GTDC) દ્વારા ઉપલબ્ધ કરાવાય છે અને ₹2,000 લાભાર્થી ફાળો લેવામાં આવે છે.

યોજનાની આ દરમિયાનગીરીથી હવે ડેરી પ્રવૃત્તિ આદિવાસી પરિવારો માટે મુખ્ય વ્યવસાય બની રહેલ છે. સંકલિત ડેરી વિકાસ યોજના માત્ર લાભાર્થી પરિવારોને જ સહાય કરે છે એવું નથી, પરંતુ તે સમગ્ર વિસ્તારમાં સમૃદ્ધિનું નિર્માણ કરે છે. ડેરી ઉદ્યોગને વધારે સફળ બનાવવા માટે કેટલીક પૂરક યોજનાઓ શરૂ કરી તેને IDDP સાથે જોડવામાં આવેલ છે. જેમાં સંકલિત પશુ ધન વિકાસ યોજના (કૃત્રિમ બીજદાન માટે) તથા વાછરડી ઉછેર યોજના શરૂ કરવામાં આવેલ છે.

આમ, સંકલિત ડેરી વિકાસ યોજના રાજ્યના ગરીબ આદિવાસી પરિવારોને મજબૂત "દૂધ સહકારી માળખાનો" લાભ પહોંચડાવામાં સહાયક બને છે અને તેનાથી એક તરફ તેમને ગરીબાઈની નાગચૂડમાંથી બચવામાં અને બીજી તરફ ડેરીના માળખાને વધુ સુદૃઢ અને સહાયક બનાવવામાં મદદરૂપ થાય છે. આ યોજના હેઠળ પસંદ કરેલ લાભાર્થીને બે દૂધાળા પશુનો લાભ આપવામાં આવે છે. દૂધાળા પશુ ઉપરાંત સહાય, પશુ પરિવહન ખર્ચ, પશુ ખાણ- દાણ, વાસણ કીટ, પશુ  સારવાર તથા  તાલીમની સંલગ્ન સવલતો આપવામાં આવે છે.

યોજનાનો ઉદ્દેશ

- પશુપાલન વ્યવસાયમાં જોડાયેલ મહત્વની કડી મહિલાઓને લઇ તેનો વિકાસ કરવો.
- વિસ્તારમાં રહેલા નબળા ઢોરની જગ્યાએ જાતવાન જાનવરનો વિકાસ કરવો.
- પશુપાલન વ્યવસાય માટે જરૂરી માળખુ ઉભુ કરવું.

આદિવાસી પેટા યોજનાના મૂલ્યાંકન અભ્યાસમાં સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત કુલ 152 લાભાર્થીઓ પસંદ કર્યા છે, જેમાં 65 દાંતા, 45 દાહોદ અને 42 ડાંગમાંથી લેવામાં આવ્યાં છે. સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત પસંદ કરવમાં આવેલા લાભાર્થીઓને પશુ ખરીદવા માટે નાણાં આપવામાં આવે છે. પશુની ખરીદી માટે 139 લાભાર્થીઓએ એક પશુ લેવા માટે અને 13 લાભાર્થીઓએ બે પશુ લેવા માટેની અરજી કરી હતી. તેમાંથી બધા જ લાભાર્થીઓની એક પશુ લેવા માટેની અરજી પાસ કરવામાં આવી હતી.


ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળ્યું છે કે પશુની ખરીદી કરવા માટે ₹15,000 થી 30,000 સુધીના નાણાં વિના વ્યાજે આપવામાં આવ્યાં છે. આ નાણાંની ફાળવણી સહકારી ડેરી દ્વારા કરવામાં આવે છે, જેની ભરપાઇ લાભાર્થીઓ નિયત હપ્તાથી કરે છે.

લાભાર્થીઓએ આ યોજના સંદર્ભના પ્રતિભાવ આપતા નીચેના સૂચનો કર્યા છે.

- ✓ પશુ ખરીદી માટે આપવામાં આવતી રકમ પૂરતી ન હોવાથી તેમાં વધારો કરવો જોઇએ.

- ✓ પશુઓની રસીકરણ માટેની સઘન વ્યવસ્થા ડેરી દ્વારા કરવી જોઈએ.
- ✓ પશુ ઉછેર અને સંવર્ધન માટેની તાલીમ આપવી જોઈએ.

આકૃતિ: 5.12 દૂધ ઉત્પાદનમાં વધારો દર્શાવતી માહિતી




ઉપરોક્ત યોજનામાં જોડાવાને લીધે મોટાભાગના લાભાર્થીઓને ફાયદો થયેલ છે. દૂધ ઉત્પાદનની દ્રષ્ટિએ જોઇએ તો 131 (86%) લાભાર્થીઓને દૂધ ઉત્પાદનમાં 1 થી 4 લીટર સુધીનો વધારો થયો હોવાનું જણાયું છે જ્યારે 19 (12.5%) લાભાર્થીઓને તો 5 થી 8 લીટર લીટર સુધીનો વધારો થયો છે.

કોષ્ટક: 5.24 સંકલિત ડેરી વિકાસ યોજનામાં જોડાયા બાદ આવકમાં થયેલ વધારાનું કોષ્ટક

| વિગત | ન્યુનતમ | મહત્તમ | મધ્યક | પ્રમાણિત વિચલન | ચલનાંક |
|---|---|---|---|---|---|
| આવકમાં થયેલ વધારો (₹) | 0 | 20,000 | 4,792.76 | 3,821.97 | 79.74% |


સંકલિત ડેરી વિકાસ યોજનામાં જોડાયેલ લાભાર્થીઓની આવકમાં સરેરાશ ₹ 4,792.76 નો વધારો થયો છે, જો કે ચલનાંક દર્શાવે છે કે આવકની અસમાનતાનું પ્રમાણ ઘણું ઊંચું છે. લક્ષ્ય જૂથ ચર્ચા દ્વારા જાણવા મળ્યું છે કે આ યોજનાનો લાભ લીધેલા તમામ લાભાર્થીઓ હજુ પણ પશુઓ માટેની વધારે સહાય મેળવવા માંગે છે.

3. રોજગારલક્ષી તાલીમ


આદિજાતિ વિસ્તારના અનુસૂચિત જનજાતિના ઓછું ભણેલા/અધવચ્ચેથી અભ્યાસ છોડી ગયેલા (નોન મેટ્રીક) બેરોજગાર યુવાનોને વિવિધ વ્યવસાયલક્ષી તાલીમ આપી રોજગાર મેળવવા સક્ષમ બનાવવાના હેતુ માટે વ્યવસાયલક્ષી તાલીમ યોજના ભારત સરકાર દ્વારા 100% કેન્દ્ર પુરસ્કૃત યોજના તરીકે વર્ષ 1992-93થી શરૂ થયેલી છે. આ યોજનાનો અમલ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે.

આદિવાસી પેટા યોજનાના મૂલ્યાંકન અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલા તાલુકાઓમાં સ્વ-રોજગારલક્ષી તાલીમ યોજના અંતર્ગત કુલ 190 લાભાર્થીઓ પસંદ કર્યા છે. જેમાં દાહોદના 169 અને સુબીરના 21 લાભાર્થીઓ પસંદ કરવામાં આવ્યાં છે. આ તાલીમ યોજના અંતર્ગત ખેતીકામ, સુથારીકામ, કડીયાકામ, ઓટોમોબાઇલ, પ્લમ્બિંગ, સિવણ, એડવાન્સ સેફ્ટી, લેબોરેટરી, મોબાઇલ રીપેર, વગેરેની તાલીમનો સમાવેશ થાય છે.

આકૃતિ: 5.13 તાલીમનો સમયગાળો




આકૃતિ: 5.14 તાલીમ બાદ રોજગારી




સ્વ-રોજગારલક્ષી તાલીમ યોજનાનો સમયગાળો જોતાં જણાય છે કે 74% લાભાર્થીઓને એક થી દોઢ મહિનાની તાલીમ આપવામાં આવી છે, જ્યારે 3 મહિનાની તાલીમ મેળવનાર લાભાર્થીઓ 25% છે. 65% લાભાર્થીઓને તાલીમ મેળવ્યા બાદ સંબંધિત રોજગારી ઉપલબ્ધ થઇ છે, જ્યારે 34% લાભાર્થીઓને રોજગારી મળી નથી તાલીમ લીધેલા લાભાર્થીઓમાંથી મોટાભાગના(165)ને 10 દિવસની અંદર જ કામ મળી રહે છે; અને આ કામ મુખ્યત્વે મિત્ર દ્વારા મળે છે અથવા પોતાની જાતે જ શોધી લાવે છે- તેવું જાણવા મળ્યું છે.

સ્વ-રોજગારલક્ષી તાલીમ યોજના અંતર્ગત કુલ 190માંથી આખા દિવસની ભોજન વ્યવસ્થાનો લાભ લીધેલા લાભાર્થીઓની સંખ્યા (139) જેટલી જોવા મળેલ છે; જ્યારે અન્ય લાભાર્થી માત્ર બપોરના ભોજનની સુવિધાનો જ લાભ લીધેલો છે. જમવાની સુવિધાની ગુણવતા સારી હોય છે તેવું લાભાર્થીઓ દ્વારા રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળ્યું હતુ. બધા જ લાભાર્થીઓને તાલીમ દરમિયાન અથવા તાલીમ બાદ તાલીમ સબંધિત સાધન કિટ આપવામાં આવે છે તેવી માહિતી મળી છે. તાલીમ લેવાનો સમયગાળો એક દિવસના 6 થી 8 કલાકનો જોવા મળે છે. તાલીમ લેવા માટે કોઈપણ લાભાર્થીને પૈસા ચૂકવવા પડતા નથી. તાલીમ બાદ બધા જ લાભાર્થીઓને તાલીમનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. તાલીમ લીધા બાદ 185 લાભાર્થીઓને તેમના કૌશલ્યમાં વધારો થયો હોય તેવું જણાવે છે, જ્યારે 5 લાભાર્થીઓના કૌશલ્યમાં કોઇ બદલાવ થયો નથી.

કોષ્ટક: 5.25 તાલિમ યોજનામાં જોડાયા બાદ આવકમાં થયેલ વધારાનું કોષ્ટક


| વિગત | ન્યુનતમ | મહત્તમ | મધ્યક | પ્રમાણિત વિચલન | ચલનાંક |
|---|---|---|---|---|---|
| આવકમાં થયેલ વધારો (₹) | 0 | 25,000 | 5,847.37 | 4,887.40 | 83.58% |

તાલિમ યોજનામાં જોડાયેલ લાભાર્થીઓની આવકમાં સરેરાશ ₹ 5,847.37 નો વધારો થયો છે, જો કે ચલનાંક દર્શાવે છે કે આવકની અસમાનતાનું પ્રમાણ ઘણું ઊંચું છે. લક્ષ્ય જૂથ ચર્ચા દ્વારા જાણવા મળ્યું છે કે આ યોજનાનો લાભ લીધેલા તમામ લાભાર્થીઓ હજુ પણ સુઆયોજિત અને પ્રાયોગિક પ્રકારની તાલીમની અપેક્ષા ધરાવે છે.

## 4. સ્વરોજગાર લોન યોજના


અનુસૂચિત જનજાતિના લોકો સ્વરોજગારી મેળવી સ્વાવલંબી બની શકે તે માટે સ્વરોજગાર લોન યોજના કાર્યરત છે. આ યોજના અંતર્ગત TSP દ્વારા સાધન તેમજ લોન સ્વરૂપે વિવિધ સહાયો આપવામાં આવે છે. આદિવાસી પેટા યોજનાના મૂલ્યાંકન અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલા તાલુકાઓમાં સ્વરોજગાર લોન યોજના અંતર્ગત કુલ 204 લાભાર્થીઓની પસદગી કરવામાં આવી છે. તેમાં 4 દાંતા, 48 દાહોદ અને 152 સુબીરમાંથી પસંદ કરવામાં આવ્યાં છે.

આકૃતિ: 5.15 સ્વરોજગાર યોજનાની સાધન/લોન સહાય





ઉપરોક્ત આકૃતિમાં દર્શાવ્યા મુજબ 34% લાભાર્થીઓને સહાય રૂપે માનવ ગરીમા ટુલ કીટ અને મરઘા પાલનના યુનિટ આપવામાં આવ્યા છે. અન્ય લાભાર્થીઓને ખેત સાધનો, પમ્પ સેટ, ઘંટી, ટ્રેક્ટર, મંડપ, કરીયાણાની દુકાન, મરઘા ઉછેર, ,ફોટો સ્ટુડીયો, ડી.જે., બ્યુટી પાર્લર, જીંગા બીજ, વગેરે જેવા જુદાં-જુદાં હેતુઓ માટે લોન મળેલી છે. અહીં 54% લાભાર્થીઓને ₹ 50,000 સુધીની લોન મળેલ છે, જ્યારે માત્ર 12% લોકોને ₹ 50,000 થી વધારે રકમની લોન મળેલ છે. સ્વરોજગાર લોન અંતર્ગત જુદાં-જુદાં હેતુઓ માટે અલગ-અલગ રકમની લોન આપવામાં આવેલ છે.

આકૃતિ: 5.16 લોનનો ઉપયોગ




આકૃતિ: 5.17 લોનનો ઉપયોગ હેતુસર ન કરી શકવાના કારણો



લોનનો લાભ લીધેલા કુલ 204 લાભાર્થીઓમાંથી 173 (85%)એ પોતાને મળેલ લોનનો ઉપયોગ જે-તે હેતુસર જ કરેલો છે, જ્યારે બાકીના 15% લાભાર્થીઓ મળેલ સહાયનો ઉપયોગ હેતુસર કરી શક્યા નથી. જવાબદાર કારણોને તપાસતા જાણવા મળ્યું છે કે સહાયમાં આપવામાં આવતા મરઘા દેશી ન હોવાથી સ્થાનિક પરિસ્થિતિમાં જીવી શકતા નથી તેમજ બોઇલર ચિકનનો ભાવ પણ નીચો હોવાથી આ ઉદ્યોગ લોકોને પોસાતો નથી. આ ઉપરાંત સાધન સામગ્રી અને લોન રકમ અપૂરતી હોવાના કારણો મુખ્ય છે. આ લાભાર્થીઓએ મળેલ લોનની રકમનો ઉપયોગ જુના દેવાની ચૂકવણીમાં, સામાજિક પ્રસંગમાં, પરિવારની અચાનક બિમારી, વગેરે જેવી અન્ય બાબતો માટે કર્યો હતો.

90% લાભાર્થીઓને અરજી કર્યાના 12 માસ દરમિયાન લોનની રકમ/સાધન સહાય મળી ગઈ હતી. લોનની રકમ લાભાર્થીઓના બેંક ખાતામાં જ ફાળવવામાં આવે છે. લોનનો લાભ લીધેલા બધા જ લાભાર્થીઓ નિયમિત હપતા ભરે છે તેવું જણાવે છે. હપતા ચેક અને બેંક ખાતાથી ચૂકવવામાં આવે છે.

કોષ્ટક: 5.26 સ્વરોજગાર લોન યોજનામાં જોડાયા બાદ આવકમાં થયેલ વધારાનું કોષ્ટક


| વિગત | ન્યુનતમ | મહત્તમ | મધ્યક | પ્રમાણિત વિચલન | ચલનાંક |
|---|---|---|---|---|---|
| આવકમાં થયેલ વધારો (₹) | 0 | 20,000 | 4,254.90 | 3,780.13 | 88.84% |

સ્વરોજગાર લોન યોજનામાં જોડાયેલ લાભાર્થીઓની આવકમાં સરેરાશ ₹ 4,254.90નો વધારો થયો છે, જો કે ચલનાંક દર્શાવે છે કે આવકની અસમાનતાનું પ્રમાણ ઘણું ઊંચું છે. લક્ષ્ય જૂથ ચર્ચા દ્વારા જાણવા મળ્યું છે કે આ યોજનાનો લાભ લીધેલા 178 લાભાર્થીઓ એવા છે કે જેઓ હાલ પણ રોજગારી માટે લોનની જરૂરિયાત છે તેવું જણાવે છે.

5. અન્ય યોજનાઓ: (કેટલશેડ, તાડપત્રી અને વિનોવીંગ ફેન):

અન્ય યોજનાઓમાં ત્રણ યોજનાઓ (કેટલશેડ યોજના, તાડપત્રી યોજના અને વિનોવીંગ ફેન યોજનાનો સમાવેશ થાય છે.

આકૃતિ: 5.18 કેટલશેડ, તાડપત્રી અને વિનોવીંગ ફેન યોજનાના લાભાર્થીઓ



આદિવાસી પેટા યોજનાના મૂલ્યાંકન અભ્યાસ અંતર્ગત કેટલશેડ યોજનાના 11, તાડપત્રી યોજનાના 15 અને વિનોવીંગ ફેન યોજનાના 37 લાભાર્થીઓ પસંદ કરવામાં આવ્યાં છે.

અનુસુચિત જનજાતીનાં ખેડૂતો માટે તાડપત્રીની ખરીદ કિંમતના 75% અથવા ₹1,875 બેમાંથી જે ઓછું હોય તે-ખાતા દીઠ વધુમાં વધુ બે નંગ આપવામાં આવે છે. તાડપત્રીનો ઉપયોગ વિવિધ હેતુસર થતો હોય છે, જેમાં ખેત ઉત્પાદનની સાચવણી, પશુઓના મોસમી રક્ષણ જેવા કામો હોય છે. લાભાર્થીઓના સૂચન અનુસાર તાડપત્રી લેવા માટે વધુ સહાય આપવી જોઇએ.

અનુસુચિત જનજાતીના લોકોને અનાજને ઊપણવા માટે મિકેનીકલ અને પાવર ટ્રીલરથી ચાલતા વિનોવીંગ ફેન આપવાની યોજના અસ્તિત્વમાં છે. આ યોજનાના 37 લાભાર્થીઓને અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યાં છે. વિનોવીંગ ફેનની મદદથી લાભાર્થીને ખેતરમાં અનાજ સાફ કરવામાં સગવડ પૂરી પડી છે. પરંતુ લોકોને વિશેષ સહાયની અપેક્ષા હોવાનું માલુમ પડેલ છે.

કોષ્ટક: 5.27 અન્ય (કેટલશેડ, તાડપત્રી અને વિનોવીંગ ફેન) યોજનામાં જોડાયા બાદ આવકમાં થયેલ વધારાનું કોષ્ટક

| વિગત | ન્યુનતમ | મહત્તમ | મધ્યક | પ્રમાણિત વિચલન | ચલનાંક |
|---|---|---|---|---|---|
| આવકમાં થયેલ વધારો (₹) | 0 | 15,000 | 2,101.59 | 3,412.43 | 162.37% |

ઉપરોક્ત યોજનામાં જોડાયેલ લાભાર્થીઓની આવકમાં સરેરાશ ₹ 2,101.59નો વધારો થયો છે, જો કે ચલનાંક દર્શાવે છે કે આવકની અસમાનતાનું પ્રમાણ ઘણું ઊંચું (162.37%) છે.

પ્રકરણ: 6

# અભ્યાસના તારણો અને સૂચનો



➢ અભ્યાસના તારણો:

❖ લાભાર્થી અને લાભાર્થીના કુટુંબના સામાન્ય તારણો

- અભ્યાસવિશ્વના કુલ લાભાર્થી ઉત્તરદાતાઓની સંખ્યા 884 છે, જેમાંથી મોટાભાગના પુરુષ (79.5%) છે, જ્યારે સ્ત્રી લાભાર્થીઓનું પ્રમાણ માત્ર 20.5 %(181) જેટલું જોવા મળે છે. સ્ત્રી લાભાર્થીઓનું સૌથી વધુ પ્રમાણ દાંતામાં (44.9%) જોવા મળે છે, જ્યારે સૌથી ઓછું પ્રમાણ દાહોદમાં (13.5%) જોવા મળે છે.

- કુલ લાભાર્થીઓના કુટુંબની સભ્ય સંખ્યા 4,797 છે, જેમાં પુરુષ સભ્યો 50.11 %અને સ્ત્રી સભ્યો 49.89 %જેટલા છે. જાતીય ગુણોત્તરનું પ્રમાણ 995 જોવા મળે છે, જે ગુજરાત રાજ્યના વર્ષ 2011ના જાતીય ગુણોત્તરના પ્રમાણ (919) કરતાં વધુ છે. કુટુંબની સરેરાશ સભ્ય સંખ્યા 5 હોવાનું માલુમ પડેલ છે.

- મોટાભાગના લાભાર્થીઓ (649) 26 થી 45 વર્ષની ઉંમરના જોવા મળે છે. જે કુલ લાભાર્થીના પ્રમાણમાં 73.4%જેટલા છે. 18 થી 25 અને 46 થી 60 વર્ષની ઉંમરના લાભાર્થીઓનું પ્રમાણ અનુક્રમે 7.6%અને 16.2%જોવા મળે છે. જ્યારે 60થી 99 વર્ષની ઉંમરના લાભાર્થીઓનું પ્રમાણ 2.8 %જ છે.

- મોટાભાગના લાભાર્થીઓ હિંદુ ધર્મ પાળે છે, માત્ર 23 (2.6%) લાભાર્થીઓ જ ખ્રિસ્તી ધર્મ પાળે છે.

- કુલ લાભાર્થીઓમાંથી 90%થી વધારે લાભાર્થીઓ પરણિત છે, જ્યારે અપરણિત લાભાર્થીઓનું પ્રમાણ 6 %થી પણ ઓછું છે.

- કુલ 884 લાભાર્થીમાંથી મોટા ભાગના લાભાર્થીઓ (78.1%) બી.પી.એલ. રેશનકાર્ડ ધરાવે છે. માત્ર 33 (3.7%) લાભાર્થીઓ જ અંત્યોદય રેશનકાર્ડ ધરાવે છે. 18.2 %લાભાર્થીઓ એ.પી.એલ. રેશનકાર્ડ ધરાવે છે.

- કુલ લાભાર્થીઓમાંથી લગભગ અડધા (47.7%) લાભાર્થીઓ પ્રાથમિક શાળા સુધીનો અભ્યાસ કરેલા જોવા મળેલ છે, જ્યારે 27.1 %લાભાર્થીઓ નિરક્ષર છે. દાંતા તાલુકામાં નિરક્ષર લાભાર્થીઓનું પ્રમાણ વધુ છે, જ્યારે દાહોદ અને સુબીરમાં પ્રાથમિક શાળા સુધી શિક્ષણ પ્રાપ્ત કરેલા લાભાર્થીઓનું પ્રમાણ વધુ જોવા મળેલ છે. કુલ લાભાર્થીઓમાં સ્નાતક અને તેથી વધારે અભ્યાસ કરેલા લાભાર્થીઓનું પ્રમાણ માત્ર 1.2%જ જોવા મળેલ છે, જેઓ સુબીર તાલુકાના ઉત્તરદાતાઓ છે.

- કુટુંબોના કુલ 4,797 સભ્યોમાંથી 1,125 નિરક્ષર સભ્ય જોવા મળ્યા હતાં, જે કુલ સભ્ય સંખ્યાના 23.45 %જેટલા છે. આંગણવાડીમાં જતા બાળકોની સંખ્યા 328 જેટલી છે, જે કુલ સભ્ય સંખ્યાના 6.84 %છે. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં અને પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કર્યો હોય તેવાં સભ્યોની સંખ્યા 35.65 %જેટલી છે. માધ્યમિક શાળા સુધી અભ્યાસ કરેલા સભ્યોનું પ્રમાણ 24.31 %જેટલું જોવા મળે છે. ઉચ્ચ-માધ્યમિક, સ્નાતક અને અનુસ્નાતક સુધી અભ્યાસ કરતાં સભ્યો અનુક્રમે 6.98, 2.31 અને 0.46 %છે, ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરેલા સભ્યોનું પ્રમાણ ખૂબ ઓછું કહી શકાય.

- ચોખ્ખો સાક્ષરતા દર 74.83 જેટલો જોવા મળે છે, જે 2011 મુજબ ગુજરાત રાજ્યના સાક્ષરતા દર 78.3

કરતાં ઓછો જોવા મળે છે.

- કુલ 884 લાભાર્થીઓમાંથી 490 લાભાર્થીઓ ઝુંપડા અને કાચા મકાનમાં વસવાટ કરે છે, જે કુલ મકાનોના 55.4 %થાય છે. 103 (11.7%) મકાનો અર્ધ-પાકા જોવા મળે છે. 291 મકાનો પાકા જોવા મળે છે, જે કુલ મકાનોના 32.9%જેટલા થાય છે.

- ફક્ત એક ઓરડાવાળા 134 મકાનો જોવા મળ્યા હતાં. જે કુલ લાભાર્થીઓના મકાનોના 15.2%જેટલા થાય છે. બે ઓરડાવાળા મકાનો 43.4%જોવા મળે છે. બેથી વધુ ઓરડાવાળા મકાન 41.3%જેટલા જોવા મળે છે.

- કુલ 884 લાભાર્થીઓમાંથી  773 (87.44 %) લાભાર્થીઓને પીવાના શુધ્ધ પાણીની સુવિધા મળે છે. 87(9.84%) લાભાર્થીઓ એવા છે કે જેમને મળતું પીવાનું પાણી શુધ્ધ છે કે નહી તેની જાણ નથી.

- 51.6 %લાભાર્થીઓ પીવાનું પાણી હેંડપંપથી મેળવે છે. આ સિવાય અન્ય સ્રોતો જેવા કે કુવો, બોર અને નળમાંથી પાણી મેળવતાં લાભાર્થીઓ અનુક્રમે 229 (25.9%), 184 (20.8%) અને 15 (1.7%) જોવા મળે છે.

- કુલ લાભાર્થીઓમાંથી 96.83%લાભાર્થીઓને વીજળીની સુવિધા મળે છે. જે લાભાર્થીઓને વીજળીની સુવિધાનો લાભ નથી મળતો તેમાંથી થોડા કુટુંબ એવા પણ હતાં જેઓ વીજળીનો લાભ લેવા માંગતા જ નથી.

- કુલ 884 લાભાર્થીઓમાંથી 83.37 %લાભાર્થીઓને ત્યાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે.

- કુલ લાભાર્થીઓમાંથી 99.89 %લાભાર્થીઓને ત્યાં ગટરની વ્યવસ્થા નથી. જે લાભાર્થી ગટરની સુવિધા ધરાવે છે તે દાહોદ શહેરમાં વસવાટ કરે છે.

- 318(35.97 %) લાભાર્થીઓને પ્રાથમિક શાળાની સુવિધા 1 કિ.મી. સુધીમાં મળી રહે છે. 562(63.57%) લાભાર્થીઓને 1 થી 5 કિ.મી.માં સુવિધા મળે છે. 4(0.45%) લાભાર્થીઓને 5 કિ.મી.થી વધુ અંતરે પ્રાથમિક શાળાની સુવિધા છે.

- પસંદ કરેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 217 (24.55%) લાભાર્થીઓને ઘરથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું અંતર 1 કિ.મી. સુધી છે. 548(61.99%) લાભાર્થીઓને 1 થી 5 કિ.મી.માં આરોગ્યની સુવિધા મળે છે. 119(13.46%) લાભાર્થીઓને 5 કિ.મી.થી વધુ અંતરે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા છે.

- 424(47.96%) લાભાર્થીઓને આંગણવાડી કેન્દ્રની સુવીધા 1 કિ.મી. સુધીમાં મળી રહે છે. 457(51.7%) લાભાર્થીઓને 1 થી 5 કિ.મી.માં આંગણવાડી કેન્દ્ર સુવિધા મળે છે. માત્ર 3(0.34%) લાભાર્થીઓને 5 કિ.મી.થી વધુ અંતરે સુવિધા લેવા જવું પડે છે.

- 492(55.66%) લાભાર્થીઓના ઘરથી મુખ્ય રસ્તાનું અંતર 1 કિ.મી. છે, જ્યારે 391(44.23%) લાભાર્થીને 1 થી 5 કિ.મી. સુધીમાં અને 1 લાભાર્થીને 5 કિ.મી.થી વધુ અંતરે રસ્તાની સુવિધા મળી રહે છે. 736(83.25%) લાભાર્થીઓને ગામમાં સરકારી બસની સુવિધા મળી રહે છે.

- મોટાભાગના લાભાર્થીઓના ઘરથી તાલુકા મથકનું અંતર 10 કિ.મી.થી વધારે આવેલું છે. 89(10.7%) લાભાર્થીઓનું ઘર તાલુકા કેન્દ્રથી 10 કિ.મી.ની અંદર આવેલું છે.

- પસંદ કરેલા કુટુંબોની કુલ સભ્ય સંખ્યા 4,797 છે, જેમાંથી 2,361 (49.22%) લોકો આજીવિકાના કાર્ય સાથે જોડાયેલા છે. કુલ કાર્ય કરતાં લોકોમાંથી 1,319 (55.87%) પુરુષો અને 1,042 (44.13%) સ્ત્રીઓનું પ્રમાણ જોવા મળે છે.

- ખેતી કરતા કુટુંબોની સંખ્યા 804 (91%)છે. આથી કહી શકાય કે મોટાભાગના કુટુંબો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. દાંતા અને દાહોદમાં ખેતી કરતા કુટુંબોનું પ્રમાણ 95%કરતાં પણ વધારે જોવા મળે છે.

- કુલ 884 કુટુંબોમાંથી 846 (95.70%) કુટુંબોનો મુખ્ય અથવા ગૌણ વ્યવસાય ખેતી છે.

- પસંદ કરેલા 884 લાભાર્થીઓમાંથી 836 (94.57%) લાભાર્થીઓ જમીન ધરાવે છે. 10 લાભાર્થી એવા છે કે જેઓ ખેતી કરે છે પરંતું પોતાની જમીન ન હોવાથી અન્ય ખેડૂતની જમીન ભાગવી રાખીને ખેતી કરે છે. ભાગવી ખેતીમાં ભાગનું પ્રમાણ 50 %અથવા 33%જોવા મળ્યું હતું. અભ્યાસમાં પસંદ કરેલા કુટુંબોમાં જોઈએ તો મોટાભાગના જમીન ધારકો નાના અને સીમાંત ખેડૂતની વ્યાખ્યામાં આવી શકે. અર્થાત 60 %થી વધારે લાભાર્થી 2 એકરથી ઓછી જમીન ધરાવે છે. 2 થી 4 એકર (પરંતુ 4 એકરથી ઓછી) જમીન ધારક અર્થાત સીમાંત-મધ્યમ ખેડૂતનું પ્રમાણ 27.3%જોવા મળે છે. 10 એકરથી વધું જમીન ધરાવતા માત્ર 7 લાભાર્થીઓ છે.

- 836 જમીન ધારકોની કુલ જમીન 1,573 એકર છે, તેમાંથી 788 એકર પિયત જમીન અને 785 એકર બિન-પિયત જમીન છે.

- મુખ્ય પાકોની વિગત અનુસાર દાંતામાં કપાસ અને ઘઉં, દાહોદમાં મકાઇ અને તુવેર, સુબીરમાં નાગલી અને તુવેર જોવાં મળે છે. આ સિવાય જરૂરિયાત અનુસાર અન્ય પાકો અને શાકભાજી પણ વાવે છે.

- પસંદ કરવામાં આવેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 649(73.42 %) લાભાર્થીઓ પશુપાલન કરે છે જ્યારે 235(26.58 %) લાભાર્થીઓ પશુપાલન સાથે જોડાયેલા નથી. દાંતામાં પશુપાલન સાથે જોડાયેલા લાભાર્થીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે અને સૌથી ઓછુ સુબીરમાં જોવા મળે છે.

- 649 લાભાર્થીઓમાંથી 569(87.67 %) જેટલા લાભાર્થીઓ પાસે દુધાળા પશુઓ જોવા મળે છે. સુબીરમાં જેટલા લાભાર્થીઓ પશુપાલન સાથે જોડાયેલા છે તે બધા પાસે દુધાળા પશુ જોવા મળે છે. જે લાભાર્થીઓ પશુપાલન કરે તેમાંથી મોટાભાગના લાભાર્થીઓ પાસે 1 અથવા 2 દુધાળા પશુઓ છે.

- 1 દુધાળા પશુથી થતી સરેરાશ માસિક આવક ₹3,014 છે, જ્યારે સરેરાશ માસિક ખર્ચ ₹1,690 જોવા મળે છે.

- વાર્ષિક ₹50,000 થી ઓછી આવક ધરાવતાં કુટુંબોની સંખ્યા વધુ જોવા મળે છે. તેમાં ₹40,001 થી 50,000 સુધીની આવક ધરાવતાં લાભાર્થીઓનું પ્રમાણ 32.6 %જોવા મળે છે. 2.6 %લાભાર્થીઓની વાર્ષિક આવક

₹10,000 કરતાં પણ ઓછી છે. ₹1,00,000 થી વધુ વાર્ષિક આવક ધરાવતાં લાભાર્થીઓનું પ્રમાણ માત્ર 4.9%જેટલું જ છે.

- પસંદ કરેલા તમામ કુટુંબોની સરેરાશ વાર્ષિક આવક ₹48,945.14 જેટલી છે. દાંતામાં ₹50,291.14 દાહોદમાં ₹52,205.39 અને સુબીરમાં ₹41,635.25 જેટલી છે. ચલનાંક (Co-efficient of Variation)ના આંકડા અનુસાર કુલ કુટુંબની સરેરાશ વાર્ષિક આવકનો ચલનાંક 82.15%છે. સરેરાશ વાર્ષિક આવકનો ચલનાંક દાહોદમાં સૌથી વધુ (99.93%) જોવા મળે છે, જ્યારે સુબીરમાં સૌથી ઓછો (31.86%) ચલનાંક જોવા મળે છે. આમ, દાહોદમાં આવકની અસમાનતાનું પ્રમાણ સૌથી વધારે છે, જ્યારે સુબીરમાં આવકની સમાનતા પ્રમાણમાં વધારે છે. ક્રુસ્કલ-વોલિસ ટેસ્ટના આધારે કહી શકાય કે, પસંદ કરેલા તાલુકાઓમાં સરેરાશ આવક સંદર્ભે સાર્થક તફાવત જોવા મળે છે.

- લોરેંઝ રેખાના આધારે કહી શકાય છે કે પસંદ કરેલા લાભાર્થીઓમાંથી 40%લાભાર્થીઓ કુલ આવકનો માત્ર 23%જેટલો હિસ્સો ધરાવે છે, જ્યારે 36%લાભાર્થીઓ કુલ આવકનો 43%જેટલો હિસ્સો ધરાવે છે. દાહોદમાં સૌથી વધારે આવકની અસમાનતા જોવા મળે છે અને સુબીરમાં સૌથી ઓછી અસમાનતા જોવા મળે છે. નિષ્ણાંતો સાથેની ચર્ચામાંથી નિષ્પન્ન થયું છે કે દાહોદ ગુજરાતના આર્થિક વિકસિત વિસ્તારોથી જોડાયેલું હોવાથી કેટલાંક લોકોમાં કૌશલ્યવર્ધન અને બજારની ઉપલબ્ધતાના કારણે આવકનું પ્રમાણ ઊંચું હોવાથી આ ચિત્ર જોવા મળે છે.

- મોટાભાગના કુટુંબો ₹20,001 થી 40,000 ની વચ્ચે વાર્ષિક ખર્ચ કરે છે. 2 (0.2 %) લાભાર્થીઓ તો માત્ર ₹10,000 વાર્ષિક ખર્ચ કરે છે, જ્યારે 90 (10.2 %) લાભાર્થીઓ ₹50,000થી વધુ વાર્ષિક ખર્ચ કરે છે. જે લાભાર્થીઓ વાર્ષિક ₹50,000થી ઓછો ખર્ચ કરે છે તેઓનો મોટાભાગનો ખર્ચ જીવનનિર્વાહ કરવા માટે થાય છે. જેઓ ₹50,000થી વધારે ખર્ચ કરે છે તેઓ મનોરંજન પાછળ ઊંચો ખર્ચ કરે છે.

- પસંદ કરેલા તમામ કુટુંબનો સરેરાશ વાર્ષિક ખર્ચ ₹40,262.44 જેટલો છે. સરેરાશ વાર્ષિક ખર્ચ પસંદ કરેલા તાલુકાઓમાંથી દાંતામાં ₹41,620.25, દાહોદમાં ₹42,917.01 અને સુબીરમાં ₹34,139.34 જેટલું છે. ચલનાંક (Co-efficient of Variation)ના આંકડા અનુસાર કુલ કુટુંબની સરેરાશ વાર્ષિક આવકનો ચલનાંક 86.06 છે. સરેરાશ વાર્ષિક આવકનો પ્રસાર દાહોદમાં સૌથી વધુ (ચલનાંક 104.79) જોવા મળે છે, જ્યારે સુબીરમાં સૌથી ઓછો (ચલનાંક 30.54) પ્રસાર જોવા મળે છે. ક્રુસ્કલ-વોલિસ ટેસ્ટના આધારે કહી શકાય કે, પસંદ કરેલા તાલુકાઓમાં સરેરાશ ખર્ચ સંદર્ભે સાર્થક તફાવત જોવા મળે છે.

- પસંદ કરવામાં આવેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 512(57.92 %) લાભાર્થીઓ બચત કરે છે. દાહોદમાં બચત કરતાં લાભાર્થીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે અને સૌથી ઓછુ સુબીરમાં જોવા મળે છે. 512 લાભાર્થીઓમાંથી 482 (94.14%) જેટલા લાભાર્થીઓ વાર્ષિક ₹20,000 સુધીની બચત કરે છે.

- જે કુટુંબ બચત કરે છે તેમાંથી મોટાભાગના (343) કુટુંબો બચત કરેલા નાણા પોતાની જ પાસે રાખે છે. બેંકમાં, મંડળમાં અને પોસ્ટ ઓફિસમાં અનુક્રમે 136, 50 અને 47 લોકો પોતાની બચત રાખે છે. અમુક લાભાર્થીઓ એક કરતાં વધુ જગ્યાએ પણ બચત કરે છે.

- બચત કરવાના હેતુઓ જાણતા મળેલ વિગતો મુજબ જાણવા મળ્યુ છે કે પસંદ કરવામાં આવેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 372 (42.09%) લાભાર્થીઓ બચત કરતાં નથી કારણ કે તેઓ ગુજરાન ચલાવવા પૂરતી જ આવક મેળવી શકે છે. બચત કરતાં 512 લાભાર્થીઓમાંથી 399 લાભાર્થીઓ બાળકોના શિક્ષણના હેતુસર બચત કરે છે. જ્યારે 256 સામાજિક પ્રસંગ અને 12 વૃધ્ધાવસ્થામાં બચત કામ આવે તેથી બચત કરે છે.
- પસંદ કરવામાં આવેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 11.4%લાભાર્થીઓને આર્થિક દેવું છે. તેમાંથી 41(4.6%) લાભાર્થીને ₹5000થી ઓછુ દેવું છે. 19(2.1%) લાભાર્થીને ₹5001થી 10000 જેટલું દેવું છે. 41(4.6%) લાભાર્થીને ₹10000થી વધુ દેવું છે.
- મોટાભાગના લાભાર્થી શાહુકાર (ખાનગી સ્ત્રોત)પાસેથી નાણા લઈને દેવું કરે છે. દેવાના વ્યાજનો દર મોટાભાગે માસિક 2 થી 5 %જોવા મળે છે, જ્યારે 2 લાભાર્થીઓ માસિક 10 %ના દરે વ્યાજ ચૂકવતા હોવાનું જણાયું છે. મોટાભાગે સામાજિક પ્રસંગના કારણે દેવું થયાનું જોવા મળે છે.

❖ યોજનાકીય તારણો:

- કુલ 884 લાભાર્થીઓમાથી 60.5%લાભાર્થીઓ આદિવાસી પેટા યોજના વિશે પૂરતી જાણકારી ધરાવે છે. આદિવાસી પેટા યોજના વિશે જાણકારી ધરાવતા લાભાર્થીઓ દાહોદ અને સુબીરમાં અનુક્રમે 69.5%અને 70.9%જોવા મળે છે જ્યારે દાંતામાં 82.9%લોકો આદિવાસી પેટા યોજના વિશેની માહિતી ધરાવતાં નથી. કાય વર્ગ કસોટી (X2 ટેસ્ટ) ના આધારે કહી શકાય કે, પસંદ કરેલા તાલુકાઓમાં TSP વિશેની જાણકારી સંદર્ભે સાર્થક તફાવત જોવા મળે છે.

- પસંદ કરેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 45.7 %લાભાર્થીઓએ પ્રાયોજના કચેરીની મુલાકાત લીધી છે જ્યારે 54.3 %લાભાર્થીઓ એવા છે કે જેમણે પ્રાયોજના કચેરીની મુલાકાત પણ નથી લીધી કે કચેરી જોઇ પણ નથી. ત્રણેય તાલુકાની સરખામણીમાં દાહોદના વધુ લાભાર્થીઓએ પ્રાયોજના કચેરીની મુલાકાત લીધેલ છે. દાંતામાં સૌથી ઓછા લાભાર્થીઓએ પ્રાયોજના કચેરીની મુલાકાત લીધેલ છે. કાય વર્ગ કસોટી (X2 ટેસ્ટ)ના આધારે કહી શકાય કે, પસંદ કરેલા તાલુકાઓમાં TSP કચેરીની મુલાકાત સંદર્ભે સાર્થક તફાવત જોવા મળે છે.

- આદિવાસી પેટા યોજનાના પસંદ કરેલા કુલ 884 લાભાર્થીઓમાંથી મોટાભાગના લાભાર્થીઓ (45.5 %) ને યોજનાની માહિતી સરપંચ દ્વારા મળી હતી. 23.2 %લાભાર્થી એવા છે જેઓને તેમના મિત્રો પાસેથી માહિતી મળી હતી. અન્ય 31.3 %લાભાર્થીઓને જ્ઞાતિના આગેવાનો, તલાટી, સગા-સબંધી, સામાજિક કાર્યકરો, ગ્રામસેવક, મંડળી વગેરે દ્વારા માહિતી મળી હતી. આ વિસ્તારમાં યોજના વિષયક માહિતી આપનાર લોકો ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

- પસંદ કરેલા કુલ 884 લાભાર્થીઓમાંથી 226(25.6%) લાભાર્થીઓને યોજનાનો લાભ લેવા માટે કોઇ જ નાણાકીય ખર્ચ કરવો પડ્યો ન હતો. આનો અર્થ એ થયો કે 658 (74.4 %) લાભાર્થીઓ યોજનાનો લાભ લેવા માટે ખર્ચ કરે છે. 34.4 %લાભાર્થીઓને ₹500 થી ઓછું ખર્ચ કરવું પડ્યું હતું. ₹501 થી 1000 સુધીનો ખર્ચ કર્યો હોય તેવા લાભાર્થીઓ 29.4 %છે, જ્યારે ₹1000 થી વધુ ખર્ચ કરનારા લાભાર્થીઓ 10.6 %જોવા મળે છે.

- દાંતા તાલુકામાં 34.8 %લાભાર્થીઓ યોજનાનો લાભ લેવા માટે કોઇ પ્રકારનો ખર્ચ કર્યો નથી. દાંતામાં જે લાભાર્થીઓ ખર્ચ કર્યો છે તેમાથી મોટાભાગના લાભાર્થીઓ ₹1000થી ઓછાનો ખર્ચ કર્યો છે. દાહોદમાં 34.6 %લાભાર્થીઓએ કોઇ જ પ્રકારનો ખર્ચ કરેલ નથી. દાહોદમાં પણ મોટાભાગના લાભાર્થીઓએ ₹1000થી ઓછાનો ખર્ચ કરેલ છે. સુબીર તાલુકામાં માત્ર 1.8 %લાભાર્થીઓને યોજનાના લાભ માટે કોઇ ખર્ચ કરવો પડ્યો નથી, જ્યારે 98.2 %લાભાર્થીઓએ યોજનાનો લાભ લેવા માટે ખર્ચ કરેલ છે. સુબીરમાં જે લાભાર્થીઓએ ખર્ચ કરેલ છે તેમાંથી મોટાભાગના લાભાર્થીઓ ₹500થી 1000 સુધીનો ખર્ચ કરે છે. ₹1000થી વધુ ખર્ચ કરતાં લાભાર્થીઓ અન્ય તાલુકાઓની સરખામણીમાં સુબીરમાં વધુ જોવા મળેલ છે.

- જે લાભાર્થીઓ યોજનાનો લાભ લેવા માટે ખર્ચ કરે છે તેમાંથી 513 (58 %) લાભાર્થીઓ દસ્તાવેજ મેળવવા માટે, મુસાફરી અને ફોટો કોપી કઢાવવા માટે ખર્ચ કરે છે.

- પસંદ કરેલા તમામ કુટુંબોનો યોજનાનો લાભ લેવા માટે થયેલ સરેરાશ ખર્ચ ₹540.16 છે, જે દાંતા તાલુકામાં ₹442.41, દાહોદ તાલુકામાં ₹381.85 અને સુબીર તાલુકામાં ₹916.19 છે. દાહોદમાં યોજનાનો લાભ લેવા માટે કરેલ ખર્ચનો પ્રસાર સૌથી વધુ જોવા મળે છે, જ્યારે દાંતામાં સૌથી ઓછો પ્રસાર જોવા મળે છે.

- વિવિધ યોજનાઓ માટે કરવામાં આવેલા ખર્ચની વિગત તપાસતા જાણવા મળ્યું છે કે સંકલિત ડેરી વિષયક યોજનાઓ તથા તાલીમ વિષયક યોજનાઓના મોટાભાગના લાભાર્થીઓને કોઇ ખર્ચ થયો નથી. જ્યારે અન્ય યોજનાઓના મોટાભાગના લાભાર્થીઓને ₹500 થી 1500 સુધીનો ખર્ચ થયો છે.

- યોજનાનો લાભ લેવા કરવામાં આવેલા સરેરાશ ખર્ચ કૃષિ વૈવિધ્યકરણમાં ₹544.91, સંકલિત ડેરી વિકાસમાં ₹294.08, સ્વ-રોજગાર લોનમાં ₹850.25, રોજગારલક્ષી તાલીમમાં ₹358.42 અને કેટલશેડમાં ₹3,657.14 છે. ચલનાંક (Co-efficient of Variation)ના આંકડા જોતાં જણાય છે કે, સંકલિત ડેરી વિકાસ યોજનામાં યોજનાનો લાભ લેવા કરવામાં આવેલા ખર્ચનો પ્રસાર સૌથી વધુ (158.07%) જોવા મળે છે, જ્યારે સ્વ-રોજગાર લોનમાં સૌથી ઓછો (42.23%) પ્રસાર જોવા મળે છે. ક્રુસ્કલ-વોલિસ ટેસ્ટના આધારે કહી શકાય કે, અભ્યાસમાં સમાવિષ્ટ યોજનાઓમાં લાભ લેવા માટે કરવામાં આવતા ખર્ચ સંદર્ભે સાર્થક તફાવત જોવા મળે છે.

- કુલ 884 લાભાર્થીઓમાંથી 547 લાભાર્થીઓના કુટુંબના સભ્યોની કુલ રોજગારોની સંખ્યામાં યોજનાના લાભના કારણે ફેરફાર થયો નથી, જે કુલ લાભાર્થીઓના 61.9 %જેટલા થાય છે. 280 લાભાર્થીઓના કુટુંબમાં 1-1 સભ્યોની રોજગારોમાં વધારો જોવા મળે છે, જેનું પ્રમાણ કુલ લાભાર્થીઓના 31.7 %જેટલું છે. 2 કે તેથી વધુ સભ્યોની રોજગારીમાં વધારો થયો હોય તેવા લાભાર્થીઓનું પ્રમાણ માત્ર 6.4 %જોવા મળે છે.

- ત્રણેય તાલુકાની સરખામણીમાં જોઇએ તો યોજનાના લાભથી સૌથી વધારે રોજગારીમાં ફેરફાર દાહોદમાં જોવા મળે છે, જ્યારે દાંતામાં સૌથી ઓછો ફેરફાર થયો છે. કાઇ સ્ક્વેર (X2) ટેસ્ટના આધારે કહી શકાય કે, પસંદ કરેલા તાલુકાઓમાં યોજનાના લાભથી રોજગારીમાં વધારાના સંદર્ભે સાર્થક તફાવત જોવા મળે છે.

- બધી જ યોજનાઓના લાભાર્થીઓના કુટુંબના સભ્યોની રોજગારીની સંખ્યામાં વધારો જોવા મળે છે, પરંતુ આ વધારો ઓછા પ્રમાણમાં છે. કારણ કે અહીં 62 %જેટલા લાભાર્થીઓના કુટુંબના સભ્યોની રોજગારીમાં કોઇ ફેરફાર થયો નથી. સ્વરોજગાર તાલીમ યોજનાના લાભાર્થી કુટુંબની રોજગારીમાં નોંધપાત્ર વધારો થયેલો જોવા મળે છે. કૃષિ વૈવિધ્યકરણની યોજનાના લાભાર્થીઓમાં ઓછા પ્રમાણમાં રોજગારીનું સર્જન થયેલ માલુમ પડેલ છે.

- કુલ લાભાર્થીઓમાથી 29.2 %લાભાર્થીઓની આવકમાં કોઇ ફેરફાર થયો નથી. જ્યારે 27.6 %લાભાર્થીઓની આવકમાં ₹5,000 સુધી, 27.6 %લાભાર્થીઓની આવકમાં ₹5,000 થી 10,000, 12.3 %લાભાર્થીઓની આવકમાં ₹10,000 થી 15,000 અને 3.3 %લાભાર્થીઓની આવકમાં ₹15,000 થી 25,000 સુધીનો વધારો થયેલો જોવા મળે છે.

- ભૌગોલિક ક્ષેત્ર મુજબ યોજનાના કારણે આવકમાં ફેરફાર ચકાસતા જાણવા મળે છે કે દાંતામાં 50%,

દાહોદમાં 28%અને સુબિરમાં 18%લાભાર્થીઓની આવકમાં કોઇ પણ ફેરફાર થયો નથી. જ્યારે ₹5,000 થી 10,000 સુધીની આવકનો વધારો દાંતાના 46.7%, દાહોદના 50.9%અને સુબિરના 71.3%ઉત્તરદાતાઓમાં જોવા મળ્યો છે, આમ, આવક વધારાના સંદર્ભમાં આ જૂથ સૌથી મોટું છે.

- પસંદ કરેલા તમામ કુટુંબની સરેરાશ વધેલી આવક ₹4079.64 છે. જે દાંતા તાલુકામાં ₹1775.32, દાહોદ તાલુકામાં ₹4865.15 અને સુબીર તાલુકામાં ₹4020.08. પસંદ કરેલા તમામ કુટુંબના સરેરાશ વાર્ષિક આવકનો ચલનાંક 102.07%(પ્રમાણિત વિચલન 4,164.09) છે, જે આવકની અસમાનતા દર્શાવે છે.

- ચલનાંક (Co-efficient of Variation)ના આંકડા જોતાં જણાય છે કે, લાભાર્થીઓની યોજનામાં જોડાવાથી વધેલી વાર્ષિક આવકનો પ્રસાર દાંતામાં સૌથી વધુ (ચલનાંક 149.18%) જોવા મળે છે, જ્યારે સુબીરમાં સૌથી ઓછો (ચલનાંક 88.14%) જોવા મળે છે.

- ક્રુસ્કલ-વોલિસ ટેસ્ટના આધારે  કહી શકાય કે, ત્રણેય તાલુકાના લાભાર્થીઓની યોજનામાં જોડાવાથી સરેરાશ વધેલી આવકમાં સાર્થક તફાવત જોવા મળે છે. દાહોદના લાભાર્થીઓની આવકમાં સૌથી વધુ જ્યારે દાંતાના લાભાર્થીઓની આવકમાં સૌથી ઓછા પ્રમાણમાં વધારો થયો હોવાનું જણાય છે. અહીં નોંધનીય છે કે દાહોદમાં કૃષિ વૈવિધ્યકરણ યોજના તથા તાલીમ યોજનાનો લાભ લેનાર લાભાર્થીઓનું પ્રમાણ વધુ જોવા મળેલ છે.

- જે-તે યોજનામાં જોડાયા બાદ વાર્ષિક આવકમાં થયેલ ફેરફારની માહિતી તપાસતા જણાય છે કે કૃષિ વિષયક યોજનાઓના 56.7%લાભાર્થીની આવકમાં ફેરફાર થયો છે, જેમાંનો મોટાભાગનો વર્ગ ₹5,000 થી 15,000 સુધીના જૂથમાં આવે છે. માત્ર 1.1 %લાભાર્થીઓની આવકનો વધારો ₹15000થી વધુ છે.

- સંકલિત ડેરી વિષયક યોજનાઓમાં 86.2 %લાભાર્થીઓની આવકમાં વધારો થયો છે. જેમાંથી મોટાભાગના લાભાર્થીઓની આવકમાં ₹5000 થી 15,000 સુધીનો વધારો થયેલો છે. માત્ર 2.6%લાભાર્થીઓની આવક વૃધ્ધિ ₹15000થી વધુ જોવા મળી છે.

- લોન વિષયક યોજનાઓમાં 85.8 %લાભાર્થીઓની આવકમાં નોંધપાત્ર ફેરફાર થયો છે, જેમાં 42.2 %લાભાર્થીઓની આવકમાં ₹5000 સુધીનો વધારો થયેલો છે. 39.2 %લાભાર્થીઓની આવકમાં ₹5000થી 15000નો વધારો થયેલો છે. જ્યાર માત્ર 4.4%લાભાર્થીઓની આવક વૃધ્ધિ ₹15000થી વધુ જોવા મળી છે.

- તાલીમ વિષયક યોજનાઓમાં 68.4%લાભાર્થીઓની આવકમાં ફેરફાર થયો છે, જેમાં 60.5%લાભાર્થીઓની આવકમાં ₹5,000થી 15,000નો વધારો થયેલો છે. માત્ર 5.8%લાભાર્થીઓનો આવક વધારો ₹15,000થી વધુ છે.

- કેટલશેડ વિષયક યોજનાઓમાં 54%લાભાર્થીઓની આવકમાં પરિવર્તન આવ્યું છે. 33.3% લાભાર્થીઓની આવકમાં ₹5,000 સુધીનો વધારો થયેલો છે. જ્યારે અન્ય 20.7%લાભાર્થીઓની આવકમાં ₹5000થી વધુ આવકવૃધ્ધિ થયેલ જોવા મળેલ છે.

- તાલીમ યોજનાના લાભાર્થીઓની આવક વૃદ્ધિની સરેરાશ સૌથી ઊંચી (મધ્યક - ₹5,847.37 અને મધ્યસ્થ ₹7,000) છે. જ્યારે કેટલશેડ યોજનાના લાભાર્થીઓની આવક વૃદ્ધિની સરેરાશ સૌથી નીચી (મધ્યક - ₹2,101.59 અને મધ્યસ્થ ₹1,500) છે.

- ચલનાંક (Co-efficient of Variation)ના આંકડા જોતાં જણાય છે કે, યોજનાના લાભથી આવકમાં થયેલા વધારાનો પ્રસાર સૌથી વધુ કેટલશેડ યોજનામાં (162.37%) જોવા મળે છે, જ્યારે સંકલિત ડેરી વિકાસ યોજનામાં સૌથી ઓછો (79.74%) જોવા મળે છે. આથી એ સ્પષ્ટ થાય છે કે કેટલશેડ યોજનાના લાભાર્થીઓની આવક અસમાનતા ઘણી ઊંચી છે, જ્યારે અન્ય યોજનાઓની સરખામણીમાં સંકલિત ડેરી વિકાસ યોજનાના લાભાર્થીઓની આવક અસમાનતા નીચી છે.

- ક્રુસ્કલ-વોલિસ ટેસ્ટના આધારે  કહી શકાય કે, પાંચેય યોજનાઓના લાભાર્થીઓમાં સરેરાશ આવકમાં થયેલા વધારામાં સાર્થક તફાવત જોવા મળે છે.

- 48.3 %લાભાર્થીઓના બાળકોના શિક્ષણ સંદર્ભમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. વિગતે તપાસતા જણાયું છે કે લગભગ ચોથા ભાગના (23.9 %) લાભાર્થીઓના બાળકોને શિક્ષણ સંદર્ભની ભૌતિક સુવિધાઓમાં વધારો થયો છે. જ્યારે 18.2 %લાભાર્થીઓ પોતાના બાળકોના શૈક્ષણિક સ્તરમાં વધારો કરી શક્યા છે, અર્થાત તેઓ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે તેઓને વધુ ભણાવતાં થયા છે. આ ઉપરાંત 6.2 %લાભાર્થીઓમાં બાળકોના શૈક્ષણિક ગુણવત્તા અંગેની જાગૃત્તિ વધેલી જોવા મળે છે. કાય વર્ગ કસોટીના આધારે  કહી શકાય કે યોજનાના લાભાર્થીઓના બાળકોના શિક્ષણમાં થયેલા પરિવર્તનને તાલુકા સાથે સાર્થક સંબંધ છે.

- ભૌગોલિક રીતે અભ્યાસ હેઠળના ત્રણેય તાલુકાનું ચિત્ર જોઈએ તો સૌથી ઓછું પરિવર્તન દાંતા તાલુકામાં જણાય છે જ્યારે સૌથી વધુ બદલાવ સુબીર તાલુકામાં છે. સુબીરના 46.3 %લાભાર્થી બાળકોના શૈક્ષણિક સ્તરમાં વધારો કરવા સક્ષમ બન્યા છે, જ્યારે દાહોદ તાલુકાના 37.1 %લાભાર્થીઓ બાળકોને શિક્ષણ સંદર્ભની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શક્યા છે.

- કૃષિ વૈવિધ્યકરણની યોજનાના 70.5 %લાભાર્થીઓ, તાલીમ યોજનાના 67.9 %લાભાર્થીઓ અને કેટલશેડ યોજનાના 65.1 %લાભાર્થીઓના બાળકોના શિક્ષણમાં કોઈ ફેરફાર થયો હોવાનું જણાતું નથી.

- સંકલિત ડેરી વિકાસ યોજનાના 35.5 %તેમજ લોન યોજનાના 36.8 %લાભાર્થીઓ તેઓના બાળકોના શૈક્ષણિક સ્તરમાં વધારો કરી શક્યા છે.

- દરેક યોજનામાં લગભગ 22 થી 28 %જેટલા લાભાર્થીઓ પોતાના બાળકોની શૈક્ષણિક ભૌતિક સુવિધાઓમાં નોંધપાત્ર વધારો કરી શક્યા છે. જેમ કે આ લાભાર્થીઓ બાળકોના ગણવેશ, પુસ્તકો, સ્ટેશનરી વગેરે જેવી ભૌતિક સુવિધાઓના ખર્ચ વધારી શક્યા છે.

- 68.1 %લાભાર્થીઓના યોજનામાં જોડાવાથી તેમનાં આરોગ્યમાં કોઈ પણ પ્રકારનું પરિવર્તન થયું નથી. આવું જણાવનારમાં દાંતા તાલુકાના 87.34 %, દાહોદ તાલુકાના 71.78 %તથા સુબીર તાલુકાના 48.36

%લાભાર્થીઓનો સમાવેશ થાય છે. આથી કહી શકાય કે યોજનામાં જોડાવાથી સુબીર તાલુકાના સૌથી વધુ લાભાર્થીઓને આરોગ્યલક્ષી લાભ થયો છે, જ્યારે આ પ્રમાણ દાંતામાં સૌથી ઓછું છે.

- 23.87 %લાભાર્થીઓ પોષણયુક્ત આહારશૈલી અપનાવી શક્યા હોવાથી આરોગ્યલક્ષી સુધારો જોવા મળ્યો છે. જેમાં સુબીરના 34.43 %અને દાહોદના 25.73 %લાભાર્થીઓનો સમાવેશ થાય છે. જ્યારે દાંતાના માત્ર 2 %લાભાર્થીઓમાં જ આ ફેરફાર જોવા મળે છે.

- 8.03 %લાભાર્થીઓ યોજનામાં જોડાવાને કારણે સારી સુવિધાવાળા દવાખાનાનો લાભ લઈ શકવા સક્ષમ બન્યા છે, જેમાં સુબીર, દાંતા અને દાહોદ તાલુકાના અનુક્રમે 17.21 %, 10.76 %અને 2.49 %લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

- અહીં, કાઈ સ્ક્વેર (X2) પરથી કહી શકાય કે યોજનાના લાભથી આરોગ્યલક્ષી પરિવર્તનમાં તાલુકા અનુસાર સાર્થક તફાવત જોવા મળે છે.

- આરોગ્યલક્ષી પરિવર્તન પામેલ દાંતા તાલુકાના મોટાભાગના લાભાર્થીઓએ સારી સુવિધાવાળા દવાખાનાનો લાભ લીધેલ છે. જ્યારે દાહોદ અને સુબીરના મોટાભાગના લાભાર્થી વર્ગને પોષણયુક્ત આહારશૈલી અપનાવી શકવાને કારણે આરોગ્યમાં સુધારો થયાનું જણાયું છે.

- જે-તે યોજનામાં જોડાવાને લીધે 320 (36.2%) લાભાર્થીઓના કુટુંબના સભ્યોની વિવિધ પ્રકારની કાર્યકુશળતામાં ફેરફાર થયો હોવાનું જણાયું છે, જેમાં પશુપાલન, કડીયા કામ, મરઘા પાલન, સુથારી કામ, આધુનિક ખેતી, વાહનચાલન, સિવણ, બ્યુટીપાર્લર, સેફ્ટી, લેબોરેટરીકામ અને મોબાઇલ રીપેરીંગની કાર્યકુશળતાનો સમાવેશ થાય છે. યોજનામાં જોડાવાને લીધે દાંતાના માત્ર 2.5 %લાભાર્થીઓની કાર્યકુશળતામાં જ વધારો થયો છે. આ કુશળતા પશુપાલન ક્ષેત્રમાં જોવા મળી છે. જ્યારે દાહોદમાં 38.8 %લાભાર્થીઓની કુશળતામાં વધારો થયો હોવાનું ધ્યાનમાં આવ્યું છે. જેમાં સિવણકામ અને પશુપાલન કાર્યમાં કુશળતા પામેલ લાભાર્થીઓ અનુક્રમે 16 %અને 9.6 %છે, સુબીર તાલુકામાં કાર્યકુશળતા મેળવેળ 52.9 %લાભાર્થીઓમાંથી મોટાભાગના (43.2 %) લાભાર્થીઓએ પશુપાલનક્ષેત્રે કુશળતા મેળવેળ છે.

- કુલ લાભાર્થીઓમાંથી લગભગ ચોથા ભાગના (25.9 %) લાભાર્થીઓએ પોતાના કુટુંબના ભોજનખર્ચમાં વધારો કર્યો છે, જે યોજનાની ઉપલબ્ધી ગણાય. જ્યારે 22 %લાભાર્થીઓએ ઘરનું સમારકામ કરાવ્યું છે, 21 %લોકોએ મોબાઇલ ખરીદ્યાનું તેમજ 10.97 %લોકોએ વાહન ખરીદ્યાનું ધ્યાનમાં આવ્યું છે. 22.74 %લાભાર્થીઓએ આ આવકના નાણાં ઘરમાં જ રાખી મુક્યા છે, જેને તપાસતા બેંકિંગના જ્ઞાનનો અભાવ અને આકસ્મિક જરૂરિયાતને પહોંચી વળવાનું આયોજન જેવા કારણો જોવા મળ્યા છે. 9.39 %લાભાર્થીઓએ પોતાનું જુનું દેવું ભર્યાનું જણાવ્યું છે. બેંકમાં નાણાં બાંધી થાપણ કરનારનું પ્રમાણ માત્ર 0.45 %છે. આમ, આર્થિક ઉપાર્જનના ઉદ્દેશ્યથી નાણાંનું રોકાણ કે ઉપયોગ કરનારનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે.

- ક્ષેત્રકાર્ય દરમિયાન વિવિધ યોજનાના 50.68 %લાભાર્થીઓએ યોજનાનો લાભ લેતા પડેલી મુશ્કેલીઓ

વર્ણવી હતી. 35.63 %લાભાર્થીઓએ જણાવ્યું હતું કે જેતે યોજનાનો લાભ લેવા માટે સમય મુદ્દત અચોક્કસ હોવાથી ખુબ મુશ્કેલીઓ પડે છે. યોજનાનો લાભ ક્યારે મળશે તે વિશે અનિશ્ચિતતા જોવા મળે છે. અભ્યાસમાં આવરી લીધેલ ત્રણેય તાલુકામાં આ મુશ્કેલી સૌથી વધારે (34 થી 36 %) લાભાર્થીઓએ અનુભવી છે.

- 24.66 %લાભાર્થીઓએ જણાવ્યું હતું કે યોજનાનો લાભ મેળવવા માટેની કાર્યવાહી અટપટી અને લાંબી હોવાથી લગભગ સંદર્ભિત કચેરીમાં વારંવાર ધક્કા ખાવા પડતા હતા, દરેક તાલુકાના લગભગ ચોથા ભાગના લાભાર્થીઓએ આ મુશ્કેલી દર્શાવેલ છે. આ ઉપરાંત 14.14 %લાભાર્થીઓએ પસંદગીમાં ભેદભાવ થયો હોવાનું જણાવ્યું હતું. આ લોકોમાં દાંતા, દાહોદ અને સુબીર તાલુકાના અનુક્રમે 24.05 %, 14.32 %અને 7.38 %લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

- 125 લાભાર્થીઓને સરકારી ઓફિસમાં કે જાહેર જગ્યાએ ભેદભાવનો સામનો કરવો પડે છે, તેમાં દાંતામાં 38(30.4%), દાહોદમાં 69(55.2%) અને સુબીરમાં 18(14.4%) લાભાર્થીઓ છે. બાકીના લાભાર્થીઓને કોઈ ભેદભાવનો સામનો કરવો પડતો નથી એવું જણાવે છે.

- કુલ 884 લાભાર્થીઓમાંથી 11.31 %(100 લાભાર્થીઓ) એ જણાવ્યું હતું કે TSP દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં હોવા છતાં મોટા પ્રમાણમાં લોકોને તેની યોગ્ય માહિતી અને માર્ગદર્શન મળતા નથી. આ માટે બહોળા પ્રમાણમાં પ્રચાર-પ્રસાર તેમજ જાહેરાતો થાય તો જરૂરીયાતમંદો યોજનાનો મહત્તમ લાભ લઈ શકે. 32 લાભાર્થીઓએ યોજના અંતર્ગત મળતા લાભના અપુરતા જથ્થા વિશે ટકોર કરી હતી અને આ જથ્થામાં વધારો કરવા માટેનું સૂચન કર્યું હતું. આ સૂચનમાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા મહત્તમ હતી. 27 લાભાર્થીઓનું સૂચન હતું કે, જરૂરીયાતમંદ લાભાર્થીઓને વિવિધ યોજનાનો લાભ એક કરતા વધારે વખત મળે તો તેઓને પોતાના જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો કરી શકવાની તક સાંપડે. અમુક લાભાર્થીઓએ લોનની રકમ વધારવા, લાભ આપવાનો સમય મર્યાદા નિયત કરવા, રોકડ સહાય આપવા તેમજ લાભાર્થી પસંદગી સંદર્ભમાં ગામના સૌથી ગરીબ કુટુંબોને પ્રાથમિકતા આપવા જણાવ્યું હતું.

- ઘણી વખત તાલીમાર્થીઓ માત્ર સહાય સામગ્રી મેળવવા અને સ્ટાઈપેંડ મેળવવાની લાલસા માત્રથી તાલીમમાં જોડાય છે. તેને નિયંત્રિત કરવા માટે લાભાર્થી પસંદગીની પ્રક્રિયા સઘન બનાવવી જરૂરી છે.

- કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત પસંદ કરેલા લાભાર્થીઓને બિયારણ, ખાતર અને ખેતીલક્ષી તાલીમનો લાભ મળ્યો છે. આ યોજના અંતર્ગત વર્ષમાં એકવાર બિયારણ અને ખાતર આપવામાં આવે છે. ખેતીલક્ષી તાલીમ એક લાભાર્થીને એકવાર આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત મકાઇ, સોયાબીન, ટામેટા, કારેલા વગેરે બિયારણ જરૂરીયાત અને વિસ્તાર અનુસાર આપવામાં આવે છે તેમજ યુરીયા, એમોનીયા, ડી.એ.પી. વગેરે ખાતર આપવામાં આવે છે.

- ફક્ત 2.55%લાભાર્થીઓને જ કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત ખેતીલક્ષી તાલીમ મળેલ છે. આમ, બધા લાભાર્થીઓને તાલીમ મળતી નથી. તાલીમ અંતર્ગત વાવેતરલક્ષી, પાક સંરક્ષણલક્ષી, પેકિંગલક્ષી વગેરે ખેતીલક્ષી તાલીમ આપવામાં આવે છે. જેઓને ખેતીલક્ષી તાલીમ મળી છે તે લાભાર્થીઓ વૈજ્ઞાનિક

પદ્ધતિથી ખેતી કરતાં થયા છે તેવું જાણવાં મળ્યું છે.

- કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો લાભ મેળવનાર 183 (67%) લાભાર્થીઓના કૃષિ ઉત્પાદનમાં વધારો થયો છે, જ્યારે 92 (33%) લાભાર્થીઓના કૃષિ ઉત્પાદનમાં કોઇ વધારો થયેલો નથી.
- કૃષિ વૈવિધ્યકરણ યોજનામાં જોડાયેલ લાભાર્થીઓની આવકમાં સરેરાશ ₹2,787.27નો વધારો થયો છે, જો કે ચલનાંક દર્શાવે છે કે આવકની અસમાનતાનું પ્રમાણ ઘણું ઊંચું છે.
- સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત પસંદ કરવમાં આવેલા લાભાર્થીઓને પશુ ખરીદવા માટે નાણાં આપવામાં આવે છે. પશુની ખરીદી માટે 139 લાભાર્થીઓએ એક પશુ લેવા માટે અને 13 લાભાર્થીઓએ બે પશુ લેવા માટેની અરજી કરી હતી. તેમાંથી બધા જ લાભાર્થીઓની એક પશુ લેવા માટેની અરજી પાસ કરવામાં આવી હતી. પશુની ખરીદી કરવા માટે ₹15,000 થી 30,000 સુધીના નાણાં વિના વ્યાજે આપવામાં આવ્યાં છે. આ નાણાંની ફાળવણી સહકારી ડેરી દ્વારા કરવામાં આવે છે, જેની ભરપાઇ લાભાર્થીઓ નિયત હપ્તાથી કરે છે.
- સંકલિત ડેરી વિકાસ યોજનામાં જોડાવાને લીધે મોટાભાગના લાભાર્થીઓને ફાયદો થયેલ છે. દૂધ ઉત્પાદનની દ્રષ્ટિએ જોઇએ તો 131 (86%) લાભાર્થીઓને દૂધ ઉત્પાદનમાં 1 થી 4 લીટર સુધીનો વધારો થયો હોવાનું જણાયું છે જ્યારે 19 (12.5%) લાભાર્થીઓને તો 5 થી 8 લીટર લીટર સુધીનો વધારો થયો છે.
- સંકલિત ડેરી વિકાસ યોજનામાં જોડાયેલ લાભાર્થીઓની આવકમાં સરેરાશ ₹4,792.76 નો વધારો થયો છે, જો કે ચલનાંક દર્શાવે છે કે આવકની અસમાનતાનું પ્રમાણ ઘણું ઊંચું છે. લક્ષ્ય જૂથ ચર્ચા દ્વારા જાણવા મળ્યું છે કે આ યોજનાનો લાભ લીધેલા તમામ લાભાર્થીઓ હજુ પણ પશુઓ માટેની વધારે સહાય મેળવવા માંગે છે.
- લાભાર્થીઓએ સંકલિત ડેરી વિકાસ યોજના સંદર્ભના પ્રતિભાવ આપતા સૂચનો કર્યા છે કે પશુ ખરીદી માટે આપવામાં આવતી રકમ પૂરતી ન હોવાથી તેમાં વધારો કરવો જોઇએ; પશુઓની રસીકરણ માટેની સઘન વ્યવસ્થા ડેરી દ્વારા કરવી જોઇએ; અને પશુ ઉછેર અને સંવર્ધન માટેની તાલીમ આપવી જોઇએ.
- રોજગારલક્ષી તાલીમ યોજના અંતર્ગત ખેતીકામ, સુથારીકામ, કડીયાકામ, ઓટોમોબાઇલ, પ્લમ્બિંગ, સિવણ, એડવાન્સ સેફ્ટી, લેબોરેટરી, મોબાઇલ રીપેર, વગેરેની તાલીમનો સમાવેશ થાય છે.
- સ્વ-રોજગારલક્ષી તાલીમ યોજનામાં 74%લાભાર્થીઓને એક થી દોઢ મહિનાની તાલીમ આપવામાં આવી છે, જ્યારે 3 મહિનાની તાલીમ મેળવનાર લાભાર્થીઓ 25%છે.
- 65%લાભાર્થીઓને તાલીમ મેળવ્યા બાદ સંબંધિત રોજગારી ઉપલબ્ધ થઇ છે, જ્યારે 34%લાભાર્થીઓને રોજગારી મળી નથી.
- તાલીમ લીધેલા લાભાર્થીઓમાંથી મોટાભાગના(165)ને 10 દિવસની અંદર જ કામ મળી રહે છે.

- સ્વ-રોજગારલક્ષી તાલીમ યોજના અંતર્ગત કુલ 190માંથી આખા દિવસની ભોજન વ્યવસ્થાનો લાભ લીધેલા લાભાર્થીઓની સંખ્યા (139) જેટલી જોવા મળેલ છે; જ્યારે અન્ય લાભાર્થી માત્ર બપોરના ભોજનની સુવિધાનો જ લાભ લીધેલો છે. જમવાની સુવિધાની ગુણવતા સારી હોય છે તેવું લાભાર્થીઓ દ્વારા રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળ્યું હતુ.

- તાલીમ યોજના અંતર્ગત બધા જ લાભાર્થીઓને તાલીમ દરમિયાન અથવા તાલીમ બાદ તાલીમ સબંધિત સાધન કિટ આપવામાં આવે છે. તાલીમ લેવાનો સમયગાળો એક દિવસના 6 થી 8 કલાકનો જોવા મળે છે. તાલીમ લેવા માટે કોઈપણ લાભાર્થીને પૈસા ચૂકવવા પડતા નથી. તાલીમ બાદ બધા જ લાભાર્થીઓને તાલીમનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. તાલીમ લીધા બાદ 185 લાભાર્થીઓને તેમના કૌશલ્યમાં વધારો થયો હોય તેવું જણાવે છે, જ્યારે 5 લાભાર્થીઓના કૌશલ્યમાં કોઇ બદલાવ થયો નથી.

- તાલિમ યોજનામાં જોડાયેલ લાભાર્થીઓની આવકમાં સરેરાશ ₹5,847.37 નો વધારો થયો છે, જો કે ચલનાંક દર્શાવે છે કે આવકની અસમાનતાનું પ્રમાણ ઘણું ઊંચું છે. લક્ષ્ય જૂથ ચર્ચા દ્વારા જાણવા મળ્યું છે કે આ યોજનાનો લાભ લીધેલા તમામ લાભાર્થીઓ હજુ પણ સુઆયોજિત અને પ્રાયોગિક પ્રકારની તાલીમની અપેક્ષા ધરાવે છે.

- સ્વરોજગાર યોજનાના 34%લાભાર્થીઓને સહાય રૂપે માનવ ગરીમા ટુલ કીટ અને મરઘા પાલનના યુનિટ આપવામાં આવ્યા છે. અન્ય લાભાર્થીઓને ખેત સાધનો, પમ્પ સેટ, ઘંટી, ટ્રેક્ટર, મંડપ, કરીયાણાની દુકાન, મરઘા ઉછેર, ,ફોટો સ્ટુડીયો, ડી.જે., બ્યુટી પાર્લર, જીંગા બીજ, વગેરે જેવા જુદાં-જુદાં હેતુઓ માટે લોન મળેલી છે.

- સ્વરોજગાર યોજનાના 54%લાભાર્થીઓને ₹50,000 સુધીની લોન મળેલ છે, જ્યારે માત્ર 12%લોકોને ₹50,000 થી વધારે રકમની લોન મળેલ છે. સ્વરોજગાર લોન અંતર્ગત જુદાં-જુદાં હેતુઓ માટે અલગ-અલગ રકમની લોન આપવામાં આવેલ છે

- લોનનો લાભ લીધેલા કુલ 204 લાભાર્થીઓમાંથી 173 (85%)એ પોતાને મળેલ લોનનો ઉપયોગ જે-તે હેતુસર જ કરેલો છે, જ્યારે બાકીના 15%લાભાર્થીઓ મળેલ સહાયનો ઉપયોગ હેતુસર કરી શક્યા નથી. જવાબદાર કારણોને તપાસતા જાણવા મળ્યું છે કે સહાયમાં આપવામાં આવતા મરઘા દેશી ન હોવાથી સ્થાનિક પરિસ્થિતિમાં જીવી શકતા નથી તેમજ બોઇલર ચિકનનો ભાવ પણ નીચો હોવાથી આ ઉદ્યોગ લોકોને પોસાતો નથી. આ ઉપરાંત સાધન સામગ્રી અને લોન રકમ અપૂરતી હોવાના કારણો મુખ્ય છે. આ લાભાર્થીઓએ મળેલ લોનની રકમનો ઉપયોગ જુના દેવાની ચૂકવણીમાં, સામાજિક પ્રસંગમાં, પરિવારની અચાનક બિમારી, વગેરે જેવી અન્ય બાબતો માટે કર્યો હતો.

- સ્વરોજગાર યોજનાના 90%લાભાર્થીઓને અરજી કર્યાના 12 માસ દરમિયાન લોનની રકમ/સાધન સહાય મળી ગઈ હતી. લોનની રકમ લાભાર્થીઓના બેંક ખાતામાં જ ફાળવવામાં આવે છે. લોનનો લાભ લીધેલા બધા જ લાભાર્થીઓ નિયમિત હપતા ભરે છે તેવું જણાવે છે. હપતા ચેક અને બેંક ખાતાથી ચૂકવવામાં આવે છે.

- સ્વરોજગાર લોન યોજનામાં જોડાયેલ લાભાર્થીઓની આવકમાં સરેરાશ ₹4,254.90નો વધારો થયો છે, જો કે ચલનાંક દર્શાવે છે કે આવકની અસમાનતાનું પ્રમાણ ઘણું ઊંચું છે. લક્ષ્ય જૂથ ચર્ચા દ્વારા જાણવા મળ્યું છે કે આ યોજનાનો લાભ લીધેલા 178 લાભાર્થીઓ એવા છે કે જેઓ હાલ પણ રોજગારી માટે લોનની જરૂરિયાત છે તેવું જણાવે છે.

- અન્ય યોજનાઓ અંતર્ગત કેટલશેડ યોજનાના 11, તાડપત્રી યોજનાના 15 અને વિનોવીંગ ફેન યોજનાના 37 લાભાર્થીઓ પસંદ કરવામાં આવ્યાં છે.

- અન્ય યોજનામાં જોડાયેલ લાભાર્થીઓની આવકમાં સરેરાશ ₹2,101.59નો વધારો થયો છે, જો કે ચલનાંક દર્શાવે છે કે આવકની અસમાનતાનું પ્રમાણ ઘણું ઊંચું (162.37%) છે.

❖ અભ્યાસના સૂચનો

- ✓ યોજનાના લાભ આપતા સમયની મર્યાદા નિયત કરવી આવશ્યક છે. લાભાર્થીની અરજી કર્યા પછીથી લાંબા સમય સુધી જવાબ ન મળતા તેઓ અનિશ્ચિતતામાં રહે છે.
- ✓ યોજનાઓની માહિતી સ્પષ્ટ અને સાર્વત્રિક બને તે જરૂરી છે. સરકારશ્રીની યોજનાઓ 'Elite Class' માં પહોંચે છે પરંતુ ક્યારેક જરૂરિયાતવાળા વ્યક્તિને મળતી નથી. માટે પ્રચાર-પ્રસાર ખૂબ જ જરૂરી છે.
- ✓ આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી જેવા માળખા દ્વારા આદિવાસી વિકાસની યોજનાઓના પ્રચાર-પ્રસાર વિશે વિશેષ પ્રયત્ન કરવા જરૂરી છે.
- ✓ આદિવાસી વિકાસ યોજનાઓના લાભ થકી સફળ થયેલ વ્યક્તિઓની સફળ ગાથાઓનો વિસ્તૃત પ્રમાણમાં પ્રચાર- પ્રસાર થવો જરૂરી છે.
- ✓ મોટાભાગના લાભાર્થીઓ જમીનધારક છે – તેઓની જમીન પોતાના ખાતે થાય તેવા પ્રયત્ન અને જાગૃતિ જરૂરી છે. – જમીન ધારકોના મતે સિંચાઇ અને જમીન સુધારાની યોજનાઓ પણ જરૂરી છે.
- ✓ કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત ફળ-ફૂલોની ખેતી, ગ્રીન હાઉસ અને પ્રોસેસિંગજેવા કાર્યો અને તેની સઘન તાલીમ જરૂરી છે.
- ✓ લક્ષ જૂથ ચર્ચા દરમ્યાન કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી તરફથી મળેલ પ્રતિભાવો પરથી જણાયું છે કે આ યોજનામાં BPL લાભાર્થી જેમનો સ્કોર 0 થી 20 હોય છે તેમને જ આ લાભ મળે છે. તે દૂર કરી બધા જ BPL આદિજાતિના લાભાર્થીઓને આવરી લેવા જરૂરી છે. લાભાર્થી પસંદગીમાં BPL નો સ્કોર ધ્યાનમાં લેવાની વાત પર પ્રતિભાવો સાંપડ્યા છે કે સામાન્ય રીતે વર્ચસ્વ ધરાવતા લોકો અને સ્થાનિક હિતધારકોના હસ્તક્ષેપથી BPL માં ઊંચો સ્કોર ધરાવનાર વ્યક્તિ ખરખર તે સ્કોર માટે હક્કદાર નથી હોતો. માટે 'BPL'- એ જ પૂરતો માપદંડ છે.
- ✓ વેલાવાળા શાકભાજી (કૃષિ વૈવિધ્યકરણ)ની સહાયમાં પ્રથમ હપ્તા પછીથી ખેડૂતોને મંડપ ઊભા કરવા અને આગળના કાર્યો માટે માર્ગદર્શન તાલીમની જરૂર હોય છે. આ માટે સરકારશ્રીએ સ્વૈચ્છિક સંસ્થાઓને સાંકળવી જરૂરી લાગે છે.
- ✓ સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત પશુ પસંદગી, તાલીમ જેવા કામો કૃષિની ઋતુમાં જ ગોઠવાતા હોય, લોકો તેનો લાભ લઇ શકતા નથી. આથી, આ સમયગાળો બદલાવવો જરૂરી છે.
- ✓ સંકલિત ડેરી વિકાસના લાભાર્થીઓ સાથેના વાર્તાલાપ અને અભ્યાસથી તેમના તાલીમ સંદર્ભમાં (પશુ સ્વાસ્થ્ય-પોષણ) વિશેષ ધ્યાન આપવું જરૂરી છે.
- ✓ પશુચારા માટે ઘાસ કાપવાના સૂડા પણ સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત પશુપાલકોને મળે તેવી વ્યવસ્થા જરૂરી જણાઇ છે.

- ✓ સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ સાથે જોડાયેલા લાભાર્થીઓને દૂધ ઉપરાંત પશુપાલન સાથે જોડાયેલા કાર્યક્રમો જેવા કે બાયોગેસ પ્લાન્ટ, વર્મી કંપોસ્ટ, વર્મી વોશ બનાવવું તેમજ દૂધ અને દૂધની બનાવટો વિશેની તાલીમથી મૂલ્ય વર્ધનનો લાભ મળી શકશે.
- ✓ ડાંગને સંપૂર્ણ Organic જાહેર કરાયેલ. આ ક્ષેત્રમાં હાઇબ્રીડ-બિયારણ, રાસાયણિક ખાતર, વગેરે આપવાનું કામ અયોગ્ય છે- જે રોકવું જરૂરી છે.
- ✓ યોજનાઓનું પુનરાવર્તન થાય છે તેને નિવારવા માટે વિશેષ ધ્યાન આપવું જરૂરી છે તેમજ સંકલિત અભિગમ અપનાવવાની જરૂર છે- તેવું કર્મચારીશ્રીઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાના કર્મયોગીઓ સાથેના વાર્તાલાપથી જણાયું છે.
- ✓ શુધ્દ પીવાના પાણી, વીજળી, ગટર વ્યવસ્થા, શૌચાલયની સુવિધા વગેરે જેવી માળખાગત સુવિધાઓ પુરી પાડતી યોજનાઓનું અમલીકરણ કરવું જોઇએ.
- ✓ યોજનાનો લાભ લેવા માટે જરૂરી દસ્તાવેજો ગ્રામીણકક્ષાએ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવી જોઇએ અને યોજનાનો લાભ લેવા માટેની અરજી પણ ગ્રામીણ કક્ષાએથી થાય તેવું આયોજન કરવું જોઇએ. નિરક્ષર લોકોને યોજનાનો લાભ લેવા અને અરજી કરવામાં મુશ્કેલીઓ ઉભી ન થાય તેવી સુવિધા કરવી જોઇએ.
- ✓ ઉચ્ચ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની સુવિધાઓમાં તેમજ આરોગ્યની સવલતોમાં વધારો થાય તેવી વ્યવસ્થા અત્યંત આવશ્યક છે.
- ✓ પરંપરાગત હસ્તકલા-ઉધોગ ક્ષેત્રે ઉધોગસાહસિકતા વિકસાવવા તેમજ આધુનિક માર્કેટીંગ અને ICT (Information and Communication Technology) સંબંધિત તાલિમો યોજવાની આવશ્યકતા છે. તાલીમમાં રસ અને કૌશલ્ય ધરાવતાં લોકોને જ તાલીમ માટે પસંદ કરવા જોઇએ
- ✓ જુદી-જુદી યોજનાઓમાં આપવામાં આવતા સામગ્રી-જથ્થામાં વધારો કરવો જોઇએ. દા.ત., કૃષિ વૈવિધ્યકરણની યોજના અંતર્ગત આપવામાં આવતાં બિયારણ અને રાસાયણિક ખાતરનો જથ્થો વધારે આપવો જોઇએ અને વર્ષમાં એક કરતાં વધુ વખત આપવો જોઇએ.
- ✓ વસ્તુ ખરીદવા માટે જુદી-જુદી યોજના અંતર્ગત કરવામાં આવતી સીધી આર્થિક સહાયની રકમમાં સમય અનુસાર બદલાવ કરવો જોઇએ.

પ્રકરણ: 7

# સફળ ગાથાઓ



➢ **સફળ ગાથા: 01**

**નામ: ચૌધરી ઉર્મિલાબેન સુરેશભાઇ**

**ગામ: પિપલદહાડ તા: સુબીર જિ: ડાંગ**

**સહાય: સિલાઇ મશીન (યોજના: રોજગારલક્ષી તાલીમ)**

ઉર્મિલાબેનનો જન્મ એક સામાન્ય કુટુંબમાં થયો હતો. પિતા સુરેશભાઈ ખેતી અને સુથારી કામથી પોતાનું જીવન-ગુજરાન ચલાવતા. સુરેશભાઇને ત્રણ દીકરી અને બે દીકરા એમ ૭ (સાત) વ્યક્તિનો પરીવાર હતો. સંતાનમાં ઉર્મિલાબેન સૌથી મોટા એટલે ખેતીકામ અને ઘરકામની જવાબદારી તેમના પર વધારે રહેતી હતી. ઉર્મિલાબેન કહેતા કે, બાળપણમાં ઘણી વખત તેમનાં માતા-પિતાને રોજગારી માટે સ્થળાંતર પણ કરવું પડતું ત્યારે ભાઇ બહેનની જવાબદારી તેમના પર જ આવતી.

ઉર્મિલાબેન ભણવામાં પહેલાથી હોશિયાર અને મહેનતું હતા. પ્રાથમિક સુધીનો અભ્યાસ તેમને પોતાના ગામમાં જ પૂરો કર્યો. માધ્યમિક શિક્ષણ સુબીરમાં પૂરું કર્યું. ઉર્મિલાબેન ભણવાની ખૂબ તમન્ના હતી, ઉચ્ચ-માધ્યમિક અભ્યાસ આહવાથી સારી ટકાવારી સાથે પૂરો કર્યો. ધો-12 પછી ઉર્મિલાબેન B.A (Economic) સાથે સરકારી વિનિમય કોલેજ-આહવાથી ગ્રેજયુએટની ડીગ્રી મેળવી. આર્થિક મુશ્કેલીને કારણે ઉર્મિલાબેન વધુ અભ્યાસ ન કરી શક્યા, તેમને હાલ પણ તેનો અફસોસ છે. પણ હાર માનીને બેસે તેમાંની આ બેન થોડી હતી.

આર્થિક મુશ્કેલીને પહોંચી વળવામાં એક બહેન તરીકે ઘરે બેઠા કઇ રીતે રોજગાર મળે તે વિશે વિચાર કર્યો. સિવણમાં ઉર્મિલાબેનને પહેલેથી થોડો શોખ. જેથી આ શોખને તેમને વ્યવસાયમાં ફેરવવાનું વિચાર્યું.

ઉર્મિલાબેનના લગ્ન 2015માં કરજડા ગામના બ્રિજેશભાઇ પાડવી સાથે થયા. બ્રિજેશભાઇ સુરત ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતા હતા. ઉર્મિલાબેન ઇચ્છતા હતા કે તે ઘરમાં રહીને કોઇ વ્યવસાયિક કામ કરે. જેથી તેમને સિલાઇ કામની તાલીમ લેવાનું વિચાર્યું. આહવામાં 1500 રૂ. જેટલી રકમ ચૂકવી ખાનગી રીતે તાલીમ મેળવી. તાલીમ લીધા બાદ સિલાઇ કામ માટેના મશીન લેવાં માટે ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતી માનવ ગરીમા કિટ માટે ફોર્મ ભર્યું.

સિલાઈ કામ માટેનું સિલાઇ મશીન 2016માં મળ્યું. આ સહાય બાદ ઉર્મિલાબેન પોતાની નાની બહેનના લગ્ન માટે સિલાઈનું કામ પોતે જ કર્યું. સિલાઈ કામ બાદ પોતાની આવકમા ઘણો વધારો થયો છે. ઉર્મિલાબેન જણાવતા કે આ સ્વરોજગારના કારણે પોતાના સાસરીમાં પોતાનો સામાજિક દરજ્જો વધ્યો. આવક વધવાથી પોતાના ઘરમાં TV અને ફ્રીજ જેવા સાધનો પણ વસાવ્યાં છે. ગામના બહેનો સાથેના સબંધો પણ ગાઢ બન્યા છે. ઉર્મિલાબેન પોતાની કુશળતા વડે પોતાના કામમાં ફેન્સી, પંજાબી અને પોતાના સાંસ્કૃતિક પોશાક તૈયાર કરે છે. ગામના બહેનોના લગ્નનું આણું પણ તૈયાર કરે છે. પોતાના ઘરનું ગુજરાન ખૂબ સારી રીતે ચલાવતા થાય છે. પોતે મેળવેલા અભ્યાસનો ઉપયોગ પણ અવનવી ડિઝાઈન અને ફેશનમાં કરે છે.

હાલમાં ઊર્મિલાબેને આગાખાન સંસ્થાના સહયોગથી બીજું આધુનિક (લેટેસ્ટ) સિલાઈ મશીન ખરીદ્યું છે. હાલ માસિક રૂ.7000થી રૂ.7500 જેટલું કામ કરે છે. પોતાનું નવું મકાન પણ બનાવ્યું તેમાં પણ તેમણે આર્થિક મદદ કરી છે. તેઓ જણાવે છે કે, આ વ્યવસાયથી ઘણો સંતોષ ધરાવે છે. તે આ સિલાઈ કામને વધુ વિકસાવવા માટે બીજા અન્ય આધુનિક સાધનો પણ ખરીદવા માગે છે. પોતાના જીવન બદલાવમાં સરકાર દ્વારા મળેલ સહાયને તે પ્રથમ પગથિયું માને છે.



➢ **સફળ ગાથા: 02**

**નામ: મનુબેન મંગુભાઇ ચૌધરી**

**સરનામું: મુ. ચીખલી (ઉપલું ફળિયું) તા. સુબીર જિ. ડાંગ**

**સહાય: પશુલોન (યોજના: સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ)**

મનુબેનનું જન્મ સ્થળ અને સાસરી ચીખલી જ છે. અભણ છતાં પણ પોતાની કોઠાસૂઝથી પોતાનું કામ કરે. મનુબેને બાળપણમાં દુષ્કાળ અને ગરીબીને નજીકથી જોયેલી. મનુબેનના લગ્ન નાની ઉંમરે થયેલા. પોતાના પતિને જમાદાર (પોલીસ)ની સરકારી નોકરી એટલે પોતાનું જીવન સારી રીતે પસાર થતું હતું.

પોતાના પતિ સરકારી નોકરી કરે છતાં પણ મનુબેનની ધગશમાં કાંઇ ફેર ન પડ્યો. પોતાની ખેતી તો જાતે જ કરે. મનુબેન કહે છે કે 'અમ જેવાને કામ (શ્રમ) વિના ફાવે નઈ'.

પોતાના સંતાનમાં ત્રણ દિકરા અને એક દીકરી. પોતે અભણ છતાં પોતાના સંતાનને પૂરતું શિક્ષણ આપાવ્યું. જેમાં કિરણભાઈને સ્નાતક, ગીરીશભાઈ 9 પાસ, જાગૃતિબેનને M.A. & B.Ed. અને અમિતભાઈને M.A. & B.Ed. સુધીનો અભ્યાસ કરાવ્યો.

જીવન સારી રીતે પસાર થઇ રહ્યુ હતું ત્યાં કુટુંબ પર આફત આવી પડી 2010માં મનુબેનના પતિ મંગુભાઈનું હૃદય હુમલા(હાર્ટએટેક)થી અવસાન થયું. હજુ તો સંતાનોનો અભ્યાસ પૂરો થયો જ હતો. લગ્ન જેવા સામાજિક કામ તો બાકી હતા, ત્યાં જ પોતાના પતિની છત્રછાયા ગુમાવી. કોઇક કારણોસર પોતાના પતિનું પેન્શન પણ આવતું ન હતું. કોર્ટ કચેરીના ધક્કા ખાઇને થાકી ગયા પણ હાલ સુધી પેન્શનનો લાભ મળ્યો નથી. પોતાની બચતથી બે દીકરાના લગ્ન કરેલા.

મનુબેને વિચાર કર્યો કે આમ કેટલા દિવસ જીવન જીવીશું. પોતાના ગામમાં દૂધ ડેરી નાખવાનો વિચાર કર્યો. ગામના બહેનોને પણ જોડ્યા. મહિલા સંચાલિત સહકારી મંડળી–ચીખલી શરૂ કરી. પોતે અભણ એટલે તેમના પુત્રવધૂ માયાબેનને મંત્રી બનાવ્યા.

મનુબેન પશુપાલનને વધુ મજબૂત બનાવા માટે સરકારશ્રી દ્વારા ચાલતી સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત પોતે ગાય માટે સહાય લેવાનું નક્કી કર્યું. પશુપાલન કરતા પહેલા સરકાર દ્વારા આપવામાં આવેલી પશુપાલનની તાલીમ પણ લીધી. 2015માં સબસિડીથી ગાય લીધી. જેમાં 40000 હજારમાંથી 27000 હજાર સબસિડી મળી અને બાકીની 13000 જેટલી રકમ દર માસે હપ્તા સ્વરૂપે ભરી. પોતાના પશુનો વીમો અને રસીકરણ જેવી સુવિધાનો પણ લાભ લીધો. દર મહિને 7000 થી 8000 જેટલું દુધ ભરતા થયા. પશુપાલન વ્યવસાય ખેતી સાથે પૂરક હોવાથી બંને વ્યવસાયમાં સમય આપી શકે છે. પશુપાલન વ્યવસાયમાં થતી આવક વિશે બીજા ગામ લોકોને પણ માહિતગાર કર્યા. જેથી મહિલા સંચાલિત સહકારી મંડળી દ્વારા બીજા 13 પરિવારને પણ આ

યોજનાનો લાભ મેળવ્યો. હાલમાં પણ આ બધા પરિવારો પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા છે.

મનુબેન આજે તેમના ગામમાં એક પશુપાલક માટેની મિશાલરૂપ છે. મનુબેન 2015 બાદ પણ પશુપાલન માટે બીજી ત્રણ લોન પણ લીધી છે. હાલમાં સારી ઓલાદની ત્રણ ગાય રાખે છે. પોતાના સંતાન સાથે 11 વ્યક્તિના પરીવાર સાથે પોતાનું જીવન જીવે છે. હાલમાં 12 લીટર પ્રતિદિન દુધ ભરે છે.



➢ **સફળ ગાથા: 03**

**નામ: બેગડીયા દીપકભાઈ દેવાભાઈ**

**ગામ: ધાગડીયા, તા.: દાંતા, જિ.: બનાસકાંઠા**

**સહાય: સ્વરોજગાર લોન યોજના**

દીપકભાઈનો જન્મ એક આર્થિક રીતે મધ્યમ વર્ગના કુટુંબમાં થયો હતો. તેમના પિતાશ્રી દેવાભાઈ ખેતી કરી પરિવારનું જીવન ગુજરાન ચલાવતાં હતાં. દેવાભાઈની આર્થિક સ્થિતિ સારી ન હોવા છતાં દીપકભાઈને ધોરણ-10 સુધીનો અભ્યાસ કરાવ્યો. દીપકભાઈ ભણવામાં પહેલેથી હોંશિયાર હોવા છતાં તેઓને કુટુંબની આર્થિક સ્થિતિને કારણે અભ્યાસ છોડવો પડ્યો.

2017-18માં દીપકભાઈએ તેમના નજીકના મિત્રના કહેવાથી સ્વરોજગાર લોન યોજના અંતર્ગત દુકાનનો ધંધો શરૂ કરવા લોન લેવા માટે અરજી કરી. આ અરજી અન્વયે તેમને 3 માસ બાદ જ લોનની રકમ રૂ. 70000 મળી ગયાં. આ રકમનો ઉપયોગ કરીને તેઓએ કરીયાણાની નાની દૂકાન શરૂ કરી. તેઓની સુઝ અને બુધ્ધિથી દુકાનમાં સારો નફો થયો. તેઓની વાર્ષિક આવકમાં અંદાજીત 15000 થી 25000નો વધારો થવા પામ્યો. તેઓની દુકાન સારી ચાલતી હોવાથી તેઓ તેમાં વધુને વધુ મૂડીરોકાણ કરતાં ગયાં. 2017માં કાચા મકાનમાં શરૂ કરેલી દુકાન વર્તમાન સમયમાં લાકડા અને કાચના સરસ ફર્નિચર સાથે પાકા મકાનમાં છે.

દીપકભાઈના જણાવ્યાં અનુસાર આ યોજના તેમના માટે એક વરદાન સમાન સાબિત થઇ છે. તેઓ અન્ય લોકોને જુદાં-જુદાં ધંધા માટે પણ આ યોજનાનો લાભ લેવા માટે સલાહ આપે છે.

- **સફળ ગાથા: 04**

**નામ: બેગડીયા અનિલભાઈ લીંબાભાઈ**

**ગામ: પાંછા, તા.: દાંતા, જિ.:બનાસકાંઠા**

**સહાય: પાર્લર (સ્વરોજગાર લોન યોજના)**

અનિલભાઈનો જન્મ મધ્યમ વર્ગના કુટુંબમાં થયો હતો. પિતાશ્રી ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા હતાં. અનિલભાઈ ભણવામાં પહેલેથી જ ઠોઠ હતાં, તેમના પિતાજી સ્વભાવે ગુસાવાળા હોવાથી અનિલભાઈને પ્રાથમિક શાળા પછી ભણાવ્યાં નહી.

19 વર્ષની ઉંમરે અનિલભાઈના લગ્ન થઇ ગયાં અને એક પરિવારનું ભરણપોષણ કરવાની જવાબદારી નાની ઉંમરે માથે આવી ગઈ. અનિલભાઈ પોતાની ખેતી અને છૂટક મજુરી કરી ગુજરાન ચલાવતાં હતાં. અનિલભાઈને મનમાં કંઈક મોટો ધંધો કરવાની પ્રબળ ઈચ્છા હતી, પરંતુ રોકાણ કરવા માટે મૂડી ન હોવાથી સાહસ કરતાં ન હતાં.

અનિલભાઈના કાકાશ્રી દ્વારા સ્વરોજગાર લોન યોજનાની માહિતી મળી અને પાર્લર શરૂ કરવા માટે લોન મેળવવા માટે 2017માં અરજી કરી. અરજી કર્યાના ચાર માસ બાદ રૂ. 3,50,000 રકમની લોન મંજૂર થઇ ગઈ. આ લોનની સહાયથી પાર્લર શરૂ કર્યું. પાર્લર સારૂ ચાલવાથી તેમાંથી ખૂબ જ નફો મળવા લાગ્યો અને તેમની વાર્ષિક આવકમાં રૂ. 40,000 થી 55,000 નો વધારો થયો. તેઓ રૂ. 20,000 થી વધારે વાર્ષિક બચત કરે છે.

આ યોજનાનો લાભ લીધા બાદ તેમના કુટુંબના અન્ય સભ્યો છૂટક મજુરી કરતાં નથી અને પાર્લરના કામમાં મદદ કરે છે. અનિલભાઇને યુવાનીમાં જે કાળી મજૂરી કરવી પડતી હતી તે આજે નથી કરવી પડતી અને આવક પણ વધારે મળે છે.

➢ **સફળ ગાથા: 05**

**નામ: રાવલભીલ કસનીબેન રમેશભાઇ**

**મુ. ખેંગ તા. દાહોદ જિ. દાહોદ**

**સહાય: પશુલોન (યોજના: સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ)**

કસનીબેન રમેશભાઇ ૯(નવ) સભ્યના પરિવાર સાથે રહે છે. તેઓનો અભ્યાસ ધોરણ-2 સુધી છે. તેઓનું ભણતર થોડું, પણ ગણતર વધુ. પંદર વર્ષ પહેલાં પતિનું બીમારીને કારણે મૃત્યુ થયું હતું. પોતાના ત્રણ સંતાનની જવાબદારી પોતાના માથે હતી. ના પતિ હયાત હતાં ત્યારે બંને ફેકટરીમાં મજુરી કામ માટે જતા હતાં, પણ પતિના અવસાન બાદ ફેકટરીમાં કામે જવાનું પણ બંધ થઇ ગયું. ગામમાં જ મજુરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતાં.

પોતાની ખેતી ઓછી એટલે પોતે એક ગાય રાખતા. ઘાસચારો મુખ્યત્વે જંગલમાંથી એકઠો કરે. ગામમાં ચાલતી મહિલા સંચાલિત સહકારી મંડળીમાં પોતે થોડું-થોડું દુધ ભરતા હતા. એકવાર મંડળીના મંત્રીએ પશુલોન (સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ) વિશે જાણ કરી.

મંડળી મારફતે ફોર્મ અને જરૂરી દસ્તાવજો એકત્ર કરી ફોર્મ ભર્યું. વર્ષ 2015-16 માં પશુ ખરીદી માટે મંજૂરી મળી. કુલ 20,000 જેટલી લોન મળી હતી. જેમાં 7,000 સબસિડી, 2,000 પશુ અને માલિક વીમો અને 11,000 ના હપ્ત કરી આપવામાં આવ્યા. એક વર્ષના સમયમાં લોન ભરપાઈ કરી.  એક દિવસનું 8 લિટર જેટલું દૂધ મંડળીમાં ભરીને માસિક 6000 થી 7000 આવક પ્રાપ્ત કરતા થયા. પશુ સારવાર અને સંભાળની તાલિમ પણ લીધી હતી.

તેઓએ જણાવ્યું કે પશુપાલનમાં મુખ્યત્વે ઘાસચારો અને પશુ બીમારી માટે સારવારમાં મુશ્કેલીઓ પડે છે. દુધ વેચાણમાં ગામમાં જ ડેરી હોવાથી ભાવ પણ યોગ્ય મળી રહે છે. હાલમાં પશુપાલનની કુશળતા વધી ગઇ છે.  હાલ પોતાની દીકરી સાથે પોતાના કાચા મકાનમાં રહે છે. પોતાના દીકરા અને દીકરીના લગ્ન કરી દીધા છે. પહેલા કરતા હાલમાં પોતાની પરિસ્થિતિ સારી છે તેવું જણાવે છે. તે હજુ પણ બીજી ગાય માટે લોન લેવાનું વિચારી રહ્યા છે.

- **સફળ ગાથા: 06**

**નામ: ડામોર મજુલાબેન કમલભાઈ**

**મુ.કોટડાખુર્દ તા. દાહોદ જિ. દાહોદ**

**સહાય: પોલ્ટ્રી ફાર્મ (સ્વરોજગાર લોન યોજના)**

મજુલાબેનના લગ્ન નાની વયે જ થઇ ગયેલા. તેમના પતિ કમલભાઈ ખેતી અને છુટક મજુરીનો વ્યવસાય કરતાં હતાં. સાથે-સાથે મજુલાબેન પણ તે જ વ્યવસાય કરતાં હતાં. મજુલાબેનને પશુપાલન કરવાનો શોખ અને ઇચ્છા હતી, પરંતુ મૂડીના અભાવે તેવું શક્ય બનતું ન હતું. આ સપનું સાકાર કરવા માટે તેમને સ્વરોજગાર લોન યોજનાનો સાથ મળ્યો અને પોલ્ટ્રી ફાર્મ માટે રૂ. 7,50,000 રકમની લોનથી સ્વપ્નું સાકાર થયું.

પોલ્ટ્રી ફાર્મ શરૂ કરવાથી મજુલાબેનની વાર્ષિક આવકમાં રૂ. 1,00,000 નો વધારો થયેલો જોવા મળે છે. આ આવક દ્વારા તેમના કુટુંબના શિક્ષણ, આરોગ્ય, મોજશોખના સાધનો વગેરે પાછળનું ખર્ચ વધવા પામ્યું છે. તેમણે વાહન પણ ખરીદ્યું છે.

આ યોજનાના લાભ બાદ સકારાત્મક વિચારસરણી સાથે કાર્ય કરવાથી 100 % સફળતા મળે છે, તેવું તેમને માનવું છે.

➢ **સફળ ગાથા: 07**

**બિલવાલ કનુભાઈ રૂમાલભાઈ**

**ગામ: જાલત તા.:દાહોદ, જિ.દાહોદ**

**સહાય: મંડપ ડેકોરેશન (સ્વરોજગાર લોન યોજના)**

કનુભાઈના પિતાશ્રી રૂમાલભાઈ છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં. કનુભાઈએ સ્વરોજગાર લોન યોજના અંતર્ગત રૂ.5,00,000નો લાભ લઈને મંડપ ડેકોરેશનનો ધંધો શરૂ કર્યો. મંડપ ડેકોરેશનનો ધંધો શરૂ કર્યાબાદ તેમની વાર્ષિક આવકમાં રૂ. 50,000 નો વધારો થયેલો જોવા મળે છે.

લાભાર્થીના જણાવ્યાં અનુસાર તેઓએ વધેલી આવકનો ઉપયોગ પોતાના બાળકોના શિક્ષણ પાછળ ખર્ચ કર્યું અને તેમના બાળકો સારું શિક્ષણ લઈ શક્યા છે.

વધુમાં, કનુભાઈ જણાવે છે કે સ્વરોજગાર લોન યોજના એ આર્થિક રીતે પછાત વર્ગ માટે પોતાના આર્થિક ઉત્થાન કરવા સારા ધંધાની શરૂઆત માટે મહત્વની યોજના છે.



# પરિશિષ્ટ



## પરિશિષ્ટ: 1
## યોજના માટેના ખર્ચની વિગત દર્શાવતું કોષ્ટક (તાલુકા અને યોજના અનુસાર)

| તાલુકા | યોજના | N | Mean | Std.Dev. | C.V. | Median | Min. | Max. | Range |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દાંતા | કૃષિ | 89 | 688.76 | 46.32 | 6.72 | 700 | 500 | 700 | 200 |
| | ડેરી | 65 | 70.77 | 202.12 | 285.6 | 0 | 0 | 1,000 | 1,000 |
| | લોન | 4 | 1,000.00 | 408.25 | 40.82 | 1,000 | 500 | 1500 | 1,000 |
| | કુલ | 158 | 442.41 | 347.20 | 78.48 | 700 | 0 | 1500 | 1500 |
| દાહોદ | કૃષિ | 165 | 434.85 | 1063.64 | 244.66 | 100 | 0 | 10,000 | 10,000 |
| | ડેરી | 45 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| | લોન | 48 | 464.58 | 111.55 | 24.01 | 500 | 0 | 600 | 600 |
| | તાલીમ | 169 | 326.04 | 451.55 | 138.5 | 0 | 0 | 2000 | 2000 |
| | અન્ય | 55 | 634.55 | 920.59 | 145.08 | 500 | 50 | 5,000 | 4950 |
| | કુલ | 482 | 381.85 | 759.60 | 198.93 | 200 | 0 | 10,000 | 10,000 |
| સુબીર | કૃષિ | 21 | 800.00 | 320.94 | 40.12 | 1,000 | 200 | 1400 | 1200 |
| | ડેરી | 42 | 954.76 | 333.10 | 34.89 | 1,000 | 400 | 1500 | 1100 |
| | લોન | 152 | 968.09 | 322.94 | 33.36 | 1,000 | 0 | 1500 | 1500 |
| | તાલીમ | 21 | 619.05 | 532.56 | 86.03 | 300 | 0 | 1500 | 1500 |
| | અન્ય | 8 | 812.50 | 442.19 | 54.42 | 1,000 | 300 | 1300 | 1,000 |
| | કુલ | 244 | 916.19 | 363.42 | 39.67 | 1,000 | 0 | 1500 | 1500 |
| કુલ | કૃષિ | 275 | 544.91 | 839.26 | 154.02 | 500 | 0 | 10,000 | 10,000 |
| | ડેરી | 152 | 294.08 | 464.86 | 158.07 | 0 | 0 | 1500 | 1500 |
| | લોન | 204 | 850.25 | 359.07 | 42.23 | 1,000 | 0 | 1500 | 1500 |
| | તાલીમ | 190 | 358.42 | 468.77 | 130.79 | 150 | 0 | 2000 | 2000 |
| | અન્ય | 63 | 657.14 | 873.94 | 132.99 | 500 | 50 | 5,000 | 4950 |
| | કુલ | 884 | 540.16 | 653.11 | 120.91 | 500 | 0 | 10,000 | 10,000 |

## પરિશિષ્ટ: 2

### યોજનામાં જોડાવાથી કુટુંબની વાર્ષિક આવકમાં થયેલા વધારાની વિગત દર્શાવતું કોષ્ટક (તાલુકા અને યોજના અનુસાર)

| તાલુકા | યોજના | N | Mean | Std.Dev. | C.V. | Median | Min. | Max. | Range |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દાંતા | કૃષિ | 89 | 1112.36 | 2530.22 | 227.46 | 0 | 0 | 10,000 | 10,000 |
| | ડેરી | 65 | 2330.77 | 2245.27 | 96.33 | 2000 | 0 | 10,000 | 10,000 |
| | લોન | 4 | 7500.00 | 2886.75 | 38.49 | 7500 | 5,000 | 10,000 | 5,000 |
| | કુલ | 158 | 1775.32 | 2648.49 | 149.18 | 250 | 0 | 10,000 | 10,000 |
| દાહોદ | કૃષિ | 165 | 3954.55 | 3851.20 | 97.39 | 2000 | 0 | 15,000 | 15,000 |
| | ડેરી | 45 | 8066.67 | 3927.76 | 48.69 | 8000 | 1,000 | 20,000 | 19,000 |
| | લોન | 48 | 4447.92 | 5052.11 | 113.58 | 1500 | 0 | 15,000 | 15,000 |
| | તાલીમ | 169 | 5852.07 | 4807.80 | 82.16 | 7000 | 0 | 25,000 | 25,000 |
| | અન્ય | 55 | 2309.09 | 3593.32 | 155.62 | 1500 | 0 | 15,000 | 15,000 |
| | કુલ | 482 | 4865.15 | 4564.56 | 93.82 | 5,000 | 0 | 25,000 | 25,000 |
| સુબીર | કૃષિ | 21 | 714.29 | 1101.95 | 154.27 | 0 | 0 | 4,000 | 4,000 |
| | ડેરી | 42 | 5095.24 | 2811.64 | 55.18 | 4000 | 0 | 12,000 | 12,000 |
| | લોન | 152 | 4108.55 | 3284.48 | 79.94 | 4000 | 0 | 20,000 | 20,000 |
| | તાલીમ | 21 | 5809.52 | 5618.00 | 96.7 | 5,000 | 0 | 15,000 | 15,000 |
| | અન્ય | 8 | 675.00 | 931.59 | 138.01 | 0 | 0 | 1,800 | 1,800 |
| | કુલ | 244 | 4020.08 | 3543.19 | 88.14 | 3000 | 0 | 20,000 | 20,000 |
| કુલ | કૃષિ | 275 | 2787.27 | 3617.08 | 129.77 | 1500 | 0 | 15,000 | 15,000 |
| | ડેરી | 152 | 4792.76 | 3821.97 | 79.74 | 4000 | 0 | 20,000 | 20,000 |
| | લોન | 204 | 4254.90 | 3780.13 | 88.84 | 3000 | 0 | 20,000 | 20,000 |
| | તાલીમ | 190 | 5847.37 | 4887.40 | 83.58 | 7000 | 0 | 25,000 | 25,000 |
| | અન્ય | 63 | 2101.59 | 3412.43 | 162.37 | 1500 | 0 | 15,000 | 15,000 |
| | કુલ | 884 | 4079.64 | 4164.09 | 102.07 | 3000 | 0 | 25,000 | 25,000 |

## <u>પરિશિષ્ટ-3</u>

## મુલાકાત અનુસૂચિ-1

**ઉત્તરદાતાનું નામ:** **મોબાઇલ નં.:**

| ક્રમ | વિગત | વિગત કોડ | કોડ |
|---|---|---|---|
| | | **ઉત્તરાદાતાની સામાન્ય માહિતી** | |
| ૧ | ગામનું નામ & સરનામું | | |
| ૨ | તાલુકાનું નામ | (૧)દાતા (૨)દાહોદ (૩)સુબીર | |
| ૩ | રેશનકાર્ડની માહિતી | (૧)અંત્યોદય (૨)BPL (૩)APL (૪)રેશનકાર્ડ નથી | |
| ૪ | જાતિ | (૧)પુરૂષ (૨)સ્ત્રી | |
| ૫ | જ્ઞાતિ | | |
| ૬ | ધર્મ | (૧)હિંદુ (૨)મુસ્લિમ (૩)ખ્રિસ્તી (૪)જૈન (૫)બુદ્ધ (૬)અન્ય | |
| ૭ | વૈવાહિક દરરજો | (૧)પરણિત (૨)અપરણિત (૩)વિધવા (૪)વિધુર (૫)ત્યકતા (૬)અન્ય | |
| ૮ | ઉત્તરદાતાની ઉંમર | (વાસ્તવિક વર્ષમાં) | |
| ૯ | ઉત્તરદાતાનો અભ્યાસ | (૧)અભણ (૨)પ્રાથમિક (૩)માધ્યમિક (૪)ઉચ્ચતર માધ્યમિક (૫)સ્નાતક (૬)અનુસ્નાતક (૭)અન્ય | |
| ૧૦ | મકાનનો પ્રકાર | (૧)ઝુપડું (૨)કાચું (૩)પાકું (૪)અર્ધપાકું (૫)અન્ય | |
| ૧૧ | ઓરડાની સંખ્યા | (વાસ્તવિક) | |
| ૧૨ | મુખ્ય વ્યવસાય | | |
| ૧૩ | ગોણ વ્યવસાય | | |
| | | **ઉત્તરાદાતાની કૌટુંબિક માહિતી** | |
| ૧૪ | ઉત્તરદાતાના કુટુંબનો પ્રકાર | (૧)સંયુક્ત (૨)વિભક્ત (૩)વૈકલ્પિક | |
| ૧૫ | કુટુંબના કુલ પુરૂષ સભ્યોની સંખ્યા | (વાસ્તવિક) | |
| ૧૬ | કુટુંબના કુલ સ્ત્રી સભ્યોની સંખ્યા | (વાસ્તવિક) | |
| ૧૭ | કુટુંબના કુલ અપરણિત સભ્યોની સંખ્યા | (વાસ્તવિક) | |
| ૧૮ | કુટુંબના કુલ પરણિત સભ્યોની સંખ્યા | (વાસ્તવિક) | |
| ૧૯ | કુટુંબના કુલ અભણ સભ્યોની સંખ્યા | (વાસ્તવિક) | |
| ૨૦ | કુટુંબના કુલ પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ સભ્યોની સંખ્યા | (વાસ્તવિક) | |
| ૨૧ | કુટુંબના કુલ માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ સભ્યોની સંખ્યા | (વાસ્તવિક) | |
| ૨૨ | કુટુંબના કુલ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ સભ્યો | (વાસ્તવિક) | |
| ૨૩ | કુટુંબના કુલ સ્નાતક શિક્ષણ પ્રાપ્ત કરેલ સભ્યોની સંખ્યા | (વાસ્તવિક) | |
| ૨૪ | કુટુંબના કુલ અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત કરેલ સભ્યોની સંખ્યા | (વાસ્તવિક) | |
| ૨૫ | આંગણવાડીમાં જતા બાળકોની સંખ્યા (૦ થી ૬ વર્ષ) | | |
| ૨૬ | કુટુંબનું કોઈ સભ્ય વિકલાંગ છે? હા તો વિકલાંગતાની ટકાવારી | (વાસ્તવિક) | |

| | | | |
|---|---|---|---|
| **માળખાકીય સુવિધાની માહિતી** | | | |
| ૨૭ | પીવાનું શુદ્ધ પાણી મળે છે? | (૧)હા (૨) ના (૩)શુદ્ધ છે કે નહિ તેની જાણ નથી | |
| ૨૮ | પાણી ક્યાંથી મેળવો છે? | | |
| ૨૯ | ગટરની સુવિધા છે? | (૧)હા (૨)ના | |
| ૩૦ | વીજળીની સુવિધા છે? | (૧)હા (૨)ના | |
| ૩૧ | શૌચાલયની સુવિધા છે? | (૧)હા (૨)ના | |
| ૩૨ | મુસાફરી માટે ગામમાં સરકારી સુવિધાનો લાભ મળે છે? | (૧)એસ.ટી. (૨)ટ્રેન (૩)ના | |
| ૩૩ | તમારા ઘરથી પ્રાથમિક શાળા કેટલા અંતરે આવેલી છે? | વાસ્તવિક (કિ.મી.) | |
| ૩૪ | તમારા ઘરથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કેટલા અંતરે આવેલી છે? | વાસ્તવિક (કિ.મી.) | |
| ૩૫ | તમારા ઘરથી આંગણવાડી કેન્દ્ર ઘરથી કેટલા અંતરે આવેલી છે? | વાસ્તવિક (કિ.મી.) | |
| ૩૬ | તમારા ગામથી સડક/રોડનું અંતર કેટલું દૂર છે? | વાસ્તવિક (કિ.મી.) | |
| ૩૭ | તમારા ગામથી તાલુકામથક કેટલા અંતરે છે? | વાસ્તવિક (કિ.મી.) | |
| **ખેતી અને પશુપાલન વિશેની માહિતી** | | | |
| ૩૮ | તમે ખેતી કરો છો? | (૧)હા (૨)ના | |
| ૩૯ | તમારી જમીન છે? | (૧)હા (૨)ના | |
| ૪૦ | જો હા તો તમારી કેટલી જમીન છે? | વાસ્તવિક (એકરમાં) | |
| ૪૧ | તેમાં પિયત જમીન કેટલી છે? | વાસ્તવિક (એકરમાં) | |
| ૪૨ | બિન પિયત જમીન કેટલી છે? | વાસ્તવિક (એકરમાં) | |
| ૪૩ | તમે અન્યની ભાડાની કે ભાગે જમીન રાખોછો? | (૧)ના (૨)વાસ્તવિક(એકરમાં) | |
| ૪૪ | જમીન કોના નામ પર છે? | | |
| ૪૫ | તમે કેટલુ ભાડું/ભાગ.આપો છો? | રૂપીયામાં/હિસ્સાનું પ્રમાણ | |
| ૪૬ | ખેતીમાં ક્યા ક્યા પાક કરો છો.? | (૧)ઘંઉ (૨)ચણા (૩)મકાઇ (૪)સોયાબીન (૫)મગફળી (૬)શેરડી (૭)ડાંગર (૮)અન્ય | |
| ૪૭ | જે ખેતી પિયત છે તેમાં પાણીના સ્રોત કયા છે? | (૧)કુવો (૨)તળાવ (૩)નદી (૪)નહેર (૫)ચેકડેમ (૬)અન્ય | |
| ૪૮ | પિયતની કઈ પદ્ધતિ અપનાવો છો? | (૧)ધોરીયા (૨)ટપક (૩)ફુવારા (૪)અન્ય | |
| ૪૯ | વાર્ષિક કેટલુ ઉત્પાદન થાય છે? | (વાસ્તવિક મણમાં) | |
| ૫૦ | ઉત્પાદન માટે વાર્ષિક કેટલુ ખર્ચ થાય છે? | (વાસ્તવિક રૂ.માં.) | |
| ૫૧ | તમે પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા છો? | (૧)હા (૨)ના | |
| ૫૨ | જો દુધાળા પશુ હોય તો તેની સંખ્યા | (વાસ્તવિક) | |
| ૫૩ | પશુપાલનના વ્યવસાયમાંથી મળતી કુલ આવક | માસિક આવક (વાસ્તવિક) | |
| ૫૪ | પશુપાલનના વ્યવસાયમાં થતો કુલ ખર્ચ | માસિક ખર્ચ (વાસ્તવિક) | |

| કુટુંબની આર્થિક માહિતી | | | |
|---|---|---|---|
| ૫૫ | કુટુંબની કુલ વાર્ષિક આવક કેટલી છે? | (વાસ્તવિક રૂ.માં) | |
| ૫૬ | કુટુંબમાંથી કેટલા સભ્યો આવક ઉપાર્જનનું કરે છે? | પુરુષ - સ્ત્રી- | |
| ૫૭ | તમારા કુટુંબનું કુલ વાર્ષિક ખર્ચ કેટલું છે? | (વાસ્તવિક રૂ.માં) | |
| ૫૮ | તમે બચત કેટલી કરો છો? | (વાસ્તવિક રૂ.માં) | |
| ૫૯ | બચત કરેલા નાણા ક્યાં મુકો છો? | (૧)પોતાની પાસે જ (૨)બેંકમાં<br>(૩)મંડળમાં (૪)પોસ્ટ ઓફિસમાં<br>(૫)શાહુકાર (૬)અન્ય | |
| ૬૦ | બચત કરવા પાછળનો હેતુ | (૧)બાળકોના શિક્ષણ (૨)સામજિક પ્રસંગ<br>(૩)વૃદ્ધાવસ્થામાં કામ આવે (૪)વધુ આવક માટે<br>(૫)લા.પ.ન. (૬)અન્ય | |
| ૬૧ | જો બચત નથી કરતા તો તેનું કારણ | (૧)મોંઘવારી (૨)પુરતી આવક ન હોવાથી<br>(૩)ઘરનું ગુજરાન ન થવાથી<br>(૪)લા.પ.ન.(૫)અન્ય | |
| ૬૨ | તમે રોકાણ કરો કેટલુ છો? | (વાસ્તવિક રૂ.માં) | |
| ૬૩ | શેમાં રોકાણ કરો છો? | | |
| ૬૪ | તમારે કોઈ નાણાકીય દેવું કેટલુ છે? | (વાસ્તવિક રૂ.માં) | |
| ૬૫ | દેવાનો સ્રોત જણાવો. | (૧)સગા (૨)મિત્ર (૩)શાહુકાર (૪)ખાનગી બેંક (૫)સરકારી બેંક (૬)લા.પ.ન.<br>(૭)અન્ય | |
| ૬૬ | દેવું કરવાનો હેતુ | (૧)સામાજિક પ્રસંગ (૨)જુનું દેવું ચુકવવા<br>(૩)બીમારી (૪)બાળકોના શિક્ષણ (૫)ખેતી<br>(૬)ગુજરાન ચલાવવા (૭)લા.પ.ન.<br>(૮)અન્ય | |
| ૬૭ | દેવાનો વ્યાજદર કેટલો છે? (માસિક) | વાસ્તવિક (ટકામાં) | |

| TSP વિષયક માહિતી | | | |
|---|---|---|---|
| ૬૮ | તમને આદિવાસી પેટા યોજના વિષે જાણો છે? | (૧)હા (૨)ના | |
| ૬૯ | જો હા તો આ યોજનાની જાણકારી તમને કોને આપી? | | |
| ૭૦ | તમે ટ્રાયબલ પ્રાયોજના અધિકારીની કચેરી જોઈ છે? | (૧)હા (૨)ના | |
| ૭૧ | તેમાંથી તમને કોઈ યોજનાનો લાભ મળ્યો છે? | (૧)હા (૨)ના | |
| ૭૨ | TSP ઓફિસથી કોઈ ગામના લોકોની મુલાકાત લેવા આવે છે? | (૧)હા (૨)ના (૩)ખબર નથી | |
| ૭૩ | TSP ઓફિસથી કોઈ ગામના લોકોની મુલાકાત લેવા આવે છે તો શું કામગીરી કરે છે?<br>૧.<br>૨.<br>૩. | | |

| યોજનાકીય માહિતી | | | |
|---|---|---|---|
| ૭૪ | તમે કઈ યોજનાનો લાભ લીધો છે? (યોજનાનું નામ) | | |
| ૭૫ | કયા વર્ષમાં યોજનાનો લાભ મળેલો? | | |
| ૭૬ | તમે આ યોજનાની માહિતી કોના દ્વારા મળી હતી? | (૧)જ્ઞાતિના આગેવાન (૨)સરપંચ (૩)તલાટી (૪)સગા (૫)મિત્રો (૬)સામાજિક કાર્યકર (૭)ગ્રામસેવક (૮)મંડળી (૯)અન્ય | |
| ૭૭ | લાભાર્થી તરીકે તમારી પસંદગી કોને કરી હતી? | (૧)સરપંચ (૨)તલાટી(૩)ટી.એસ.પી. (૪)વિસ્તરણ અધિકારી (૫)ગ્રામસેવક (૮)એજન્સી (૯)અન્ય | |
| ૭૮ | યોજનાનો લાભ લેવા માટે તમે કયા-કયા દસ્તાવેજો આપ્યા હતા? | | |
| ૭૯ | આ દસ્તાવેજો તમે ક્યાંથી મેળવ્યા હતા? | (૧)ગ્રામ પંચાયત (૨)તાલુકા પંચાયત (૩)જિલ્લાપંચાયત (૪)મામલતદાર (૫)ટી.એસ.પી.કચેરી | |
| ૮૦ | પૂરતા દસ્તાવેજો મેળવવા કેટલા દિવસો થયા હતા? | | |
| ૮૧ | યોજનાનો લાભ લેવા માટે કુલ કેટલો ખર્ચ કરવો પડ્યો હતો? (વાસ્તવિક) | | |
| ૮૨ | કઈ કઈ બાબતે ખર્ચ કર્યો? | | |
| ૮૩ | યોજના અંતર્ગત તમને શું લાભ મળ્યો હતો? | | |
| ૮૪ | તમને લાગે છે કે આ સહાય આપવામાં વિલંબ | | |

| | | | |
|---|---|---|---|
| | થયેલો? હા તો શા માટે? | | |
| ૮૫ | યોજના હેઠળ મળેલી સહાય પૂરતા પ્રમાણમાં હતો? | (૧)હા (૨)ના | |
| ૮૬ | જો નાં તો કારણ જણાવો. | ૧<br>૨ | |
| ૮૭ | આ યોજનાનો લાભ મેળવવા માટે તમને કોણ મદદરૂપ થયું હતું? | (૧)જ્ઞાતિના આગેવાન (૨)સરપંચ (૩)તલાટી (૪)સગાવ્હાલા (૫)મિત્રો (૬)સામાજિક કાર્યકર (૭)ગ્રામસેવક (૮)જાતે/કોઈ નહિ (૯)મંડળી (૧૦)અન્ય | |
| ૮૮ | યોજનાનો લાભ લેવા માટે તમારે ક્યાં જવું પડ્યું હતું? | (૧)ગ્રામ પંચાયત (૨)તાલુકા પંચાયત (૩)જિ.પંચાયત (૪)મામલતદાર (૫)ITI (૬)મંડળી (૭)અન્ય | |
| ૮૯ | યોજનાનો લાભ આપવામાં ઉપરી અધિકારીનું વલણ કેવું હતું? | (૧)મદદરૂપ (૨)દુર્લક્ષ સેવનારા (૩)ગુસ્સાવાળું (૪)લાંચ લેનારું (૫)સંતોષકારક (૬)અન્ય | |
| ૯૦ | યોજનાનો લાભથી તમારા કુટુંબની વાર્ષિક આવકમાં કેટલો વધારો થયો? | | |
| ૯૧ | રોજગારી સભ્યોની સંખ્યામાં જણાવો. | યોજનાનાં લાભ પહેલા- | યોજનાનાં લાભનાં કારણે- |
| ૯૨ | યોજનાનાં લાભથી તમારા કુટુંબનાં સભ્યોના કાર્ય-કુશળતામાં કેવા ફેરફાર થયા? | | |
| ૯૩ | યોજનાનાં લાભથી આવક વધતા કયા-કયા સુખાકારીનાં  સાધનની ખરીદી કરી? | (૧) વાહન (૨)ટી.વી. (૩)ફ્રિજ (૪)મોબાઈલ (૫)અન્ય (૬)ના | |
| ૯૪ | યોજનાનો લાભ મેળવ્યા બાદ તમારા બાળકોના શિક્ષણમાં કોઈ ફેરફાર થયા? | (૧)વધારે શિક્ષણ આપતા થયા (૨)પહેલા કરતા સારી સ્કુલોમાં ભણાવતા થયા (૩)શિક્ષણ સામગ્રી વધારે પૂરી પાડી શક્યા (૪)કોઈ ફેરફાર થયો નથી (૫)અન્ય | |
| ૯૫ | યોજનાના લાભના કારણે આવકમાં થયેલા વધારાની આવકનો ઉપયોગ કયા કયા હેતુ માટે કર્યો? | (૧)જુનું દેવું ભર્યું (૨)વ્યાજવા/ઉછીના આપ્યા (૩)બેંકમાં ફિક્ષ(બાંધી થાપણ) કરાવ્યા (૪)ઘરમાં મૂકી રાખ્યા (૫)મૂડીરોકાણ કર્યું (૬)ઘરનું સમારકામ કર્યું (૭)લાગુ પડતું નથી (૮)આવક વધી નથી (૯)અન્ય | |
| ૯૬ | યોજનાના લાભથી થયેલા આર્થિક સુધારાથી તમે મૂડીરોકાણ કાર્ય? હા તો શેમાં? | (૧)જમીન (૨)રીયલ એસ્ટેટ (૩)સોનામાં (૪)દુકાનમાં (૫)ના (૬)અન્ય | |

| | | | |
|---|---|---|---|
| ૯૭ | યોજનાના લાભથી તમારા કુટુંબના આરોગ્યની બાબતોમાં શું બદલાવ થયો? | (૧)સારી સુવિધા ધરાવનાર દવાખાનાનો લાભ લેતા થયા (૨)સારા જીવનધોરણને કારણે આરોગ્યમાં સુધારો થયો (૩)કોઈ ફેરફાર નથી થયા (૪)અન્ય | |
| ૯૮ | યોજનાના લાભથી તમારા રોજીંદા જીવનમાં કરવામાં આવતા ખર્ચમાં શું ફેરફાર થયા? | (૧)ભોજનનો ખર્ચ વધ્યો (૨)દૈનિક પત્રો મંગાવતા થયા (૩)મોજશોખના સાધનોમાં ખર્ચ વધ્યો (૪)કઈ ફેરફાર નથી (૫)અન્ય | |
| ૯૯ | યોજનાના લાભના કારણે તમારા કુટુંબના આર્થિક સુધારાથી તમે પ્રવાસન સ્થળે ફરવા ગયા? | | |
| ૧૦૦ | યોજનાના લાભથી તમારા કુટુંબને સામાજિક મોભામાં કેવા ફેરફાર થયા? | | |
| ૧૦૧ | યોજનાનો લાભ મળવાનાં કારણે શું આર્થિક બોજો ઓછો થયો છે? | (૧)હા (૨)ના | |
| ૧૦૩ | આ યોજનાનો લાભ લેવા માટે તમને પડેલી મુશ્કેલીઓ જણાવો.<br>૧.<br>૨.<br>3. | | |
| ૧૦૪ | આ યોજનાનો લાભ લેવા માટે તમને પડેલી મુશ્કેલીઓને નિવારવાના પગલા જણાવો.<br>૧.<br>૨.<br>3. | | |
| ૧૦૫ | આ યોજનાને વધુ અસરકારક બનાવવા માટે તમારા અભિપ્રાયો/સૂચનો જણાવો.<br>૧.<br>૨.<br>3. | | |

| મુલાકાતીનું અવલોકન : | | | |
|---|---|---|---|
| | | | |
| વિગત | નામ | હોદ્દો | સહી. |
| માહિતી ભરનાર | | | |
| માહિતી ચકાસનાર | | | |
| ડેટા એન્ટ્રી કરનાર | | | |

## પરિશિષ્ટ-4

## અનુસૂચિ-2 : કૃષિ વૈવિધ્યકરણ યોજના

| ક્રમ | વિગત | વિગત કોડ | કોડ |
|---|---|---|---|
| ૧ | તમને કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત મળતા લાભ વિષે માહિતી ક્યાંથી મળી હતી? | (૧)વર્તમાનપત્ર દ્વારા (૨)જાહેરાત દ્વારા (૩)સરપંચ દ્વારા (૪)સરકારી કચેરીથી (૫)સગાસબંધી દ્વારા (૬)અન્ય (૭)માહિતી નથી. | |
| ૨ | આ યોજનાનાં લાભ માટે તમારે નાણા આપવા પડે છે? | (૧)હા (૨)ના | |
| 3 | જો હા તો કેટલા નાણા આપવા પડે છે? | | |
| ૪ | કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત કયા કયા લાભો આપવામાં આવે છે? | (૧)બિયારણ (૨)ખાતર (૩)કૃષિલક્ષી તાલીમ (૪)અન્ય (૫)લાગુ પડતું નથી | |
| ૫ | આ યોજના દ્વારા કેટલા પ્રકારના બિયારણો આપ્યા હતા? | (૧)એક (૨)બે (૩)ત્રણ (૪)ચાર (૫)પાંચ | |
| ૬ | કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત આપવામાં આવતા બીયરણની ગુણવતા સારી હોય છે? | (૧)હા (૨)ના | |
| ૭ | જો નાં તો શું ખરાબી હોય છે તે જણાવો. | | |
| ૮ | કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત તમે કયા પાકનાં બિયારણની પસંદગી કરો છો? | | |
| ૯ | વર્ષમાં તમને કેટલીવાર બિયારણ આપવામાં આવે છે? | (૧)એક (૨)બે (૩)ત્રણ (૪)ચાર (૫)અન્ય | |
| ૧૦ | વર્ષમાં તમને કેટલુ બિયારણ આપવામાં આવે છે? | (કિ.ગ્રા.માં) | |
| ૧૧ | કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત તમને કયા પ્રકારના ખાતર આપવામાં આવે છે? | (૧)યુરીયા (૨)એન.પી.કે. (૩)એમોનીયા સલ્ફેટ (૪)અન્ય | |
| ૧૨ | વર્ષમાં તમને કેટલીવાર ખાતર આપવામાં આવે છે? | (૧)એક (૨)બે (૩)ત્રણ (૪)ચાર (૫)અન્ય | |
| ૧૩ | વર્ષ દરમિયાન તમને કેટલુ ખાતર આપવામાં આવે છે? | (કિ.ગ્રા.માં) | |
| ૧૪ | આ યોજના અંતર્ગત તમને કૃષિલક્ષી તાલીમ આપી છે? | (૧)હા (૨)ના | |
| ૧૫ | તમને કેવા પ્રકારની તાલીમ આપવામાં આવી છે? | (૧)વાવેતરલક્ષી (૨)પાક સરક્ષણલક્ષી (૩)પેકિંગલક્ષી (૪)બજારલક્ષી (૫)અન્ય (૬)લા.પ.ન. | |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | કૃષિલક્ષી તાલીમ મળવાથી તમને કેવો લાભ થયો છે? | (૧)વાવેતરની વૈજ્ઞાનિક પદ્ધતિનાં લાભ (૨)પાક જાળવણીના લાભ (૩)પેકિંગના લાભ (૪)બજારલક્ષી લાભ (૫)અન્ય | |
| ૧૭ | યોજનામાં જોડાયા પહેલા તમે ઉચ્ચ-ગુણવતાવાળા બિયારણનો અને ખાતરનો ઉપયોગ કરતા હતા? | (૧)હા (૨)ના | |
| ૧૮ | જો નાં તો કેમ નહોતા કરતા? | | |
| ૧૯ | યોજનામાં જોડાયા બાદ તમે ઉચ્ચ- ગુણવતાવાળા બિયારણનો અને ખાતરનો ઉપયોગ કરો છો? | (૧)હા (૨)ના | |
| ૨૦ | કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો લાભ મળવાના કારણે શું કૃષિ ઉત્પાદનમાં વધારો થયો? | (૧)હા (૨)ના | |

## પરિશિષ્ટ-5

## અનુસૂચિ-૩: સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ

| ક્રમ | વિગત | વિગત કોડ | કોડ |
|---|---|---|---|
| ૧ | આ યોજના અંતર્ગત આપે કેટલા પશુ માટે અરજી કરી હતી? | | |
| ૨ | આ યોજના અંતર્ગત કેટલા પશુ મંજૂર કરવામાં આવ્યા? | | |
| ૩ | પશુ ખરીદી માટે સબસીડી કેટલી આપવામાં આવે છે? | | |
| ૪ | આપવામાં આવતી સબસીડીથી તમે પશુ ખરીદવા માટે પુરતી છે? | | |
| ૫ | જો નાં તો કેટલી સબસીડી આપવી જોઈએ? | | |
| ૬ | પશુઓને નિયમિત રસીકરણ માટે કેટલા નાણા ચૂકવવા પડે છે? | | |
| ૭ | પશુ ઉછેર અને સંવર્ધન તાલીમ આપવામાં આવે છે? | | |
| ૮ | આ યોજનાનો લાભ મળ્યા પહેલા તમારી પાસે કેટલા પશુ હતા? | | |
| ૯ | પશુ પલાનામાંથી એક દિવસમાં થતું દૂધ ઉત્પાદન (લીટરમાં) યોજના પહેલા- યોજના બાદ- | | |
| ૧૦ | પશુ પાલન માટે કરવામાં આવતું માસિક ખર્ચ(રૂ.માં.): યોજના પહેલા- યોજના બાદ- | | |
| ૧૧ | પશુ પાલનથી થતી આવક (રૂ.માં.): યોજના પહેલા- યોજના બાદ- | | |
| ૧૨ | તમે હવે પશુ માટે સબસીડી લેવા માંગો છો? | (૧)હા (૨)ના | |

## પરિશિષ્ટ-6

### અનુસૂચિ-4 : રોજગારલક્ષી તાલીમ

| ક્રમ | વિગત | વિગત કોડ | કોડ |
|---|---|---|---|
| ૧ | તાલીમનો સમયગાળો કેટલા દિવસનો હતો? | (દિવસોમાં) | |
| ૨ | તાલીમ દરમિયાન તાલીમાર્થીઓની સંખ્યા કેટલી હતી? | (વાસ્તવિક) | |
| ૩ | તાલીમ લેવા માટે કેટલી શૈક્ષણિક લાયકાતની જરૂર હતી? | | |
| ૪ | તાલીમ બાદ કેટલા સમયે કામ મળ્યું? | (દિવસોમાં) | |
| ૫ | કામ કોના દ્વારા મળ્યું? | | |
| ૬ | તાલીમ લીધા પહેલા તમે શું કામ કરતા હતા? | | |
| ૭ | તાલીમ સ્થળે આવવા-જવા માટે વાહનની સુવિધા મળેલી? | (૧)હા (૨)ના | |
| ૮ | જો હા તો કેવા પ્રકારની મળી હતી? | | |
| ૯ | તાલીમ દરમિયાન તમને કેટલું સ્ટાઇપેંડ ચુકવવામાં હતું? | (રૂપિયામાં) | |
| ૧૦ | તાલીમ સંસ્થા દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં હતી? | (૧)આખા દિવસની (૨)બપોરની (૩)સાંજની (૪)સવારની (૫)ના | |
| ૧૧ | તાલીમ દરમિયાન રહેવાની સુવિધા વિશેનો તમારો અભિપ્રાય. | (૧)ઉત્તમ (૨)માધ્યમ (૩)ખરાબ (૪)લાભ લીધો નથી (૫)સુવિધા ન હતી | |
| ૧૨ | તાલીમ દરમિયાન સાધન કીટ આપવામાં આવી હતી? | (૧) હા (૨) ના | |
| ૧૩ | તાલીમ બાદ સાધન કીટ આપવામાં આવી હતી? | (૧) હા (૨) ના | |
| ૧૪ | એક દિવસમાં કેટલા કલાક તાલીમ લેવામાં આવતી હતી?(કલાક) | | |
| ૧૫ | તાલીમ દરમિયાન પ્રેરણા પ્રવાસમાં લઇ જવામાં આવ્યા હતા? | (૧)ના (૨) સ્થળનું નામ | |
| ૧૬ | તાલીમ દરમિયાન તમારે કેટલા રૂપિયા ચુકવવા પડ્યા હતા? | | |
| ૧૭ | તાલીમનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું? | (૧) હા (૨) ના | |
| ૧૮ | તાલીમના કારણે તમારામાં કૌશલ્યમાં વધારો થયો હોય એવું તમને લાગે છે? | (૧)હા (૨)ના | |
| ૧૯ | જે તાલીમ લીધી હતી તે સબંધમાં કામ મળ્યું છે કે અલગ પ્રકારનું કામ મળ્યું છે? | (૧)તાલીમ સંબંધિત (૨)તાલીમ સિવાયનું (૩) કામ મળ્યું જ નથી. | |
| ૨૦ | તાલીમ મેળવવાથી તમારી જીવન પદ્ધતિમાં કેવો વિકાસ થયો છે? | (૧)સારા કપડા અને સારું ભોજન મળવા લાગ્યું (૨)બાળકોને ભણવાનું સુધર્યું/શરૂ કર્યું(૩)કુટુંબને પૈસાની મદદ કરી (૪)સમાજમાં મોભો વધ્યો (૫)અન્ય (૬) કોઈ વિકાસ નથી. | |
| ૨૧ | તાલીમ સંદર્ભ વ્યવસાય શરૂ કરવા માટે કોઈ લોન યોજનાનો લાભ લીધો છે? હા, તો નામ લાખો. | | |

## પરિશિષ્ટ-7

## અનુસૂચિ-5: સ્વરોજગાર લોન યોજના

| ક્રમ | વિગત | વિગત કોડ | કોડ |
|---|---|---|---|
| ૧ | તમને કઈ યોજના હેઠળ લોન મળેલી છે? (યોજનાનું નામ) | | |
| ૨ | તમને કયા હેતુ માટે લોન મળેલી છે? | (૧)ધંધા માટે (૨)સ્વરોજગારી માટે | |
| 3 | જો સ્વરોજગારી માટે લોન લીધી હોય તો કયું સાધન ખરીદ્યું હતું? | | |
| ૪ | જો ધંધા માટે લોન લીધી હોય તો કયો ધંધો કરો છો? | | |
| ૫ | અરજી કાર્ય પછી કેટલા સમય બાદ લોન મળી હતી? | (વાસ્તવિક માસ) | |
| ૬ | તમને લોનની કેટલી રકમ મળી હતી? (રૂપિયામાં) | (વાસ્તવિક રૂપિયામાં) | |
| ૭ | કેટલા સમયગાળાની લોન મળી હતી? (માસ) | (વાસ્તવિક માસ) | |
| ૮ | લોનનો વ્યાજદર કેટલો હતો? | | |
| ૯ | વ્યાજદર માસિક હતો કે વાર્ષિક? | (૧)માસિક (૨)વાર્ષિક | |
| ૧૦ | તમે કેટલા સમય બાદ લોન પરત ચૂકવી/ચૂકવશો? | (વાસ્તવિક માસ) | |
| ૧૧ | તમે મુદ્દતના અંતે વ્યાજ સહીત લોનનાં કેટલા નાણા ચૂકવશો/ચૂકવ્યા? | (વાસ્તવિક રૂપિયામાં) | |
| ૧૨ | લોનની રકમ કયા માધ્યમથી મળી હતી? | (૧)રોકડા (૨)ચેકથી (૩)બેંક ખાતામાં (૪)અન્ય | |
| ૧૩ | તમે તે હેતુ માટે લોનનો ઉપયોગ કર્યો છે? | (૧)હા (૨)ના | |
| ૧૪ | જો નાં, તો કયા કારણોસર બેજે ઉપયોગ કર્યો? | (૧)લોનની રકમ પૂરતા પ્રમાણમાં ન હતી<br>(૨)અસામન્ય પરિસ્થિતિ (કુદરતી આફતો)<br>(૩)સામાજિક કારણ (લગ્ન/મૃત્યુ)<br>(૪)પરિવારના સભ્યોની અચાનક બીમારી<br>(૫)અન્ય | |
| ૧૫ | તમે નિયમિત લોનના હપતા ચૂકવો છો/ચૂકવ્યા હતા? | (૧)હા (૨)ના | |
| ૧૬ | હપતા કયા માધ્યમથી ચૂકવવામાં આવે છે? | (૧)રોકડા (૨)ચેકથી (૩)બેંક ખાતામાં (૪)અન્ય | |
| ૧૭ | જો નાં તો કારણ જણાવો. | (૧)જૂના દેવાની ચૂકવણીઓ કરવા (૨)સામાજિક કારણ (૩)કૌટુંબિક ખર્ચ (૪)અન્ય સંપતિઓની ખરીદી (૫)લોન માફ | |

| | | | | |
|---|---|---|---|---|
| | | થવાની છે એટલે (૬)કુદરતી આફત (૭)લોન લીધેલા અન્ય વ્યક્તિ હપતા ચૂકવતા નથી એટલે.(૮)અન્ય | | |
| ૧૮ | તમને હાલ લોનની સહાયની આવશ્યકતા છે? | (૧)હા (૨)ના | | |
| ૧૯ | જો હા તો કયા હેતુ માટે? | | | |
| ૨૦ | લોનની રકમમાંથી કોઈ સરકારી વ્યક્તિને તમે રૂપિયા આપ્યા હતા? | | (૧)હા (૨)ના | |
| ૨૧ | જો હા તો કેટલા રૂપિયા આપ્યા હતા? | | (વાસ્તવિક રૂ.) | |
| ૨૨ | રૂપિયા આપવાનું કારણ જણાવો. | | | |

## પરિશિષ્ટ-8

## પ્રશ્નાવલી-6: કેટલશેડ, વિનિંગ ફેન અને તાડપત્રી

| ક્રમ | વિગત | વિગત કોડ | કોડ |
|---|---|---|---|
| ૧ | તમને TSP યોજના અંતર્ગત કઈ સહાય મળી છે? | ૧.કેટલશેડ ૨.વિનિંગ ફેન ૩.તાડપત્રી | |
| ૨ | તમે આ સહાય/સુવિધાનો ઉપયોગ ક્યાં-ક્યાં કર્યો છે? | ૧.પશુપાલન માટે ૨.ખેતી માટે ૩.ઘર વપરાશ માટે ૪.અન્ય | |
| ૩ | તમને મળેલ સહાય/લાભથી ખેતીમાં કેવા પ્રકારના લાભો થાય છે? | | |
| ૪ | આ સહાય/લાભ ક્યા સ્વરૂપે મળી હતી? | ૧.રોકડ ૨.ચેક ૩.બેંક ૪.સાધન સામગ્રી ૫.અન્ય | |
| ૫ | આ યોજના અંતર્ગત લાભાર્થી ફાળો કેટલો ઉઘરાવવામાં આવ્યો છે? | | |
| ૬ | યોજના અંતર્ગત મળેલ સહાય/સાધનની ગુણવતા કેવી હતી? | | |
| ૭ | તમને મળેલ સહાયમાં કેવી કેવી બાબતનો વધારો કરવો પડે? | | |
| ૮ | તમે હવે કેવા પ્રકારની યોજનાનો લાભ લેવા માગો છો? | | |
| ૯ | આ સહાય બાદ તમે કોઇ વ્યવસાયિક પ્રવૃતિ શરૂ કરી છે? હા તો જણાવો | | |
| તમારા મતે આ સહાયને વધુ અસરકારક બનાવવાના સૂચનો જણાવો. | | | |
| મુલકાતીનું સહાય/લાભ સંદર્ભે અવલોકન: | | | |